# આગમજ્યોત




વર્ષ
૧૬

: પ્રકાશક :

શ્રી આગમોદ્ધારક જૈનગ્રંથમાળા

કપડવંજ (જિ. ખેડા)

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી ભગવંતની મંગળપ્રેરણાથી ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું પ્રાણવાન ૫ ગન.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणाग.

प्रकाशितं जिनानां —मतं सर्वनयाश्रितम ।
चिते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥

गीतार्थाथ जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

પ્રાકૃત-ગુજરાતી-મરાઠી-સંસ્કૃત-હિંદી-અંગ્રેજી ભાષામાં

卐 પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની સ્તુતિ 卐

सिद्धददो भाणुदगे वरसुयभवणा શૈલતાઆગમોના
સ્થાપ્યા जैनागमाचा निरवधि प्रसरासाठीं केले [illegible] ।
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरीकाल [illegible]
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हे.

MOST GAIN ACCLOMATION

सम्यक तत्त्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 जिनाज्ञा परमो धर्मः 卐

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

આગમનિષ્ઠા-તત્ત્વદષ્ટિવાળા
જિજ્ઞાસુઓના આભારે
પ્રકટ થતું

# શ્રી
# આગમ જ્યોત

(ત્રૈમાસિક)

## પુસ્તક-૧૬

आगमज्ञो हि सर्वदर्शी
आगमदप्पणे संकमिज्जइ भुवणत्तयं

પ્રકાશક :


## શ્રી આગમોદ્ધારક જૈન ગ્રંથમાળા
કપડવંજ (જિ. ખેડા)

| વીર નિ. સં. | મૂલ્ય | વિ. સં. |
| --- | --- | --- |
| ૨૫૦૭ | પાં...ચ...રૂ...પિ...યા | ૨૦૩૭ |


જિનઆગમના શ્રવણથકી ટળે
ભવભય તાપ સંતાપ

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રીઆગમોદ્ધારકગ્રંથમાળ
દલાલવાડો
મુ૦ કપડવંજ (જિ. ખેડા)

પુસ્તક-પ્રાપ્તિસ્થાન :
પં. હરગોવનદાસ એસ. શાહ
શ્રી. ગુ. જૈન ઉપાશ્રય
દલાલવાડો
મુ૦ કપડવંજ
(જિ. ખેડા)

## ન.....મ્ર.....નિ.....વે.....દ.....ન.....

* આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તક રૂપે પ્રગટ થાય છે.
* વાર્ષિક-લવાજમની યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વીજી મહારાજાઓ, જ્ઞાનભંડારો તથા તત્ત્વરુચિ-ગૃહસ્થોને ભેટ અપાય છે.
* સ્થાયી-કોશની યોજના ચાલુ છે. જેમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૧] લેવાય છે.
* છૂટક ભેટ યોજનામાં પાંચ રૂપિયા કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે.

મુદ્રક :
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

ટાઈટલ પ્રિન્ટીંગ :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા બહાર
અમદાવાદ.

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

## પ્રકાશકની વાત

દેવ-ગુરૂ કૃપાએ "**શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા**"ના કાયમી સંભારણા રૂપ "**આગમજ્યોત**"નું પ્રકાશન દોઢ દાયકાને વીતાવી આગળ વધવા સમર્થ બન્યું છે, તે અમારા પરમ સૌભાગ્યની વાત છે.

વળી પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન કર્મ-ગ્રંથાદિ વિચારચતુર **પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ.** ની પ્રેરણાથી અને પૂજ્યપાદ, મૂલીનરેશ પ્રતિબોધક ગચ્છાધિપતિ **પૂ. આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ-શ્રીની** વરદ કૃપાથી **પૂ. ગચ્છાધિપતિશ્રીએ** જાતે સંશોધન કરેલ તેમ જ તેમના શિષ્ય પરિવારની ગુરૂભક્તિ અને શ્રુત- ભક્તિના સુમેળથી પૂ. આગમોદ્ધારકશ્રીના સમસ્ત સાહિત્યના ખંતપૂર્વક પ્રકાશનનો પુન્યલાભ અમારી ગ્રંથમાલાને મળ્યો છે.

પણ **પૂ. આગમોદ્ધારકશ્રીની** ગુજરાતી ભાષાની તાત્વિક દેશનાઓ ઢગલાબંધ ફૂલસ્કેપ કાગળની થોકડીઓ રૂપે કબાટોમાં ખડકાએલ, તેના જીર્ણોદ્ધાર રૂપે "**આગમજ્યોત**"ના પ્રકાશનનો મંગલ સંકલ્પ **પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી માણિક્યસાગર-સૂરીશ્વરજી મ.** ની મંગલ-પ્રેરણાથી થયો.

જેના પ્રતિવર્ષ પ્રગટ થતાં પુસ્તકો દ્વારા આખો શ્રમણ સંઘ અને જિજ્ઞાસુ-વાંચકો ખૂબ રસપૂર્વક વાંચન-મનન દ્વારા લાભાન્વિત બની શકયા છે.

આના પ્રકાશનમાં પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીની અસીમ વરદ કૃપાના બળની સાથે સાથે સાગર-સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉપદેશ, પ્રેરણા તેમ જ તત્ત્વ-રૂચિવાળા શ્રી જૈન સંઘોનો તથા ગુણાનુરાગી-ધર્મપ્રેમી ગૃહસ્થોનો મંગળ સહકાર અમોને સાંપડયો છે, તે બદલ અમે અમારી જાતને ધન્ય-કૃતાર્થ માનીએ છીએ.

પ્રસ્તુત પ્રકાશનમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે સહાય આપનારા સહુની ગુણાનુરાગભરી અનુમોદના કરવા સાથે વિશેષમ જણાવવાનું કે—

આ પ્રકાશનના આર્થિક ક્ષેત્રને સુસમૃદ્ધ બનાવવા ખંત ભર્યો શ્રમ ઉઠાવનાર **પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ. શ્રીના** ધર્મપ્રેમની બહુમાનભરી અનુમોદના—

વળી પ્રસ્તુત પ્રકાશનના સંપાદનની જવાબદારી સ્વીકારી સર્વાંગ–સુંદર બનાવવા પ્રયત્નશીલ પ. પૂ. પરમ તપસ્વી શાસન-જ્યોતિર્ધર **સ્વ. પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રી ધર્મસાગરજી મ. શ્રીના** શિષ્યરત્ન **પૂ. પં. શ્રી અભયસાગરજી મ. શ્રીને** અત્યંત ભાવભરી વંદનાંજલિ.

આ સિવાય પ્રકાશનને પગભર બનાવવા માટે ઉપદેશ–પ્રેરણા આપનાર પૂ. સાધુ–સાધ્વીજી ભગવંતો તથા શ્રી જૈન સંઘ અને સદ્‌ગૃહસ્થો આદિની શ્રુતભક્તિની હાર્દિક સદ્‌ભાવના ભરી અનુમોદના....

તેમાં ખાસ કરીને પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રી આચાર્ય-દેવશ્રી **હેમસાગર સૂરીશ્વરજી મ.,** પૂ. આ. દેવશ્રી **દેવેન્દ્ર-સાગર સૂરીશ્વરજી મ.,** પૂ આ. **શ્રી કંચનસાગર સૂરી-શ્વરજી મ.,** પૂ પં. **શ્રી દોલતસાગરજી મ.,** પૂ. પં. **શ્રી યશોભદ્રસાગરજી મ.,** પૂ પં. **શ્રી સૌભાગ્યસાગરજી મ.,** પૂ. **મુનિરાજ શ્રી ગુણસાગરજી મ.** તથા પૂ. આ. **શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી જ્ઞાનમંદિર** ઉજ્જૈનના કાર્યવાહક **શ્રી કુંદનમલજી** આદિ અનેક પુણ્યવાન ગૃહસ્થો આદિ ચતુર્વિધ શ્રીસંઘના ધર્મપ્રેમભર્યા સહયોગની કૃતજ્ઞભાવે સાદર નોંધ લઈએ છીએ.

વધુમાં આ પ્રકાશન અંગે વ્યવસ્થા–તંત્રમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર **શ્રી હરગોવનદાસભાઈ** (પ્રધાનાધ્યાપક શ્રી

જેઓએ ૭૫ વર્ષની વૃદ્ધવયે કોઈપણ જાતના ટેકા વિના રોગગ્રસ્ત દશામાં પણ છેલ્લા ૧૫ દિવસ અર્ધપદ્માસને કાઉસ્સગ્ગ મુદ્રાએ રહી પૂર્વકાલીન અનશન સમાધિ–મરણની ઝાંખી કરાવી




આગમસમ્રાટ્ આગમજ્યોતિર્ધર બહુશ્રુત સૂરિપુરંદર
ગીતાર્થ–સાર્વભૌમ ધ્યાનસ્થ સ્વર્ગત

**પૂ. આચાર્યદેવશ્રી**

**આનંદસાગર—સૂરીશ્વરજી મહારાજ**

અભયદેવસૂરી જ્ઞાનમંદિર-કપડવંજ) તથા બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા (૧૧, નગરશેઠ માર્કેટ, રતનપોળ, અમદાવાદ) તેમ જ સંપાદન-પ્રકાશન અંગેની ઝીણવટભરી ખંતપૂર્વક તપાસ અને પ્રફરીડિંગ આદિની મૂક સેવા આપનાર શ્રી રતિલાલ ચી. દોશી (અધ્યાપક શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા-અમદાવાદ.)

પ્રૂફ મેટર વિગેરે સંબંધી હાર્દિક સેવા આપનાર આશિષકુમાર માણેકલાલ શાહ (સાત ભાઈની હવેલી, ઝવેરીવાડ-અમદાવાદ.) કુમારપાલ જયંતિલાલ શાહ (ગગનવિહાર ફ્લેટ, એ/૨૯, ચોથે માળે, શાહપુર, અમદાવાદ.) તથા પ્રેસ કોપી વગેરેની ખંતભરી સેવા આપનાર શ્રી અશ્વિનકુમાર એસ. દવે (પાલીતાણા) તથા પ્રેસ કોપી આદિની સેવા આપનાર ભોજક ભોગીલાલ ચીમનલાલ (પાટણ) તથા ટાઈટલ પેજ સુંદર-સ્વચ્છ કામ કરી આપનાર આર્ટિસ્ટ શ્રી ઉસરે તથા મુદ્રણ સંબંધી સેવા આપનાર દીપક પ્રિન્ટરીના કાર્યવાહક અને શ્રી શક્તિ પ્રિન્ટરીના માલિક ઠક્કર પોપટલાલ ગોકળદાસ આદિ સઘળા સહયોગી-મહાનુભાવોની કૃતજ્ઞતાપૂર્વક સ્મરણાંજલિ....

છેલ્લે આ પ્રકાશનમાં છદ્મસ્થતાના કારણે જે કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તે બદલ ક્ષમા-યાચના સાથે પુસ્તક-પ્રકાશનનો સદુપયોગ કરી પુણ્યવાન-વિવેકી આત્માઓ જીવનને તત્ત્વદૃષ્ટિ-સંપન્ન બનાવે એ જ મંગલ કામના....

વીર નિ. સં. ૨૫૦૭
વિ. સં. ૨૦૩૭
આસો સુદ ૧૫
દલાલવાડો,
કપડવંજ (જિ. ખેડા)

નિવેદક—
રમણલાલ જેચંદ શાહ
મુખ્ય કાર્યવાહક
શ્રી આગમોદ્ધારક જૈન ગ્રંથમાળા....

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

# સંપાદક તરફથી

સર્વ જીવ-હિતકારી જિનશાસનને પામેલ પુણ્યાત્મા સ્વ-કલ્યાણની ભૂમિકાની દૃઢતા માટે આગમજ્ઞાન-સામાચારીપાલન-જ્ઞાની ગુરુની નિશ્રા અને આત્મશુદ્ધિના લક્ષ્યની ખાસ જરૂર માને છે.

આ ભૂમિકા ઉપર પર-કલ્યાણ સહેલાઈથી સાધી શકાય છે.

મુનિજીવનની અંતરંગ આત્મભૂમિકાનું ઘડતર કરવા માટે દરેક વિવેકી પુણ્યાત્મા વધુ ઉપયોગવાળો અને તે માટે પણ આગમિક-પદાર્થોની જાણકારી જ્ઞાની-ગુરુની નિશ્રાપૂર્વક મેળવવા ખાસ કરીને પ્રયત્ન કરે છે.

વર્ત્તમાન કાળે મુનિ-જીવનની પ્રકૃષ્ટ ભૂમિકાના પાયામાં જ્ઞાનીની નિશ્રા અને આગમિક જ્ઞાનના ઘટાડા સાથે સામાચારી-પાલન પણ મંદ થઈ રહ્યું છે.

જેના પરિણામે શ્રમણ સંઘની ચિરસ્થાપિત તેજસ્વિતા ઝાંખી થવા પામી છે.

પુણ્યવાન્ વિવેકી સંયમી-મહાત્માઓએ જ્ઞાની-મહાપુરુષોના ચરણોમાં બેસી આગમિક-તત્ત્વજ્ઞાનને મેળવવા અને સામાચારીના પાલન માટે વધુ ઉદ્યમી થવું જરૂરી છે.

આ દિશામાં કંઈક પ્રયત્નરૂપે વર્ત્તમાન કાળના સમર્થ **આગમધર અને અજોડ આગમિક વ્યાખ્યાતા પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના હૃદયંગમ** તાત્વિક વ્યાખ્યાનો-નિબંધો અને તાત્વિક પ્રશ્નોત્તરો વિગેરેના સંકલન રૂપે **આગમ-જ્યોત** નામે ત્રૈમાસિક વિ. સં. ૨૦૨૨ના કપડવંજના ચોમાસામાં **પૂજ્યપાદ શાસ્ત્રૈદંપર્યબોધક વાત્સલ્યસિંધુ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી માણેકસાગરસૂરીશ્વરજીના** વરદ આશીર્વાદથી શરૂ થયેલ.

તેનું આ સોલમું વાર્ષિક પ્રકાશન દેવ-ગુરુ કૃપાએ સકળ શ્રીસંઘ સમસ્ત રજુ કરતાં ખૂબ આનંદની લાગણી સાથે તજ્ઞાન પ્રતિ અપૂર્વ ભક્તિ સમુલ્લાસ લહેરાઈ રહ્યો છે.

દેવ-ગુરુ-કૃપાએ મારી શક્તિ બહારનું પણ આ કામ હોવા છતાં પૂ. **આગમસમ્રાટ શ્રી દેવસૂર તપાગચ્છસામાચારી સંહિતાસંરક્ષક, આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની** અજોડ તભક્તિ અને આ-જીવન એકલા હાથે કરેલ આગમવાચના આદિ કરવા દ્વારા આખા સંઘમાં આગમો પ્રતિ જે અપૂર્વ ભક્તિ-બહુમાનભર્યું વાતાવરણ ઉભું કર્યું, તેનાથી ઉપજેલી અપૂર્વ શ્રુત-ભક્તિના આધારે આ કાર્યમાં કંઈક સફળતા મળવા પામી છે.

જો કે આ સંપાદનમાં વડીલોની કૃપા, સહયોગીઓનો પવિત્ર સહકાર અને વિવિધ મળી આવતા યોગ્ય સહકારી નિમિત્ત કારણોએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

અર્થાત્-પૂ. **આગમજ્યોતિર્ધર આગમોદ્ધારક શ્રી** તથા **પૂ. ગચ્છાધિપતિશ્રીનો** વરદ કૃપાભર્યો આશીર્વાદ તો મુખ્ય છે જ! એ નિઃશંક બીના છે.

આ ઉપરાંત મારા જીવનને અથ થી ઇતિ સુધી ઘડવામાં અજબનો ફાળો આપનાર મારા તારકવર્ય પૂ. પરમારાધ્ય પરમોપકારી ગુરુદેવ શ્રી **શાસન જ્યોતિર્ધર** ઉપાધ્યાય ભગવંતની કરુણાનો વિશિષ્ટ સ્મરણીય ફાળો છે કે જેના પ્રતાપે યત્કિંચિત્ પણ સર્વતોમુખી જીવન-શક્તિઓની સફળતાની કક્ષાએ જાતને લઈ જઈ શક્યો છું.

આ ઉપરાંત પ્રસ્તુત સંપાદનની સફળતામાં નીચેના મહાનુભાવોના ભાવ કરૂણાભર્યા ધર્મ-સહયોગની નોંધ નમ્રાતિનમ્ર ભાવે કૃતજ્ઞતાપૂર્વક લઉં છું.

પરમ પૂજ્ય શાસન પ્રભાવક પૂ. આ. **શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ.**—

જેઓએ નિર્વ્યાજ-ધર્મસ્નેહ અને અંતરની લાગણી સાથે **પૂ. આગમોદ્ધારકશ્રીની શ્રી તત્ત્વાર્થસૂત્રની** વાચનાની આખી પ્રેસકોપી સાદર મને આપી.

તે ઉપરાંત બીજી પણ ઘણી મહત્ત્વની સૂચનાઓ દ્વારા યોગ્ય સહકાર આપ્યો છે.

પૂ. આગમોદ્ધારક–આચાર્યદેવશ્રીના ઉપસંપદા પ્રાપ્ત શિષ્ય-રત્ન વિદ્વદ્ધર્ય પ. પૂ. આ. શ્રી કંચનસાગર સૂરીશ્વરજી મ.

પૂ. આગમોદ્ધારક–આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન કર્મગ્રંથાદિ વિચાર–ચતુર સહૃદયી–પ. પૂ. પં શ્રી સૂર્યોદયસાગરજી મ.

પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ ધર્મસ્નેહી મુનિરત્ન શ્રી ગુણસાગરજી મ.

આ ઉપરાંત આ સંપાદનમાં આજ્ઞા થતાંની સાથે નાની–મોટી દરેક જાતની કામગીરી કરી વિનીતભાવ દર્શાવનાર ધર્મસ્નેહી ગણીશ્રી નિરૂપમસાગરજી મ., મુનિ શ્રી રવીન્દ્રસાગરજી મ., મુનિ શ્રી રત્નશેખરસાગરજી મ., મુનિ શ્રી નયશેખરસાગરજી મ. બાલમુનિ શ્રી પુણ્યશેખરસાગરજી મ. આદિ અનેક મહાનુભાવોના સહયોગના ફળરૂપે આ સંપાદન વ્યવસ્થિત થઈ શક્યું છે.

છેલ્લે નિવેદન એ છે કે—યથાયોગ્ય જાગૃતિ રાખી પૂ. આગમોદ્ધારક–આચાર્યદેવશ્રીના આશય–વિરુદ્ધ કંઇ ન થાય તેની તકેદારી રાખવા છતાં છદ્મસ્થતાના કારણે જિનાજ્ઞા કે શાસનની પરંપરા વિરુદ્ધ કંઈ થઈ જવા પામ્યું હોય તો તે બદલ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત દેવા સાથે પુણ્યવાન તત્ત્વરુચિવાળા મહાનુભાવો આ પ્રકાશનને જ્ઞાની–ગીતાર્થ ગુરુ ભગવંતની નિશ્રાએ વાંચી–વિચારી અંતરંગ તત્ત્વદૃષ્ટિની સફળ કેળવણી કરી સંપાદકના અનુભવની જેમ પોતે પણ જિનશાસનની સફળ આરાધનાનો લાભ મેળવવા ભાગ્યશાળી બને એ મંગલ અભિલાષા ! ! !

વીર નિ. સં. ૨૫૦૭<br>
વિ. સં. ૨૦૩૭<br>
આસો સુ. ૧<br>
જૈન આગમ મંદિર તળેટી,<br>
પાલીતાણા (સૌ.)

લિ.<br>
શાસન જ્યોતિર્ધર પૂ. ઉપાધ્યાયશ્રી<br>
ધર્મસાગરજી મ. ચરણોપાસક<br>
અભયસાગર

શ્રી

# આ.....ગ.....મ.....જ્યો.... ત

વર્ષ-૧૬

પુસ્તક ૧-૨-૩-૪

## વિ....ષ....યદ....ર્શ.....ન


| | પૃષ્ઠ |
|---|---|
| પ્રકાશકીય ... ... ... ... | ૩ |
| સંપાદકીય ... ... ... ... | ૬ |
| અનુક્રમણિકા... ... ... ... | ૯ |

| | પૃષ્ઠ |
|---|---|
| પુસ્તક-૧ ... ... ... ... | ૧ થી ૬૦ |
| પુસ્તક-૨ ... ... ... ... | ૧ થી ૩૨ |
| પુસ્તક-૩ ... ... ... ... | ૧ થી ૪૦ |
| પુસ્તક-૪ ... ... ... ... | ૧ થી ૧૬ |


### પુસ્તક-૧

પૃષ્ઠ ... ... ૧ થી ૬૦


શ્રી તીર્થંકરોના કલ્યાણકનું મહત્વ ૧

અરિહંતોની મહત્તા ૫

તીર્થયાત્રા સંઘ

શીર્ષક પરિચય ... ...૭

વિશિષ્ટ પરિચય ... ...૮

દીપક પૂજાની સાબિતી ૧૧

○ ભગવંતો આગળ પણ નાટક થઈ શકે ૧૩
○ નાટ્યકાર સૂર્યાભદેવની નૃત્યક્રિયા વિરાધકપણે નહીં. ૧૬
○ આરાધક–વિરાધકપણાની દશા કેવી અને ક્યાં ? ૧૭
○ પ્રતિમા–લોપકોને શું વિરાધનાનો ડર છે ? ૧૮
○ નાટકનો હેતુ કેવો હોવો જોઈએ ? ૧૮
○ સૂર્યાભદેવની મનોદશા ૧૯
○ નાટકની ઈચ્છા પણ નિર્જરાની કોટિમાં ૨૦
○ નાટક માટે ભગવાનની અનુજ્ઞા ખરી કે ? ૨૨
○ નાટકની ભૂમિકાનું વર્ણન ૨૩
○ નાટક પણ ભક્તિની આશાએ ૨૪
• સૂર્યાભદેવતાનો પૂર્વરંગ અને વિકુર્વણ શક્તિ ૨૫
• દ્વિતીયાદિ નાટકોનું આછું સ્વરૂપ ૨૭
○ અંતિમ નાટકમાં શું દર્શાવાય છે ? ૨૮
○ જન્માભિષેકની વખતે પણ નાટકની ભલામણ ૨૮
○ પૂર્વભવના વૃત્તાન્તની પ્રસિદ્ધિવાળા ઇન્દ્રો કયા ? ૩૦
○ કાર્તિક શ્રેષ્ઠિનો જીવ નાટક શા માટે કરે ? ૩૦
○ ગર્વથી ઘેરાયેલો શું નથી કરતો ? ૩૨
○ ઈન્દ્રને પણ સામાનિકોનો આશરો લેવો પડે ૩૨
○ મત્તદશામાં સુવિચાર આવવા તે પુણ્યની નિશાની છે. ૩૪
○ આકસ્મિક ઉત્પાત–સમયે ધીરતા કોણ ધારણ કરે ? ૩૫
○ મત્તદશાથી પ્રાદુર્ભૂત થયેલો દુષ્ટ પરિણામ ભોગવે કોણ ? ૩૬
○ ઈન્દ્ર–મહારાજની પરિસ્થિતિ અને ચમરેન્દ્રના પરાભવ માટે વજ્રનું મૂકવું ૩૭
○ અંતે ચમરેન્દ્રને કોણ શરણ દેનાર થયું ? ૩૯
○ પોતાના બચાવથી ચમરેન્દ્રે શું કર્યું ? ૪૦
○ પ્રભાવતીના નાટકની વિશિષ્ટતા શી ? ૪૧
○ ભાવપૂજાનું કારણ શું ? ૪૨

| | |
|---|---|
| ० દેવવંદનમાં ભાવસ્તવ કેવો કરવો ? | ૪૪ |
| ० દેવવંદનમાં અંત્ય વિધાન શાનું ? | ૪૫ |
| ० णिसिहीनी મર્યાદા કેવી રીતે ? | ૪૬ |
| ० ભાવપૂજા પછી પણ ચંદરવાદિ દ્વારા દ્રવ્ય પૂજા થઈ શકે | ૪૮ |
| ० કર્મક્ષય માટે અસાધારણ શું ? | ૪૯ |
| ० ઋદ્ધિથી રહિત શ્રાવકોએ શું કરવું ? | ૫૩ |
| ० ત્રણે લોકમાં ભવસમુદ્રમાંથી તરવા માટે સ્થૂલ આલંબન કયું ? | ૫૪ |
| ० સાધુ ભગવંતો વિહારમાં ચૈત્યોને ન જુહારે તો પ્રાયશ્ચિત | ૫૬ |
| ० ભાવિક મહાત્માનાં દર્શન થવાનું કારણ શું ? | ૫૬ |
| ० રત્નત્રયાદિની વૃદ્ધિ શાના પ્રતાપે ? | ૫૭ |
| ० મોહના ઝપાટાને લીધે માણસ શું નથી કરતો ? | ૫૮ |
| ० જીર્ણોદ્ધારનો પ્રસંગ આવે ક્યારે ? | ૫૯ |
| ० સમ્યગ્દર્શનની ગંગા વહેવડાવનાર પવિત્ર કાર્ય કયું ? | ૬૦ |
| ० આગમજ્ઞાનની ગહનતા | ૬૦ |


## પુસ્તક–૨

પૃષ્ઠ ... ... ૧ થી ૩૨


| | |
|---|---|
| સરળતાનો મહિમા | ૧ |
| તત્ત્વાધિર્થાગમ સૂત્રની હૃદયંગમ વાંચના | ૭ થી૩૨ |


## પુસ્તક–૩

પૃષ્ઠ ... ... ૧ થી ૪૦


| | |
|---|---|
| ० સાચો વૈરાગ્ય કયો ? | ૧ |
| ० ઉપદેશ વચનામૃત | ૪ |

## દીવાદાંડીના અજવાળાં

પૃષ્ઠ... ... ૫ થી ૪૦


વિભાગ પરિચય... ... ... ... ૫

- પરમાત્માની માન્યતા ૬
- ઉપદેશ–સુવચનો ૧૫
- મહાવીર જન્મ કલ્યાણકનું રહસ્ય ૧૬
- હિતકર સુવચનો ૨૫
- પરમાત્માનો ઉપકાર ૨૬
- શ્રી નવપદ આરાધનાની મહત્તા ૪૦


## પુસ્તક–૪

પૃષ્ઠ... ... ૧ થી ૧૬


- સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેની નિર્મળતાના ઉપાયો ૧


## હૈયાનો ઝંકાર

પૃષ્ઠ... ... ૫ થી ૧૨


- પ્રભુજીની ભાવભરી સ્તવના ૫
- શ્રી તીર્થંકરોની ભક્તિભરી સ્તુતિ ૭
- શ્રી તીર્થંકર પરમાત્માની શરણાગતિ–સ્તુતિ ૮
- શ્રી આદિ જિન ચૈત્યવંદન ૯
- શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન ૧૦
- શ્રી સંભવનાથ જિન ચૈત્યવંદન ૧૦
- શ્રી સિદ્ધચક્ર સ્તવન ૧૦
- શ્રી પુંડરીક સ્વામી સ્તવન ૧૧
- પાવાપુરી શ્રીવીર જિન સ્તવન ૧૨


## ગુરુચરણમાંથી મળેલું


- તાત્ત્વિક પ્રશ્નોત્તર–૧૧૧ થી ૧૧૩ ૧૩ થી ૧૬

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૭ * વિ. સં. ૨૦૩૭

વર્ષ ૧૬ * પુસ્તક ૧

तित्थयरा अप्पमेय-गुण-राइया

## શ્રી તીર્થંકરોના કલ્યાણકનું મહત્ત્વ

જે મહાપુરુષના અવ્યાબાધ-પ્રભાવશાળી વચનથી વર્તમાન-કાળમાં ભવ્ય પ્રાણીઓ હેય-ઉપાદેયનું ભાન કરી વર્જવાલાયક આરંભ-પરિગ્રહ તથા વિષય-કષાયથી વિરમવાપૂર્વક આત્માના સ્વરૂપમય સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્રને પરમ-શ્રેયસ્કર માની આદરે છે, અને અનંત-દુઃખમય સંસાર-સમુદ્રથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે, તે બીજા કોઈ નહિં, પરંતુ ચરમ-તીર્થંકર ભગવાન શ્રી મહાવીર મહારાજા વર્તમાન-શાસનના માલિક છે.

યાદ રાખવાની જરૂર છે કે બુદ્ધિશાળી મધ્યસ્થ-પુરુષોએ પરમેશ્વરને ભૌતિક-પદાર્થના અવનવા ઉત્પાદ, સ્થિતિ કે નાશને અંગે પૂજ્ય માનેલા હોતા નથી, પણ જગતભરના દુઃખાર્ત અશરણ-આત્માઓને આત્માનું અવ્યાબાધ-સ્વરૂપ જણાવી, તેના માર્ગો સમજાવી અને તેને અમલમાં મેલવાના સાધનો બતાવી કોઈ પણ પ્રકારના તફાવત વિના અવ્યાબાધ-મોક્ષપદને પ્રાપ્ત કરાવવા તૈયાર થનાર પરમજ્ઞાની, યથાર્થ તત્ત્વ-ઉપદેશક, મહાપુરુષને પરમેશ્વર તરીકે

માનેલા હોય છે, અને એવા મહાપુરુષ વર્તમાન-શાસનના પ્રણેતા **ભગવાન મહાવીર છે.**

સામાન્ય-દૃષ્ટિએ અનાદિકાલના મહાબળવાન કર્મ-પટલના આવરણથી જીવોમાં ગુણનો આવિર્ભાવ નથી હોતો, છતાં પૂર્વભવના પુણ્યના યોગે જેઓને મનુષ્યત્વાદિક-સામગ્રી મળી છે, તેઓને મહાપુરુષોના વચનોનું શ્રવણ મળતાં આત્માના અવ્યાબાધ-ગુણોનું ભાન થવા સાથે તેની પરાકાષ્ઠા-પ્રાપ્તિને પરમ-પુરુષાર્થ તરીકે માનવાનું થાય છે.

છતાં તે પરાકાષ્ઠા પામવાનું સામર્થ્ય જેઓ નથી મેળવી શકયા, તેઓ તે જ્ઞાનાદિકની પરાકાષ્ઠાને પામેલા મહાપુરુષોની દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારની ભક્તિરૂપી ગંગા-પ્રવાહથી કર્મપટલ તણાઈ જવાને લીધે તે સામર્થ્ય મેળવી શકે છે.

ભક્તિનો પરમ-પ્રકર્ષ તે મહાપુરુષના ચ્યવનાદિક કલ્યાણક-દિવસોને ઉદ્દેશીને અ-વિચ્છિન્નપણે વહે એ હકીકત વાચકોના અનુભવથી બહાર નથી.

આ કારણથી અસંખ્યાત-કોડાકોડ જોજન દૂર રહેલા અને વિષયમાં અત્યંત-આસક્ત એવા પણ ઈંદ્રાદિક દેવો પણ ભગવાનના ગર્ભ-જન્માદિકને ઉદ્દેશીને અહીં નંદીશ્વર-દ્વીપે અઠ્ઠાઈ મહોચ્છવ કરવા આવે છે.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી પંચાશક-શાસ્ત્રની અંદર સ્પષ્ટપણે ફરમાવે છે કે—

"ત્રૈલોકય-પૂજિત ભગવાન્ તીર્થંકરોના કલ્યાણક-દિનોને ઉદ્દેશીને દરેક ભવ્યોએ દ્રવ્ય-ભાવ ભક્તિ વિગેરેમાં જરૂર પ્રવૃત્તિ કરવી જોઈએ."

જે મનુષ્યો ભગવાનના કલ્યાણુક-મહોત્સવના દિવસોએ દ્રવ્ય-ભાવ ભક્તિ વિગેરેથી ભગવાનની આરાધનામાં વિશેષે પ્રવૃત્તિ કરતા નથી અને સાંસારિક જન્મ-વિવાહ આદિ જેવા કૃત્યોને આગળ કરી ભગવાનની આરાધનામાં વિશેષ પ્રવૃત્ત થાય છે, તેઓ વસ્તુતઃ ભગવાનની સાચી-આરાધનામાં પ્રવર્ત્તેલા નથી, એમ સમજવા કે કહેવામાં બાધ નથી.

આ કારણથી વર્તમાન-સમયમાં પણ સકલ ભવ્ય-જીવોએ અન્ય-નિમિત્તે ભગવાનની આરાધનાની પ્રવૃત્તિ કરવા પહેલાં ત્રિજગતના નાયક ભગવાન્ તીર્થંકરોના ચ્યવનાદિક કલ્યાણુક-દિવસોમાં દ્રવ્ય ભાવ-ભક્તિ વિગેરેથી આરાધના કરવા તત્પર રહેવું જોઈએ.

કેટલાક વ્યાખ્યાતા અને ઉપદેશકો વર્તમાન શાસનના અધિપતિ ભગવાન મહાવીર મહારાજનો ચૈત્ર સુદી તેરસને દિવસે જન્મ-કલ્યાણુકનો દિવસ ઉજવતાં મહાવીર-જયંતિનો દિવસ કહી ભગવાનના મહિમા વિગેરેનું સભા સમક્ષ ગાન કરે છે.

તેઓએ ધ્યાન રાખવાની જરૂર છે કે કલ્યાણુક સરખા દેવ-દાનવથી પૂજિત એવા ફક્ત તીર્થંકરોને લાગતા પવિત્ર-શબ્દોને છોડીને જયંતિ સરખા હરકોઈ દુન્યવી-મનુષ્યને અંગે વપરાતો શબ્દ ગોઠવીને ત્રિલોક-પ્રભુના સન્માનમાં શબ્દથી પણ અવનતિ કરવી ન ઘટે.

પરમ-તારક જિનેશ્વરદેવોના કલ્યાણુકોનું આરાધન કરવાવાળા ભવ્ય-આત્માઓએ પોતપોતાના સ્થાને પણ વિશેષથી પૌષધાદિક ધર્મક્રિયા અને રથયાત્રાદિક ભક્તિ કરવામાં આદરપૂર્વક પ્રવૃત્ત થવું જોઈએ, અને તેમ કરવામાં આવે તો જ યથાર્થ રીતે કલ્યાણુકની આરાધના કરી ગણી શકાય.

જોકે આ અવસર્પિણીને અંગે અનંતર કે પરંપર ઉપકાર દ્વારા ચોવીશે તીર્થંકરો જગત્-માત્રના ઉપકારી છે, અને આત્માના અવ્યાબાધ-ગુણાદિકની અપેક્ષાએ ચોવીસે તીર્થંકરોમાં કોઈપણ પ્રકારે તારતમ્યતા નથી, તો પણ નજદીકમાં વર્તમાન-શાસનને સ્થાપનાર જિનેશ્વર-ભગવાન્ મહાવીર-દેવનો અનહદ ઉપકાર આ શાસન ઉપર રહેલો છે.

વાસ્તવિક-રીતિએ તો ભગવાન્ મહાવીર મહારાજના ત્રિકાલાબાધિત-વાણીના પ્રભાવથી જ જીવાદિક-તત્ત્વોના જ્ઞાનની માફક ભગવાન્ ઋષભદેવ આદિક ત્રેવીશ તીર્થંકરોના યથાવત્ વૃત્તાંતને ભવ્યો જાણી શકે છે.

તેથી વર્તમાન-શાસનના અધીશ્વર ભગવાન્ મહાવીર-મહારાજના કલ્યાણક-દિવસને આરાધવાની દરેક ભવ્ય જીવોને જરૂર છે.

સમજવાની જરૂર છે કે ભગવાન્ મહાવીર-દેવે કરેલું તત્ત્વ નિરૂપણ અને તીર્થંકરોનું ઈતિવૃત્ત બીજા દ્વારા કે બીજાના ઉપદેશે જાણેલું ન હતું, પણ તે સ્વયંબુદ્ધ-મહાત્માએ પોતાના જ્ઞાનથી અવલોકીને નિરૂપણ કરેલું હતું.

માટે આચાર્યાદિકની માફક ભગવાન્ તીર્થંકરો કથિતના કથકો નથી, પણ સ્વયંભૂ કેવલજ્ઞાનથી જાણેલા તત્ત્વોના પ્રરૂપક છે,

માટે તેઓના અપ્રતિમ-ઉપકારને અને પરાકાષ્ઠા-પ્રાપ્ત ગુણોને સંભારીને દરેક-ભવ્યોએ એમના કલ્યાણક-દિવસે તો એમની આરાધનામાં જરૂર પ્રવૃત્ત થવું જોઈએ.

卐

# અરિહંતોની મહત્તા

## આત્માની અનંત શક્તિ

આત્માનું સાચું સ્વરૂપ શું છે? આત્માની શક્તિ કેટલી મહાન છે? અને તેને છકાવી દેવાથી કેવું પ્રબળ નુકશાન થાય છે? એ વસ્તુ જેઓ ન જાણી શકે તેઓ શ્રી અરિહંત–પરમાત્માના ઉપકારોની પણ તુલના ન કરી શકે.

## શ્રી નવકારમાં પ્રથમ–પદની મહત્તા

શ્રી નવકાર મહામંત્રમાં પહેલું પદ णमो अरिहंताणं અને પછી णमो सिद्धाणं કેમ આવે છે?

સિદ્ધો સર્વ–ગુણથી પરિપૂર્ણ છે, તેઓ મહારાજા–સ્વરૂપ છે; પરંતુ તેમને ઓળખાવનાર કોણ છે? જવાબ એ છે કે: શ્રી અરિહંત ભગવાન.

## અરિહંત ભગવાન પહેલા કેમ?

જેમ સેનાધિપતિ દેશો જીતીને રાજાને મહારાજા બનાવી આપે છે, તે જ પ્રમાણે સિદ્ધપણું શી રીતિએ મેળવી શકાય છે; એ વાત અરિહંત ભગવાને જણાવી છે. સિદ્ધો હતા એ વાત જગતને કોણે જણાવી? સિદ્ધોને જોયા કોણે? તેમને જોઈને જગતને ઓળખાવ્યા કોણે? સિદ્ધત્વને જોનાર, જાણનાર કોઈ ન હતા, તો પછી તેમને જણાવનારાઓ તો હોય જ ક્યાંથી?

આવા સંયોગોમાં અરિહંત ભગવાને જ્ઞાનની દૃષ્ટિએ સિદ્ધોને જોયા, ઓળખ્યા, અને જગતને તેમણે ઓળખાવ્યા. જેથી સિદ્ધ ભગવાન્ કરતાં અરિહંત ભગવાન્ પહેલે પદે મૂકાયા છે.

## તીર્થનો આરંભ કરનાર કોણ?

તીર્થનો આરંભ કરનારા અરિહંત ભગવાનો છે. અરિહંત ભગવાને તીર્થ શરૂ કર્યું છે, ત્યારે પ્રશ્ન એ પણ થાય છે કે શ્રી અરિહંત ભગવાન્ થયા તે પહેલાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન

એ બે હતાં કે નહિ ! અને જો શ્રી અરિહંત ભગવાન્ પહેલાં પણ સમ્યક્ત્વ હોય તો સમ્યક્ત્વ અરિહંત ભગવાનથી પણ અગ્ર પદે કેમ ન મૂકી શકાય ?

તીર્થંકર ભગવાન્ થયા તે પહેલાંનો કાળ તે અઢાર સાગરોપમ કોડાકોડી જેટલો છે. એ કાળમાં પણ સમ્યક્ત્વ તો હતું જ; પહેલા અને બીજા આરામાં પણ સમ્યક્ત્વ હતું જ, જુગલીયાનો યુગ વિચારો તે સમયે પણ જુગલીયાને જ્ઞાન અને દર્શન હતાંજ !

ત્યારે હવે એવી શંકા સહેજે પ્રાપ્ત થાય છે કે એ જુગલીયાને જ મહાપુરુષ માની લીધા હોય તો ? એમને શા માટે મહાપુરુષ નથી માનવામાં આવતા ? તેનું એક જ કારણ છે. ચારિત્ર–આચરણ વગરનું જે જ્ઞાન છે, તેની કિંમત કેટલી ? શૂન્ય જેટલી ? બ્રહ્મચર્યનો ઉપદેશ આપનારો સો સ્ત્રીઓ સાથે રાખીને બ્રહ્મચર્યની મહત્તા પર ભાષણો આપવા નીકળે તો તેનું કોણ માન્ય રાખશે ? જુગલીયાને પણ જ્ઞાન અને દર્શન તો હતાં જ; પણ ચારિત્ર ન હતું. આથી જુગલીયાને મહાપુરુષ માની શકાતા નથી.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન બંને આદરણીય ખરાં ! પણ ચારિત્ર વગર નહિ. ચારિત્ર હોય તો જ તેની કિંમત છે. પહેલું ચારિત્ર છે અને પછી જ્ઞાન–દર્શન છે. જુગલીયા શ્રદ્ધાવાળા પણ હતા; પરંતુ તેમની એ શ્રદ્ધા પણ કૂવામાંની છાંયડી કૂવામાં જ સમાય તેવી હતી. જુગલીયાને જ્ઞાન–દર્શન હતાં, પણ તે સારાં છે એમ માનીને બેસી જ રહેવાનું, તેથી આગળ વધવાનું નહિ. એટલા જ માટે જુગલીયાને સ્થાને તીર્થ ગણી શકાતું નથી.

તીર્થંકર ભગવાને શું કર્યું ? તીર્થંકરો જેવા જ્ઞાન દર્શનવાળા હતા તેવું તેમણે આચર્યું હતું; તેમને સ્થાને ચારિત્ર હતું. તેમણે જે આચર્યું તેના ફળ રૂપે જે મેળવ્યું તેથી તેમણે જગતને જાગૃત કર્યું. આટલા જ માટે તેમને સ્થાને તીર્થ ગણાયું છે. તેને આ જ કારણથી અરિહંત ભગવાન્ પહેલાં જ્ઞાન–દર્શન હોવા છતાં તે અગ્રપદે આવી શકતા નથી.

❋

તારે તે તીર્થ




વિષય-કષાય અને અજ્ઞાન-વાસનાના
અગાધ-સમુદ્રથી તારનારા
તીર્થોની યાત્રા
માટે
ઉપયોગી-હિતકારિણી-બાબતોને નિર્દેશતી

# તીર્થયાત્રા-સંઘયાત્રા




તીર્થયાત્રામાં જરૂરી શું ? છ-રીનું પાલન

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

## શ્રી તત્ત્વપ્રેમી-જિજ્ઞાસુ-આરાધક-પુણ્યાત્માઓ માટે અત્યંત ઉપયોગી

### તા....ત્ત્વિ....ક....ભો....જ....ન....

આગમ-રહસ્યજ્ઞ, આગમ-વાચનાદાતા, આગમ-સમ્રાટ, આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા, ધ્યાનસ્થ સ્વર્ગત પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવશ્રી શાસન-સુરક્ષા, શાસનપ્રભાવના, આગમિક-ગ્રંથોનું સંપાદન આદિ વિવિધ શાસન-હિતકર પ્રવૃત્તિઓમાં અહર્નિશ ગુંથાયેલા રહેતા હતા, છતાં શાસન-પ્રેમી તત્ત્વ-રૂચિવાળા મુમુક્ષુ-જીવોના હિતાર્થે તેઓશ્રીની દેખરેખ તળે પ્રગટ થતા "શ્રી સિદ્ધચક્ર" પાક્ષિક પત્રમાં અનેક પ્રકારના ધાર્મિક અને આગમિક-તત્ત્વના રહસ્યને સમજાવનારા નાના-મોટા નિબંધો, ટૂંકા લેખો, અનેક પ્રશ્નોત્તરો વિગેરે સામગ્રી ઉપરાંત આગમિક પદાર્થોની ઝીણવટભરી છણાવટવાલા વિશિષ્ટ વ્યાખ્યાનોનો બહોળો સંગ્રહ પ્રગટ થતો હતો.

તે "શ્રી સિદ્ધચક્ર"ના છઠ્ઠા વર્ષના ચોમાસાથી "શ્રી તીર્થયાત્રા અને સંઘયાત્રા" શીર્ષકથી તીર્થો અને તેની છ'રી પાળતા સંઘ દ્વારા કરાતી યાત્રા અંગેના શાસ્ત્રીય નિરૂપણ બાલ સુલભ છતાં તાત્ત્વિક શૈલીથી છણાવટવાળી મોટી લેખમાળ શરૂ થયેલ.

તે લેખમાળા જિજ્ઞાસુ-અધિકારી-પુણ્યવાનોની સમક્ષ સળંગ રજૂ કરવાના ઈરાદાથી "આગમ જ્યોત"ના નવમા વર્ષના પ્રથમ પુસ્તકથી શરૂ થાય છે.

વિવેકી-વાચકો આ લેખમાળાને ગીતાર્થ ગુરુ ભગવંતની નિશ્રાએ વાંચો-વિચારો વર્તમાનકાળે કાળપ્રભાવે તીર્થયાત્રા અને સંઘયાત્રામાં ઘર કરી રહેલ કેટલીક વિકૃતિઓને દૂર કરવા પ્રયત્નશીલ બનો!

આગમોના સૂક્ષ્મ-રહસ્યજ્ઞાતા, શુદ્ધપ્રરૂપક
વાદિ-મદવિજેતા. આગમ-વાચનાદાતા,

પૂ. શ્રી આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીએ

તીર્થયાત્રાના શાસ્ત્રીય-રહસ્યના જિજ્ઞાસુ
પુણ્યાત્માઓના લાભાર્થે લખેલ

# શ્રી તીર્થયાત્રા.....સંઘયાત્રા

(મહા નિબંધ)

[આ નિબંધમાં તીર્થોની તેમજ છ'રી પાલતા સંઘ દ્વારા કરતી-કરાવાતી યાત્રાના વિશિષ્ટતત્ત્વોની માર્મિક છણાવટ છે.

અનન્ય શાસનપ્રભાવક ગીતાર્થ મુર્ધન્ય તીર્થોના સંરક્ષક આગમ રહસ્ય પારગામી કરૂણાના ભંડારઆગમ-પ્રભાવક પરમ પૂજ્ય **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ** (સં. ૧૯૯૩) **જામનગરના** ચોમાસા દરમ્યાન **શ્રેષ્ઠિવર્ય શ્રી પોપટલાલ ધારશીભાઈએ** કાઢવા ધારેલ **શ્રી સિદ્ધાચલ** આદિ મહાતીર્થોની સંઘયાત્રા પ્રસંગે ભાવિકોને યાત્રાના તાત્ત્વિક-સ્વરૂપની માહિતી વિશિષ્ટ રીતે પ્રાપ્ત થાય એ શુભ આશયથી સંઘપતિ અને જાત્રાળુઓના કર્તવ્યોના નિર્દેશથી ભરપુર આ તાત્ત્વિક મહાનિબંધ "**શ્રી સિદ્ધચક્ર**" પાક્ષિક (સં. ૧૯૯૩ વર્ષ-૬ અંક-૪ થી)માં શરૂ થયેલ. જે ઘણા લાંબા ગાળા સુધી ક્રમિક-લેખો તરીકે ચાલુ રહેલ.

અત્યંત ઉપયોગી આ મહાનિબંધ તત્ત્વરૂચિ વાચકોના લાભાર્થે "**આગમ જ્યોત**" નવમા વર્ષના પ્રથમ પુસ્તકથી પ્રકાશિત થઈ રહ્યો છે. સં.]

# તીર્થયાત્રા–સંઘયાત્રા

(વર્ષ ૧૫ પુ–૧ પા. ૫૨ થી ચાલુ)

આ વાત જ્યારે ધ્યાનમાં લેવાશે ત્યારે સમજાશે કે—

પર્યુષણાની તિથિ જે ભાદરવા સુદિ પંચમીની હતી, તેની પરાવૃત્તિ કરીને ચોથે જે પર્યુષણા આચરવામાં આવી અને જેની પ્રવૃત્તિ જિનવચનને માનનારા સકલ–સંઘે અમલમાં મ્હેલી છે, તે બાબતમાં શ્રી ચૂર્ણિકારે આચાર્ય મહારાજ કાલકાચાર્યનું યુગપ્રધાનપણું જણાવવા સાથે सा च अणुमया समणसंवेण એટલે તેજ ચોથને સંવચ્છરીની તિથિ તરીકે યુગપ્રધાન કાલકાચાર્ય મહારાજે પ્રવર્ત્તાવી અને શ્રી શ્રમણ–સંઘે તેમાં સંમતિ આપી. એમ જણાવ્યું છે.

આ ઉપરથી એમ સમજાય છે કે આ. શ્રી કાલકાચાર્ય મહારાજા યુગપ્રધાન હોવાથી તેમના વચનની માન્યતા સકલ શ્રીસંઘે કરવી એ ફરજીયાત હતી. કેમકે તેવા મહાપુરુષના વચનનો અનાદર તો મિથ્યાત્વવાળો કરી શકે.

કેમકે– अतहक्कारो उ मिच्छत्तं અર્થાત્ જ્ઞાનાચારાદિ પાંચે આચારે સંપૂર્ણ તથા તપ–સંજમે વ્યાપ્ત એવા મહાપુરુષના વચનનો અતથાકાર એટલે અનાદર કરવો એ તો મિથ્યાત્વ છે. એટલે મિથ્યાત્વવાળો જ મહાપુરુષના વચનનો અનાદર કરી શકે. અર્થાત્ યુગપ્રધાન કાલકાચાર્ય મહારાજના વચનનો અનાદર કોઈપણ સંઘવાળી વ્યક્તિથી થઈ શકે તેમ ન્હોતો, તેમજ કોઈએ કર્યો પણ નહોતો, છતાં ચૂર્ણિકાર–મહારાજને યુગપ્રધાન શ્રી કાલકાચાર્ય મહારાજે આચરેલી ચતુર્થીની પર્યુષણામાં શ્રમણ–સંઘની જે સંમતિ દેખાડવી પડી તે શ્રમણ–સંઘની અનાદરની સ્થિતિની સંભાવનાને અંગે નહિ, પરંતુ તે ચતુર્થીની પર્યુષણા સંબંધીની આચરણાની લક્ષણ-યુક્તતાને માટે છે.

આ કારણથી આરાત્રિક અને મંગલદીપકને અંગે પણ તેનો રીવાજ જણાવતાં શ્રી દેવેન્દ્રસૂરિજી "बहुख्यात અને अविरुद्ध એવા પુરુષોએ આચરેલો હોવાથી" એમ કહી આરતિ અને મંગલદીવાની યોગ્યતા સાબીત કરે છે.

## દીપક-પૂજાની સાબિતી

પૂર્વે જણાવ્યા પ્રમાણે દ્રવ્યસ્તવનું સબલપણું પ્રબલ પવિત્રતાના કારણ તરીકે છે, એમ કહી યુક્તિ જણાવી, "બહુખ્યાત અને **અવિરુદ્ધ પુરુષોથી આચરેલું છે**" એમ કહી આચરણા જણાવી, તે છતાં યુક્તિ અને આચરણાની તરફ જે કેટલાક ભદ્રિક-જીવો દુર્લક્ષ્ય કરે અને માત્ર શાસ્ત્રમાં કહેલા અક્ષરોને જ વળગે તેવા ભદ્રિકોના ઉપકારને માટે આચાર્ય મહારાજ જણાવે છે કે પૂ. આ. શ્રી ઉમાસ્વાતિવાચકજી કે જેઓ વાચક એટલે પૂર્વધરોમાં અગ્રગણ્ય હતા. તેઓએ પૂજાના અધિકારની અંદર દીવાની પૂજા જણાવેલી છે, એમ કહી "**શાસ્ત્રવચનથી પણ આરતિ અને મંગલદીવાની પૂજા યોગ્ય છે**" એમ સ્પષ્ટ કર્યું છે.

સામાન્ય રીતે શાસ્ત્રોમાં યુક્તિ અને આચરણાથી જે હકીકત સાબીત કરવાની હોય છે, તે જગો પર શાસ્ત્રોના પાઠો આપવાની જરૂર નથી હોતી, પરંતુ જે હકીકત શાસ્ત્રથી સાબીત કરવાની હોય છે, તે જગો પર શાસ્ત્રોના પાઠો આપવા તે અનિવાર્ય હોય છે.

જો કે શ્રદ્ધાનુસારી મનુષ્યો ગ્રંથકારના વચન ઉપર ભરોસો રાખવાવાળા હોવાથી ગ્રંથકારે સૂચવેલા શાસ્ત્રના પાઠને માનવામાં આનાકાની કરતો નથી, છતાં સર્વ શ્રોતાઓ તેવા શ્રદ્ધાનુસારી હોતા નથી, એટલું જ નહિં, પરંતુ કેટલાક શ્રોતાઓ શાસ્ત્રની હકીકતને અધિકારી પ્રસંગ વગેરેની સાથે મેળવે છે. ત્યારે જ સંતોષ પામે છે, અને કેટલાક માર્ગાભિમુખ શ્રોતાઓ અનેક કુમાર્ગીય-આચાર્યોના શાસ્ત્રોને નામે ભળતી વાતો સાંભળેલી હોવાથી શાસ્ત્રના નામ માત્રથી સાચી માન્યતા ધરાવનાર થઈ શકતા નથી, પરન્તુ શાસ્ત્રના પાઠને જોવાથી જ સંતોષ માનનાર હોય છે.

માટે શ્રી દેવેન્દ્રસૂરિજી યુક્તિ, આચરણા અને શાસ્ત્રોક્ત વચનથી દીપક-પૂજાનું યોગ્યપણું સાબીત કરવા છતાં એટલા માત્રથી

સંતોષ પામતા નથી, પરન્તુ તે વાચક-મુખ્યનો કહેલો પાઠ પણ સ્પષ્ટપણે આપે છે, એટલું જ નહિં પરન્તુ તે પાઠના અવતરણમાં तथा च तदुक्तं એમ કહી પ્રદીપની વિધિની મજબૂતી માટે જોર દેતાં કહે છે કે તેજ વાચક-મુખ્યનું કહેલું વચન કે જેમાં દીપની પૂજા જણાવવામાં આવી છે, "તે વચન તમારી આગળ મૂકું છું." આમ કહીને નીચે પ્રમાણેનો વાચકમુખ્યના ગ્રંથનો પાઠ આપ્યો છે.

चैत्यायतनं प्रस्थापनानि कृत्वा च शक्तितः प्रयतः ।
पूजाश्च गन्ध-माल्या-धिवास-धूप-प્રदीपाद्यैः ॥ १ ॥

આ શ્લોકમાં વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિવાચકજી સ્પષ્ટપણે જણાવે છે કે-

**"શ્રાવકે પોતાની વૈભવાદિ-શક્તિને અનુસરીને ચૈત્યાયતન એટલે ભગવાન જિનેશ્વર મહારાજની પ્રતિમાને સ્થાપવા માટેનું મંદિર કરવું જોઇએ, અને વિધિપૂર્વક મંદિરનું નિષ્પાદન કર્યા પછી વિધિપૂર્વક પ્રતિમાઓ બનાવી તેની પ્રતિષ્ઠા કરાવીને મન-વચન-કાયાથી પ્રયત્નવાળા શ્રાવકે સુગન્ધિચૂર્ણ, પુષ્પ, અધિવાસ, ધૂપ અને દીવા વગેરેએ કરીને તે જિનેશ્વર ભગવાનૂની પૂજા કરવી જોઇએ."**

આવી રીતના શ્રી ઉમાસ્વાતિવાચકજીના સ્પષ્ટ પાઠને દેખનારો મનુષ્ય કોઈપણ દિવસ પૂજનમાં ફલ કે દીપ વિગેરેની વસ્તુઓના વિધાનમાં શંકાવાળો થશે જ નહિં.

પૂર્વે જણાવેલી વિધિથી જે અભિષેકથી માંડીને આરતી-મંગલ દીવા સુધીનું પૂજન કરવાનું જણાવ્યું, તેમાં ગન્ધ આદિ પૂજાની વખતે નાટયનો પ્રસંગ હોતો નથી, પરન્તુ આરતિ-દીવાની વખતે તો જરૂર નાટય કરવાનો પ્રસંગ હોય છે, માટે શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ કહે છે કે આરતી અને મંગલદીવાની વખતે • -ક કરવું જોઈએ અને તે માટે તે નાટક કરવાનું વિધાન અને ંના દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે.

ભગવંતો આગળ પણ નાટક થઈ શકે.

ભગવાન મહાવીર મહારાજની આગળ 'સૂર્યાભદેવતાએ બત્રીસબદ્ધ નાટક કરેલું છે' તે વાત શ્રીરાયપસેણીસૂત્રને વાંચનાર અને સાંભળનારથી અજાણી નથી, અને તેજ સૂર્યાભદેવે કરેલા નાટકની શ્રી ભગવતીસૂત્ર અને શ્રી જ્ઞાતાસૂત્ર વિગેરેમાં દેવોએ કરેલા વંદનના અધિકારમાં નાટકને માટે ભલામણ કરવામાં આવે છે, તે પણ તે તે સૂત્રોના વાંચનાર અને સાંભળનારથી અજાણી નથી.

હવે રાયપસેણીમાં સૂ.૨૧ થી શરૂ થયેલો નાટકસંબંધી પ્રસંગ સહિત અનુક્રમે જણાવવો ઉપયોગી ધારી અહિં આપવામાં આવે છે.

**સૂર્યાભ દેવતાની પ્રભુ પ્રત્યે પૃચ્છા.**

સૂર્યાભદેવતા અને તે મોટી પર્ષદાને ભગવાને ધર્મોપદેશ કર્યો, તે પછી જે દિશાથી તે પર્ષદા આવી હતી તે દિશાએ પર્ષદા ચાલી ગઈ.

પર્ષદાના ગયા પછી સૂર્યાભદેવતા ભગવાનને પોતાની સ્થિતિ સંબંધી જે પૃચ્છા કરે છે, તે જણાવતાં સૂત્રકાર મહારાજ કહે છે કે–

તે સૂર્યાભદેવતા શ્રમણ-ભગવંત મહાવીર મહારાજની પાસે ધર્મને શ્રવણ કરીને અને તે ધર્મનું અવધારણ કરીને હર્ષવાળો થયો, સંતોષવાળો થયો, યાવત્ દેશનાના હર્ષથી હરાયેલું છે હૃદય જેનું એવો થયો, પછી ઉઠવાની ક્રિયા કરીને ઉભો થયો અને ઊભો થઈને શ્રમણ ભગવંત મહાવીર મહારાજને સામાન્ય રીતે વંદન કરી વિશેષ રીતે નમસ્કાર કરે છે. વંદન નમસ્કાર કરીને એમ કહે છે કે–

"હે ભગવન્! હું સૂર્યાભદેવતા શું કેટલા ભવોએ કરીને પણ સિદ્ધિ પામનારો છું? કે ચ્હાય જેટલું ભવભ્રમણ કરીશ તોએ સિદ્ધિ નહિં મેળવી શકું એવો છું?"

"જો હું ભવસિદ્ધિક એટલે ભવ્ય હોઉં, તો પણ શું હું સમ્યગ્દૃષ્ટિ એટલે જીવાદિ તત્વ અને દેવાદિ રત્નત્રયી સંબંધમાં સાચી દૃષ્ટિ એટલે શ્રદ્ધાવાળો છું કે મ્હારી શ્રદ્ધા સત્યપદાર્થોની શ્રદ્ધાથી વિપરીત છે?"

"હું જો સમ્યગ્દૃષ્ટિ હોઉં, તોપણ સમ્યગ્દૃષ્ટિને સતત જઘન્ય આરાધનાએ આઠ ભવ અને ઉત્કૃષ્ટ આરાધનાએ તે જ ભવમાં જેમ મોક્ષ થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિને વિરાધના અને પ્રતિપાત થવાથી અર્ધપુદ્ગલમાં માત્ર કંઇક ઓછો એવો અનંતો પણ સંસાર થાય છે."

"માટે હું પરિમિત એટલે થોડા સંસારથી મોક્ષ પામવાવાળો છું? કે અનન્ત સંસાર રખડીને મોક્ષ પામનાર હોવાથી અનન્ત સંસારવાળો છું?"

"જો હું પરિમિત સંસાવાળો હોઉં તો પણ કેટલાક પરિમિત સંસારવાળા ભરત-મહારાજા અને શાલિભદ્રાદિકની પેઠે સમ્યગ્દર્શન અને ત્યાગ-માર્ગરૂપી બોધિને સ્હેજે પામનારા હોય છે અને કેટલાકો મેતાર્ય અને મૂક-શ્રેષ્ઠી જેવાની માફક સમ્યગ્દર્શન અને ત્યાગરૂપી બોધિને પામવામાં મોટા અંતરાયવાળા હોય છે."

"માટે હું તેવો સુલભબોધિ છું કે દુર્લભબોધિ છું?"

"વગર-કષ્ટે સમ્યગ્દર્શન અગર ત્યાગરૂપી બોધિને પામવાવાળા જીવો પણ કેટલાક ભરત, બાહુ, સુબાહુ વગેરેની માફક આરાધક હોય છે, જ્યારે કેટલાકો પીઠ, મહાપીઠ આદિકની માફક વિરાધક પણ હોય છે."

"તો હું આરાધક છું? કે વિરાધક છું?"

"સમ્યગ્દર્શનાદિ આરાધના કરનારો વર્ગ પણ કોઇક તે આરાધનાના ભવમાંજ મુનિપુંડરીક-આદિની માફક મોક્ષ પામનાર હોય છે, ત્યારે કેટલોક વર્ગ શાલિભદ્ર, આદિની માફક ભવાંતરે મોક્ષ પામનારો હોય છે."

સામાન્ય રીતે ભવ્ય સમ્યગ્દૃષ્ટિ પરિત્તસંસારી, સુલભબોધિ અને આરાધક જીવ છેલ્લા ભવને પામનારો હોય છે અને તેથી તે જરૂર ચરમ તરીકે કહેવાય છે, છતાં પ્રશ્નના ભવમાં ચારિત્રની લાયકાત

ન હોય તો તેથી અનંતરના ભવમાં જેને મોક્ષ મળે તેને પણ **ચરમ** ગણવામાં આવે છે અને તેથી દેવતાઓના પ્રશ્નોના ઉત્તર દેતાં જે **ચરમ** થવાનું કહેવામાં આવે છે, તે ભવાંતરને માટે **ચરમપણાથી** લેવાય અને મનુષ્યના પ્રશ્નની વખતે જે **ચરમપણું** કહેવામાં આવે તે તદ્ભવ-ની અપેક્ષાએ લેવાય, તે સ્હેજે સમજાય તેવું છે.

વ્યાકરણમાં જેમ ધાતુની સાથે જોડાયેલા **પ્ર** આદિને ઉપસર્ગ કહેવામાં આવે છે, છતાં બહુવ્રીહિ વગેરે સમાસોમાં જો કે **પ્ર** વિગેરે જે હોય છે, તે ધાતુની સાથે જોડાયેલા હોતા નથી, પરન્તુ નામની સાથેજ જોડાયેલા હોય છે, છતાં પણ તેને ઉપસર્ગ કહેવામાં આવે છે, તેવી રીતે અહિં પણ **ચરમપણું** યથાસંભવ પ્રમાણે લેવું, એ અયોગ્ય નથી, દેવતાઓના પ્રશ્નમાં વાસ્તવિકરીતિએ **અ-ચરમ** ભવ જ કહી શકાય, પરન્તુ તે ભવ એટલે દેવભવની અપેક્ષાએ **ચરમપણું** લેવામાં કે **ચરમભવ** એમ કહેવામાં પણ કોઇપણ જાતની અડચણ નથી.

દેવતાઓને બીજે જ ભવે મોક્ષે જવાનું હોય છતાં જો **અચરમ-ભવ** કહેવામાં આવે તો એકાન્તર-ભવે થવાવાળા મોક્ષની પ્રતીતિ થાય નહિં. એટલુંજ નહિં. પરન્તુ સંખ્ય, અસંખ્ય અને અનંત ભવ દેવતાઓના પામરનારાઓને પણ અચરમભવપણું જેમ હોય છે, તેમ તે એકાવતારી દેવતાની દશાપણ **અચરમ** કહેવાથી થઈ જાય.

માટે એકાવતારી દેવતાઓને અંગે તે દેવતાના ભવના **ચરમ-પણાની** અપેક્ષાએ અગર દેવભવથી બીજો ભવ **ચરમ** હોવાની અપેક્ષાએ **ચરમભવપણું** કહેવાય છે, તે અયોગ્ય નથી;

સુજ્ઞ-મનુષ્યોએ ધ્યાન રાખવાની જરૂર છે કે દેવતા સબંધી પ્રશ્નોત્તરની વખતે **ચરમ-અચરમપણાનો** પ્રશ્ન અને ઉત્તર થાય છે, પરન્તુ મનુષ્યને અંગે જયારે પ્રસંગ હોય છે, ત્યારે **ચરમશરીરી** તરીકે વર્ણન કરવામાં આવે છે, તેથી ભવ અને શરીરને ખ્યાલમાં લેનારો વિવેકીજન મનુષ્યની અપેક્ષાનું चरमसरीरी એટલે છેલ્લું શરીર લેવું યોગ્યજ છે, તે સ્હેજે સમજી શકશે.

આ બધા ભવસિદ્ધિપણા આદિ પ્રશ્નોના ઉત્તરમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જણાવ્યું કે—

“હે સૂર્યાભ! તું ભવસિદ્ધિક છે, પણ અ-ભવસિદ્ધિક નથી, યાવત્ ચરમ-ભવી છે, પણ અ-ચરમભવી નથી.”

**નાટ્યકાર સૂર્યાભદેવની નૃત્યક્રિયા વિરાધકપણે નહિ**

ઉપર જણાવેલું એકવીસમું સૂત્ર જો કે નાટકના પ્રકરણની અંતર્ગત નથી થતું, તો પણ સૂર્યાભદેવને કયા કારણથી વિશેષે ભાવોલ્લાસ થયો અને કેમ નાટક કર્યું? એ અધિકાર જણાવવાને ...એ એકવીસમા સૂત્રનો વિચાર જરૂરી છે.
મહારાજની આગળ કરેલું નાટક એક અંશે પણ વિરાધનાનું ...
નથી, અને તે ભક્તિના પ્રવાહને લીધે બત્રીસબદ્ધ નાટક કરનાર
સૂર્યાભદેવતા એક અંશે પણ વિરાધક નથી, એટલે જે કોઈપણ
મહારાજ ... ચરમભવી હોય
ચરમભવપણાની છાપ મારી છે.

એટલે સ્પષ્ટ થયું કે સૂર્યાભદેવતાએ શ્રમણ-ભગવંત મહાવીર મહારાજની આગળ કરેલું નાટક એક અંશે પણ વિરાધનાનું કારણ નથી, અને તે ભક્તિના પ્રવાહને લીધે બત્રીસબદ્ધ નાટક કરનાર સૂર્યાભદેવતા એક અંશે પણ વિરાધક નથી, એટલે જે કોઈપણ જીવ સમ્યગ્દષ્ટિ હોય, આરાધક હોય અને ચરમભવી હોય તે તો શ્રીદેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં હરકોઈ પ્રકારે કટિબદ્ધ થાય જ.

આ વસ્તુ વિચારનારો મનુષ્ય કોઈપણ પ્રકારે દ્રવ્ય-સ્તવને આરાધના અને ચરમપણાની વાનગી તરીકે ગણ્યા સિવાય રહી ... એ પણ સ્પષ્ટ રીતિએ સમજાશે

પ્રકારે વિમુખ રહેવાવાળા જીવ, ...
નથી અને તેથી તેઓને એકાવતારીપણું કે અન્ત્યભવપણું આવવાનો સંભવ સર્વથા અસંભાવનીય નહિં, તો પણ દુઃસંભાવનીય તો જરૂર છે.

## આરાધક-વિરાધકપણાની દશા કેવી અને કયાં?

કેટલાકો તરફથી એમ કહેવામાં આવે કે ભગવાન જિનેશ્વર મહારાજની પૂજ્યતા અગર દેવ-ગુરુ અને ધર્મની આરાધનાની બુદ્ધિમાં જેઓની મંદતા ન હોય, છતાં તેઓ જો આરંભના કારણથી ડરી જઈને પૂજા અને આરાધનથી દૂર રહે, તો તેમાં તેઓ તરફથી દયાનું મુખ્ય સ્થાન રખાતું હોવાથી આરાધનામાં શી અડચણ આવી?

આવું કહેનારાઓએ સમજવું જોઈએ કે અભવ્ય અને મિથ્યા દૃષ્ટિ જીવો જેઓ સાધુપણું કોઈ કારણસર ગ્રહણ કરે છે અને તેમાં જેઓ નવમા ગ્રૈવેયક સુધી જવાના પરમ શુકલ-લેશ્યાવાળા પરિણામને ધારણ કરનારા હોય છે અને વળી તેઓ કેવલી મહારાજ જેવા બાહ્યથી શુદ્ધ-ચારિત્રને પાલનારા હોઈ કોઈ પણ જીવની વિરાધના કરનારા હોતા નથી, તો પછી જીવ-હિંસાને વર્જવાની પ્રધાનતા ધારણ કરવાવાળા તે અભવ્ય અને મિથ્યા-દૃષ્ટિઓ કેમ આરાધક કે ચરમ-શરીરી બનતા નથી? અને અવિરતિ સમ્યગ્-દૃષ્ટિ કે જેઓ હિંસાઆદિક સત્તરે પાપ-સ્થાનકોમાં પ્રવર્તેલા હોય છે, તેવા પણ જીવો શ્રીકૃષ્ણ મહારાજ અને શ્રેણિક મહારાજની માફક આરાધક અને સ્વલ્પભવી કેમ બને છે?

આ અભવ્ય અને મિથ્યાદૃષ્ટિ તથા કેવલસમ્યગ્દર્શનધારી હોય અને આરાધક થઈ ચરમપણું પામવાને લાયક હોય તો જરૂર વિષય કષાય, પરિગ્રહ અને પ્રમાદને માટે થતા આરંભમાં ભાવહિંસા હોવાથી પાપનો ડર રાખી શ્રીદેવ-ગુરૂ અને ધર્મની આરાધનામાં થતી સામાન્ય જીવ વિરાધનાને કોઈ દિવસ અગ્રપદ આપે નહિં.

પ્રતિમાના લોપકોને અનુસરનારાઓએ વિચારવું જોઈએ કે વરસાદની વખતે કોઈ મનુષ્ય વ્યાખ્યાનમાં નહિ આવતાં ઘેર બેસી રહે અને પોતાને ધર્મી માને, તથા જેઓ વરસાદ વરસતાં છતાં પણ ધર્મ-કથા સાંભળવા જાય તેઓને અધર્મી માને અગર હિંસાને નામે વિરાધક

માને, તેવાઓને શું તે પ્રતિમાલોપકો સમ્યગ્દૃષ્ટિ માની શકશે ? તેવી રીતે આચાર્યભગવંત કે સાધુમહાત્માનું આવાગમન થતું હોય, તેવી વખતે જે મનુષ્ય નિવૃત્તિ (સામાયિકાદિક) કે આરંભના નામે અભિગમનાદિક ન કરે, એટલુંજ નહિં પરન્તુ આચાર્યાદિના અભિગમને કરનારા જીવોને વિરાધના કરનાર અને અધર્મી માને અગર દક્ષિણદિશાના નરકમાં જનારા માને તો તેવા જીવોને શું આ પ્રતિમાલોપકો આરાધકો અને ચરમભવી કે ચરમશરીરી કહી શકે ખરા ?

## પ્રતિમા-લોપકોને શું વિરાધનાનો ડર છે ?

યાદ રાખવું કે વરસાદની વખતે આચાર્ય આદિની દેશના શ્રવણ અને અભિગમનાદિક કરવામાં તેઓના સાધુઓ તો દૂરજ રહે છે અને તેમાં તેઓ પોતાની સર્વવિરતિને આગળ કરે છે તો પછી સર્વવિરતિવાળા મંદિરમાર્ગી સાધુઓ દ્રવ્યસ્તવને ન કરે તે બ્હાને તે દ્રવ્યસ્તવને શ્રાવકોની પાસે છોડાવવાનો ઉદ્દેશ રાખનારા વરસતા વરસાદમાં ધર્મશ્રવણ અને અભિગમનાદિક પોતે ન કરવા છતાં જે શ્રાવકો કરે તેને દક્ષિણ-દિશાના નારકી થવાવાળા જાહેર કરતા નથી એ ચોકખું છે.

એટલે સ્પષ્ટ થયું કે તે પ્રતિમાલોપકોને પોતાના આચાર્યાદિકોને માટે અને પોતાના માનને માટે તો ચ્હાય જેટલી વિરાધના થાય તેનો અંશે પણ ડર નથી, એટલું જ નહિં, પરન્તુ તેમાં સાક્ષાત્ શબ્દોથી કે અર્થાપત્તિથી લાભજ જણાવાય છે, તો પછી જે ભગવાન્ જિનેશ્વરમહરાજ કે તેમની પ્રતિમાના દ્રવ્યસ્તવમાં જે વિરાધના વિગેરે બોલવામાં આવે તે સમ્યગ્દૃષ્ટિઓના હિસાબે કેવલ બકવાદ ગણાય.

## નાટકનો હેતુ કેવો હોવો જોઈએ.

ઉપર જણાવેલા સૂત્રની હકીકતને વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે-

**સૂર્યાભદેવતાએ** શ્રમણ-ભગવંત મહાવીર મહારાજની આગળ કરેલું નાટક કોઈપણ પ્રકારના પૌદ્ગલિક કારણને અંગે નથી, પરન્તુ

પોતાના ભવસિદ્ધિકપણુઆદિના નિશ્ચયને સાંભળવાને અંગે છે અને તેથી તે સાંભળીને થયેલા હર્ષથી કરાયેલું નાટક કોઈપણ સમ્યગ્દૃષ્ટિપણું આદિના શ્રવણથી થતી હર્ષ-ઉત્પત્તિને ગણનારને લાયક છે.

સાઈઠ વર્ષ સુધી અપુત્રપણાને લીધે વ્યથિત હૃદયવાળી વ્યક્તિ પુત્રોત્પત્તિને શ્રવણ કરીને જે હર્ષને ધારણ કરે, તેના કરતાં અનંતગુણા હર્ષને આત્મા પોતાના સમ્યગ્દૃષ્ટિપણા આદિના નિશ્ચયને જાણવાથી ધારણા કરે એમાં સુજ્ઞોને માટે આશ્ચર્ય નથી.

જગત્માં સર્વકાળ નિઃસંતાન રહેલા મનુષ્યને જેમ તે સાઈઠ વર્ષના મનુષ્યને સંતાનોત્પત્તિના શ્રવણથી થયેલો હર્ષ ઘેલછા જેવો લાગે, તેવીજ રીતે સમ્યગ્દૃષ્ટિને પોતાના સમ્યગ્દૃષ્ટિપણા આદિના શ્રવણને અંગે થયેલો હર્ષ અને તેને લીધે થયેલી નૃત્યઆદિની ચેષ્ટા મિથ્યાદૃષ્ટિઓને તો જરૂર ઘેલછા જેવી જ લાગે! પરંતુ એમાં નવાઈ જેવું કાંઈ નથી.

## સૂર્યાભદેવની મનોદશા.

આવી રીતે નાટકનું મૂલ કારણ જણાવ્યા પછી સૂર્યાભદેવતા નાટકક્રિયાનો ઉપક્રમ કેવી રીતે કરે છે? તે હવે વિચારીએ.

જ્યારે શ્રમણ ભગવંત મહાવીર મહારાજે **સૂર્યાભદેવતાને** ભવસિદ્ધિક એટલે ભવ્યપણા આદિ દશાવાળો જણાવ્યો, ત્યારે તે **સૂર્યાભદેવતા** હર્ષવાળો અને સંતોષવાળો થયો એમ નહિં, પરંન્તુ પોતાના ચિત્તમાં આનંદની લ્હેરો પામવાવાળો તે થયો. તે આનન્દની લ્હેર એટલી બધી તીવ્રતાને પામી કે કોઈપણ વખત પોતે જે મનના ઉલ્લાસને પામ્યો ન્હોતો તેવા મનના ઉલ્લાસને તે વખત પામ્યો અને પોતાના ભવ્યત્વ આદિકના નિશ્ચય કરનાર ભગવાન્ **મહાવીર** મહારાજને ફેર વંદના નમસ્કાર કરી વિનંતિ કરવા લાગ્યો કે

**હે ભગવાન!** આપ રૂપી અગર અરૂપી, દુર અગર નજીક વિગેરે સર્વ દ્રવ્યો કેવળજ્ઞાનથી જાણો છો અને કેવલદર્શનથી દેખો છો, દૂર અને નજીકમાં રહેલ સર્વ-દ્રવ્યોને જાણો છો તથા દેખો છો

અતીત અનાગત અને વર્તમાન એવા સર્વકાલને આપ દેખો છો અને ક્ષણે ક્ષણે સર્વદ્રવ્યના સર્વ પર્યાયો આપ જાણો છો અને દેખો છો. એટલે હે દેવાનુપ્રિય! આપ મારી પહેલાંની અને પછીથી દેવતાઈ મનોહર એવી સામગ્રી અને યાવત્ એવો પ્રભાવ મને મળેલો છે, મ્હારા આધીન છે, અને જેનો હું સર્વ પ્રકારે ઉપયોગ કરી શકું તેમ છું તે બધું આપ તો સાક્ષાત્ જાણો છો, છતાં હે ભગવાન્! દેવાનુપ્રિય એવા શ્રી ગૌતમસ્વામી આદિ શ્રમણ ભગવંતોને હું ભક્તિપૂર્વક દેવતાઈ-દેવઋદ્ધિ વિગેરેવાળું બત્રીસ પ્રકારનું નાટક દેખાડવા માગું છું.

## નાટકની ઈચ્છા પણ નિર્જરાની કોટિમાં.

આ સ્થાને ધ્યાન રાખવાની જરૂર છે કે-

**સૂર્યાભદેવતા** સમ્યગ્દૃષ્ટિ અને આરાધક છે અને ચરમ છે, એમ ભગવાન્ **મહાવીર** મહારાજના નિરૂપણથી પહેલાં નક્કી થયેલું છે અને તેજ **સૂર્યાભદેવતા** દેવતાઈ-ઋદ્ધિવાળું નાટક દેખાડવામાં ગૌતમસ્વામીજી આદિ શ્રમણ-ભગવંતોની ભક્તિ છે, એમ જણાવી તે ભક્તિપૂર્વક નાટક દેખાડવા માગે છે.

આ વસ્તુ સમજનાર હશે તો સાધુ-મહાત્માની ભક્તિ કર્મના ક્ષયને કરનારી અને નિર્જરાને ઊંચે દરજ્જે લઈ જનારી થાય, એમ સમજશે અને તેમાં પ્રતિમાલોપકોથી પણ ના પાડી શકાય તેમ નથી.

ધ્યાન રાખવું કે પ્રતિમાલોપકોના મુદ્દા પ્રમાણે તો પહેલી તકે શ્રમણ ભગવંત **મહાવીર** મહારાજે ભક્તિનો નિષેધ કરી જણાવવું જોઈતું હતું કે નાટક એ દ્રવ્યસ્તવ હોવાથી તેની ક્રિયા તું ભક્તિરૂપ ગણે છે તે તારું માનવું ખોટું છે, પરન્તુ શ્રમણ ભગવંત **મહાવીર** મહારાજે તે નાટક દેખાડવામાં ગણેલી ભક્તિમાં અંશે પણ પ્રતિષેધ કે ન્યૂનતા જણાવી નથી.

બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે બત્રીસબદ્ધ નાટકમાં બત્રીસમું નાટક ભગવાન્ **મહાવીર** મહારાજના આખા ચરિત્રનો ઉપનય કરનારૂં થવાનું છે અને તે ભગવંત **મહાવીર**-મહારાજના કેવલજ્ઞાનના વિષયથી બહાર નથી, છતાં તેવું **ગૌતમ-સ્વામીજી** આગળ થાય તે ભગવાન્ **ગૌતમ સ્વામીજી** આદિને અત્યંત નિર્જરાનું કારણ બનવા સાથે તે ચરિત્રના અભિનયરૂપે નાટક કરનાર **સૂર્યાભદેવતાને** શ્રમણ-ભગવંતોની ભક્તિ થાય એ કોઈપણ પ્રકારે અનુચિત નથી અને તેથી શ્રમણ ભગવંત **મહાવીર** મહારાજે તે નાટક દેખાડવાનો અને ભક્તિનો એક અંશે પણ નિષેધ કર્યો નથી.

આવી રીતે જ્યારે **ગૌતમાદિ** શ્રમણ ભગવંતોને ભક્તિપૂર્વક નાટક દેખાડવાની જે વિજ્ઞપ્તિનો જો ભગવાન્ **મહાવીર** મહારાજ નિષેધ કરે તો ભક્તિનો અંતરાય થાય અને વિધાન કરે તો શ્રમણ-ભગવંતોને નાટક દેખવાની પરવાનગી આપી કહેવાય. એટલા માટે શ્રમણ ભગવાન્ **મહાવીર**-મહારાજાની સૂર્યાભદેવતાએ એવી રીતે વિજ્ઞપ્તિ કરી, છતાં સૂર્યાભદેવતાની તે વાતનો પોતે આદરપણ ન કર્યો, તેમ નિષેધ પણ ન કર્યો.

ધ્યાન રાખવું કે બહુલતાએ **પરિ** ઉપસર્ગ પૂર્વકના જ્ઞા ધાતુનો **પરિજ્ઞા** શબ્દ બનાવવામાં આવે છે અને તેથી અહીં णो परिजाणइ એ વાક્યનો નિષેધ ન કર્યો એ અર્થ પણ વાસ્તવિક છે અનુમતિ ન દીધી એવો અર્થ કરવામાં પણ અડચણ નથી.

આદર અગર નિષેધ ન કર્યો, એટલા માત્રથી મૌનપણું આવી જતું હતું, છતાં આ દ્રવ્યસ્તવ હોવાથી નિષેધ્યો નથી કે આદરવાનું કહ્યું નથી, એ જણાવવા માટે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે મૌનપણે રહ્યા, ત્યારે સૂર્યાભદેવતાએ બીજી વખત પણ એમ કહ્યું કે આપ બધું જાણો છો વગેરે અને શ્રી ગૌતમસ્વામીજી વિગેરેને ભક્તિપૂર્વક હું નાટક દેખાડું.

આવી રીતે બીજી વખત જ્યારે **સૂર્યાભદેવતાએ શ્રી મહાવીર મહારાજને** વિજ્ઞપ્તિ કરી ત્યારે ભગવાન **મહાવીર મહારાજે** તે અર્થનો અનાદર કે નિષેધ ન કર્યો અને મૌન રહ્યા એવું સૂત્રકારે જણાવ્યું નથી, તે દ્રવ્યસ્તવને નહિ માનનારાઓએ ખરેખર ધ્યાનમાં લેવાનું છે.

એટલે કહેવું જોઈએ કે તે સૂર્યાભદેવતાના બીજી વખતના કથનમાં એવી ભક્તિભાવની તીવ્રતા હોવી જોઈએ અને તેને લીધે લાભનું પ્રમાણ ઘણુંજ વધી ગયેલું હોવું જોઈએ કે જેથી તે અનાદરાદિકનાં વાક્યો ભગવાન્ મહાવીર મહારાજે કહ્યાં નથી અને સૂત્રકારે તેનો નિબંધ પણ કર્યો નથી.

## નાટક માટે ભગવંતની અનુજ્ઞા ખરી કે ?

વાચકગણ એટલું તો સ્પષ્ટપણે સમજી શકે છે કે જગત્‌ના સામાન્ય મનુષ્યો આકારમાત્રથી બીજાની ચિત્તવૃત્તિને સામાન્ય રીતે સમજી શકે, તો પછી **સૂર્યાભદેવ** જેવો સમ્યગ્દષ્ટિ અને અવધિજ્ઞાનને ધારણ કરનારો જીવ ભગવાન્ **મહાવીર**–મહારાજના દ્રવ્ય મનને સહેજે જાણી શકે તેમાં આશ્ચર્ય નથી અને તેથી એક બાજુ સાધુને નાટકની અનુજ્ઞા થવાનો પ્રસંગ અને બીજી બાજુ **સૂર્યાભદેવના** હૃદયમાં જાગેલી ભક્તિના અંતરાયનો પ્રસંગ જે ભગવાન્ **મહાવીર**–મહારાજના મનમાં આવેલો છે અને તેથી તેઓ આદર કે નિષેધ કરતા નથી અને મૌનપણે રહે છે તે હકીકત અવધિજ્ઞાનથી જાણી શકે એમાં આશ્ચર્ય નથી.

આવી રીતે બીજી વખત શ્રમણ ભગવંત **મહાવીર**–મહારાજને વિનંતિ કરીને ભગવાન **મહાવીર**–મહારાજનો નિષેધ વિગેરે ન થવાથી પ્રસંગ પ્રાપ્ત થયા છતાં નિષેધ ન કરાય તો તે વાતની અનુમતિ ગણાય, એ ન્યાયને અનુસરીને ભગવાન્ **મહાવીર**–મહારાજની અનિષેધ અનુમતિ છે, એમ **સૂર્યાભદેવતાએ** ગણ્યું અને તેથી બીજા વખતની વિનતિ કરીને તુરત નાટકનો આરંભ કર્યો.

નાટકનો પ્રારંભ કરતાં સૂર્યાભદેવતા શ્રમણભગવંત મહાવીર-મહારાજાને ત્રણ વખત પ્રદક્ષિણા કરે છે.

સૂત્રના અર્થથી અને ક્રિયા કરવાની રીતિથી અજાણ એવા લોંકાશાહ અને તેને અનુસરનારાઓએ ધ્યાન રાખવું જોઈએ કે અહીં तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ એમ કહી ત્રણ વખત પ્રદક્ષિણા કરવાનું જણાવેલું છે, પરન્તુ આ જગો પર કે બીજી કોઈપણ જગો પર तिक्खुत्ता आयाहिणं पयाहिणं એમ બોલી વંદન કરેલું જ નથી. લોંકાશાહ અને તેને અનુસરનારાઓની કેટલી બધી અજ્ઞાનતા છે કે એના સૂત્રનું નામજ तिक्खुत्तो०ની પાટીજ રાખી છે અને તે બોલવા માત્ર રાખ્યું છે, તેના મુદ્દા પ્રમાણે તો भोयणं करेइ भोयणं कारवेइ ઈત્યાદિક જગો પર પણ भोयणं करेइ કે भोयणं कारवेइ એટલું બોલવાનું જ હોય, પરન્તુ ભોજન કરવા કે કરાવવાની ક્રિયાનો અંશ ન હોવો જોઈએ.

ખરી વાત તો છે કે જેઓને શાસ્ત્રકારોએ મૃષાવાદ ટાળવા માટે જણાવેલી વ્યાકરણની જરૂરીયાત ન ધ્યાનમાં આવે તેમજ ન માનવામાં આવે અને તેથીજ વ્યાકરણને વ્યાધિકરણની કોટિમાં મૂકે તેવાઓ तिक्खुत्तो० પાઠને વંદન ક્રિયાના વર્ણનરૂપ ન સમજે અને तिक्खुत्तो०ને સૂત્ર સમજી તે બોલવાનુંજ કરે તેમાં આશ્ચર્ય નથી.

## નાટકની ભૂમિકાનું વર્ણન

ભગવાન્ મહાવીર-મહારાજને સૂર્યાભદેવતાએ ત્રણ વખત પ્રદક્ષિણા દીધી અને પછી સામાન્યથી વંદન કરી વિશેષથી નમસ્કાર કર્યો.

આ રીતે શ્રમણ ભગવંત મહાવીર-મહારાજનો કરેલો વિનય નમસ્કાર જો પ્રતિમાલોપકો ધ્યાનમાં લેશે તો તેઓને સ્પષ્ટ માલુમ પડશે કે સૂર્યાભદેવતાએ કરેલી નાટકની ક્રિયામાં મંગલાચરણના સ્થાને એટલે સૂત્રધારની નન્દીમાં મુખ્યસ્થાન શ્રમણ ભગવાન્ મહાવીર-મહારાજાના વિનયનું છે.

શ્રમણુ-ભગવાન્ મહાવીર-મહારાજને નમસ્કાર કરીને સૂર્યાભ-દેવતા ઈશાન-કોણુ તરફ ગયો અને ત્યાં વૈક્રિયસમુદ્ઘાત કર્યો. વૈક્રિયસમુદ્ઘાતથી સેંકડો જોજનનો દંડ તૈયાર કર્યો અને પછી સ્થૂલ પુદ્ગલોને છોડી દઈ સારપુદ્ગલોને ગ્રહણુ કર્યાં, અને પછી બીજી વખત પણુ વૈક્રિયસમુદ્ઘાતથી અત્યંત મનોહર ભૂમિ તૈયાર કરી.

તે ભૂમિના મધ્ય ભાગમાં નાટકનો મંડપ કરી અને તે નાટક મંડપનો ભૂમિ ભાગ અત્યંત મનોહર કર્યો, પછી મંડપનો ઉપરનો ભાગ તૈયાર કરી, અખાડો તૈયાર કરી મણિપીઠિકા વિકુર્વી અને તે મણિપીઠિકા ઉપર પરિવાર સહિત સિંહાસનની રચના કરી.

આવી રીતે નાટકનું સ્થાન તૈયાર કર્યા પછી પણુ સૂર્યાભદેવતા નાટકની શરૂઆત કરતાં ભગવાન **મહાવીર** મહારાજનો વિનય કરતાં આજ્ઞા માગે છે.

જે વાંચીને તેના ઐદંપર્ય સાથે તે સૂત્રને સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે—

## નાટક પણુ ભક્તિની આશાએ

જે **સૂર્યાભદેવ** નાટક કરે છે, તેમાં ભગવાન **મહાવીર**-મહારાજની સર્વજ્ઞતા અને સર્વદર્શનીયતાને લીધે જ નાટક દેખાડવું એમ કહી શકાયું નથી, પરંતુ વસ્તુતાએ શ્રમણુ ભગવંત **મહાવીર**-મહારાજની ભક્તિ અંગે જ નાટક છે, તેને જ લીધે રંગમંડપ તૈયાર કરવા પહેલાં પણુ શ્રમણુ ભગવંત **મહાવીર**-મહારાજને પ્રદક્ષિણા કરી વંદન-નમસ્કાર કર્યા હતા અને રંગમંડપ વિગેરે તૈયાર કર્યા પછી પણુ નાટક કરવાની શરૂઆતમાં **સૂર્યાભદેવતા** શ્રમણુ ભગવંત **મહાવીર**-મહાવીરને પ્રણુામ કરે છે અને આજ્ઞા માગે છે. સૂત્રકાર સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'સૂર્યાભદેવતાએ તે રંગમંડપની વ્યવસ્થા કર્યા પછી શ્રમણુ ભગવંત **મહાવીર** મહારાજનાં દર્શન કરી પ્રણુામ કર્યા અને ભગવાન આજ્ઞા આપો એમ કહી તીર્થંકર મહારાજની આગળ

જે બત્રીસ બદ્ધ નાટક કરેલું છે તેનો અધિકાર આગમોદય સમિતિ તરફથી છપાયેલ રાયપસેણીમાં પૃષ્ઠ ૪૪ થી ૫૯ સુધી છપાયેલો છે અને તે ઘણો જ વિસ્તારવાળો છે.

આ નાટકનો અધિકાર વિસ્તારવાળો હોવાને લીધે જ શ્રી ભગવતીજી, શ્રી જ્ઞાતા-ધર્મકથા વિગેરે સૂત્રોમાં ભગવાન મહાવીર-મહારાજ વિગેરે તીર્થંકરોની પાસે જ્યારે જ્યારે દેવતાઓને આવવાનો પ્રસંગ હોય છે, જ્યારે નાટચવિધિ થયેલી હોય છે, ત્યારે તે નાટચ વિધિ જણાવવું ઘણું વિસ્તાર કરનારું થઈ પડે એ સ્વાભાવિક છે અને તેવો વિસ્તાર વારંવાર સ્થાને સ્થાને કહેવો, એ વાચકને પણ અરુચિ કરનારો થાય માટે તે સ્થાને આ રાયપસેણી સૂત્રની ભલામણ જ जहा रायपसेणइज्जे અથવા जावणट्टविहि એવી રીતે કહીને કરવામાં આવી છે.

અહીં પણ ક્રમસર તે સૂત્રનો પાઠ નહિ આપતાં સંક્ષેપથી તે જણાવવું યોગ્ય ધાર્યું છે.

## સૂર્યાભદેવતાનો પૂર્વરંગ અને વિકુર્વ્વણ શક્તિ

સૂર્યાભદેવતાએ જમણી ભુજા લાંબી કરી એકસો આઠ કુમારો કાઢયા અને ડાબી ભુજા લાંબી કરી એકસો આઠ કુમરીઓ કાઢી.

પછી સૂર્યાભદેવતાએ શંખ અને શંખને વગાડનારા, શ્રૃંગ અને શ્રૃંગને વગાડનારા એવી રીતે ઓગણપચાસ જાતનાં વાજાં અને તેટલીજ જાતનાં વાજીંત્રોને વગાડનારા એકસો આઠ એકસો આઠ વિકુર્વ્યાં.

પછી સૂર્યાભદેવતાએ બોલાવવાથી દેવકુંવરી અને દેવકુંવરીઓ સૂર્યાભદેવની પાસે આવી હાથ જોડી વધાવવું કરીને હુકમ માગતાં બોલ્યાં કે "અમારે જે કંઈ કરવાનું હોય તે ફરમાવો."

ત્યારે તે સૂર્યાભદેવતાએ તે દેવકુમાર અને દેવકુમારીઓને એમ હુકમ કર્યો કે હે દેવાનુપ્રિયો! તમે શ્રમણ ભગવંત મહાવીર-મહા-

રાજને ત્રણ વખત પ્રદક્ષિણા કરો અને વંદન-નમસ્કાર કરો, પછી ગૌતમાદિક શ્રમણ ભગવંતોને દેવતાઈ ઋદ્ધિઆદિવાળું બત્રીસબદ્ધ નાટક દેખાડો અને પછી મારી આજ્ઞા મને પાછી આપો એટલે નૃત્યવિધિ દેખાડી દીધાનું જણાવો.

પછી તે દેવકુમારો અને દેવકુમારીઓ હર્ષપૂર્વક તે આજ્ઞા કબુલ કરે છે. પછી જે જગો પર શ્રમણ ભગવાન્ **મહાવીર**-મહારાજા છે, ત્યાં **ગૌતમસ્વામી** આદિ શ્રમણ-નિર્ગ્રંથો છે, ત્યાં તે દેવકુમાર અને દેવકુમારીઓ આવે છે, બધી એકઠી થાય છે, બધી લાઈનસર ઊભી રહે છે. બધી લાઈનસર રહીને **ગૌતમસ્વામી-આદિને** નમસ્કાર કરે છે, લાઈનસર ઊંચી થાય છે, લાઈનસર અર્ધાવનત થાય છે, લાઈનસર ઊભી થાય છે, અક્કડપણે અધીં નમે છે, પાછી ઊંચી થાય છે, લાઈનસર આગળ જાય છે અને સાથેજ ઓગણપચાસ જાતનાં વાજીંત્રો ગ્રહણ કરે છે, સાથેજ વગાડે છે સાથેજ ગાય છે અને સાથેજ નાચે જ છે. તે ગાયન તે વાજીંત્રોનું વગાડવું એટલું બધું મનોહર હતું કે જેને અંગે શાસ્ત્રકાર મહારાજ દેવમરણ થઈ ગયું હતું, એમ જણાવે છે.

આવી રીતે નાટકનો પૂર્વરંગ કરીને પ્રથમ નાટકમાં તે દેવ-કુમાર અને દેવકુમારીઓ શ્રમણ ભગવંત **મહાવીર**-મહારાજાને સ્વસ્તિક-શ્રીવત્સનંદ્યાવર્ત્ત-વર્ધમાનક-ભદ્રાસન-કલશ-મત્સ્યયુગ્મ અને દર્પણ એવા અષ્ટમંગલોની રચનાથી મનોહર આશ્ચર્યકારક નાટ્ય-વિધિ પહેલાં દેખાડે છે.

(વાચકવૃંદે આ જગો પર ધ્યાન રાખવાની જરૂર છે કે સૂર્યાભદેવતાએ ભગવાન **મહાવીર**-મહારાજને આપ સર્વજ્ઞ સર્વ-દર્શી છો એમ જણાવી નૃત્ય દેખાડવાની જરૂર નથી, એમ જણાવી શ્રી **ગૌતમસ્વામીઆદિ** શ્રમણ ભગવંતોને માટે નાટક જણાવું છું, એમ કહ્યું હતું. પરંતુ માત્ર ભક્તિપ્રદર્શક વાક્ય હતું.

તેથી અહીં શ્રમણ ભગવંત મહાવીર-મહારાજાને નૃત્યવિધિ દેખાડી એમ કહેવું તે કોઈપણ પ્રકારે બાધાકારી નથી, એવી રીતે આગળ પણ ભગવાન્ મહાવીર-મહારાજને અંગે નાટયવિધિ દેખાડવામાં આવે છે, તેમાં પણ તેમજ સમજવું.)

## દ્વિતીયાદિ નાટકોનું આછું સ્વરૂપ

આગળના નાટકોમાં પણ પહેલા નાટકોમાં જણાવ્યાં પ્રમાણે પંક્તિએ થવાનું વિગેરે વિધિનો ક્રમ છે, છતાં માત્ર નાટકનાં નામો અહીં દેખાડવામાં આવે છે. પ્રથમ અષ્ટમંગલિકની રચનાવાળું નાટક કર્યા પછી બીજું આવર્ત્ત-પ્રત્યાવર્ત્તથી માંડીને યાવત્ પદ્મલતાની રચનાથી આશ્ચર્યકારક નાટક હોય છે.

ત્રીજું ઈહામૃગ વૃષભ વિગેરેની રચનાવાળું નાટક હોય છે.

ચોથું એક બાજુ વક્ર, બે બાજુ વક્ર, યાવત્ ચક્રાર્ધ ચક્રવાલ થવાય તેવું, પાંચમું ચંદ્રાવલિની રચના યાવત્ રત્નાવલિની રચનાવાળું નાટક, છઠ્ઠું ચંદ્રોદ્ગમન વિગેરે, સાતમું ચંદ્રાગમન વિગેરે, આઠમું ચંદ્રાવરણ વિગેરે, નવમું ચંદ્રાસ્તમયન વિગેરે, દસમું ચંદ્રમંડળ પ્રવિભક્તિ વિગેરે, અગીયારમું વૃષભ સિંહ અશ્વ ગજ વિગેરેનાં વર્તનોવાળું, બારમું સમુદ્ર વિગેરેની ઘટનાવાળું, તેરમું નંદા વિગેરેની રચનાવાળું, ચૌદમું મત્સ્યાણ્ડક વિગેરેની રચનાવાળું, પંદરમું કવર્ગના પાંચે અક્ષરની રચનાવાળું, સોલમું ચવર્ગના પાંચે અક્ષરની રચનાવાળું, સત્તરમું ટવર્ગના પાંચે અક્ષરની રચનાવાળું, અઢારમું તવર્ગના પાંચે અક્ષરની રચનાવાળું, ઓગણીસમું પવર્ગના પાંચે અક્ષરની રચનાવાળું અને વીસમું અશોક વિગેરે વૃક્ષોના પલ્લવની રચનાવાળું, એકવીસમું પદ્મલતા વિગેરે લતાવાળું, બાવીસમું દ્રુતનામનું નાટક ત્રેવીસમું વિલંબિત નામનું, ચોવીસમું દ્રુતવિલંબિત નામનું, પચીસમું અંચિત નામનું, છવ્વીસમું રૂભિત નામનું, સત્તાવીસમું અંચિત,-રૂભિત અઠ્ઠાવીસમું, આરભટ ઓગણત્રીસમું, ભસોલ ત્રીસમું, આરભટ-ભસોલ એકત્રીસમું ઉત્પાત-નિપાત વિગેરે ક્રિયાવાળું, એવી રીતે એકત્રીસ

નાટકો જુદા જુદા આકારમાં દેવકુમાર અને દેવકુમારીઓ કરીને બત્રીસમા નાટકમાં શ્રમણ ભગવંત મહાવીર-મહારાજને અંગે અભિનય કરતાં નીચે જણાવેલી વસ્તુ દેખાડે છે.

## અંતિમ નાટકમાં શું દર્શાવાય છે?

ભગવાન્ મહાવીર-મહારાજનો પહેલાંનો છેલ્લો મનુષ્ય ભવ ૨ દેવલોકમાંથી છેલ્લું ચ્યવન ૩ છેલ્લું ગર્ભસંહરણ ૪ ભરત ક્ષેત્રની અવસર્પિણીમાં છેલ્લા તીર્થંકર તરીક જન્માભિષેક ૫ છેલ્લો બાલભવ ૬ છેલ્લું યૌવન ૭ છેલ્લા કામ-ભોગ ૮ છેલ્લો દીક્ષા મહોત્સવ ૯ છેલ્લી તપશ્ચર્યા ૧૦ છેલ્લી જ્ઞાનોત્પત્તિ ૧૧ છેલ્લી તીર્થ પ્રવૃત્તિ ૧૨ છેલ્લું પરિનિર્વાણ એ બાર અધિકારથી બંધાયેલું ચરમ-નિબદ્ધ નામના નાટકને દેવકુમાર અને દેવકુમારીઓ દેખાડે છે.

તે બત્રીસબદ્ધ નાટક દેખાડયા પછી નાટયવિધિની સમાપ્તિમાં મંગલ તરીકે ચારે પ્રકારનાં વાજાં વગાડે છે, ચારે પ્રકારનાં ગાયનો ગાય છે અને પછી અંચિત વિગેરે ચાર પ્રકારનાં નાટક વિધિ દૃષ્ટાન્ત વિગેરે ચાર પ્રકારના અભિનય વિધિ દેખાડીને તે બધા દેવકુમાર અને દેવકુમારીઓ એકરૂપ થઈ ગયા. યાવત્ સૂર્યાભદેવતા જે દિશાઓથી આવ્યો હતો તે દિશાએ ચાલ્યો ગયો.

## જન્માભિષેકની વખતે પણ નાટકની ભલામણ

જો કે આચાર્ય મહારાજ દેવેન્દ્રસૂરિજીએ નૃત્ય-પૂજાના અધિકારમાં સૂર્યાભદેવતાનો અધિકાર મુખ્યતાએ જણાવેલો નથી, પરન્તુ આગમોની અંદર જ્યાં જ્યાં દેવતાઓના નાટકોની ભલામણ કરવામાં આવે છે, ત્યાં ત્યાં સૂર્યાભદેવતાના નાટકની ભલામણ કરવામાં આવે છે. તેથી મૂળ-આગમોની વાચનાની અપેક્ષાએ રાયપસેણી-સૂત્રનો અભ્યાસક્રમ પહેલો હોવાથી મૂળ-આગમોમાં જે બીજા દેવતાઓનો નાટકનો અધિકાર આવે છે, તે બધા તેની પછી આવે છે. તેથી સર્વત્ર તે રાયપસેણીમાં કહેલા સૂર્યાભ- સૂર્યાભદેવતાના નાટકની ભલામણ કરાય તે યોગ્ય જ છે.

પરન્તુ અનુયોગ એટલે વ્યાખ્યાની અપેક્ષાએ શ્રીઆવશ્યક-નિર્યુક્તિની અંદર ભગવાન્ ઋષભદેવજી-મહારાજ અને ભગવાન્ મહાવીર સ્વામી મહારાજના જન્માભિષેકની વખતે દેવેંદ્રોએ અત્યંત વિસ્તારથી જન્માભિષેક કરેલો તેનું વર્ણન કરવામાં આવેલું છે અને તે પ્રસંગમાં દેવેંદ્રોએ કરેલા નાટકનો અધિકાર પણ ત્યાં જણાવવામાં આવ્યો છે અને અનુયોગની અપેક્ષાએ શ્રી આવશ્યકનો અનુયોગ પ્રથમ સ્થાને હોઈને તેમાં જણાવેલા દેવેન્દ્ર-પૂજાના અધિકારનું મુખ્ય પદ આપવામાં આવે, તેમાં આશ્ચર્ય નથી.

આ કારણથી પૂ આ. શ્રી હરિભદ્રસૂરિજી મ. વિગેરેના શ્રી પંચાશકજી વિગેરે પ્રૌઢ-ગ્રંથોમાં દેવેન્દ્રોના અનુકરણથી અને દેવેન્દ્રોના દૃષ્ટાન્તથી પૂજન વિગેરે વિધિઓ જણાવવામાં આવે છે, તેવીજ રીતે અહીંયા શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજે પણ નૃત્યપૂજાની અંદર દેવેન્દ્ર વિગેરેનાં દૃષ્ટાન્તોની મુખ્યતા રાખી છે.

સામાન્ય રીતે કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી અને મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના ત્રિષષ્ટિશલાકા-પુરૂષચરિત્ર અને ભવભાવનામાં કહેલ શ્રી નેમિચરિત્રના હિસાબે દેવેન્દ્ર આદિનું તીર્થંકર મહારાજના જન્માદિક કલ્યાણકોની વખતે આવવું અને નાટક કરવું થાય જ છે.

શ્રી ભગવતીજી વિગેરે સૂત્રોમાં પણ દેવેન્દ્ર આદિના ઉપપાતની વખતે ભગવાન્ જિનેશ્વર મહારાજ વિગેરેને વંદન કરવા આવતાં દેવેન્દ્રો વિગેરેએ નાટક કરેલાં છે, એ વાત જૈન જનતામાં અત્યંત જાહેર છે.

પરન્તુ નામ-નિર્દેશપૂર્વક એટલે પૂર્વ ભવનાં વૃત્તાન્તોની જાહેરાત પૂર્વકનાં જાહેર જીવનવાળાં જીવનું દેવેન્દ્રપણે ઉત્પન્ન થયેલું હોય અને તેમને ભગવાન્ જિનેશ્વર મહારાજની આગળ નાટક કરેલું હોય તો તેવું દૃષ્ટાન્ત વિશેષે કરીને કાર્ત્તિક-શ્રેષ્ઠીનો જીવ જે સૌધર્મ ઈન્દ્રપણે ભગવાન્ મુનિસુવ્રત સ્વામીજીની આરાધનાથી ઉત્પન્ન થયેલો છે. તેમને વિશેષે લાગુ થાય તેમ છે.

## પૂર્વભવના વૃત્તાન્તની પ્રસિદ્ધિવાળા ઈંદ્રો કયા

વર્તમાન કાળના ચોસઠે ઈંદ્રમાં પૂર્વભવના વૃત્તાન્તના પ્રસિદ્ધિપૂર્વકના ચાર ઇંદ્રો ગણાય છે. સૌધર્મ-દેવલોકના શક્રેન્દ્ર કે જેઓ કાર્ત્તિક શેઠ હતા, ઈશાન દેવલોકના ઇશાનેન્દ્ર કે જેઓ પહેલા ભવમાં તામલિ તાપસ હતા અને અસુરકુમારમાં દક્ષિણ નિકાયના ચમરેન્દ્ર કે જેઓ પહેલા ભવમાં પૂરણ નામના તાપસ હતા અને ચોથા અચ્યુતેન્દ્રના જીવ કે જે પૂર્વ ભવમાં સીતાજી હતા.

આ ચાર ઇંદ્રના જીવો પૂર્વભવના વૃત્તાન્તથી જાહેર છે, તેમાં તામલી અને પૂરણ એમ બે ઇંદ્રો પૂર્વભવની વખતે શ્રી જિનેશ્વર મહારાજની શાસનની શ્રદ્ધા અને વૃત્તિવાળા નહોતા અને સતી શિરોમણી સીતાજીની વખતે સાક્ષાત્ તીર્થંકરનું વિચરવું નહોતું. એટલે શ્રી જૈનશાસનની શ્રદ્ધા અને વૃત્તિ છતાં પણ સાક્ષાત્ તીર્થંકરની પાસે આવવાનું ઉત્પન્ન થવાની સાથે પ્રસંગ ન મળે એ સ્વાભાવિક છે. એટલે સાક્ષાત્ ભગવાન્ તીર્થંકર મહારાજની છાયામાં પૂર્વભવનું જીવન વ્યતીત કર્યું હોય અને તે જીવનમાં કરેલી આરાધનાના પ્રતાપે ઇંદ્રપણું પ્રાપ્ત કરી ભગવાન્ તીર્થંકર મહારાજની ભક્તિ માટે સાક્ષાત્ તીર્થંકર ભગવાન્ પાસે આવી બત્રીસ બદ્ધ નાટક કોઈપણ વર્તમાન માંહેના ઇંદ્રોમાંથી કોઈએ પણ કર્યું હોય તો તે માત્ર સૌધર્મ નામના જ દેવેન્દ્ર છે.

## કાર્તિક શ્રેષ્ટિનો જીવ નાટક શા માટે કરે ?

વર્તમાનમાં જે સૌધર્મેન્દ્ર છે, તે શ્રી કાર્ત્તિક શ્રેષ્ઠીનો જીવ છે અને તેઓએ ભગવાન્ મુનિસુવ્રત સ્વામીજી પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. એ વાત વર્તમાન કાળની જૈન જનતાથી ઘણીજ પરિચિત છે.

કારણ કે વર્તમાન કાળની જૈનજનતા દરેક ચાતુર્માસમાં પર્યુષણની વખતે શ્રી પજ્જુસણા-કલ્પસૂત્ર શ્રદ્ધા અને બહુમાન-

પૂર્વક શ્રવણ કરે છે અને તે શ્રી કલ્પસૂત્રમાં શ્રી કાર્ત્તિકશ્રેષ્ઠી અધિકારમાં **શ્રી મુનિસુવ્રત સ્વામીજી**ના અધિકારના સાથે આવે છે.

આ કારણથી આચાર્ય મહારાજ શ્રી દેવેન્દ્રસૂરિજીએ મૂલ-ગાથામાં સામાન્ય દેવેન્દ્ર શબ્દ હતો, છતાં **શ્રાદ્ધદિન** કૃત્યની ટીકામાં શ્રી કાર્ત્તિકશ્રેષ્ઠીના ભવની અપેક્ષા રાખી **સૌધર્મ** ઇંદ્રના નાટક સંબંધીનો અધિકાર મુખ્યતાએ જણાવેલો છે.

ઉપર જણાવ્યા પ્રમાણે કાર્ત્તિક શ્રેષ્ઠીનો અધિકાર દેવેન્દ્રોએ કરેલા નૃત્યની બાબતમાં જેમ જણાવ્યો છે, તેવી જ રીતે દેવેન્દ્રોએ કરેલા નૃત્યના અધિકારમાં જો કે સામાન્ય રીતે દરેક દાનવેન્દ્ર પણ પોતાની ઉત્પત્તિ પછી અભિષેકાદિકની વખતે શ્રી જીનેશ્વર મહારાજની પૂજા કરતાં જરૂર નૃત્ય વિગેરે કરે છે, પરંતુ જેમ કાર્ત્તિક શ્રેષ્ઠીનો જીવ જે સૌધર્મ દેવલોકનો શકેંદ્ર ઇંદ્ર તેમને ભગવાન મુનિ-સુવ્રતસ્વામીજીનો અત્યંત નજીકનો ઉપકાર હોવાને લીધે તીવ્ર ભાવપૂર્વક નાટક કરવાનો પ્રસંગ હતો અને તે પ્રસંગ સાચવેલો હોવાથી દેવેન્દ્રના નૃત્યના પ્રસંગે તે કાર્ત્તિક શ્રેષ્ઠીનો જીવ જે શક્રેન્દ્ર તેણે જ લીધો, તેવી જ રીતે અહીં દાનવેન્દ્રના અધિકારમાં પણ ચમરેન્દ્રે ભગવાન મહાવીર મહારાજના પ્રતાપથી પોતાનો જીવ બચાવ્યો, શક્રેન્દ્રે તેને છોડી દીધો, વજ્રની જવાલામાંથી બચી ગયો અને સામાનિક વિગેરેની સહાય વગરનો એકાકી નિરાધાર થયેલા તે ચમરેન્દ્રનો ખરેખર બચાવ જો થયો હોય તો તે શ્રમણ ભગવાન મહાવીર-મહારાજના શરણના પ્રતાપને લીધે જ છે આવી રીતે નિરાધારપણાની વખતે પણ જે ભગવાનનું શરણ આધાર ભૂત થયું હતું, વગર કારણે પણ જે ભગવાનનું શરણ બચાવનાર થયું હતું. સામાનિક દેવતા વિગેરેની પર્ષદાએ છોડી દીધા અને ભયની ભાવઠ ભાંગનારું કોઈ નહોતું, તેવી વખતે જે જિનેશ્વર-મહારાજના ચરણ કમળનું શરણ ભયની ભાવઠને ભાંગનારું થયું, એવા જિનેશ્વર શ્રમણ ભગવાન મહાવીર-મહારાજના ચરણ

કમળની ભક્તિ કરવાને માટે ચમરેન્દ્ર સકળ પરિવારને લઈને આવે અને બત્રીસબદ્ધ નાટક કરે તેમાં આશ્ચર્ય શું ?

## ગર્વથી ઘેરાયેલો શું નથી કરતો ?

જગતમાં મનુષ્ય મદોન્મત્ત થઈને મદની ઘેલછામાં અનેક પ્રકારના અનર્થો ઊભા કરવાની દુર્બુદ્ધિ દોડાવે છે, મદોન્મત્ત થયેલા જીવો પોતાના વિશ્વાસપાત્ર પાત્રોએ કહેલા અવ્યુચ્છિત્તિપણે હિત કરનારાં વચનોને પણ ગણકારતો નથી, દૂરંદેશી વાપરીને તે હિતકારકોને તેવા ઉત્પાતને કરનારા વર્તનથી દૂર રહેવાની દુઃખાતે મને પણ ફરજ પડે છે, તો પણ મદોન્મત્ત જીવ પોતાની દુર્બુદ્ધિએ દેખાડેલા રસ્તા તરફ પ્રવર્તવામાં પોતાનું મહત્ત્વ સમજે છે,

તેવી રીતે ચમરેન્દ્રને પણ શક્રેન્દ્રને પરાભવ કરવાની દુર્બુદ્ધિ સૂઝી અને તે શક્રેન્દ્રને પરાભવ કરવાનો વિચાર તે ચમરેન્દ્રે પોતાની સામાનિક દેવોની પર્ષદાની આગળ જાહેર કર્યો, તે સામાનિક દેવતાઓ જોકે ઇંદ્રના પદવાળા નથી, તો પણ તે સામાનિક–દેવતાઓ ઋદ્ધિ, વિભવ, આયુષ્ય, વિગેરેની અપેક્ષાએ ઇંદ્ર કરતાં અંશે પણ ઉતરતા હોતા નથી અને તે સામાનિક–દેવતાઓ ઇંદ્રની અભ્યંતર પર્ષદા તરીકે ગણાય છે, તે સામાનિક–દેવતાઓનો એટલો બધો દેવલોકમાં પ્રભાવ હોય છે, કે–જે વખત પ્રથમના ઇંદ્ર ચ્યવી જાય અને નવા ઇંદ્રો ઉત્પન્ન ન થાય, તેની વચમાં ઉત્કૃષ્ટ છ માસ જેટલો કાળ હોય છે, છતાં તે સર્વકાળ ઇંદ્ર વિનાની દેવલોકની સર્વ સ્થિતિને તે સામાનિક દેવતાઓ સાચવે છે. વળી ઇન્દ્રની ઉત્પત્તિ થયા પછી પણ ઇંદ્રને પોતાના કર્તવ્યોનો .વિચાર થાય તે વખતે ઇંદ્રને કર્તવ્યની દિશા બતાવનાર જો કોઈપણ હોય તો તે સામાનિક એટલે ઇંદ્રની સમાન ઋદ્ધિવાળા જ ઇંદ્રો છે.

## ઇંદ્રને પણ સામાનિકોનો આશરો લેવો પડે.

સામાન્ય રીતે દરેક ઇંદ્રોને પોતાના જીવનમાં જ્યારે જ્યારે વિષમ પ્રસંગો પ્રાપ્ત થાય કે વિચારણીય સ્થિતિ ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે સામાનિક–પર્ષદાના દેવતાનો જ આશ્રય લેવાનો હોય છે.

આવી સ્થિતિ ચમરેન્દ્રને પોતાના સામાનિકોનો મોભો જબર-જસ્ત લાગતો હતો અને હતો પણ ખરો, છતાં મદોન્મત્તપણાને લીધે ઉત્પન્ન થયેલી દુર્બુદ્ધિને સફળ કરવા તરફ દોરાયેલો તે **ચમરેન્દ્ર** સામાનિક-પર્ષદાના દેવતાઓને નિર્માલ્ય ગણીને સ્વયં પોતાના બલની અદ્વિતીયતા સમજતો **સૌધર્મ**-ઇંદ્રનો પરાભવ કરવા માટે **ચમરચંચા** રાજધાનીથી નીકળી પડયો હતો.

ભવિષ્યમાં જેઓને આપત્તિના પ્રસંગો આવવા છતાં પણ આપત્તિ ભોગવવાની હોતી નથી, તેઓને દુર્બુદ્ધિએ દુષ્ટમાર્ગ તરફ વર્ત્તવા માટે ધક્કો મારેલો હોય છે. નજીકના કુટુંબિઓ કકળાટ કરીને પણ કોરાણે બેસી ગયેલા હોય છે. જીવનના નિર્વાહ માટે કે કુટુંબની વૃત્તિ માટે અથવા જાગીરના ઝળહળતા લોભને માટે સેવામાં સદા તત્પર રહેવાવાળા જાગીરદારો પણ જીવના જોખમે સેવા કરવાની વાતો જતી કરે યાવત્ દુર્બુદ્ધિથી થતા દુષ્ટ વર્તનના દુષ્ટતમ પરિણામ ભોગવવાના ભયથી ભાઈ-ભાંડુ સર્વ ભાગી જાય છે, અને દુષ્ટબુદ્ધિથી પ્રેરાયેલો દુષ્ટ વર્તનમાં ડુબેલો તે દુષ્ટ-આત્મા સર્વથા નિરાધાર સ્થિતિમાં આવી પડે છે, તેવી વખતે પણ ભાવીના ભવ્ય-પણાના ભણકારાથી એક કિરણનું આવલંબન જરૂર તેવા મનુષ્યને પણ મળે છે.

તેવી રીતે અભિમાનથી આંધળો બનેલો **ચમરેન્દ્ર**, સામાનિકોથી સર્વથા દૂર કરાયેલો **ચમરેન્દ્ર**, **ચમરચંચા** રાજધાનીનો અસુર કુમારોએ અલગો કરાયેલો **ચમરેન્દ્ર**, અભિમાનના ઊંધા પડલે ઊંધું દેખીને મદોન્મત્ત થઈ સર્વથી છુટો પડી નીકળી ગયેલો **ચમરેન્દ્ર** હાલ છે, છતાં પણ ભવિષ્યના ભવ્યના ભણકારમાંથી એક અમર-કિરણનો ભણકારો તેના હૃદયમાં ઝળકી નીકળે છે કે કદાચ **સૌધર્મ** ઈંદ્રના સપાટામાં સપડાવવાનો સમય સાંપડી જાય તો મારા અત્યંત પ્રિય અને અનાધાર એકલા આત્માનું રક્ષણ કરવામાં રક્ત મને કોણ મળશે ?

## મત્તદશામાં સુવિચાર આવવા તે પુણ્યની નિશાની છે

પૂર્વે જણાવેલી ભયંકર મદોન્મત્ત દશામાં પણ અડગપણે આગળ વધવામાં અડગ નિશ્ચયને ધારણ કરી આગળ વધેલાઓમાં પણ આવો વિચાર આવવો તે ભવિષ્યની ભવ્યદશા હોય ત્યારે જ આવી અવસ્થામાં આવો ભવ્ય વિચાર આવે છે, તેવી રીતે **ચમરેન્દ્રને** પણ તેવી વખતે ભયની શંકા થઈ ભયથી બચાવનારને ખોળવા લાગ્યો અને પવિત્રતાના જોગે ભયની ભાવઠને ભાંગવાવાળા ભગવાન્ **મહાવીર-મહારાજનું** સ્મરણ મનમાં ઝળકી ઊઠ્યું, મત્તદશાએ દોરવાયેલી દુર્બુદ્ધિના દુષ્ટ-કાર્યમાં દોડાદોડ કરી રહેલા દુર્દાન્તોને જેમ જયકારક વિચારો આવવા મુશ્કેલ છે, તેમજ કદાચ ભવિતવ્યતાના જોગે તેવા વિચારો આવી પણ જાય, છતાં તે અચાનકપણે આવેલા વિચારોને અનુકુલ સામગ્રી અને સંજોગો મળવા ઘણા જ મુશ્કેલ છે, પરન્તુ જેની ભવિતવ્યતા ભવ્યપણાથી જ દોરવાયેલી છે, તેવાઓને તેવી વિષમ અવસ્થામાં આવેલા વિચારો પણ વિફળ નહિં થતાં સફળતાને રસ્તેજ સરજાય છે, તેવી રીતે **ચમરેન્દ્રની** આવી વિકટ દશામાં પણ શરણુ કરવાના થયેલા મનોરથને અનુકૂલ સામગ્રી ભવિતવ્યતા મેળવી આપે છે અને તેના પ્રતાપે **સુસુમાર** નામના નગરની બહાર ભગવાન્ **મહાવીર-મહારાજા** કાઉસગ્ગ ધ્યાનમાં લીન રહેલા છે, તેમનું શરણુ કરવાનો વિચાર **ચમરચંચાના** ચંચળ એવા **ચમરેન્દ્રના** ચિત્તમાં ચમકેલો સફળ થયો.

જગતમાં મદોન્મત્ત અને નિર્વિચાર થયેલા મનુષ્યોના મનમાં આવેલી કલ્પનાની અકુદરતી કોટિઓમાં કોઈક કણો જેમ ભાવિની સુંદરતાએ સર્જ્યો હોય અને તે બરાબર લક્ષ્ય વગર માત્ર સંસ્કાર નાખીને ચાલ્યો જાય અને પછી તે મદોન્મત્ત અને દુર્બુદ્ધિની પ્રવૃત્તિની પરાયણતા તેવીને તેવી તામસમય માર્ગમાં રહ્યા કરે, તેવી રીતે અહીં પણ **ચમરેન્દ્રની** અંતઃકરણની વૃત્તિમાં પણ માત્ર ભવિષ્યના ભવ્યપણાને લીધે શરણ લેવાના વિચાર રૂપી એક અમર કિરણ

ઝળકી પોતાનો સંસ્કાર નાખીને ચાલ્યું ગયું અને તે ચંડપ્રકૃતિવાળા **ચમર-ચંચાના** નાયકની વૃત્તિ શ્રમણ ભગવાન્ **મહાવીર**-મહારાજનું શરણ લેવા પહેલાં હતી તેવી ને તેવી જ શરૂ થઈ અને તેવી વૃત્તિના પ્રતાપે તે ચમરેન્દ્ર સો નહિં, હજાર નહિં, લાખ નહિં, કરોડ નહિં, દસ કરોડ નહિં, સો કરોડ નહિં, હજાર કરોડ નહિં, લાખ કરોડ નહિં, એક કરોડ કરોડ નહિં, સંખ્યાત કરોડ કરોડ નહિં, પરન્તુ અસંખ્યાત ક્રોડાક્રોડ જોજનો સુધી તેવા ને તેવા ઉન્મત્તપણામાં ઉછળતો ઉછળતો ચાલી નીકળ્યો જ્યાં **સૌધર્મઇંદ્રના** આવાસમાં દાખલ થવાની વખતે જે લોકપાલો હતા, જે આભિયોગિકો હતા જે આત્મ-રક્ષકો હતા તે બધાને જેમ હડકાયો થયેલો કુતરો મનુષ્યોનાં ટોળાંને નાસભાગ કરાવે, તેવી રીતે નાસભાગ કરાવતો તે **ચમરેન્દ્ર સૌધર્મ** ઈંદ્રની સભામાં પહોંચ્યો.

## આકસ્મિક ઉત્પાત-સમયે ધીરતા કોણ ધારણ કરે ?

જગતમાં જે જે ધીરતાને ધારણ કરનારા અને શૂરતાની સરણિમાં રંગાયેલા જાનવરો કે મહાનરો હોય છે, તેઓ આકસ્મિક-ઉત્પાતની વખતે પણ ગભરાતા નથી અને તેવા આકસ્મિક-ભયની વખતે જ મહાપુરૂષોની મહત્તા અને ઉત્તમ જાનવરોની ઉત્તમતા ઝળકી ઉઠે છે, તેવી રીતે અહિં પણ આત્મરક્ષકો જ્યારે અલોપ થયા છે, લોકપાલો જ્યારે લય પામી ગયા છે, આભિયોગિકો જ્યારે અથડાઈ ગયા છે અને ચંડતર પ્રકૃતિના **ચમરચંચાના** માલિક **ચમરેન્દ્રના** અભિમાનરૂપી ઐરાવણને કોઈ પણ કબજે કરી શકતો નથી અને પાણીથી ભરેલો પણ ખાલી થતો ઘડો ભડભડ શબ્દ ઉચ્ચારણ કર્યા વગર ખાલી થતો જ નથી, તેવી રીતે આ ચંડાલ પ્રકૃતિને ધારણ કરનારો **ચમરેન્દ્ર સૌધર્મ**-સભાથી શોભતા **સૌધર્મ**-દેવલોકના સ્વ-ધર્મપરાયણ **સૌધર્મ** ઇન્દ્રને તિરસ્કારની તલવાર નીચે લાવતાં **ચમરેન્દ્રને** અંશે પણ અડચણ આવી નહિ અને તેવા તિરસ્કારની વખતે પણ **સૌધર્મ** ઈંદ્ર કોઈ પણ રીતે

ગભરાયા વિના માત્ર હસ્તમાં વજ્ર લઈને તે **ચમરેન્દ્રની** તરફ મૂકે છે, દેવતાધિષ્ઠિત સામાન્ય હથિયારો જ્યારે તે હથિયારોને ધારણ કરનારાના અભિપ્રાય પ્રમાણે પ્રવૃત્તિ કરનારાં હોય છે તો પછી ખુદ ઈંદ્રમહારાજનું વજ્ર નામનું આયુધ ઈંદ્રમહારાજે જ **ચમરેન્દ્ર** ઉપર મૂકેલું હોય ત્યારે તે વજ્ર **ચમરેન્દ્રને** પલ પણ મૂકે નહિં એ વાત કંઈ નવી સમજવાની નથી.

## મત્તદશાથી પ્રાદુર્ભૂત થયેલો દુષ્ટ પરિણામ ભોગવે કોણ?

જગતમાં દુર્બુદ્ધિવાળા મનુષ્યો જ્યારે મદોન્મત્તતાના વિચાર-વમળમાં વહી રહેલા હોય છે, ત્યારે તેઓને સ્વયં સુન્દર વિચાર આવતો નથી, હિતૈષીઓએ હૃદયના ઉમળકાથી જણાવેલો હિતનો વિચાર હોય તે પણ ગમતો નથી, હિતૈષીઓની હરોળમાં રહેવું પણ તેને ગમતું નથી. અનેક પ્રકારની દેખાડેલી અને દેખાતી આપત્તિઓ પણ તે મદોન્મત્તના હૃદયને હચમચાવી શકતી નથી, પરન્તુ મદોન્મત્તના હૃદયમાં પ્રાદુર્ભૂત થયેલા દુષ્ટ વિચારોના ફલને ભોગવવાની વખતે તે મદોન્મત્તનો મદ સર્વથા નાશ પામી જાય છે, જેવા જોરથી તે મદ ઉત્પન્ન થયેલો હોય છે તેના કરતાં સેંકડો ગુણા જોરથી ભયંકર પરિણામની વખતે તે મદનો નાશ થાય છે. ભયંકર પરિણામ જોવાની સાથે મનુષ્યને મત્ત–દશામાં લાવનારો મદ તો સર્વથા નાશ પામે છે, પરન્તુ તે મદોન્મત્ત દશાને લીધે થયેલા કાર્યોના દુષ્ટ–પરિણામને ભોગવવાનું કાર્ય તો તે મદોન્મત્ત થયેલા મનુષ્યને જ બજાવવું પડે છે, તેવી જ રીતે અહિં પણ ચંડાલ પ્રકૃતિને ધારણ કરવાથી ચંડતમ બનેલા **ચમરચંચાના ચમરેન્દ્રના** મદનો સર્વથા વિલય થઈ ગયો, પરન્તુ તે ભયંકર પરિણામને ભોગવવાનું કાર્ય તો **ચમરેન્દ્રના** દિલને સહન કરવાનું રહ્યું તે વખતે **ચમરેન્દ્રની** સ્થિતિ એવી વિચિત્ર થઈ કે પોતાને ઊંધે મૂખે **સૌધર્મ** ઈંદ્રના મૂકેલા વજ્રની વિજળીઓ જેવી જ્યોતિથી ચમકેલા **ચમરેન્દ્રને** નીચે–માથેજ **સૌધર્મ** દેવલોકમાંથી સરકી

જવું પડયું, પોતાના આહાર વિગેરે આભૂષણો પણ કયા કયા દ્વીપમાં અને કયાં કયાં ખસી પડયાં તેનું પણ તે ચલાયમાન થયેલ **ચમરેન્દ્રના** ચિત્તમાં અંશે પણ આવ્યું નહિં, પરન્તુ ભયથી આખું શરીર જેનું કંપી ઊઠયું હોય એવો મૃગલો પણ બચાવની બખોલમાં પેસી જાય છે, તેવી રીતે **સૌધર્મેન્દ્રના** અસ્ખલિત-વીર્યવાળા વજ્રના વેગના સપાટાથી સજ્જડ થઈ ગયેલો **ચમરેન્દ્ર** પણ શરણ તરીકે અંગીકાર કરાયેલા ભગવાન **મહાવીર**-મહારાજના ચરણ કમળમાં લીન થયો. સીંચાણાથી ત્રાસ પામીને નાસતો નાસતો પારેવો જેમ કોઈ એવું સ્થાન મેળવે કે જેમાં સીંચાણાનું આવવું ન થાય તે વખતે તેને તેવું સ્થાન મેળવવાને માટે જો કે અનુપમ શાંતિનું કારણ મળેલું છે, પરન્તુ જયાં સુધી સીંચાણો તે સ્થાનની નજીકમાં હોય અને સ્થાનાન્તરે ન ગયો હોય ત્યાં સુધી પારેવાની જે દશા હોય છે તે દશા જો પૂરેપૂરી ખ્યાલમાં લઈએ તો શ્રમણ ભગવાન્ **મહાવીર**-મહારાજાની ચરણ-કમલની અંદર છુપાઈને રહેલ ચમરેન્દ્ર કઈ દશામાં રહ્યો હશે? તેનો ખ્યાલ આવે.

## ઇંદ્ર-મહારાજની પરિસ્થિતિ અને ચમરેન્દ્રના પરાભવ માટે વજ્રનું મૂકવું.

વાચકે ધ્યાન રાખવાની જરૂર છે કે **સૌધર્મદેવલોકની** **સુધર્મ** સભામાં બીરાજેલા ઇંદ્રમહારાજે સમગ્ર જિંદગીમાં કોઈપણ દિવસ નહિ શ્રવણ કરેલાં એવાં માનનાં વચનો શ્રવણ કર્યાં, જિંદગીમાં કોઈપણ દિવસ કલ્પનામાં પણ નહિ આવી શકે તેવાં તિરસ્કારનાં તીરો તનમાં ભૂંકાયાં, સ્વપ્નમાં પણ જેની કલ્પના ન લાવી શકાય તેવા સામાનિક અને આત્મરક્ષક આદિ જે પોતાનો પરિવાર તેને ત્રાસદેવાવાળી વર્ત્તણુંક નજરે નીહાલવી પડી, આ બધાં ન વર્ણી શકાય તેવા વિકટ સંયોગોને પહોંચી વળવા માટે ઇંદ્રમહારાજને **ચમરેન્દ્રની** ઉપર વજ્રનો પ્રયોગ કરવાની જરૂર પડી હતી અને તે વજ્ર **ચમરેન્દ્રની** પાછળ ગતિ કરતું ચાલી

રહેલું હતું અર્થાત્ ઠેઠ **સૌધર્મ**દેવલોકથી ભગવાન્ **મહાવીર મહારાજ**ના ચરણકમળ સુધી આવતાં **ચમરેન્દ્ર**ની સ્થિતિ વજ્રના વમળમાંથી જ છુટી પડેલી નથી, તેવા વખતમાં શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજની પાસે **સૌધર્મેન્દ્ર**નું આવવું થયું કારણ કે ચમરેન્દ્રના અધમતમ વર્તન અને વચનોને લીધે **સૌધર્મ**-ઇન્દ્રને વજ્ર મૂકવાની જરૂર પડી, પરંતુ સિંહના શબ્દ માત્રને સાંભળવા માત્રથી સારંગના શરીરમાં ત્રાસ છુટે, મોરને દેખવા માત્રથી સર્પના શરીરમાં ભયના વેગો ઉત્પન્ન થાય, તેવી રીતે **સૌધર્મ** ઇંદ્રમહારાજે મૂકેલા વજ્રના વેગના સ્વરને સાંભળતાં અને વજ્રમાંથી નીકળતા જાજ્વલ્યમાન અગ્નિના કણીયાઓની પરંપરાને દેખતાંની સાથે તે **ચમરેન્દ્રને ત્રાસ છૂટયો.**

**ચમરેન્દ્ર**ના હૃદયમાં રહેલ સર્વ અભિમાન એક જ સપાટે ગળી ગયું, અપમાન કરવાની ધારણા ઉડી ગઈ, તિરસ્કારના વચનોનો વેગ વિસર્જાઈ ગયો. એટલું જ નહિં, પરન્તુ તે વખતે **ચમરેન્દ્ર**ને પોતાનું જીવન કેમ રહેશે ? એની પણ શંકા પડી ગઈ.

જો કે દેવતાઓના આયુષ્ય અનપવર્ત્તનીય હોય છે, એટલે કોઈ પણ બીજા સંયોગોને લીધે દેવતાના આયુષ્યનું ઘટવું થતું નથી, પરન્તુ **સૌધર્મ**ઈંદ્રિ તરફથી મુકાયેલા વજ્રની ભયંકર દશા જોતાં **ચમરેન્દ્ર**ને પોતાના જીવનનો પણ સંશય થાય તે અસ્વાભાવિક નહોતું, તેવા સંશયને લીધે **ચમરેન્દ્ર** એકદમ જે શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજનું શરણ કરીને ગયો હતો, તે જ શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજના ચરણકમળનું શરણ લેવા ચાલ્યો.

આ આખા પ્રસંગમાં **ચમરેન્દ્ર** આગળ આગળ જાય છે અને વજ્ર પણ તે **ચમરેન્દ્ર**ની પુંઠ છોડતું નથી. **સૌધર્મ**ઈંદ્રના વિમાનમાંથી **ચમરેન્દ્ર** નીકળી ગયો.

**અંતે ચમરેન્દ્રને કોણ શરણ દેનાર થયું?**

સૌધર્મ દેવલોકથી ત્રાસ પામીને નાસતા એવા **ચમરેન્દ્રની** પાછળ **ચમરેન્દ્ર** કરતાં જબરજસ્ત વેગથી વજ્ર ચાલ્યું જાય છે તે વખતે **સૌધર્મઇંદ્રની ચમરેન્દ્રનું** ભવિષ્ય-ભવ્યતાએ ભાન કરાવ્યું છે કે—

કોઈ કાલે પણ **અસુરકુમાર** કે **અસુરકુમારનો** ઇંદ્રઆદિ **સૌધર્મ** દેવલોક સુધી બીજાનું શરણ લીધા વિના આવી શકે નહિં, એ નક્કી છે તો પછી આ **ચમરેન્દ્રે** કોનું શરણ લઈને અહિં સુધી આવવાનું કર્યું છે? કારણ કે **અસુરેન્દ્ર** અહિંથી ભય પામીને નાઠો છતો શરણના સ્થાને જશે, અને આ મ્હારૂં મૂકેલું વજ્ર તેના શરણના સ્થાનને પણ છોડશે નહિં, અને તેથી તે શરણ કરવા લાયક સ્થાનની ભયંકર અવજ્ઞા થશે અને તે ભયંકર અવજ્ઞાથી મ્હારા કલ્યાણનું નિકંદન થઈ જશે. એવો વિચાર કરીને **ચમરેન્દ્રે** કરેલા શરણને તપાસતાં **સૌધર્મઇંદ્રને** માલુમ પડ્યું કે આ **ચમરેન્દ્રરૂપ** દાનવેન્દ્ર ભગવાન્ **મહાવીર** મહારાજ કે જે **સુસુમારપુર નગરે** કાયોત્સર્ગમાં બીરાજે છે, તેમનું શરણ લઈને અહિં મ્હને પરાભવ કરવા આવેલો છે, અને **ચમરેન્દ્ર** અહિંથી નાસીને ત્યાં જાય છે, તો મારૂં ફેંકેલું વજ્ર પણ તેની પૂંઠે પૂંઠે જશે અને ભગવાન્ **મહાવીર** મહારાજની ભયંકર આશાતના કરશે.

આવો વિચાર આવવાથી **સૌધર્મઇંદ્ર** એકદમ **સૌધર્મ**-દેવલોકથી વજ્રની પાછળ નીકળી પડ્યો. તે વખતે માર્ગમાં આગળ આગળ **ચમરેન્દ્ર** જાય છે. તે **ચમરેન્દ્રની** પાછળ વજ્ર ધમધોકાર આવે છે, અને તે વજ્રની પાછળ **શકેન્દ્ર** ઝપાટાબંધ આવે છે.

આવી સ્થિતિમાં ભગવાન્ **મહાવીર** મહારાજના પગ વચ્ચે અરે! પગને તલીએ **ચમરેન્દ્ર** સંકોચાઈને ઘુસી ગયો. વજ્ર ભગવાન્ **મહાવીર** મહારાજથી ચાર અંગુલ છેટું રહ્યું એટલામાં **શકેન્દ્રે** આવીને તે વજ્ર એકદમ લઈ લીધું અને **ચમરેન્દ્રને**

જણાવ્યું કે 'શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજના શરણુથી ત્હારો બચાવ થયો છે, અને મ્હારા તરફથી તને ભય નહિં થાય' એમ કહી શક્રેન્દ્ર વજ્ર લઈને **સૌધર્મ** દેવલોક તરફ ચાલ્યો ગયો.

આ બધી **ચમરેન્દ્ર**ના ઉપસર્ગની હકીકત એટલા જ માટે કંઈક વિસ્તારથી જણાવવામાં આવી છે કે આવી રીતે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના શરણુથી નિરાધાર દશામાં અને મરણાંત જેવા ભયમાંથી બચેલો **ચમરેન્દ્ર** શ્રમણ ભગવાન **મહાવીર** મહારાજની કેવા સત્કારથી અને કેવી અંતઃકરણની ઊર્મિથી ભક્તિ કરે ? અને નાટક દેખાડે ? તે સમજી શકાય.

પૂર્વે જણાવેલી રીતિએ જ્યારે **ચમરેન્દ્ર** શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજના શરણુથી સૌધર્મ ઇંદ્ર અને તેના વજ્રના ભયથી મુક્ત થયો ત્યારે તેના જીવનની આશા ફળી અને શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજની પાસેથી નીકળીને દીનદશાવાળો પોતાના આવાસમાં ગયો અને પોતાની બધી વીતકદશા પોતાના સામાનિકઆદિ દેવોને અને ઇંદ્રાણીઓને જણાવી અને તે સર્વ પરિવારને લઈને ભગવાન્ **મહાવીર** મહારાજ જ્યાં **સુસમારપુર**માં કાર્યોત્સર્ગ ધ્યાને રહેલા છે ત્યાં આવી અત્યંત ભક્તિથી બત્રીસબદ્ધ નાટક કર્યું.

## પોતાના બચાવથી ચમરેન્દ્રે શું કર્યું ?

પૂર્વે ઇંદ્રાની હકીકતમાં જેમ કાર્ત્તિકશ્રેષ્ઠીની હકીકત સવિસ્તર જણાવવામાં આવી, તેવી રીતે અહીં સકલ દાનવેંદ્રો ભગવાનની પૂજા વખતે બત્રીસબદ્ધ નાટક વિગેરે કરીને નૃત્ય કરે છે, છતાં પૂર્વે જણાવેલી રીતિએ **ચમરેન્દ્ર**નો નિરાધારપણાની વખતે જે ભગવાન્ **મહાવીર** મહારાજથી ખરેખર બચાવ થયો તે શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજની આગળ તે **ચમરેન્દ્રે** કેટલા બધા ભક્તિભાવથી નાટક કર્યું હશે ? તે ન સમજી શકાય તેવું નથી,

માટે દાનવેન્દ્રે કરેલા નૃત્યના ઉદાહરણમાં આ અસુરેન્દ્રનું ઉદાહરણ આચાર્ય મહારાજ **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી**એ આપેલું છે.

જો કે આચાર્ય ભગવાન **શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી**એ નારદના નાટકને અપ્રસિદ્ધ તરીકે જણાવી તેનું ધ્યાન આપેલું નથી, પરન્તુ **આવશ્યક** વૃત્તિમાં જણાવેલા પ્રત્યેકબુદ્ધિપણાના અધિકારમાં શૌર્ય-પણાનો અધિકાર જોતાં શ્રીવિહરમાન જિનેશ્વરની પાસે ગયેલા નારદે નાટક કર્યું હોય તો નવાઈ જેવું નથી?

દેવેન્દ્ર દાનવેન્દ્ર અને નારદના વિશેષદૃષ્ટાન્તોને જણાવ્યા પછી **પ્રભાવતી**નું જે દૃષ્ટાંત જણાવેલું છે તે દૃષ્ટાંત ખરેખર વિચારવા લાયક જ છે.

## પ્રભાવતીના નાટકમાં વિશિષ્ટતા શી?

સર્વ શ્રાવક અને શ્રાવિકાઓ જિનેશ્વર મહારાજની પૂજા દેવેન્દ્રના અનુકરણથી કરે છે અને તેનું વર્ણન **રાયપસેણી**માં જણાવેલા **સૂર્યાભદેવ**ના અધિકારના અતિદેશથી જણાવવામાં આવે છે, એટલે સર્વ શ્રાવક-શ્રાવિકાઓ ભગવાન્ જિનેશ્વર-મહારાજની પૂજા કરતાં નૃત્યનું વિધાન કરે, તેમાં આશ્ચર્ય નથી અને સત્તર તથા એકવીસ પ્રકારની પૂજામાં નાટ્યનો અધિકાર સામાન્ય વિસ્તારથી સ્પષ્ટપણે આપેલો છે.

જેમ આવશ્યક-નિર્યુક્તિ અને તેની વૃત્તિ વિગેરેમાં જગતના સંખ્યાબંધ વ્યવહારો ભગવાન્ **ઋષભદેવજી મહારાજ**ના ચરિત્રના અનુકરણથી થયેલા છે, એમ જણાવવામાં આવે છે, તેમ ભગવાન્ જિનેશ્વર-મહારાજની પૂજાના વિધાનમાં **શ્રી પંચાશકાદિ** અનેક-શાસ્ત્રોમાં દેવેન્દ્રની પૂજાના અનુકરણથી શ્રાવકોને પૂજા કરવાનું જણાવવામાં આવે છે અને **શ્રી ભગવતીજી**માં ઈન્દ્ર મહારાજના નૃત્યાદિની ભલામણ **રાયપસેણી**માં કહેલ **સૂર્યાભદેવ**ના નૃત્યાદિની કરવામાં આવે છે. એટલે તે ઇંદ્ર અને **સૂર્યાભ**ના નૃત્યના અનુકરણથી શ્રાવક-શ્રાવિકાઓને ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં નાટકનું કરવું થાય તે સ્વભાવસિદ્ધ છે.

**શ્રી અષ્ટાપદ** પર્વત ઉપર **લંકાના** અધિપતિ **રાવણે** વીણા વગાડી અને તે વીણા વગાડતાં **મંદોદરીએ** નાટક કર્યું, એ વાત **શલાકા-પુરુષચારિત્ર** વિગેરેમાં ઘણા સ્પષ્ટ શબ્દોથી જણાવવામાં આવેલી છે, છતાં **પ્રભાવતી** મહારાણીના નાટકની અંદર એવી વિશિષ્ટતા રહેલી છે કે જેને અંગે આચાર્ય મહારાજ **દેવેન્દ્રસૂરિજી પ્રભાવતીના** નાટકને અત્રે દૃષ્ટાંત તરીકે જણાવે છે. તે વિશિષ્ટતા એ છે કે

**રાવણ** અને **મંદોદરીના** નૃત્ય-સંબંધમાં **રાવણે** વીણા ત્રુટતાં જે પોતાની નસ તોડીને જોડી દીધી છે, તે પુરુષનું સાહસ હોવાથી જેટલું ઓછું કિંમતી ગણાય તેના કરતાં **પ્રભાવતીએ** કરેલા નાટકની વખતે ધડ વગરનું શરીર મહારાજા **ઉદાયને** દેખેલું હતું અને તેથી મહારાજા **ઉદાયન** તાલ દેવાથી ચૂક્યા, એટલા માત્રમાં મહારાણી **પ્રભાવતીને** ખેદનો પાર રહ્યો નહિ, અર્થાત મહારાણી **પ્રભાવતી** જે અબલા જાતિ હતી, છતાં તે તાલને અનુસારે નાટક કરવામાં એવી તત્પર બનેલી હતી કે જેથી તાલનો ભંગ થતાં વિચિત્ર દશાને અનુભવવાવાળી થઈ, અને તેને લીધે મહારાજા **ઉદાયન** ઉપર અરૂચિવાળી થઈ, અને તેજ અરૂચિના પ્રતાપે મહારાણીને સરોષ-વચન કહેવાનો વખત આવ્યો, એટલું જ નહિ, પરંતુ રાજા પાસે તે તાલ-સ્ખલનના કારણને જાણવા માટે દૃઢ આગ્રહવાળી થઈ અને પરિણામે ભયંકર અનિષ્ટને સૂચન કરનાર ઉત્પાત કથન કરવાની રાજાને જરૂર પડી.

આ ધડરહિત દેખાયેલા શરીરના ઉત્પાતને લીધે રાજા **ઉદાયનને** જોકે ગભરામણ થઈ, પરન્તુ તે ઉત્પાતને શ્રવણ કરતાં મહારાણી **પ્રભાવતીને** એક અંશે પણ ગભરામણ ન થઈ એટલું જ નહિ, પરન્તુ દ્રવ્યસ્તવમાંથી ભાવસ્તવમાં વધવાને માટે તે જ અનિષ્ટ-સૂચન કારણભૂત બન્યું.

**ભાવ-પૂજાનું કારણ શું ?**

વાચકવૃંદે ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજની વાસ્તવિક દ્રવ્ય-પૂજા તે જ ગણાય છે કે જે દ્રવ્ય-પૂજા

સર્વ-સાવદ્યના ત્યાગરૂપી ભાવ-પૂજાના કારણ તરીકે કરવામાં આવતી હોય, અર્થાત્ ભગવાન્ જિનેશ્વર મહારાજે મોક્ષના કારણરૂપ સર્વ-સાવદ્યનો ત્યાગ બતાવ્યો માટે તેમની મોક્ષ-માર્ગના ઉપદેશક તરીકે પૂજા કરવી ભવ્ય-જીવોને યોગ્ય છે, એમ ધારી જે સ્નાત્રાદિથી ભગવાન્‌ની પૂજા કરવામાં આવે તે વાસ્તવિક દ્રવ્ય-પૂજા કહેવાય.

વળી ભગવાન્ જિનેશ્વર મહારાજના નિર્ગ્રંથ પ્રવચનને પામવા, માનવા અને પ્રતીતિ કરવારૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થયું છે અને એજ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ને ભક્તિથી તે સમ્યકત્વની શુદ્ધિ દિન અને પ્રતિદિન થતાં ચારિત્રરત્નની પ્રાપ્તિ મ્હને થાય એવા અધ્ય-વસાયથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની જે ભાવાદિકથી પૂજા કરવામાં આવે તેને જ વાસ્તવિક રીતિએ દ્રવ્યપૂજા કરી શકાય છે.

આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજની દ્રવ્યપૂજા કરવામાં શ્રદ્ધાનુસારી સર્વ-જીવોનું ધ્યેય સર્વવિરતિને પ્રાપ્ત કરવાનું જ હોય છે અને મહારાણી પ્રભાવતીનું ધ્યેય દ્રવ્યપૂજાનું તે પ્રમાણે જ હોવાથી અનિષ્ટ-શ્રવણથી તેના હૃદયમાં દુઃખની કે શોકની લાગણી ન થતાં ઉત્સાહની લાગણી ઉત્પન્ન થઈ અને મહારાજા ઉદાયનની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરવાને માટે આજ્ઞા માગી.

એટલે આ ઉપરથી સ્પષ્ટ થયું કે ભગવાન્ જિનેશ્વર મહા-રાજની બીજા શ્રાવક-શ્રાવિકાઓએ કરેલી નૃત્યપૂજા કરતાં મહારાણી પ્રભાવતીની નૃત્યપૂજા અલૌકિક-પ્રકારની જ હતી અને તે અલૌકિક દ્રવ્યપૂજા સર્વ-સાવદ્યના ત્યાગને આપનારી થઈ. એટલું જ નહિ પરન્તુ તેજ મહારાણી પ્રભાવતીએ ચારિત્રની આરાધના કરી દેવ-લોક પ્રાપ્ત કર્યો અને દેવલોકમાં ગયા પછી પણ નૃત્યપૂજામાં તાલ બજાવનાર પોતાના ભર્ત્તાર ઉદાયન મહારાજાને જૈનધર્મનો સાચો માર્ગ પમાડયો.

આવી રીતનો સવિસ્તાર **પ્રભાવતીરાણીનો** નાટકનો અધિકાર જેઓએ **શ્રી નિશીથચૂર્ણિ** વિગેરે શાસ્ત્રોથી જાણેલો છે તેઓ મહારાણી **પ્રભાવતીના** નાટકને અસાધારણ નૃત્યપૂજા તરીકે ગણે તેમાં આશ્ચર્ય નથી ? આ કારણથી આચાર્ય મહારાજ શ્રી **દેવેન્દ્ર-સૂરિજીએ** પણ આ નાટકના અધિકારમાં **પ્રભાવતીદેવીએ** કરેલી નૃત્યપૂજાનું ઉદાહરણ આપેલું છે.

## દેવવંદનમાં ભાવસ્તવ કેવો કરવો ?

પૂર્વે જણાવેલા નાટકના વિધાનરૂપ દ્રવ્યસ્તવ કર્યા પછી જિનેશ્વર ભગવાનના વંદનરૂપ શ્રાવકની અપેક્ષાએ ભાવસ્તવ કરવાની જરૂર જણાવતાં આચાર્ય મહારાજ **શ્રીદેવેન્દ્રસૂરિજી** મહારાજ દેવવંદનભાષ્ય વિગેરેમાં જિનવંદનનું વિસ્તારથી કહી ગયેલા હોવાથી દેવવંદનનો અંત્ય ભાગ જે પ્રણિધાન રૂપ છે, તેને જણાવતા થકા કહે છે કે—

નાટક વિગેરેથી ભક્તિ કર્યા પછી ચૈત્યવંદન કરવું અને તે ચૈત્યવંદનમાં પ્રણિધાન છેલ્લું આવે છે, માટે પ્રણિધાન સુધીનું બાર અધિકારવાળું સંપૂર્ણ દેવવંદન કરવું, એમ જણાવે છે.

દેવવંદન કરતાં ભગવાનના ચૈત્યવંદન, સ્તવન કે સ્તુતિ પૂર્વના મહાપુરુષોએ ગુંથેલાં કહેવાં. પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજી** પણ **ષોડશકમાં** સ્તવ કરવાના અધિકારમાં 'महामतिग्रंथितै' એમ કહી સ્પષ્ટપણે જણાવે છે કે સ્તુતિ, સ્તોત્ર અને ચૈત્યવંદન વિગેરે અત્યંત બુદ્ધિશાળીઓએ રચેલાં ભગવાન્ જિનેશ્વર મહારાજની આગળ કહેવાં જોઇએ.

વળી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા ત્યાગ–ભાવનાના પોષણને માટે અને ત્યાગ–ભાવનાની વૃદ્ધિરૂપ શુભ–ભાવને માટે હોવાથી જે ચૈત્યવંદન સ્તુતિ અને સ્તોત્ર કહેવામાં આવે તે ભગવાન્ જિનેશ્વર મહારાજના ત્યાગ–ગુણને સંપૂર્ણ રીતે પોષનારાં હોવાં જોઈએ.

પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી સ્તોત્રના વિષયને વર્ણન કરતાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે पिंडक्रियागुणगतैः

અર્થાત્ ભગવાન્ જિનેશ્વર મહારાજના અદ્વિતીય એવા શરીરના ઉત્તમ લક્ષણોનું વર્ણન જેમાં હોય તેવાં સ્તવનાદિ કહેવાં જોઈએ.

વળી ભગવાન જિનેશ્વર મહારાજનું ચારિત્ર જેમાં વર્ણન કરાયેલું હોય, પરિષહ અને ઉપસર્ગનું જીતવું જેમાં વર્ણન કરાયેલું હોય.

તેમજ ભગવાન જિનેશ્વર મહારાજની દેશના અને તે દેશનામાં જણવાયેલા તત્ત્વોનું જેમાં નિરૂપણ હોય એવાં સ્તુતિ સ્તોત્રો શુભ-ભાવની વૃદ્ધિ કરનારાં ગણાય અને આવાં સ્તોત્રોથી ભગવાન જિનેશ્વર મહારાજની સ્તુતિ કરવી એ લાયક છે.

વળી ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજાના પ્રભાવથી કે જિનેશ્વર મહારાજના પ્રભાવથી પ્રાપ્ત કરવા લાયક એવો સંસારથી વૈરાગ્ય તેમ જ તેવા બીજા ગુણો કે જે પ્રાર્થના કરવા લાયક એટલે પ્રણિધાનમાં લેવા લાયક છે, તેવા પ્રણિધાનોના વિષયોથી ભગવાનનું સ્તવ-પૂજન કરવું જોઈએ. **એટલે વર્તમાન કાળમાં નૃત્યપ્રિય અને શૃંગારમય કવિતોને ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજામાં સ્થાન ન હોય તે અસ્વાભાવિક નથી.**

## દેવવંદનમાં અંત્ય વિધાન શાનું ?

ભગવાન્ જિનેશ્વર મહારાજનું વંદન કે જે ચૈત્યવંદનના નામે પ્રસિદ્ધ છે તે પ્રણિધાન વગરનું હોય જ નહિ અને તેથી બાર અધિકારવાળા દેવવંદનમાં જેમ પ્રણિધાન આખું જરૂરી ગણ્યું છે તેમજ એક સ્તુતિના દેવવંદનમાં પણ તે પ્રણિધાનને આવકાર આપેલો છે.

પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજના વખતમાં બહુલતાએ બાર અધિકારની દેવવંદનની પ્રવૃત્તિ હોવાથી અને તેવા દેવવંદનમાં

પ્રણિધાન દેવવંદનની અંત્યે આવતું હોવાથી આચાર્ય મહારાજે ચૈત્યવંદનની પૂજા જણાવતાં પ્રણિધાન કરવું એમ જણાવ્યું છે.

આવી રીતે ચૈત્યવંદન રૂપી ભાવપૂજા કર્યા પછી ચંદરવા અને પુષ્પગૃહ આદિથી ભગવાનનું ભક્તિકર્મ કરે.

આ સ્થાને વિવેકીપુરુષોએ સમજવા જેવું છે કે ભાવપૂજા કર્યા પછી દ્રવ્યપૂજા કરી શકાય નહિ અગર કરાય નહિ. એવું જે કહેવામાં આવે છે તે શાસ્ત્રને અનુકૂળ નથી.

જો કે ભગવાન્‌ની દ્રવ્યપૂજા કર્યા પછી णिसिही કરીને ભાવપૂજા શરૂ કરાય છે એ વાત વજુદ વગરની નથી. પરન્તુ તે જે દ્રવ્યપૂજા પછીની णिसिही કરવામાં આવે છે એનો અર્થ એ નથી કે એ દ્રવ્ય-પૂજા કરવા લાયક ન્હોતી અગર તે પાપવાળી હતી અને તેથી તેની હંમેશ નિવૃત્તિ કરૂં છું.

## णिसिहीની મર્યાદા કેવી રીતે ?

મંદિરમાં પ્રવેશ કરતાં પહેલી णिसिहीથી ઘરના વ્યાપારનો જે ત્યાગ કરવામાં આવે છે. તે પણ હંમેશને માટે કરાતો નથી. ફક્ત જિનેશ્વર-મહારાજના મંદિરમાં રહે ત્યાં સુધી ગૃહવ્યાપારનો નિષેધ કરવા માટે તે પહેલી णिसिही છે તો જેમ જિનેશ્વર-મહારાજના ઘરની એટલે ચૈત્યની બહાર નીકળ્યા પછી ગૃહ-વ્યાપારનો ત્યાગ સદા માટે નિયમિત નથી, તેવી રીતે ભાવપૂજા કરવાનો વખત પૂરતો દ્રવ્યપૂજાનો પ્રતિબંધ રહે તે તો યોગ્ય ગણાય, પરંતુ ભાવપૂજા કરવા શિવાયના વખતમાં પણ દ્રવ્યપૂજાની णिसिही કરવાથી દ્રવ્ય-પૂજાનો વખત ન જ રહે એમ મનાય નહિ, છતાં માનીએ તો જૈનમન્દિરથી નીકળ્યા પછી પણ ગૃહવ્યાપારનો ત્યાગ રહેજ એમ માનવું પડે. વસ્તુતઃ જેમ જિનમંદિરમાં ગૃહવ્યાપાર નહિ ચિંતવવા માટે જ णिसिही કરવામાં આવી છે, તેવી રીતે દ્રવ્યપૂજા કર્યા પછી ભાવપૂજામાં દ્રવ્યપૂજાનો પ્રયત્ન ન કરવો તેટલા પૂરતી જ દ્રવ્ય-

પૂજાને અંગે णिसिही છે, વળી બીજી णिसिही કરતાં જિનચૈત્યના વ્યાપારનો જે નિષેધ કરવામાં આવે છે, તે પણ જિનેશ્વર–મહારાજની દ્રવ્યપૂજા કે ભાવપૂજા કરતી વખતે જિન–ચૈત્યનો વ્યાપાર ન કરવો. એટલા પૂરતા જ અર્થને જણાવનાર છે, એટલે જેમ શ્રી જિન-મન્દિરમાં પ્રવેશ કરતી વખતે ગૃહ–વ્યાપારના નિષેધ માટે કરેલી णिसिही માત્ર જિનમંદિર પૂરતી જ છે, પરન્તુ જિન–મંદિરની બહાર નિકળ્યા પછી પણ ગૃહ–વ્યાપાર ન કરવો તે માટે નથી.

વળી જિન–મંદિરના વ્યાપારનો પણ દ્રવ્યપૂજા કરતાં પહેલાં જે णिसिही કહીને નિષેધ કરવામાં આવે છે, તે પણ જિનેશ્વર ભગવાન્‌ની દ્રવ્યપૂજા અને ભાવપૂજા કરતી વખતે જ તે જિનચૈત્ય વ્યાપાર ન કરવો એટલા પૂરતો જ નિષેધ જણાવવા માટે છે, અને તે કારણથી દ્રવ્યપૂજા અને ભાવપૂજા કરી રહ્યા પછી પણ જિનગૃહના વ્યાપારની પ્રવૃત્તિ કરવામાં એટલે કે સલાટ–સુથાર વિગેરે કામ બતાવવામાં કે હિસાબ કરવામાં તથા જિનમંદિરની આશાતના ટાળવામાં અગર તેનો હિસાબ–લેખું વિગેરે જોવામાં કોઈપણ જાતની અડચણ નથી, તેવી જ રીતે અહિં પણ ભગવાન્ જિનેશ્વર–મહારાજની ભાવપૂજા કરતી વખતે ભગવાન્‌ની દ્રવ્યપૂજાનો કે જિનગૃહનો વ્યાપાર કરવો નહિ, એટલા પૂરતો જ णिसिही શબ્દથી કરાયેલો નિષેધ છે, પરન્તુ ભાવપૂજા કરી રહ્યા પછી દ્રવ્યપૂજા થાય જ નહિ એવું જણાવવાનું નથી, અને તેને માટે णिसिही શબ્દ પણ નથી. કદાચ ભાવપૂજા કર્યા પછી પુષ્પાદિકથી દ્રવ્યપૂજા નહિ કરે, પરન્તુ ભાવપૂજામાંથી ઉઠયા પછી જિનચૈત્યમાં આશાતના દેખાય તેને ટળવા પ્રયત્ન શું નહિ કરાય ?

કહેવું જ જોઈશે કે ભગવાન્ જિનેશ્વર–મહારાજની ભાવપૂજા કર્યા પછી પણ ભગવાન્ જિનેશ્વર–મહારાજના ચૈત્યમાં આશાતના નવી થઈ હોય કે ભૂલથી રહી ગઈ હોય તો તે ટાળવી કે ટળાવવી જ જોઈએ. તો પછી ભગવાન્ જિનેશ્વર–મહારાજની ચૈત્યવન્દનાદિ

ભાવપૂજા કર્યા પછી પણ દ્રવ્યપૂજાનાં નવાં સાધનો મળે તો તે દ્વારા ભગવાન જિનેશ્વર-મહારાજની દ્રવ્ય-પૂજામાં શી અડચણ છે? અર્થાત્ ભાવ-પૂજાના વખત પૂરતો જ દ્રવ્ય-પૂજાનો નિષેધ બીજી णिसिहीથી કર્યો હતો.

તેથી ભાવપૂજા કર્યા પછી દ્રવ્યપૂજા રૂપ ભક્તિ કર્મ કરવામ બાધ નથી. ભગવાન જિનેશ્વર-મહારાજની ચૈત્યવંદનાદિ ભાવપૂજા કર્યા પછી પણ દ્રવ્યપૂજા કરવામાં અડચણ નહિ હોવાને લીધે બાર અધિકારથી ચૈત્યવંદન કર્યા પછી પણ ચંદરવા-પુંઠીયા પુષ્પગૃહ વિગેરે દ્વારા દ્રવ્ય પૂજન કરવાનું જણાવે છે.

શાહુકારનો ચોપડો તો તે જ છે કે જેમાં એક પણ રકમના સંબંધમાં ગોલમોલ હોતી નથી. જો એક પણ રકમના સંબંધમાં ગોલમાલ હોય તો સમજી લેજો કે એ શાહુકારનો ચોપડો નથી તે ખોટો ચોપડો છે અને તેથી એ ચોપડો બીન શાહુકારી છે.

આ બધી હકીકત નીચેની ત્રણ ગાથાઓ ઉપરથી સ્પષ્ટ માલમ પડશે.

## ભાવપૂજા પછી પણ ચંદરવાદિ દ્વારા દ્રવ્ય પૂજા થઈ શકે

पणिहाणं च कपऊणं, करे अण्णं तओ इयं ।
णाणाविहाहिं भत्तीहिं, उल्लोयं जिणमंदिरे ॥७१॥
वत्थेहिं देवंगदुगुल्लएहिं, कोसेया खोमेहि य उत्तमेहिं ।
सुवण्ण रूप्पेहिं पवालएहि, मुत्ताछएहि च महालएहि ॥७२॥
सुवण्णजुत्तेहि सुगंधएहि, णाणापयारेहि सुगुच्छ (गंथि) एहि ।
पुप्फाण गेहं तु करेइ रम्मं, सुभत्तिजुत्तो जिणमंदिरम्मि ॥७३॥

સ્પષ્ટ શબ્દોમાં **શ્રી દેવેન્દ્રસૂરિજી** મહારાજ જણાવે છે કે પ્રણિધાન કરીને એટલે પ્રરિધાન સૂત્ર જેમાં છેલ્લે આવે છે એવું બાર અધિકારવાળું ચૈત્યવંદન કરીને અનેક પ્રકારની રચનાવાળો ચંદરવો જિનમંદિરમાં કરે.

હવે તે ચંદરવાનું અનેક રચનાવાળું વસ્ત્ર કેવું હોવું જોઈએ? *તે માટે કહે છે કે*–દેવદૂષ્ય વસ્ત્ર ને કે જે ભગવાન તીર્થંકરો દીક્ષા ગ્રહણ કરે ત્યારે ભગવાન તીર્થંકરના ડાબે ખભે ઇંદ્રો તરફથી મૂકવામાં આવે છે અને જે દેવતા ઇંદ્ર વિગેરે પહેરે છે તેવા દેવદૂષ્યોથી ભગવાનની ઉપર ચંદરવો બાંધવો. તે દેવદૂષ્ય જો ન મળે *તો અગર તે મેળવવાની શક્તિ ન હોય તો દુકૂલવૃક્ષની છાલથી* થયેલાં જે દુકૂલો કે જે રેશમી વસ્ત્ર કરતાં પણ સુંદર અને સુશોભિત હોય છે, તેવાં વસ્ત્રોએ કરીને ચંદરવા બાંધવા. તેવું દુકૂલવસ્ત્ર પણ ન હોય તો કૌશેય એટલે રેશમી વસ્ત્રોએ કરીને ચંદરવા કરવા. તે પણ જો ન મળે કે ન મેળવી શકાય તો ક્ષૌમ એટલે કપાસના બનેલાં પણ ઉત્તમ એવાં વસ્ત્રોએ કરીને ચંદરવા કરે.

ચંદરવામાં વપરાતા વસ્ત્રને અંગે ઉત્સર્ગાદિથી વિધિ જણાવીને ફેર ચંદરવાની વિશિષ્ટતા જણાવતાં કહે છે કે જે ચંદરવાની અંદર સોના અને રૂપાં જડેલાં હોય, પરવાળ જડેલાં હોય, અને મોતીઓ એટલે હીરા મોતી પન્ના વિગેરે પણ જડયાં હોય અને તે સોના–રૂપા વિગેરેનું જડતર નામ ધરાવવા માત્ર નહિં પરન્તુ ઘણા અને મોટા પ્રમાણવાળું હોય એટલે તે વડે કરીને સારી રીતે ભરેલો હોય એવો ચંદરવો ભગવાનની ઉપર બાંધવો.

## કર્મક્ષય માટે અસાધારણ શું?

આ સ્થાને કેટલાય જિનેશ્વર મહારાજની ભક્તિની અરૂચિ ધારણ કરનારા પોતે તો ભક્તિ કરવા તૈયાર થાય નહિં, પરન્તુ જે ભવ્યાત્માઓ શ્રી જિનેશ્વર–મહારાજની ભક્તિ કરે છે, તે આત્માને લાગેલાં કર્મોનો ક્ષય કરવાનું અસાધારણ કારણ છે, એવું માનીને શ્રી જિનભક્તિ કરતા હોય તેવાઓને પણ અન્તરાય કરવા તૈયાર થયેલા હોય છે, તથા સમ્યગ્જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નથી ચૂકયા છતાં પણ સમ્યગ્દર્શનરૂપી રત્નથી પણ જેઓ ચૂકેલા હોય છે, તેવાઓ શાસ્ત્રને જોયા વગર જે બકવાદ કરે છે કે–" **આ ચંદરવા–પૂંઠીયાનો**

રિવાજ તો હમણાં નવો પ્રવર્તેલો છે અને તેથી ચંદરવા-આદિ કરાવવા પાછળ થતો ધનવ્યય ધુમાડા જેવો છે” એમ કહે છે.

તેઓએ કર્માદાનવાળા મઠોમાંની નિવૃત્તિ લઈ વિવેકચક્ષુ ખોલીને આચાર્ય મહારાજ **શ્રી દેવેન્દ્રસૂરિજીએ** જણાવેલ આ **શ્રાદ્ધદિનકૃત્યનો** પાઠ નજરે જોવાની પહેલી જરૂર છે.

જો તેવા ભારે-કર્મીઓએ આ પાઠ જોયો હોય અને કદાચ શ્રદ્ધાની હીનતાને લીધે માન્યો ન હોય અને ભગવાન જિનેશ્વર મહારાજ વિગેરેની ભક્તિ માટે ભક્તિમાનોએ કરાતા ચંદરવા-પુંઠીયાનો નિષેધ કર્યો હોય તો તે બાબતમાં વાચકોને એટલું જ કહેવાનું કે શાસનને અનુસરનારા ભવ્યાત્માઓ કાંઈ તેવા ચારિત્ર-રત્નને હારવા સાથે સમ્યક્ત્વ-રત્નને હારી ગયેલાની જેવા શ્રદ્ધાથી પતિત થયેલા નથી કે જેથી સમવસરણની અંદર દેવતાઓએ કરેલી ભક્તિના અનુકરણનું સામર્થ્ય ન હોય તો પણ પૂ. આ. **શ્રી દેવેન્દ્રસૂરિજીએ** કહેલા ભક્તિ-વિધાનમાં યથાશક્તિ ચંદરવા-પૂંઠીયા આદિ દ્વારા ન પ્રવર્ત્તે.

જેવી રીતે વ્યવહારથી પણ ચારિત્ર-રત્નાદિકે રહિત મનુષ્યનાં વચનો શાસન-પ્રેમીઓને સાંભળવા લાયક રહેતાં નથી, એવી જ રીતે કેટલાક વ્યવહારથી ચારિત્રાદિક-રત્નને ધારણ કરવાવાળા છતાં લોકસંજ્ઞામાં લીન બનેલા ભગવાન જિનેશ્વરાદિના પૂજનના સાધનની ઉત્તમતા ચંદરવાદિ દ્વારા છે, એમ જાણવા-માનવાવાળા છતાં અગર તેવી માન્યતા ન હોવાને લીધે રેશમી-ચંદરવાઓનો બહિષ્કાર કરી કપાસના પણ ઉત્તમ વસ્ત્રો ન લેતા છતાં કેવળ પ્રાકૃતજનોને લાયક ખાદી જેવાં અનુત્તમવસ્ત્રોથી ભગવાનની ભક્તિ કરવાનું જાહેર કરે છે, તેવાઓનાં વચનો પણ શાસન ઉપર પ્રેમ ધરાવનારાઓએ તો અંશે પણ સાંભળવા અને ગણકારવા લાયક નથી.

**ચંદરવાદિનું વિધાન સ-શાસ્ત્ર છે**

આચાર્ય મહારાજ **શ્રી દેવેન્દ્રસૂરિજી શ્રી શ્રાદ્ધદિનકૃત્ય-વૃત્તિમાં** તેમજ મૂલકાર મહારાજ ઉપર જણાવેલ સ્પષ્ટ શબ્દોથી ચંદરવા વિગેરે બાંધવાનું જણાવે છે, એટલે શાસ્ત્રને સાંભળનાર, માનનાર અને જાણનારાઓને તો ભગવાન જિનેશ્વર-મહારાજની ભક્તિ માટે ચંદરવા-પૂંઠીયાદિની કર્ત્તવ્યતા આવશ્યક છે, એમ માલમ પડયા સિવાય રહેશે નહિં.

આવી રીતે ચંદરવા વિગેરેની ભક્તિ કર્યા પછી પુષ્પગૃહની રચના માટે આચાર્ય મહારાજ જણાવે છે કે ભક્તિમાન શ્રાવક શ્રી જિનમંદિરની અંદર ફૂલોનાં ઘરો બનાવીને સમવસરણાદિક શોભાઓ કરે. પુષ્પનાં ઘર બનાવવાને માટે કેવાં ફૂલો લેવાં? તે માટે જણાવે છે કે જે ફૂલો ઉત્તમોત્તમ વર્ણવાળાં હોવા સાથે ઉત્તમોત્તમ ગન્ધ-વાળાં હોય, એટલું જ નહિં, પરન્તુ અનેક પ્રકારના જળમાં અને જમીન ઉપર થયેલાં હોય, એવાં ફૂલોથી પુષ્પનું ઘર બનાવે. છૂટાં ફૂલોથી પુષ્પોનું ઘર ન બને એ સ્વાભાવિક છે, તેથી જ કહે છે કે અત્યંત ગુંથેલાં ફુલોએ તે ફુલોનું ઘર બનાવવું.

આ જગોપર વારંવાર **ભક્તિ સહિત** એવો શબ્દ આવવાથી કેટલાકને તે શબ્દની નિરર્થકતા લાગે, પરન્તુ **શ્રી દેવેન્દ્રસૂરિજી** મહારાજ તેનો ખુલાસો કરે છે આ ગાથાઓમાં જે વારંવાર ભક્તિનું કથન કરવામાં આવ્યું છે, તે એટલું જ દેખાડવા માટે છે કે **ભક્તિએ સહિત એવા મનુષ્યને જ સર્વ-ક્રિયાઓનો સમુદાય અત્યંત નિર્જરારૂપી ફલને આપનારો થાય છે.**

અર્થાત્ જે મનુષ્યના અંતઃકરણમાં જિનેશ્વર-મહારાજની લોકોત્તર-તત્ત્વ કહેનાર વિગેરે ગુણો તરીકે ભક્તિ નથી, પરન્તુ માત્ર કીર્ત્તિ અને જશ આદિની ઈચ્છાએ પ્રવર્તેલો છે, તેવા ભક્તિ-શૂન્ય મનુષ્યની મોટામાં મોટી ક્રિયા પણ લોકોત્તર-ફલની અપેક્ષાએ નિષ્ફળ થાય છે. પૂ. આ. શ્રી **દેવેન્દ્રસૂરિજી મહારાજ** આ બાબત શાસ્ત્ર

સાક્ષીએ દઢ કરતાં જણાવે છે કે **ક્રિયાથી રહિત એવા મનુષ્યે ધારણ કરાતા જ્ઞાનનું અને જ્ઞાને કરીને રહિત એવા મનુષ્યે કરાતી જે ક્રિયા તેનું જે મહત્ત્વ છે, તે સૂર્ય અને ખજુઆ જેવું છે,** અર્થાત્ ક્રિયા-શૂન્ય ભાવની મહત્તા સૂર્ય જેવી છે ત્યારે ભાવ-શૂન્ય મનુષ્યે કરાતી ક્રિયાની મહત્તા ખજુઆ જેવી છે.

આ ઉપરની બાબતથી **શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ** ક્રિયાની અંદર ભક્તિભાવની મહત્તા દઢ કરી વારંવાર વપરાયેલ **ભક્તિમાન** શબ્દની સાર્થકતા કહે છે.

## પ્રભુ સમીપ ગીતગાન કેવી રીતનું હોય ?

આવી રીતે ચંદરવા અને પુષ્પગૃહ દ્વારા ભક્તિ કર્યા પછી ગાયન કરવાને માટે કહે છે કે-

**મોહને જીતનારા એવા જિનેશ્વર મહારાજાઓના ગુણના સમુદાયને ગંભીર અર્થવાળા શબ્દોથી ગવાય.**

તથા ત્રિઃસ્થાન શુદ્ધ એટલે શિર, છાતી અને કંઠ એ ત્રણે રોગરહિત હોય અને તેથી જે ગવાય અથવા સાનુનાસિક વિગેરે ન થાય, એવા ગીતથી તેમજ મનોહર આદિ ગુણોએ સહિત એવાં ગાયનો કહે. ભગવાનના તપ-ધ્યાન-વીતરાગતા-ચારિત્ર વિગેરે જેમાં જણાવેલાં હોય એવાં ગાયનો કરે.

વળી શ્રાવક ગાયનની વખતે વીણા આદિ **તત**જાતનાં વાજીંત્રો તેમજ તાલ વિગેરે **વિતત** જાતનાં તથા કાંસીતાલ વિગેરે **ઘન** જાતનાં અને વંશ વિગેરે **શુષિર** જાતનાં વાજીંત્રો વગાડે અને શાસ્ત્રમાં કહેલા રિવાજ પ્રમાણે પાઠ અને તાલે કરીને શુદ્ધ આતોદ્ય (વાજીંત્ર) વિગેરે વગાડે.

વળી તે શ્રાવક મંદિરના આગળના ભાગના આંગણા વિગેરેમાં ચૈત્ય-પરિપાટી આદિકની વખતે રાસડાઓ, ડાંડીયા રાસ અને ચર્ચરી વિગેરે હૃદયને આનંદ આપે તેવી રીતે બતાવે.

## ઋદ્ધિથી રહિત શ્રાવકોએ શું કરવું ?

ઋદ્ધિમાન શ્રાવકોની અપેક્ષાએ ચૈત્યગમનનો અને પૂજાદિકનો વિધિ ઉપર શાસ્ત્રકારમહારાજે જણાવ્યો, પરન્તુ જેઓને કોઈપણ પ્રકારની તેવી સામગ્રી ન હોય, યાવત્ અક્ષત-ફલ આદિકની પણ શક્તિ કે સામગ્રી ન હોય એવા ઋદ્ધિ વગરના શ્રાવકોને માટે ચૈત્ય-ગમનનો વિધિ જણાવતાં શાસ્ત્રકાર જણાવે છે કે આ બધો વિધિ ઋદ્ધિમાન શ્રાવકને માટે કહ્યો છે, પરન્તુ જેઓ કોઈપણ પ્રકારની શક્તિ ન ધરાવતા હોય તેવા શ્રાવકો પોતાના ઘરે સામાયિક કરે અને પછી જો તેને કોઈનું દેવું ન હોય, અગર કોઈની સાથે ઝગડો ન હોય, તો ઉત્તમસાધુની માફક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ઉપયોગવાળો રહીને ભગવાન જિનેશ્વર મહારાજના મંદિરે જાય. તે ઋદ્ધિરહિત શ્રાવકને પણ તે જિનેશ્વર મહારાજના મંદિરમાં ભાવપૂજાને અનુસરતો નૈષેધિકીત્રિક વિગેરેનું અનુષ્ઠાન જે ચૈત્યવંદન ભાષ્યમાં જણાવેલું છે અને જે ઋદ્ધિમાન શ્રાવકોને માટે પણ કરવાનું કહ્યું છે, તે ઋદ્ધિરહિતને માટે પણ જાણવું. ઋદ્ધિએ રહિત એવા શ્રાવકને णिसिही આદિ ભાવ અનુષ્ઠાન કરવાનું છે, એમ જ નહિં, પરન્તુ આચાર્ય મહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જો તે જિનેશ્વર મહારાજના મંદિરમાં તે ઋદ્ધિરહિત શ્રાવકોને ફૂલાદિકનું શોધવું, ગુંથવું વિગેરે કાયાથી કરવા લાયક કંઈક ભક્તિનું અનુષ્ઠાન મળે એવું હોય તો તે ઋદ્ધિ રહિત શ્રાવકે સામાયિક પારીને મંદિરને અંગે ફુલ શોધવાદિકનું કાર્ય કરવું.

## દ્રવ્યસ્તવ માટે ભાવસ્તવનો ત્યાગ શા માટે ?

આ સ્થાને જિનેશ્વર-મહારાજની ભક્તિનું મહત્ત્વ નહિં સમજ-નારા કેટલાક મનુષ્યો એમ કહેવા તૈયાર થાય કે ભગવાન જિનેશ્વરની ભક્તિ દ્રવ્યસ્તવરૂપ છે, અને સામાયિક એ ભાવસ્તવરૂપ છે, અને દ્રવ્યસ્તવ તથા ભાવસ્તવ વચ્ચે તો મેરૂ અને સરસવ જેટલું આંતરૂ છે, તો સરસવ જેવા દ્રવ્યસ્તવ માટે મેરૂપર્વત જેવા ભાવસ્તવનો ત્યાગ કેમ કરાય ? પરન્તુ આવું કહેનારાઓ એ વિચારતા નથી કે—

ભાવસ્તવ તરીકે ખુદ સંયમ જે સર્વ પ્રાણાતિપાતવિરતિરૂપ છે. તેને જ ગણવામાં આવે છે. અને સોનાનું મંદિર સેંકડો થાભલાવાળું કરાવવામાં આવે તો પણ તેના કરતાં બ્રહ્મચર્ય અધિક છે, એ વાત પણ સર્વવિરતિના બ્રહ્મચર્યને જ ઉદ્દેશીને કહેવામાં આવી છે.

શ્રાવક-જનોએ કરાતાં સામાયિક વિગેરે અનુષ્ઠાનો દેશવિરતિમાં છે અને તેથી તે સર્વથા તેવી દ્રવ્યસ્તવથી ભાવસ્તવમાં કહેવાતી મહત્તાને અનુસરી શકતાં નથી. આ હકીકત ધ્યાનમાં રાખી આગળ ચાલવાનું છે.

શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ પણ તેવી જ શંકાને જણાવતાં કહે છે કે સામાયિકનો ત્યાગ કરીને અહિં દ્રવ્યસ્તવ કરવાનું કેમ કહ્યું ? આવી કોઈ શંકા કરે એ સંભવિત છે. તેના ઉત્તરમાં તેઓ જણાવે છે કે સામાયિક સ્વાધીનપણે કરવાનું હોવાથી સકલ કાળ બની શકે છે, વળી આ સામાયિક જે-તે વખતમાં કરાતું હોવાથી વધારે વખત પણ બની શકે છે, પરંતુ મંદિરનું કાર્ય તો સમુદાયને આધીન છે અને કોઈ કોઈક વખતે જ બની શકે છે.

વળી તે પૂજાદિકના વખતે કરાતું દ્રવ્યસ્તવનું કાર્ય ભાવસ્તવની પ્રાપ્તિ અંગે વિશેષ મહત્તાવાળું છે, માટે તે સામાયિક કરતાં મહત્તાવાળું હોવાથી તે વખત કરવું જ જોઈએ. મંદિરના પુષ્પશોધનાદિક કાર્યોમાં ફળ જણાવતાં શ્રી દેવેન્દ્રસૂરિજી કહે છે કે—

जीवाण बोहिलाभो, सम्महिट्ठीण होइ पियकरणं ।
आणा जिणिंदभत्ती तित्थस्स पभावणा चेव ॥१॥

## ત્રણે લોકમાં ભવસમુદ્રમાંથી તરવા માટે સ્થૂલ આલંબન કયું?

વાચકવૃંદે ધ્યાન રાખવાની જરૂર છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર કરવા માટે તીર્થની સ્થાપના કરેલી છે, અને તે તીર્થની સ્થાપના માટે તે મહાપુરુષો તીર્થંકરના

ભવથી પહેલાના અનેક ભવોમાં વરબોધિ પ્રાપ્ત થયું, ત્યારથી જગત્‌ના ઉદ્ધારને માટે કટિબદ્ધ થયેલા હોય છે, અને તેવા પરમ-પુરુષો તીર્થંકરના ભવમાં દ્વાદશાંગીરૂપી તીર્થની કે પ્રથમ-ગણધરરૂપી અગર ચતુર્વિધ-સંઘરૂપી તીર્થની સ્થાપના કરે છે અને તે દ્વારા જુગોના જુગો સુધી ચતુર્વિધ-સંઘનું ભવસમુદ્રથી તરવાનું થાય.

અહીં યાદ રાખવા જેવી હકીકત એ છે કે તે તીર્થ માત્ર કર્મભૂમિમાં અને વિશેષ કરીને આર્ય-દેશમાં જ ઉપકાર કરનારું થઈ પ્રવર્ત્તે છે, પરંતુ તે સિવાયના ઊર્ધ્વલોક કે અધોલોકમાં રહેનાવાળા અસુરકુમારાદિક દેવતા અને વૈમાનિકદેવતાઓને તરવાના સાધન તરીકે તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતે સ્થાપેલું દ્વાદશાંગી-આદિ તીર્થ બનતું નથી, પરંતુ ઊર્ધ્વલોક અને અધોલોકમાં રહેલા દેવતાઓ સંસાર-સમુદ્રથી તરવાને માટે જો કોઈ પણ મુખ્ય આલંબન ગ્રહણ કરી શકતા હોય તો તે માત્ર જિનેશ્વર-મહારાજનાં ચૈત્યો અને તેઓશ્રીની પ્રતિમાઓ છે.

વળી તિર્ચ્છાલોકમાં પણ ભગવાન્ જિનેશ્વર-મહારાજ કે તેમના શાસનના સાધુઓ સર્વ ગ્રામ-નગર વિગેરેમાં ફરી શકતા નથી, અને વિદ્યમાન હોતા નથી તેવી જગો પર અને તે વખતે ભવ્ય-જીવોને તરવાનું કંઈ પણ સ્થૂલ આલંબન હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતનાં ચૈત્યો અને પ્રતિમાઓ છે.

વળી જગતમાં જૈનધર્મની જાહોજલાલી, મહત્તા અને અન્ય દર્શનીઓને પણ અનુમોદવાનું તથા પ્રશંસા કરવાનું જૈનધર્મ સંબંધી તેવું કોઈ પણ કાર્ય હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર-ભગવાન્‌નાં ચૈત્યો અને તેઓશ્રીની પ્રતિમાઓ છે.

એટલે કોઈપણ જૈનધર્મને માનનારથી ભગવાન્ જિનેશ્વર મહારાજનાં ચૈત્યો અને પ્રતિમાઓથી વિમુખ થઈ શકાય નહિં.

## સાધુ ભગવંતો વિહારમાં ચૈત્યોને ન જુહારે તો પ્રાયશ્ચિત્ત

આવી રીતે શાસનને અંગે પ્રથમ નંબરે જરૂરીયાતને ધારણ કરનાર શ્રી જિનેશ્વર મહારાજનાં ચૈત્યો અને મૂર્ત્તિઓ બનાવવાનું મુખ્ય ધ્યેય તો કરાવનારના પોતાના આત્માનું જ કલ્યાણ હોવું જોઈએ, એમ શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે.

જો કે તે ચૈત્યો અને મૂર્ત્તિઓને અંગે સદ્ગુરુઓનો સંયોગ મળવાનું ફળ પણ શાસ્ત્રકારો તેટલા જ સ્પષ્ટ શબ્દોથી જણાવે છે. કારણ કે શાસ્ત્રકારોએ જે ગામ કે નગરમાં શ્રાવકનાં ઘરો હોય તે ગ્રામ કે નગરમાં સાધુથી વિહાર કરતાં ન જવાય તો તેને પ્રાયશ્ચિત્તનું સ્થાન દર્શાવાયેલું નથી, પરંતુ જે ગ્રામ અગર નગરમાં ભગવાન્ જિનેશ્વર-મહારાજનાં ચૈત્યો અને મૂર્ત્તિઓ હોય તે ગ્રામ અગર નગરમાં સાધુઓને વિહાર કરતાં ફરજીયાત તરીકે જવાનું ફરમાન કરવામાં આવે છે અને તે એટલે સુધી કે જે ગ્રામ અગર નગરમાં ભગવાન્નાં ચૈત્યો અને મૂર્ત્તિઓ હોય ત્યાં વિહાર કરતાં જો સાધુઓ ન જાય અને એને વંદન કર્યા સિવાય ચાલ્યા જાય તો તેઓને પ્રાયશ્ચિત્ત-આપત્તિ જણાવવામાં આવી છે.

આ ઉપરથી વાચકવૃંદ સ્પષ્ટપણે સમજી શકશે કે ભગવાન્ જિનેશ્વર-મહારાજનાં ચૈત્યો અને મૂર્ત્તિઓ જે બનાવવામાં અને સ્થાપવામાં આવી હોય તે સદ્ગુરુના સંયોગને મેળવવામાં પણ અપૂર્વ કારણ થાય છે.

વળી શાસ્ત્રોમાં અનેક સ્થાને કહેવામાં આવ્યું છે કે ભગવાન્ જિનેશ્વર-મહારાજની દીક્ષાને ગ્રહણ કરવા તૈયાર થયેલા મહાનુભાવો પ્રવ્રજ્યાને ગ્રહણ કરવા પહેલાં અનેક તીર્થોની તથા સાતિશય ક્ષેત્રોની યાત્રા કરતા હતા અને અનેક ગ્રામ-નગરોમાં ચૈત્યોને જુહારતા હતા.

## ભાવિક-મહાત્માનાં દર્શન થવાનું કારણ શું?

એ ઉપરથી એ વાત પણ સ્પષ્ટ સમજાશે કે ભવ-સમુદ્રથી તરવાને માટે દીક્ષા લેવા કટીબદ્ધ થયેલા વૈરાગ્યવંત-મહાપુરુષોનાં

શંન અને સમાગમ કરાવનાર પણ ભગવાન્ જિનેશ્વર મહારાજનાં ચૈત્યો અને મૂર્ત્તિઓ બને છે.

વળી શ્રાવક-વર્ગની પરદેશ-ગમનની સમાચારીને જેઓએ **શ્રાવક-પ્રજ્ઞપ્તિ** વિગેરે ગ્રંથો દ્વારા સાંભળી-જાણી હશે, તેઓને સ્પષ્ટ માલમ હશે કે શ્રાવકોએ શ્રાવકોને શ્રી જિનચૈત્યાદિ-વંદન દ્વારા પરસ્પર અભિવાદન અને વાત્સલ્ય કરવાનું હોય છે. એટલે અનેક ગામ કે નગરના અનેક સાધર્મિઓનો સંબંધ કરાવીને આત્માને ધર્મ તરફ દોરનાર જો કોઈ પણ પ્રબળ અને સ્થાયી હેતુ હોય તો તે ભગવાન્ જિનેશ્વર મહારાજનું ચૈત્ય અને પ્રતિમા છે.

શ્રી **પંચવસ્તુ** વિગેરેમાં સ્પષ્ટ શબ્દોથી એમ જણાવવામાં આવે છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજનાં ચૈત્ય અને મૂર્ત્તિ કરાવનારે એ પણ ભાવના જરૂર રાખવી જોઈએ કે અહિં આવનારા અનેક ભવ્ય-જીવોમાંથી કેટલાક ભવ્ય-જીવો સદ્ગુરુના ઉપદેશામૃતથી સીંચાઈને જૈનધર્મ પામશે અગર નવપલ્લવિત કરશે. તેમજ કેટલાક ભવ્ય જીવો ભગવાન્ જિનેશ્વર-મહારાજની મૂર્ત્તિની પરમ-શાન્ત-દશા દેખીને તથા ભગવાન્ જિનેશ્વર-મહારાજનું અજ્ઞાનઆદિ અઢારે દોષ રહિતપણારૂપ સ્વરૂપ દેખીને પોતાના આત્માને સંસાર-સમુદ્રથી ઉદ્ધરવા માટે તૈયાર કરશે. માટે આ દૃષ્ટિએ પણ શ્રી જિનેશ્વર ભગવાનનું ચૈત્ય અને મૂર્ત્તિઓની કર્તવ્યતા જરૂર કલ્યાણને કરનારી છે, એમ નક્કી થશે.

## રત્નત્રયાદિની વૃદ્ધિ શાના પ્રતાપે ?

યાદ રાખવું કે જન્મ, વિવાહ કે મરણના પ્રસંગોમાં ધર્મની ભાવના સામાન્યપણે ધરાવનારા અગર નહિં જેવી ધરાવનારાઓને બોલાવી શકાશે કે નિમંત્રણ કરી શકાશે, પરંતુ સંસાર-સમુદ્રથી ઉદ્ધરવા માટે કટિબદ્ધ થઈને ધર્મ-પ્રવહણનું આલંબન લેનાર શુદ્ધ સાધર્મિકવર્ગને નિમંત્રણ કરવાનું અને તેઓને આવવાનું તો ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિષ્ઠા વિગેરે ધર્મકાર્યોમાં જ બની શકે, માટે સાધર્મિકોનો સંગ કે તેઓની ભક્તિ ઈચ્છનારા ધર્મિષ્ઠ-પુરુષે તો તે પ્રતિષ્ઠાદિ તરફ નજર રાખ્યા સિવાય છુટકો નથી.

પૂર્વે જણાવેલી રીતિએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેની વૃદ્ધિ શ્રી જિનેશ્વર મહારાજનાં ચૈત્યો અને પ્રતિમા દ્વારા થાય છે. માટે પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી વિગેરે શાસ્ત્રકાર-મહારાજાઓએ શ્રી ઉપદેશપદ વિગેરે શાસ્ત્રોમાં દેવદ્રવ્યને સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રગુણોની પ્રભાવના કરનાર ગણ્યું છે, અને તે દ્વારા (સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પ્રભાવના) દ્વારા) **"શ્રી જૈન-શાસનની પ્રભાવના કરનારૂં દેવદ્રવ્ય છે"** એમ સ્પષ્ટ જણાવેલું છે.

જો કે કેટલાક જૈન-કુલમાં કલંકરૂપે પેદા થયેલા ત્યાગી અગર ભોગીઓ દેવદ્રવ્યને વેડફી નાંખવા માટે તે ગાથાઓનો ઉપયોગ કરે છે અને દેવદ્રવ્યની આવકને ગૃહસ્થોને દુનિયાદારીના એટલે ઉદર-પૂર્તિના જ્ઞાનના માટે વાપરવા અને વપરાવવા તૈયાર થાય છે, પરંતુ તેઓએ તે ઉપદેશપદની ગાથાઓનો તાત્પર્યાર્થ જાણ્યો નથી અને તેની ટીકા પણ દેખી કે માની નથી. અને તેથી ખોટા અર્થો ઉપજાવી શ્રીસંઘની ભદ્રિક-વ્યક્તિઓને અનંત-સંસાર ભમવાવાળા કરવા સાથે પોતે પણ તેવા ભમવાવાળા થાય છે.

પરંતુ શાસનને અનુસરનારા મહાનુભાવો તો દેવદ્રવ્યની એક કોડીને પણ ભગવાન્ જિનેશ્વર-મહારાજના જ શાસનના રક્ષક એવા જૈનશાસ્ત્રોના ઉપયોગને માટે પણ લેવાનું કહેતા નથી, પરંતુ દેવદ્રવ્યથી કેવળ શ્રી જિનેશ્વર ભગવાનનાં ચૈત્યો અને મૂર્ત્તિઓનું જ કાર્ય થાય, એમ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે.

## મોહના ઝપાટાને લીધે માણસ શું નથી કરતો?

દુઃષમા કાળ અને હુંડાવસર્પિણીનો પ્રભાવ છતાં પણ શાસન-પ્રેમીઓનો શાસ્ત્રને અનુસરતો અવાજ શ્રદ્ધાલુ સર્વસંઘે ઝીલી લીધો છે અને તેજ પ્રમાણે એટલે દ્રવ્યનો ઉપયોગ શ્રી જિનચૈત્ય અને મૂર્ત્તિમાં જ રાખ્યો છે.

આવી રીતે શ્રી જિનચૈત્ય અને મૂર્ત્તિરૂપી ક્ષેત્રનું ધ્યેય સ્વ-પર-કલ્યાણનું જ રખાય છે અને શાસ્ત્રકારે તેજ રાખવાનું કહ્યું

છે. છતાં મોહનીય કર્મ એક એવી ચીજ છે કે અગ્યારમે ગુણઠાણે ચઢેલા, કેવલીની સરખી કોટિમાં ગણવાવાળા મહાનુભાવ-પુરુષોની આગળ પણ પોતાનો પ્રભાવ દાખવવા તૈયાર થાય છે, તો પછી આરંભ-પરિગ્રહમાં આસક્ત કુટુંબકબીલામાં જકડાયેલા, વિષય-કષાયમાં વહી રહેલા આવા બાહ્યથી દેશવિરતિવાળા અગર તે વગરના શ્રાવકો મોહના ઉદયને લીધે ઉપર જણાવેલાં પાપો જ આત્મ-કલ્યાણના પ્રયોજનને સમજવાવાળા, માનવાવાળા અને ધારવાવાળા છતાં કીર્ત્તિના લોભ તરફ દોરાઈ જઈને કરવા તૈયાર થઈ જાય તો તે અસંભવિત નથી.

પરંતુ નવીન ચૈત્ય અને નવીન મૂર્ત્તિ કરનારા મહાનુભાવોને તે નવીન ચૈત્ય અને નવીન મૂર્ત્તિ દ્વારા કીર્ત્તિ મેળવવાનું પ્રયોજન પણ કદાચ સફળ થાય, પરંતુ ભગવાન્ જિનેશ્વર-મહારાજનાં ચૈત્યો અને મૂર્ત્તિઓનો જીર્ણોદ્ધાર કરવાને તૈયાર થઈ તે જીર્ણોદ્ધારને માટે દ્રવ્યનો સદુપયોગ ગણી વ્યય કરનાર મહાનુભાવને તો તે કીર્ત્તિના લોભરૂપી મોહનીયનો ઝપાટો અંશે પણ લાગતો જ નથી.

### જીર્ણોદ્ધારનો પ્રસંગ આવે ક્યારે?

આ કારણથી જૈન-પ્રજામાં શાસ્ત્રાનુસારી શ્રદ્ધાવાળા મહાનુભાવો એ વાતને કહે છે, માને છે અને પ્રરૂપે છે કે નવીન ચૈત્ય અને મૂર્ત્તિઓને બનાવવાથી જે લાભ ધર્મિષ્ઠ-પુરૂષ મેળવે તેના કરતાં આઠ ગુણો લાભ તે ચૈત્ય અને મૂર્ત્તિના જીર્ણોદ્ધારમાં દ્રવ્યનો સદુપયોગ કરનાર મેળવે છે.

બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે નવીન ચૈત્યો અને મૂર્ત્તિઓ કરાવવાનો પ્રસંગ જે ગ્રામ અગર નગરમાં સાધર્મિકજનોનો વસવાટ અધિક થતો જાય અગર નવો થતો જાય તે સ્થાને આવે છે, અને તેવે સ્થાને અનેક સાધર્મિકો તે નવીન ચૈત્ય કરાવવાના અને મૂર્ત્તિને કરાવવાના ઉત્સાહને ધરાવનારા વૃદ્ધિંગત કરનારા થાય છે.

પરંતુ ભગવાન્ જિનેશ્વરના ચૈત્ય અને મૂર્ત્તિના જીર્ણોદ્ધારનો

પ્રસંગ તો તે કરતાં જુદે સ્થાને હોય છે. અર્થાત્ જે ગ્રામ અગર નગરમાં પૂર્વકાળે ધર્મિષ્ઠ-પુરૂષોની સંખ્યા અધિક હોય અને તે સ્થાને કોઈપણ કારણને લીધે જૈનીઓની સંખ્યા ઘટી ગઈ હોય અગર ત્યાં રહેવાવાળા જૈન-ધર્મીઓની સ્થિતિ માલ-મીલ્કતની અપેક્ષાએ ઘસાઈ ગઈ હોય ત્યારે જ મુખ્ય રીતિએ જીર્ણોદ્ધારનો પ્રસંગ આવે છે. અને તેવે સ્થાને તેવે વખતે તે મંદિર અને મૂર્ત્તિના જીર્ણોદ્ધાર કરનારને બીજા સાધર્મિકો તરફથી દ્રવ્યનો સદુપયોગ કરવામાં ઉત્સાહને વધારવાનું સાધન પણ હોતું નથી અને તેમ બનતું પણ નથી, પરંતુ જીર્ણોદ્ધાર કરનારને માત્ર પોતાના ઉત્સાહને આધારે જ તે કાર્ય કરવું પડે છે. એ સ્થિતિને વિચારનારો મનુષ્ય કોઈ દિવસ પણ જીર્ણોદ્ધારનું અધિક ફળ ધાર્યા અને માન્યા સિવાય રહેશે નહિં.

**સમ્યગ્દર્શનની ગંગા વહેવડાવનાર પવિત્ર કાર્ય કયું ?**

બીજી એ પણ વાત ધ્યાનમાં રાખવાની છે કે નવાં મંદિર અને ચૈત્યો બનાવવાની જગ્યા કરતાં પ્રાચીન મંદિરો, ચૈત્યો અને મૂર્ત્તિઓનાં સ્થાનો અનેક ભવ્ય-ધર્મિષ્ઠ જીવોને સાતિશયપણાને લીધે સમ્યક્ત્વની વૃદ્ધિને તથા દૃઢતાને કરનારાં હોય છે, અને તેથી તેવાં પ્રાચીન ચૈત્યો અને તેવી પ્રાચીન મૂર્ત્તિઓનો જે ઉદ્ધાર કરવો તે ખરેખર જૈનશાસનમાં સમ્યગ્દર્શનની ગંગા વહેવડાવવા જેવું પવિત્ર કાર્ય છે અને તે દ્વારા જીર્ણોદ્ધારનું ફળ અનેકગુણું મનાય તેમાં આશ્ચર્ય નથી. (ક્રમશઃ)

## આગમજ્ઞાનની ગહનતા

વિવેક ચક્ષુથી તત્ત્વાતત્ત્વના વિભાગપૂર્વક પદાર્થોનું જ્ઞાન આગમિક પદાર્થોના ચિંતનમાંથી ઉપજતી નય-સાપેક્ષ વિચારણાથી થવા પામે છે.

તેથી આગમોનો અભ્યાસ જ્ઞાની-નિશ્રાએ વિનયપૂર્વક કરવો જોઈએ.

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૭ ※ વિ. સં. ૨૦૩૭

वर्ष ૧૬ ※ પુસ્તક ૨

सरलो
धम्मस्स आराहगो होइ

## સરળતાનો મહિમા

આ જગતમાં વર્તતા દરેક વિચારવાન્ જીવો પોતાને ઉત્તમ કોટિમાં સ્થાપિત કરવા કે તેમ થયેલા કહેવડાવવા માંગે છે, કોઈપણ વિચારવાન્ પુરૂષ પોતાને અધમ કોટિમાં દાખલ થયેલો કે તેમ થયેલો કહેવડાવવા માંગતો નથી.

પણ ધ્યાનમાં રહેવું જોઈએ કે માત્ર મનોરથમાં મહાલવાથી મનઃકામના ફલતી નથી; કારણ કે કારણ સિવાય કોઈપણ કાર્યની નિષ્પત્તિ થતી નથી, ને મનઃકામનાને ફલીભૂત કરવાનું કે થવાનું કારણ એકલા મનોરથ નથી.

જો એકલા મનોરથોથી કાર્યસિદ્ધિ થઈ જતી હોત તો સર્વ મનુષ્યોને ધન-ધાન્ય કુટુંબ, રાજ્ય-ઋદ્ધિ સમૃદ્ધિની ઇચ્છા હોવા સાથે બુદ્ધિમત્તા અને કવિરાજપણાની ઇચ્છા સ્વાભાવિક હોવાથી કોઈપણ મનુષ્ય ધન-ધાન્યાદિથી રહિત હોવો જોઈએ નહિં, પણ જગતમાં તેમ થતું નથી. તેથી માનવું જોઈએ કે કેવલ મનોરથ માત્રથી કોઇપણ કાર્યની સિદ્ધિ થઈ શકે નહિ.

જો કે દેવતાઓને મનોરથ માત્રથી કાર્યસિદ્ધિ થાય છે, એમ કહેવાય છે, પણ તે મુખ્યત્વે આહારની અપેક્ષાએ ઇચ્છા માત્રથી આહારના પુદ્ગલોના પરિણમનની અપેક્ષાએ સમજવું ને તેથી દેવતાઓ मनोभक्षी તરીકે પ્રસિદ્ધ છે. બાકી ઋદ્ધિ, સમૃદ્ધિ આદિ પ્રાપ્તિની અપેક્ષાએ તો દેવતાઓ પણ મનોરથ માત્રથી-સિદ્ધિ પામનારા નથી અને જો તેમ ન હોય અને ઋદ્ધિ-સમૃદ્ધિ આદિમાં પણ જો દેવતાઓ મનોરથ માત્રથી સિદ્ધિ પામતા હોય તો સર્વ દેવો સમાન ઋદ્ધિ-સમૃદ્ધિવાળા થઇ જાય. પણ તેમ નથી, કિંતુ દેવતાઓમાં આગળ આગળના દેવતાઓ આયુષ્ય અને ઋદ્ધિ-સમૃદ્ધિથી અધિક અધિક હોય છે.

આ હકીકતથી સ્પષ્ટ થાય છે કે ઉત્તમ કોટિમાં દાખલ થવાની ઈચ્છાવાલાએ એકલી ઈચ્છા કરવાથી સંતુષ્ટ થવાતું નથી પણ ઉત્તમ કોટિના કારણો મેળવવાની આવશ્યકતા છે.

જોકે ઉત્તમ કોટિને પ્રાપ્ત કરવાના અનેક સાધનો છે છતાં સર્વ સાધનોમાં સરલતાનો પ્હેલો નંબર લૌકિક અને લોકોત્તર દૃષ્ટિથી માનવો પડે છે.

કારણ કે તે સરલતા એવી ચીજ છે કે જે સર્વ શેષ-સાધનોનો સદ્ભાવ ન હોય તોપણ સદ્ભાવ કરી શકે છે અને જો તે સરલતા ન હોય તો શેષ-સાધનોનો સદ્ભાવ હોય તોપણ કાર્યસિદ્ધિ નથી થતી અને મળેલ શેષ-સાધનોની નિષ્ફળતા થાય છે.

જો કે કેટલાકો પોતાના અનુભવ ઉપર લક્ષ્ય નહિ આપતાં કોઈ કોઈ વખત માત્ર વર્તમાનકાલમાં થતી કાર્યસિદ્ધિને આગળ કરીને તથા ભવિષ્યના વિષમ-વિપાકને નહિ વિચારીને પ્રપંચ-જાલને મહત્તા આપે છે, પણ તેજ માયિતાના માર્ગમાં મહાલનારા લોકો પોતેજ જ્યારે તેવા ચાણુકયનીતિની ચતુરાઈવાળાની જાળમાં આવી જાય છે અને અચિન્તિત આપત્તિ કે ધનાદિના નુકશાનને પામે છે, ત્યારે

સરલતાની સુંદરતા અને માયિતાની આપાત-મનોહરતાને જરૂર સમજે છે અને ચાણુકયની ચંચલતાને ધિક્કારવામાં તથા સરલતાની નીસરણીને સત્યરૂપે નિરૂપણ કરવાનું ચૂકતા નથી. અર્થાત્ અનુભવની અનુપમ આંખો તેઓને તત્ત્વદૃષ્ટિની જબરી ઝાંખી કરાવે છે.

એવીજ રીતે લોકોત્તર-માર્ગની અપેક્ષાએ વિચાર કરનારને સ્પષ્ટ માલમ પડે છે કે સરલતા ધારણ કરનારાના આત્માને નિર્મળતા મળી શકે છે, અને નિર્મળતા ધારણ કરનારને ધર્મની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ **સરળતાની પ્રાપ્તિ સિવાય કોઈપણ મનુષ્ય ધર્મ પામી કે પાળી શકતો નથી** અને તેથી ધર્મપ્રરૂપણાની અપેક્ષાએ માયારહિતપણાની એકાન્તિક સ્થિતિ માનવામાં આવી છે.

આવી રીતે સરળતાનો મહિમા દરેક મનુષ્ય ચાહે તો તે વ્યાવહારિક-દૃષ્ટિવાળો હોઈ લૌકિક-માર્ગને અનુસરનારો હોય કે પારમાર્થિક-દૃષ્ટિને આરાધ્ય ગણીને લોકોત્તર-માર્ગને આરાધનાર હોઈ લોકોત્તર પંથનો પ્રવાસી હોય તોપણ ઉભયને માયાનો ત્યાગ કરવારૂપ સરલતાની અનિવાર્ય જરૂર છે.

આ સરલતાના પ્રભાવને લીધે અદેવ, અગુરુ, અધર્મને દેવ, ગુરૂ, ધર્મ તરીકે માનનારા મિથ્યાત્વીને શાસ્ત્રકારોએ તેવી ભદ્રિકતાની અપેક્ષાએ ગુણુસ્થાનકવાળા માનેલા છે.

જો કે પહેલે ગુણુસ્થાનકે અનન્તાનુબંધીના ક્રોધ, માન અને લોભ પાતળા પણ હોય છે, તોપણ શાસ્ત્રકારોએ ભદ્રકપણાની અપેક્ષાએ ગુણુસ્થાનક માનેલું છે, તે માયાના હ્રસમય ભદ્રકપણાને અગ્રપદ આપીને કહેલ છે.

ભગવાન **શ્રી મહાવીરે મરીચિના** ભવમાં કપિલના કરેલા ધર્મવિષયના પ્રશ્નના ઉત્તરમાં 'इत्थंपि इहयंपि' એવો જવાબ આપી યથાર્થ પદાર્થ-પ્રરૂપણારૂપી ભદ્રકતાને તિલાંજલી આપી તેના પ્રભાવે કોડાકોડિ સાગરોપમ સંસાર ભટકવો પડયો.

વળી કરેલા પાપની આલોયણ લેવા આવેલો મનુષ્ય પણ સરલતાથી યથાર્થ આલોયણ ન લેતાં જો માયા–પ્રપંચ કરી આલોયણ લે તો તેને ઘણું પ્રાયશ્ચિત્ત આવે છે. તેટલા માટે આલોયણ લેનારને માટે શાસ્ત્રકારોએ બાલકની માફક સરલપણે આલોવવાનું જણાવેલ છે.

આ બધી હકીકત વિચારનારા મનુષ્ય માત્ર સરલતાને ઉત્તમોત્તમ ગણી તેને આદરવા તથા આદરેલી સરલતાને વધારવા ચાહના કરે તે સ્વાભાવિક છે, પણ તે સરલતાને વધવા માટે કયા કયા સાધનોની જરૂર છે? તે વિચારવાનું અતિ આવશ્યક છે.

જોકે જગતમાં કોઈપણ ગુણ દુર્જનોએ દૂષિત કર્યો ન હોય એવું બનતું નથી, તેવી રીતે સરળતાના ગુણને પણ દુર્જનો દૂષિત ગણી સરળતારૂપી ગુણવાળાને દુર્જનો અક્કલ વગરનો, ગાંભીર્ય–ગુણ વગરનો, તુચ્છ વિગેરે ઉપનામો આપી નિંદે તે સ્વાભાવિક છે, પણ સરળતા જ્યારે ઉત્તમ ગુણ તરીકે અનુભવસિદ્ધ છે એટલે કે સરળતાવાળો મનુષ્ય દરેક પ્રસંગોમાં હૃદયને ચોખ્ખું રાખી મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરી શકે છે, પણ માયાની જાળમાં ફસાઈને સરળતાનું સત્યાનાશ વાળનારો મનુષ્ય પોતાના મન, વચન કે કાયાના એકપણ પ્રવર્તનને શુદ્ધપણે કરી શકતો નથી. માયાવી મનુષ્યોના વિચારો કેટલા બધા ઘાતક હોય છે? વચનો કેવાં આંટીઘુંટીવાળાં હોય છે? અને પ્રવૃત્તિની દિશા કેવી ઉલટપાલટવાળી હોય છે? તે કોઇ પણ વિવેકી પુરુષથી અજાણ્યું નથી.

આ માયાવી–પુરુષની બધી હકીકત સમજીને સુજ્ઞ પુરુષો સરળતાના શણગાર પોતાના આત્મામાં સજે છે. શરીર ઉપર સજેલાં ઘરેણાં કોઈ લઇ જાય નહિ એની સાવચેતી જેમ મનુષ્યો રાખે છે, તેવી રીતે સરળતાનો સજેલો શણગાર પણ આત્મા ઉપરથી ઉતરી ન જાય એવી સાવચેતી દરેક વિવેકીએ રાખવાની જરૂર છે.

સરળતાને ગુણ તરીકે દેખાડવાનો એ ભાવાર્થ તો નથીજ કે જેમ આવે તેમ સંકલ્પો કરવા, બાળકની માફક જેમ આવે

તેમ અણસમજુપણે બોલવું, અને ગાંડાની માફક વિચારશૂન્યપણે પ્રવૃત્તિ કર્યે જવી.

કેમકે વિવેકી-પુરુષોને માથે એ તો ફરજ તરીકે રહેલું છે કે પરોપઘાતક કે આર્ત-રૌદ્રાદિકના વિચારો ન આવવા જોઈએ, સપાપ, નિષ્ઠુર, અ-સભ્ય કે અનવસરનું વચન ન બોલાવું જોઈએ, તથા કોઈપણ પ્રાણીને ઉપઘાત કરનારી કે લોક-લોકોત્તરમાર્ગથી વિરૂદ્ધ-પણાવાળી પ્રવૃત્તિ હોવી જોઈએ નહિ.

જેના હૃદયમાં સરળતાએ નિવાસ કરેલો હોય તેવો મનુષ્ય પોતાની મન, વચન કાયાની પ્રવૃતિને તેવી રીતે ન કરે જેથી બીજાને યથાસ્થિત વસ્તુના સ્વરૂપથી વિપરીત ધારણ કરવાનું કારણ મળે. વિવેકી પુરુષોએ ઉપઘાતક બુદ્ધિ છોડીને શ્રોતાના ઉપકારને માટે કરેલી પ્રવૃત્તિ કેટલીક વખત શ્રોતાની અજ્ઞાનતાને લીધે વિપરીત-બુદ્ધિને કરનારી થાય, પણ તેટલા માત્રથી તે વિવેકી-જનને માયાવી કહી શકાય નહિ.

જેવી રીતે માયાવી પુરુષે શ્રોતાના ઉપઘાતકપણે કરેલી મન, વચન, કાયાની પ્રવૃત્તિ ભાગ્યશાળી શ્રોતાને ઉપઘાતક કે વિપરીત પરિણામવાળી ન થાય તો પણ ઉપઘાતક-બુદ્ધિથી માયાપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળો જેમ માયાના દોષને પાત્ર થાય છે, તેવી રીતે ઉપઘાતક-બુદ્ધિ વિનાના સરળતાવાળા વક્તાને કોઈપણ પ્રકારે માયાવીતાનો દોષ દઈ શકાય નહિ.

ઉપર જણાવેલી સરળતા કેટલાક ભાગ્યશાળી જીવોને પ્રાપ્ત થયેલી હોય છે, છતાં તેઓએ તેના ટકાવને માટે ઉપઘાતકપણાના દોષોને હંમેશાં નજર સામે રાખવા, નહિ તો જગતના માયાવી જીવોના સંસર્ગથી ઉપઘાતક-બુદ્ધિવાળા થઈ સરળતાને સરકાવી દેવાવાળા થાય છે.

જેવી રીતે ઉપઘાતક-બુદ્ધિ સરળતાને સરકાવનાર થાય છે અને ઉપઘાતક-બુદ્ધિની નષ્ટતાની અહોનિશ રખાતી ભાવના સરળતાને

ટકાવનાર થાય છે તેવી રીતે સરળતાને વધારનાર સાધનોની તપાસ કરવાની ઓછી જરૂર નથી.

ઇંદ્રિયસંજ્ઞા ને ગૌરવ જીતવાનો જેમ એ નિયમ છે કે તે કષાયાદિકની પ્રવૃત્તિથી થતા ઐહિક અને પારત્રિક અનર્થો વિચારવા, તેવી રીતે માયાના ઘાતથી થતી સરળતાને વધારવા માટે પ્રતિક્ષણ માયાના અનર્થો વિચારો જે ઐહિક અને પારત્રિક હોય તે વિચારવા જોઈએ.

તેમજ માયા કરવાવાળા મહાબળ સરખા મહાપુરુષોને થયેલું અનિવાર્ય નુકશાન વારંવાર ધ્યાનમાં લેવું જોઈએ.

આ બધું કરવા સાથે માયા-પ્રધાન પુરુષોનો સંસર્ગ સર્વથા ત્યજવો જોઈએ.

કારણ કે **શિક્ષાના સો વાકયોની અસર કરતાં દલીલવાળું એક વાકય ઘણી અસર કરે છે, અને સેંકડો દલીલોનાં વાકયો કરતાં એકપણ પ્રસિદ્ધ દૃષ્ટાંત હૃદયને હચમચાવી મૂકે છે, અને તેવાં સેંકડો દૃષ્ટાંતો કરતાં પણ સંસર્ગ એવી જબરદસ્ત અસર કરે છે કે જેનો મહિમા સર્વને અનુભવસિદ્ધ છે.**

જો એમ ન હોત તો કરોડો નિશાળો, માસ્તરો અને પુસ્તકો છતાં અને લાખો શિક્ષા કરનારી કોર્ટો છતાં જગતમાં નીતિનું કે પ્રામાણિકતાનું સામ્રાજ્ય સ્થપાતું કેમ નથી ?

આ ઉપરથી સ્પષ્ટ થશે કે આખું જગત નીતિ અને પ્રામાણિકતા માટે માત્ર પોથીનાજ રીંગણા ગણનારી છે, પણ **પવિત્ર-પુરુષોની સોબતમાં રહેલો મનુષ્ય સંસ્કારના પ્રભાવે ઉત્તરોત્તર સારી સ્થિતિમાં આવે છે.**

માટે સરળતાને વૃદ્ધિગત કરવાની ઈચ્છાવાળા પુરુષે માયા-પ્રધાન પુરુષનો સંસર્ગ સર્વથા વર્જવો જોઈએ.

આવી રીતે વિચારી જે સરળતાને વૃદ્ધિગત કરશે તેઓ કલ્યાણની નિસરણી પામી શકશે.

# શ્રી તત્ત્વાર્થાધિગમ-સૂત્રની

# હૃદયંગમ વાચના

વિવેચનકાર

પૂ:-આગમોદ્ધારક શ્રી આચાર્યદેવ

[પૂજ્યપાદ શ્રી આગમતત્ત્વ-રહસ્યજ્ઞાતા, આગમાભ્યાસ-સંરક્ષક આગમિક-વ્યાખ્યાતા-શિરોમણી, આગમોદ્ધારક આચાર્યદેવશ્રી વિ. સં. ૧૯૯૮ માં પાલીતાણા પન્નાલાલ બાબુલાલની ધર્મશાળામાં ચોમાસું રહ્યા હતા.

તે વખતે તત્ત્વરૂચિ જિજ્ઞાસુ પુણ્યાત્માઓના હિતાર્થે શ્રી તત્ત્વાર્થ સૂત્ર જેવા ગહન, ગંભીર ગ્રંથ ઉપર વાચના બપોરે ફરમાવતા હતા.

જેની નોંધ પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.શ્રીએ ટૂંકમાં કરેલી. તેના ઉપરથી અને પોતે કરેલી નોંધના આધારે યોગ્ય સુધારા-વધારા સાથે વ્યવસ્થિત પ્રેસ કોપી રૂપે તે વાંચનાનું લખાણ સહૃદયતાનિધિ પૂ. આ. શ્રી હેમસાગર-સૂરીશ્વરજી મહારાજે તૈયાર કરેલ.

પરમકરુણાલુ, પૂ. આ. શ્રી હેમસાગર-સૂરીશ્વરજી મ. શ્રી પાસેથી વિ. સં. ૨૦૨૯ ના વૈશાખ મહિને શ્રી તત્ત્વાર્થસૂત્ર વાંચનાની ફાઈલ શ્રી આગમજ્યોતમાં પ્રકાશનાર્થે પ્રાપ્ત થઈ.

જેને ભાષાકીય-વ્યવસ્થા, પેરેગ્રાફ, લખાણની સુવ્યવસ્થા આદિથી સુસજ્જીત કરી શ્રી આગમજ્યોતમાં નવમા વર્ષથી બીજા પુસ્તકમાં પ્રકાશિત કરવાની શરૂઆત કરી.

સાત હપ્તા આવી ચૂકયા છે. ચોથા હપ્તેથી પાંચમા અધ્યાયની વાચના શરૂ થઈ છે.

ગત વર્ષના બીજા પુસ્તકના પાના ૩૬ સુધી પાંચમા અધ્યાયના પંદરમા સૂત્ર સુધીનું લખાણ આપ્યું છે.

તેની આગળનું લખાણ હવે શરૂ થાય છે. પુણ્યવાન તત્ત્વજ્ઞાનપ્રેમી જિજ્ઞાસુ વાંચકો ગીતાર્થ-મહાપુરુષની નિશ્રાએ આ લખાણના ગંભીર તત્ત્વોને સમજવા વિશિષ્ટ પ્રયત્ન કરે એ મંગલ કામના. ]

## શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર પંચમાધ્યાય વાચના

( ગત વર્ષ પુ. ૨ પા. ૩૬ થી ચાલુ )

लक्ष्यते अनेन तत् लक्षणं જેના વડે જણાય તે લક્ષણ કહેવાય. એ અર્થનું અહિં પરતઃ લક્ષણ ગ્રહણ કરવું છે. પરંતુ સ્વતઃ અમૂર્તત્વ-નિષ્ક્રિયત્વ વિગેરે જે લક્ષણો છે તે લેવાનાં નથી. તે તો અત્યાર સુધી કહેવાઈ ગયાં છે. જીવદ્રવ્યના લક્ષણ માટે પ્રથમ औपशमिकादि. એ સૂત્ર વડે સ્વતઃ લક્ષણ કહીને उपयोगलक्षणो जीवः એ સૂત્ર વડે લક્ષણ કહ્યું છે. એવી વ્યવસ્થા અહિં પણ સમજવી.

भाष्यम्-अत्राह-उक्तं भवता (अ. पू. सू. १.) धर्मादीनस्तिकायान् परस्ताल्लक्षणतो वक्ष्याम इति, तत् किमेषां लक्षणमिति ? अत्रोच्यते.

भाष्यार्थ- શિષ્ય અહિં કહે છે કે-તમોએ પાંચમા અધ્યાયમાં પ્રથમ સૂત્રમાં કહ્યું છે કે "ધર્મા-ધર્મ વિગેરે અસ્તિકાયોનું લક્ષણ અમે આગળ કહીશું" તો એ ધર્મ-અધર્મ વિગેરે અસ્તિકાય-દ્રવ્યનું શું લક્ષણ છે ?

टीकार्थ भाष्यार्थ પ્રમાણે.

હવે અવસર પ્રાપ્ત ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાયનું લક્ષણ જણાવે છે-

सूत्रम्-गतिस्थित्युपग्रहो धर्माधर्मयोरुपकारः ॥ ५-१७ ॥

सूत्रार्थ-ગતિ સહાયકપણું અને સ્થિતિસહાયકપણું એ ધર્માસ્તિકાય તેમજ અધર્માસ્તિકાયનો ઉપકાર છે.

टीकार्थ-તુલ્ય અસંખ્યેય પ્રદેશપણું હોતે છતે ( અર્થાત્ જીવ-દ્રવ્યના અસંખ્યાત પ્રદેશો છતાં તે જીવ-દ્રવ્યનું અસંખ્ય ભાગ વિગેરેમાં રહેવાપણું જણાવો છો તે પ્રમાણે ધર્મ-અધર્મના પ્રદેશો

પણ જીવ-પ્રદેશો જેટલા જ અસંખ્યાતા હોવા છતાં) ધર્મ-અધર્મનું સંપૂર્ણ લોકમાં વ્યાપીને રહેવાપણું જણાવો છો, પરંતુ જીવની માફક એક અસંખ્યેય ભાગ વિગેરેમાં રહેવાપણું જણાવતા નથી તો તેમાં કાંઈ પણ હેતુ જણાવ્યા સિવાય એ શી રીતે સમજી શકાય?

ઉત્તરમાં જણાવે છે જો એમ કહેતા હો તો અમે કહીએ છીએ તે બરાબર નિઃસંશય પદાર્થનું અસ્તિત્વ છતાં તે પદાર્થ જોવામાં સૂર્ય વિગેરેનું તેજ જેમ ઉપકારક છે, તે પ્રમાણે પ્રયોગ પરિણામ અને વિશ્રસા પરિણામ વડે ઉત્પન્ન થયેલી જુદા જુદા પ્રકારની સર્વ લોકમાં રહેનારી અને બીજા દ્રવ્યોમાં નહિ સંભવતી એવી ક્રિયાને કરનારા જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિમાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય ઉપકારક છે.

એ કાર્યથી નિશ્ચય થાય છે કે ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય સમગ્ર લોકમાં વ્યાપીને રહેલા છે, પરંતુ જીવની માફક એક અસંખ્ય ભાગ વિગેરેમાં રહેલા નથી.

ધર્મા-ધર્મની મદદથી થતું તે ગતિ-સ્થિતિરૂપ અસાધારણ કાર્ય ભાષ્યરૂપ સૂત્ર વડે જણાવાય છે.

भाष्यम्-गतिमतां गतेः स्थितिमतां च स्थितेरुपग्रहो धर्मा-धर्मयोरुपकारो यथासंख्यं उपग्रहो निमित्तमपेक्षाकारणं हेतुरित्यनर्थान्तरम् । उपकारः प्रयोजनं गुणोऽर्थ इत्यनर्थान्तरम् ॥ १० ॥

ભાષ્યાર્થ-ગતિપરિણામે પરિણમેલા જીવ અને પુદ્ગલોની ગતિ સમ્બન્ધી તેમ જ સ્થિતિ પરિણામે પરિણમેલા જીવ અને પુદ્ગલોની સ્થિતિ સમ્બન્ધી ધર્મા-ધર્મનો અનુક્રમે ઉપકાર છે.

અર્થાત્-એક જ વીજળીનો તાર અજવાળું આપે છે. રસોઈ પણ પકાવે છે. પંખાથી વાયુ પણ નાખે છે. તે પ્રમાણે ધર્મ-અધર્મ અથવા આકાશ ત્રણમાંથી કોઈ પણ એક જ દ્રવ્ય જીવ-પુદ્ગલોના ગતિપરિણામમાં ગતિ સહાયક થાય. સ્થિતિપરિણામ અવસરે

સ્થિતિ સહાયક પણ થાય અને અવકાશ આપવાના પ્રસંગે અવકાશ આપવા સમ્બન્ધી ઉપકાર કરે તો શું બાધક છે? ત્રણ દ્રવ્યથી જે કાર્ય થતું હતું તે ભલે એક જ દ્રવ્યથી ભલે થાય. તેમાં શો વિરોધ છે?

ઉત્તરમાં જણાવાય છે કે જેમ એક જ વીજળીના તારથી જોકે રસોઈ, અજવાળું અને પવન સમ્બન્ધી કાર્ય થાય છે, તો પણ જે વખતે ત્રણમાંથી જે કોઈ એક કાર્ય થતું હશે અથવા ત્રણે સાથે થતા હશે તો પણ કાર્યવિશેષ ભેદથી તારમાં પણ ભેદ પડશે તે પ્રમાણે ધર્મ-અધર્મ કે આકાશ એ ત્રણ દ્રવ્યમાંથી જે કોઈ દ્રવ્ય એક બે, અથવા ત્રણે કાર્યો સાથે કરશે તો પણ કાર્યભેદથી તે દ્રવ્યમાં અવશ્ય ભેદ માનવો પડશે. **એક જ દ્રવ્યમાં કાર્યભેદથી દ્રવ્યભેદ માનવો તે કરતાં જુદું જુદું દ્રવ્ય માનવું** એ વિશેષ યોગ્ય છે.

આ કારણથી ચાલુ સૂત્રમાં પણ એક ધર્મ દ્રવ્ય જ ગતિ-સ્થિતિ ઉપગ્રાહક છે એ પ્રમાણે અર્થ ન કરતાં **યથાસંખ્ય ન્યાયથી "ધર્માસ્તિકાય ગતિ સહાયક છે"** અને **"અધર્માસ્તિકાય સ્થિતિ સહાયક છે"** એ પ્રમાણે અર્થ કરવો એ બરાબર છે.

સૂત્રવર્ત્તી ઉપગ્રહ પદનો અર્થ ધાતુનું અનેકાર્થપણું હોવાથી બીજો ન થાય તે માટે પર્યાયવાચી શબ્દોથી અર્થ ચોક્કસ કરે છે કે उपग्रहः निमित्त-अपेक्षाकारण हेतु એ એકાર્થક શબ્દો છે.

એ જ પ્રમાણે उपकार प्रयोजन-गुण અને अर्थ એ શબ્દો પણ સરખા અર્થવાળા છે.

**ટીકાર્થ**- ગતિ શબ્દનો અર્થ ज्ञानं गमनं प्राप्तिश्चेति त्रयो गत्यर्थाः એ ન્યાયથી જ્ઞાન અથવા પ્રાપ્તિ ન થાય, તેટલા માટે સ્પષ્ટ સમજાવે છે કે એક સ્થાનમાંથી બીજા સ્થાનની પ્રાપ્તિમાં હેતુભૂત જે પરિણામ તે ગતિ કહેવાય અને તેથી વિપરીત પરિણામ તે સ્થિતિ કહેવાય. તે ગતિ અને સ્થિતિયુક્ત જીવો ગતિ અને સ્થિતિ

પરિણામ વડે પ્રવિષ્ટ-યુક્ત હોય છે. એથી એવા પ્રકારની ક્રિયાથી પરિણત થયેલું દ્રવ્ય તે જ ગતિ અને સ્થિતિ શબ્દ વડે કહેવાય છે, તેવા પરિણામ રહિત જો દ્રવ્ય હોય તો ગતિ અને સ્થિતિ ક્રિયાની પ્રાપ્તિ થતી નથી. એક જ દ્રવ્ય બંને ગતિ-સ્થિતિમાં સહાયક છે એવો અર્થ ન થાય તે માટે यथासंख्य = અનુક્રમે એ પદ આપ્યું છે.

જીવ-પુદ્ગલો ગત્યાદિ ક્રિયાવાળા છે. જ્યાં ગતિ છે ત્યાં સ્થિતિ અવશ્ય હોય છે. માટે ગતિ અને સ્થિતિ બંને ક્રિયાનું ગ્રહણ થયું છે. અથવા ધર્માસ્તિકાય દ્રવ્ય સર્વલોકવ્યાપી હોવાથી સર્વ ઠેકાણે રહેલા જીવ અને પુદ્ગલોની ગતિ હંમેશા કેમ થતી નથી ? કારણ કે સંપૂર્ણ કારણ સામગ્રી હોય તો કાર્યની ઉત્પત્તિ અવશ્ય થવી જોઈએ. એ પ્રમાણે અધર્માસ્તિકાય પણ સર્વત્ર હોવાથી હંમેશાં સ્થિતિ પણ જરૂર થવી જોઈએ.

આ શંકા દૂર કરવા માટે ભાષ્યકાર મહારાજાએ गतिमतां એ પદ આપ્યું છે, પોતાની મેળે જ જે દ્રવ્યોમાં ગતિપરિણામ અથવા સ્થિતિપરિણામ થયેલો હોય તે દ્રવ્યોને જ ધર્મ-અધર્મ દ્રવ્યો ગતિ અથવા સ્થિતિમાં આકાશ-કાલ વિગેરેની માફક અપેક્ષા કારણ તરીકે ઉપકારી છે, પરંતુ ધર્મ-અધર્મ એ જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિ બનાવનાર નથી. ગતિ-સ્થિતિને બનાવનાર તો તે ગતિપરિણામે પરિણમેલ જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય છે. ધર્માધર્મ તો અનુપઘાતક-અનુગ્રાહક-ઉપકારક છે. સ્વભાવથી અથવા પ્રયોગથી ગતિ-સ્થિતિ પરિણામે પરિણમેલા દ્રવ્યોને ગતિ-સ્થિતિમાં ધર્મ-અધર્મ ઉપકાર કરે છે.

આ જ વાત દૃષ્ટાંતથી સમજાવે છે-નદીનું આવર્ત તળાવ-હ્રદ અને સમુદ્રનું અવેગવાહિત્વ = વેગ વિનાના પ્રવાહપણું હોતે છતે એટલે કે પ્રવાહનો વેગ હોય અને વેગમાં મત્સ્ય વિગેરે તણાય તેમાં પાણીના વેગથી મત્સ્ય વિગેરેની ગતિ થાય છે, એમ કહેનારને

કહેવું હોય તો કહી શકે, તેટલા માટે અહિં વેગ વિનાનો પ્રવાહ જેમાં હોય તેવા નદીના આવર્ત તળાવ વિગેરે જળાશયો ગ્રહણ કર્યા છે.

મત્સ્ય વિગેરેનું પણ તેવા ઉંડાણવાળા જળાશયમાં વિશેષ રહેવાનું થાય છે. પોતાને જ જવાની ઇચ્છા થયેલ હોય તેવા મત્સ્યને ગતિમાં જેમ જળ ઉપગ્રાહક-મદદગાર છે, અથવા ઘડાપણે પરિણમતી માટીને જેમ દંડ ઉપકારક છે, અથવા અપેક્ષા કારણરૂપે આકાશ જેમ ઉપકારક છે, તે પ્રમાણે ધર્મા-ધર્મ ગતિ-સ્થિત પરિણત દ્રવ્યો જીવ-પુદ્ગલોને ગતિ-સ્થિતમાં ઉપકારક છે. અપેક્ષાકારણ હેતુ એ સામાન્ય કારણ જણાવનારા એકાર્થક શબ્દો છે. જે માટે કહ્યું છે—

निवर्तको निमित्तं परिणामी च त्रिधेष्यते हेतुः ।
कुम्भस्य कुम्भकारो कर्ता (दंडो)मृच्चेति समसङ्ख्यम् ॥१॥

નિર્વર્તક કારણ-નિમિત્ત કારણ-અને પરિણામી કારણ એમ ત્રણ પ્રકારના કારણો કહેલા છે. ઘટની ઉત્પત્તિમાં કુંભાર નિર્વર્તક કારણ છે. દંડ વિગેરે નિમિત્ત કારણ છે અને માટી અનુક્રમે પરિણામી કારણ છે.

ગતિમાં કારણપણાને ધારણ કરનાર પાણી નહિ ચાલનાર માછલાને પરાણે ચલાવતું નથી, એ પ્રમાણે પૃથ્વી પણ પોતાની મેળે સ્થિર રહેનાર દ્રવ્યને સ્થિતિમાં ઉપકારક છે, પરંતુ અસ્થિત દ્રવ્યને બળાત્કારે પૃથ્વી સ્થિર રાખતી નથી. પોતાની મેળે જ અવગાહ પામતા દ્રવ્યને અવગાહ આપવામાં આકાશ કારણભૂત થાય છે, પરંતુ અવગાહને નહિ પામતાં દ્રવ્યને બળાત્કારે અવગાહ આપતું નથી.

પોતાની મેળે જ ખેતીના કરનારા ખેડૂતોને વરસાદ અપેક્ષા-કારણ થાય છે, પરંતુ જે ખેતી કરનારા જ નથી, તેમને વરસાદ ખેતી કરવાની પ્રેરણા કરતો નથી. અથવા નવીન મેઘના શબ્દને

સાંભળીને ગર્ભધારણ કરનારી બગલી વરસાદના દિવસોમાં પોતાની મેળે જ બચ્ચાનો જન્મ આપે છે, પરંતુ વાંઝણી અથવા જેણીએ ગર્ભ ધારણ કરેલો નથી તેવી બગલીને વરસાદ પરાણે પ્રસૂતિ કરાવતો નથી.

ઉપર જણાવેલા બધા દૃષ્ટાંતોમાં કારણવર્તી સ્પષ્ટ ક્રિયા જણાય છે. જ્યારે ધર્માદિ દ્રવ્યોમાં સ્પષ્ટ ક્રિયા દેખાતી નથી તેથી કારણ છતાં નિષ્ક્રિય હોય તેવું દૃષ્ટાંત આપે છે. પ્રતિબોધ પામેલો પુરૂષ પ્રતિબોધ જ્ઞાનરૂપ કારણથી પાપની વિરતિનું સેવન કરનારો જોવાય છે, પરંતુ પાપથી વિરામ નહિ પામનારને જ્ઞાન પરાણે પાપની વિરતિ કરાવતું નથી. **એ પ્રમાણે ધર્માદિ દ્રવ્યો ગતિ-સ્થિતિ પરિણત જીવ પુદ્‌ગલોને ગતિ-સ્થિતિમાં સહાયક છે પરંતુ ગતિ-સ્થિતિપણે નહિ પરિણમેલાને બળાત્કારે ધર્મા-ધર્મ ગતિ-સ્થિતિ કરાવતા નથી.**

શંકા—જો એ પ્રમાણે ગતિ-સ્થિતિ પરિણત જીવ-પુદ્‌ગલોને ધર્મા-ધર્મ ગતિ-સ્થિતિમાં ઉપકારક હોય તો ઘટની ઉત્પત્તિમાં દંડ-આકાશ-કાળ-દિશા એ જેમ નિમિત્ત કારણ છે, તે પ્રમાણે ધર્મા-ધર્મ પણ ગતિ-સ્થિતિરૂપ કાર્યમાં નિમિત્ત કારણ થશે. પરંતુ પ્રથમ જે તમે અપેક્ષા કારણ તરીકે ધર્મા-ધર્મને કહ્યા છે તે અપેક્ષા કારણનો નાશ થશે.

અહિં એટલું સમજવું જરૂરી છે કે ત્રણ પ્રકારના કારણમાં નિમિત્ત કારણનો અવાન્તર ભેદ અપેક્ષા કારણ છે. એટલે કે **જે સ્વ અને પરની અપેક્ષાએ વ્યાપારવાળું કારણ હોય તે નિમિત્ત કારણ કહેવાય. અને પરની અપેક્ષાએ વ્યાપાર વિનાનું હોય તે અપેક્ષા કારણ કહેવાય.** તે પ્રમાણે અહિં ગતિ-સ્થિતિરૂપ કાર્યમાં ધર્મા-ધર્મ ઉપકારક હોવાથી તે નિમિત્ત કારણ કહેવાશે. પરંતુ અપેક્ષા કારણ નહિં કહેવાય. કારણ કે અપેક્ષા કારણ વ્યાપાર વિનાનું હોય છે.

ઉત્તર–એ શંકા બરાબર નથી. અર્થાત્ યુક્તિરહિત છે. વ્યાપાર વગરનું હોય તે કારણ થઈ શકતું જ નથી. તો કેમ હોઈ શકે ? તો કહે છે કે કુર્વત્–નિમિત્ત કારણ અને અપેક્ષા કારણ આ કારણથી જુદા જુદા હોય છે. ધર્માદિ દ્રવ્યોમાં રહેલ ક્રિયાનો જે પરિણામ તે પરિણામની અપેક્ષા રાખનારા જીવાદિ દ્રવ્યો ગતિ વિગેરે ક્રિયાને પામી શકે છે.

શંકા–જો એમ હોય તો નિમિત્ત કારણ અને અપેક્ષા કારણમાં કોઈ પણ તફાવત નથી. કારણ કે ઘટની ઉત્પત્તિમાં દંડની અપેક્ષા ઘટને છે માટે તે નિમિત્ત કારણ અથવા અપેક્ષા કારણ જેમ કહેવાય તે પ્રમાણે જીવ–પુદ્ગલોની ગતિ–સ્થિતિરૂપ કાર્યમાં ધર્માદિ દ્રવ્યોની અપેક્ષા હોવાથી તે પણ નિમિત્ત કારણ અથવા અપેક્ષા કારણ કહેવાશે.

ઉત્તર–અપેક્ષા કારણ તેમજ નિમિત્ત કારણમાં વિશેષ છે. દંડ વિગેરે નિમિત્ત કારણોમાં પ્રયોગ ક્રિયા અને વિશ્રસા–સ્વાભાવિક ક્રિયા એમ પ્રકારની ક્રિયા છે. જ્યારે ધર્મા–ધર્મ (અપેક્ષા કારણ)માં ફક્ત વિશ્રસા (સ્વાભાવિક) ક્રિયા છે. ભાષ્યકાર મહારાજાએ પણ કારણ સામાન્યનું નિમિત્ત કારણ અપેક્ષા કારણ બંનેનું પ્રતિપાદન કરવાની ઇચ્છાથી निमित्त શબ્દનું ગ્રહણ કરેલ છે. જેટલા અંશ વડે દંડ વિગેરે કારણમાં સ્વતઃ વ્યાપાર પરિણામ છે તે અંશ જણાવવા માટે निमित्त શબ્દનું ગ્રહણ કરેલું છે, અર્થાત્ દંડમાં બાહ્ય દૃષ્ટિથી પ્રયોગજન્ય વ્યાપાર દૃશ્યમાન થાય છે. પરંતુ તેમાં પણ સ્વતઃ વ્યાપાર પરિણામ અવશ્ય રહેલો છે.

જો સ્વતઃ વ્યાપાર પરિણામવાળો દંડ ન હોય તો પ્રયોગજન્ય તેમાં વ્યાપાર ઉત્પન્ન થતો જ નથી. પ્રયોગ એ વ્યાપારમાં પ્રેરક છે. તેથી પ્રયોગજન્ય કહેવાય છે. બાકી અમુક અંશે તો સ્વતઃ વ્યાપાર પરિણામ પ્રત્યેક દ્રવ્યમાં રહેલો છે.

કદાચ એમ કહેવા માંગતા હો કે ગત્યુપકારક-ગતિસહાયકપણું એ પણ અવગાહ-લક્ષણવાળા આકાશનો જ હો તો તે બરાબર નથી પરંતુ ધર્માસ્તિકાય દ્રવ્યોનો જ ગત્યુપકાર છે. કારણ કે એ દ્રવ્યથી બીજા દ્રવ્યોનો અસાધારણ ગુણ અવશ્ય માનવો જ જોઈએ. આકાશ દ્રવ્યથી ધર્માસ્તિકાય, અધમાસ્તિકાય દ્રવ્યો જુદાં છે એ યુક્તિથી તેમ જ આગમથી નક્કી કરવું જોઈએ તે બાબતમાં યુક્તિ અમો આગળ કહીશું. સર્વજ્ઞ ભગવંતે જેને પોતાનો હસ્ત અર્પણ કર્યો છે અર્થાત્ સર્વજ્ઞ-કથિત એવો આગમ જરા પણ વ્યાઘાત વગર પ્રકાશે જ છે. અર્થાત્ જે વસ્તુ જે પ્રમાણે છે તેને પ્રગટ કરે છે.

कइणं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा छ दव्वा पण्णत्ता, तं जहा-धम्मत्थिकाए, अधम्मत्थिकाए आगासत्थिकाए पुग्गलत्थिकाए, जीवत्थिकाए, अद्धासमये ॥

અર્થ-હે ભગવંત દ્રવ્યો કેટલાં ? હે ગૌતમ ? છ દ્રવ્યો કહ્યાં છે. ધર્માસ્તિકાય૦ અધર્મા૦ આકાશ૦ પુદ્ગલ૦ જીવા૦ અને કાળ આ પ્રમાણે આગમથી આકાશ દ્રવ્યથી ધર્મા૦ અધર્મા૦ દ્રવ્ય જુદાં છે એ સાબીત થયું.

શંકા-ધર્મ-દ્રવ્યની અપેક્ષા રાખ્યા સિવાય જ પક્ષીનું આકાશમાં ઉડવું, અગ્નિ-જવાળાઓનું ઉંચું જવું અને પવનની તીચ્છીં ગતિ થવી વિગેરે સ્વભાવે જ અનાદિ કાળથી સિદ્ધ છે. તો ધર્મ દ્રવ્યની ગતિ-અપેક્ષા રાખવાની શી જરૂર ?

ઉત્તર-ધર્મ-દ્રવ્યની અપેક્ષા સિવાય જ પક્ષીનું આકાશમાં ઉડવું વિગેરે થાય છે, એ કહેવા માત્ર છે. કારણ કે ધર્માસ્તિકાય દ્રવ્યના ઉપકારની અપેક્ષા રાખ્યા સિવાય જીવ-પુદ્ગલોની સ્વાભાવિક ગતિ થાય છે તેમ કહેવામાં તમે કોઈ નિર્દોષ હેતુ તેમ જ દૃષ્ટાંત તો અમને બતાવતા નથી.

કારણ કે અનેકાંતવાદીઓ ગતિ-પરિણામે પરિણમેલા જીવ-પુદ્ગલોને અધર્માસ્તિકાય ઉપકારક છે, એમ અવશ્ય માનનારા છે.

અને એ મંતવ્યમાં નિર્દોષ હેતુ તેમ જ દૃષ્ટાંત પણ અત્યાર સુધી આપતા આવે છે. જો તમે જીવ-પુદ્‌ગલને ગતિ-સ્થિતિ ધર્મના ઉપકારથી નિરપેક્ષ માનતા હો તો અમારી માફક હેતુ દૃષ્ટાંત આપી સિદ્ધ કરો. અમે સાથે જ જણાવીએ છીએ જે ધર્માધર્મ દ્રવ્યો જીવ-પુદ્‌ગલોની ગતિ-સ્થિતિ કરાવતા નથી, પરંતુ સમીપમાં રહેવા-પણાએ ગતિ-સ્થિતિ પરિણામે પરિણમેલા જીવ-પુદ્‌ગલોને ગતિ-સ્થિતિમાં ઉપકાર કરે છે.

જેમ એક વિદ્યાર્થીને અથવા ભિક્ષુકને એક સ્થાનેથી બીજે સ્થાને જવું હોય, પરંતુ જ્યાં પોતે છે ત્યાં ભિક્ષા-મિષ્ટાન્ન વિગેરે મળવાના સમાચાર જાણીને ત્યાં રહી જાય છે, એટલે ભિક્ષા તે ભિક્ષુકને ત્યાં વાસ કરાવે છે. અથવા એક વિદ્યાર્થીને અંધકાર વિગેરે કારણથી ભણવાની ઈચ્છા નથી, પરંતુ તેવા અવસરમાં લીંડીનો અગ્નિ (લીંડીનો અગ્નિ લેવાનું કારણ એ છે કે ઘાસ વિગેરેના અગ્નિની માફક તે એકદમ ઓલવાઈ જતો નથી.) પ્રગટ થવાથી તેના પ્રકાશમાં પોતે ભણવાનું મન કરી ભણવા બેસે છે. એટલે કે ભણવામાં જેમ એ લીંડીનો-છાણાનો અગ્નિ જેમ ઉપગ્રાહક છે, તે પ્રમાણે ગતિ-સ્થિતિપરિણત જીવ-પુદ્‌ગલોને ધર્મા-ધર્મ દ્રવ્ય ગતિ-સ્થિતિમાં ઉપકારક છે.

**વાદીની શંકા**-ધર્માસ્તિકાય લોકવ્યાપી છે અને તેનો અવશ્ય સદ્‌ભાવ છે. એ પ્રમાણે માનનારા એવા તમારે પણ ધર્માસ્તિકાય ગત્યુપકારક છે. અધર્માસ્તિકાય સ્થિત્યુપકારક છે, એમ કહેવું એ કહેવામાત્ર છે.

**સિદ્ધાંતકારનો ઉત્તર**-અમારૂં પૂર્વોક્ત કથન કહેવા માત્ર છે, એમ નથી પરંતુ યુક્તિયુક્ત છે તે તમો સાવધાન થઈને સાંભળો. જીવોને અને પુદ્‌ગલોને પોતાની મેળે જ ગતિ-સ્થિતિ પરિણામ થવાથી **પરિણામી કારણ, નિર્વર્તક કારણ** અને **નિમિત્ત કારણ** એ ત્રણ કારણથી વ્યતિરિક્ત ઉદાસીનકારણરૂપ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયની અપેક્ષાએ ગતિ-સ્થિતિ થાય છે.

કારણ કે જીવ-પુદ્ગલોનો સ્વ-સ્વભાવ અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્ર તેમ જ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે, જે હંમેશાં જીવ-પુદ્ગલોમાં રહેલા જ છે. જ્યારે ગતિ અને સ્થિતિ એ સ્વાભાવિક પર્યાય નથી, પરંતુ અસ્વાભાવિક હોઈ સ્વાભાવિક-પર્યાયની માફક સદા-કાળ ન રહેતાં કદાચિત્ હોય છે.

જેમ માછલાને ચાલવાની ઈચ્છા છે અને સ્વ-શક્તિથી ચાલે છે, પરંતુ સાથે રહેલ જળ જેમ ઉદાસીન કારણ તરીકે તેમાં જરૂર સહાયક છે. જળ મચ્છને ચલાવતું નથી પણ ઉદાસીન કારણ તરીકે જળ મચ્છને ગતિમાં ઉપકારક જરૂર છે. તેમ જ બન્ને ધર્મ-અધર્મ અમૂર્ત છતાં એકના અભાવમાં બીજો જણાઈ શકતો નથી. તેમજ એકનો ઉપકાર બીજાથી થઈ શકતો નથી. *

* **પ્રશ્ન**-જીવ અને પુદ્ગલોને સ્વયં ગમન કરવાની અથવા સ્થિર રહેવાની અભિલાષા ઉત્પન્ન થાય છે અને પોતાની શક્તિથી ગતિ કરે છે, તો પછી ઉપકારક તરીકે ત્રિશંકુ તુલ્ય ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયને માનવાની શી જરૂર ?

**ઉત્તર**-અહીં સમજવાની જરૂર છે કે જીવ અને પુદ્ગલોની રહેવા સંબંધી સ્થાન મર્યાદા છે કે કેમ ? જો સ્થાન મર્યાદા હોય તો તે કેટલી છે ? કહેશો કે લોકાકાશ પ્રમાણ સ્થાન મર્યાદા છે. જો લોકાકાશ પ્રમાણ સ્થાન મર્યાદા હોય તો તેટલી જ મર્યાદા હોવાનું કારણ શું ? અવગાહ આપનાર આકાશ દ્રવ્ય તો લોકથી પણ અનંતગુણ હજુ આગળ પડેલ છે. તો પછી જીવ-પુદ્ગલો લોકાકાશમાં જ રહે છે, અલોકાકાશમાં કેમ રહેતાં નથી ? જો અલોકાકાશમાં રહેતા હોય તો એક જ સ્થાનમાં અનંત પુદ્ગલ સ્કંધો તેમ જ અનંત જીવો માનવા પડે છે, તે પણ માનવાનો પ્રસંગ નહિં આવે, છતાં એક જ સ્થાનમાં અનંત પુદ્ગલો, અનંત જીવો રહેલા છે એ શાસ્ત્ર-સિદ્ધ છે તો અલોકમાં તે જીવ-પુદ્ગલોનું ગમન કિંવા સ્થિતિ કેમ નથી ?

સમાધાન તરીકે અવશ્ય માનવું પડશે કે જીવ-પુદ્ગલોની ગતિ-સ્થિતિ મર્યાદામાં અવશ્ય કાંઈ નિયામક હોવું જોઈએ. અને તે નિયામક ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય છે.

માટે એ ધર્મા-ધર્મનું લક્ષણ તે જ ઉપકાર-પ્રયોજન-સામર્થ્ય-ગુણ-અને અર્થ વિગેરે સમાન અર્થવાળા શબ્દોથી કહેવાય છે.

ઉપકાર-એટલે ગતિ-સ્થિતિ પરિણામે પરિણમેલા જીવ-પુદ્ગલોને પાસે રહીને ગતિ-સ્થિતિ સંબંધી વ્યાપાર કરાવવો તે જીવ-પુદ્ગલોને ગતિ-સ્થિતિમાં સહાયક થાય તે પ્રમાણે વર્તવું તેનું નામ **પ્રયોજન.**

અતિશય ઉપકારી હોય તે ગુણ કહેવાય.

પોતાની શક્તિનો પ્રભાવ તે **સામર્થ્ય.**

બીજા દ્રવ્યોમાં નહિ સંભવતું કારણ તેનું નામ **અર્થ** કહેવાય છે.

જ્યારે અતીન્દ્રિય એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયના ઉપકારની સિદ્ધિપૂર્વક દ્રવ્યનું અસ્તિત્વ નક્કી કર્યું તો આગળ જણાવેલ અતીન્દ્રિય-આકાશનો ઉપકાર શો છે ?-તે જણાવો.

सूत्रम्-आकाशस्यावगाहः ५-१८

**શબ્દાર્થ**-આકાશનો ઉપકાર અવગાહ છે.

**ટીકાર્થ :-પ્રશ્ન**-તમોએ પ્રથમ જ लोकाकाशेऽवगाहः એ સૂત્રથી પ્રથમ જ જણાવ્યું છે જે "**લોકાકાશમાં અવગાહ છે**" એથી આકાશનું લક્ષણ પ્રદર્શિત કર્યું છે. તો પછી પુનઃ ઉપકારરૂપ લક્ષણ કહેવાનો આરંભ શા માટે કરો છો ?

**ઉત્તર**-બરાબર છે. પ્રથમ તો જીવ અને પુદ્ગલોનું પ્રાધાન્ય જણાવવા માટે એટલે લોકાકાશમાં જીવ અને પુદ્ગલોનો અવકાશ છે, એ જણાવવા માટે પ્રથમ लोकाकाशे अवगाहः એ સૂત્ર કહેલું છે, જ્યારે અહિં તો આકાશ-દ્રવ્યનું સ્વરૂપ ચોક્કસ કરાય છે.

લોકાકાશમાં જીવ-પુદ્ગલોનો અવગાહ છે, એમ જે કહ્યું તે પણ આ સૂત્રના સ્વરૂપને ધ્યાનમાં રાખીને કહેલ છે. માટે પદાર્થનું

નિરૂપણુ સ્વરૂપ દ્વારા અવશ્ય કરવું જોઈએ. તે કારણથી જ સૂત્રનો આરંભ છે.

કાર્મણ-વર્ગણાના પુદ્ગલ-સ્કંધોમાં અનંતા-અનંત પ્રદેશો છે. અર્થાત્ અનંતાનંત પ્રદેશોના બનેલા સૂક્ષ્મ-પરિણામી સ્કંધો જ કર્મયોગ્ય હોઈ જીવ-યોગાનુસાર તે પુદ્ગલોને ગ્રહણ કરી કર્મપણે પરિણમાવી શકે છે. એ વાત યદ્યપિ સિદ્ધ છે. તો પણ એમ શંકા થાય છે કે અનંતાનંત પ્રદેશી સૂક્ષ્મ-પરિણામી સ્કંધો જ જીવના ગ્રહણ થવા પૂર્વક કર્મપણે પરિણમાવે અને અનંત પ્રદેશી અથવા અસંખ્યપ્રદેશી સ્કંધોને જીવ ગ્રહણ કરી કર્મપણે ન પરિણમાવી શકે તેમાં શું કારણ?

**સમાધાનમાં** સમજવું જોઈએ કે એક જીવના આત્મ-પ્રદેશો અસંખ્ય છે. એક એક આત્મ-પ્રદેશના જ્ઞેય અનંતા છે. ઉપલક્ષણથી દર્શન પર્યાય-ચારિત્ર પર્યાય અનંત છે અને એ જ્ઞેયના અનંત વિષયોમાં પણ ભૂતકાળ તેમજ ભવિષ્ય કાળસંબંધી પર્યાયોની વિચારણા કરતાં અનંતાનંત જ્ઞેય થાય છે. એ પ્રમાણે પ્રત્યેક આત્મપ્રદેશના અનંતાનંત જ્ઞેયનું આચ્છાદન-આવરણ કરવા માટે સંખ્યપ્રદેશ-અસંખ્યપ્રદેશ કિંવા અનંત પ્રદેશના બનેલા સ્કંધો નિરૂપયોગી હોઈ અનંતાનંત-પ્રદેશી સ્કંધોમાં જ અનંતાનંત-જ્ઞેયનું આચ્છાદન કરવાની શક્તિ હોઈ અનંતાનંત-પ્રદેશી-સ્કંધોને જ જીવ ગ્રહણ કરી કર્મ-પણે પરિણમાવી શકે છે, પરંતુ અસંખ્ય-અનંત પ્રદેશી સ્કંધોનું કર્મપણે પરિણમન થતું નથી.

કદાચ એમ કહો કે એક ચક્ષુથી યદ્યપિ અનેક પદાર્થો દૃષ્ટિગોચર થાય છે. તો પણ એ ચક્ષુની આડું સહેજ નાનું પણ આવરણ આવશે તો તે ચક્ષુથી દૃશ્યમાન થતા સર્વ પદાર્થો દૃષ્ટિગોચર નહિ થાય તે પ્રમાણે એક-એક આત્મપ્રદેશના ભલે અનંતા જ્ઞેય હોય, પરંતુ સંખ્ય-અસંખ્ય પ્રદેશી એકાદ પુદ્ગલ સ્કંધ તેની સાથે સંબંધ પામી કર્મપણે પરિણમે તો એ આત્મપ્રદેશના અનંતાનંત જ્ઞેયનું આવરણ

સહેજે થશે છતાં અનંતાનંત પ્રદેશી પુદ્ગલ-સ્કંધોનું ગ્રહણ કરવું કેમ ઉચિત માનો છો?

તો જણાવાય છે જે યદ્યપિ ચક્ષુ અને તેની ઉપર મૂકાતું નાનું આવરણ મૂર્ત તેમજ સ્થૂળ-પરિણામી છે, જ્યારે આત્મ-પ્રદેશ અમૂર્ત અને તે એક આત્મ પ્રદેશ ઉપર રહેવાવાળો સ્કંધ સૂક્ષ્મ પરિણામી જ માનવો છે. એથી દૃષ્ટાંતનું સામ્ય નથી તો પણ ચક્ષુ ઉપર આવરણ આવવાથી અમુક વખત પહેલાં દૃશ્યમાન થતા પદાર્થો તે વખતે દૃષ્ટિ-વિષયક થતા નથી તો પણ પ્રથમ જોયેલ પદાર્થો સંબંધી જ્ઞાન અવશ્ય છે. એટલે કે દૃષ્ટાંતના આવરણમાં વર્તમાન કાળસંબંધી જ જ્ઞાનનો વિઘાત થાય છે, પરંતુ ભૂત-ભવિષ્યત્ સંબંધી જ્ઞાનનું અસ્તિત્વ છે. જ્યારે આત્મપ્રદેશમાં રહેલ અનંતાનંત જ્ઞેયનો આવારક પુદ્ગલ સ્કંધ એવો ગ્રહણ કરવો છે કે જે પુદ્ગલ-સ્કંધનું કર્મપણે પરિણમન થયા બાદ ભૂત-ભવિષ્યત્ અને વર્તમાન ત્રૈકાલિક જ્ઞાનનો વિઘાત થઈ શકે તેમજ એક આત્મપ્રદેશની અવગાહના એક આકાશ પ્રદેશ પ્રમાણે છે અને એક આકાશ પ્રદેશ પ્રમાણ એક આત્મપ્રદેશ ઉપર રહેનાર પુદ્ગલ સ્કંધ અવશ્ય સૂક્ષ્મ પરિણામી જ લેવો પડશે. કારણ કે સૂક્ષ્મ પરિણામ સિવાય એક આકાશ પ્રદેશ પ્રમાણ અવગાહના થશે નહિ. એમ સૂક્ષ્મ પરિણામ અનંતાનંત પ્રદેશોનો સ્કંધ થશે ત્યારે થશે. માટે અનંતાનંત પ્રદેશી પુદ્ગલ સ્કંધો કામણ વર્ગણા માટેના છે. પરંતુ તે સિવાયના પુદ્ગલ સ્કંધો કામણવર્ગણા યોગ્ય નથી.

भाष्यम्-अवगाहिनां धर्माऽधर्म-जीव-पुद्गलानामवगाह आकाशस्योपकारः ।

**શબ્દાર્થ :** અવગાહ કરવાવાળા ધર્મ-અધર્મ જીવ-પુદ્ગલોને અવગાહ આપવો એ આકાશ-દ્રવ્યનો ઉપકાર છે.

**ટીકાર્થ :** પ્રથમ નિર્દિષ્ટ આકાશ દ્રવ્યનું લક્ષણ અવગાહ છે. એટલે કે અનુપ્રવેશ કરાવવો તેમજ પાછા કાઢવું તે રૂપ અવગાહ એ આકાશ-દ્રવ્યનો ઉપકાર છે. આકાશનો ઉપકાર અવગાહ છે, એ

વાત બરાબર છે, પરંતુ અવગાહ લેવાવાળા હોય તેને આકાશ અવગાહ આપવામાં ઉપકારી હોઈ કોણ અવગાહ લેવાવાળા છે? તેનો સંબંધ જણાવે છે, જે અવગાહ લેવાવાળા ધર્મ-અધર્મ પુદ્‌ગલોને આકાશ અવગાહ આપે છે. અર્થાત્ એ ધર્મ-અધર્મ વિગેરે જણાવેલા દ્રવ્યોને આકાશ અવગાહ આપવામાં ઉપકારી હોઈ આકાશનું સ્વતત્ત્વ અવગાહ છે એટલે કે અવગાહ રૂપ લક્ષણે આકાશનું અસ્તિત્વ સંબંધી પ્રતિપાદન થાય છે.

તાત્પર્ય આ પ્રમાણે છે. અવગાહ કરનારા ધર્મ, અધર્મ, જીવ-પુદ્‌ગલોને આકાશ અવગાહ આપે છે, અર્થાત્ એ ધર્મ-અધર્મ વિગેરે જણાવેલા દ્રવ્યોને આકાશ અવગાહ આપવામાં ઉપકારી આકાશનું સ્વતત્ત્વ અવગાહ છે. એટલે કે અવગાહ પામતા જીવ-દ્રવ્યોને આકાશ અવગાહ આપે છે, પરંતુ અવગાહને નહિ પામનારા એવા જીવ-પુદ્‌ગલોને બળાત્કારે પોતાની પાસે લાવી અવગાહ આપે છે. તેમ નથી. એથી અવગાહ પામનારા દ્રવ્યોના અવગાહ રૂપ કાર્યમાં આકાશ નિમિત્ત કારણ છે.

ધર્મા-ધર્મની સિદ્ધિ પ્રસંગે જણાવેલ પાણી અને મત્સ્ય વિગેરે અનેક દ્રષ્ટાંતો અહિં પણ વિચારી જવાં.

**શંકા**-પુદ્‌ગલાદિ-દ્રવ્યોનો આકાશમાં જે અવગાહ થાય છે, તેમાં પુદ્‌ગલ વિગેરેનો અવગાહ લેવાનો સ્વભાવ હોઈ તેમજ આકાશનો અવકાશ આપવાનો સ્વભાવ હોઈ બન્નેમાં અવગાહનો સંબંધ રહેલો છે, તો કેવળ આકાશનું જ સ્વ-તત્ત્વ (લક્ષણ) અવગાહ છે. તેમ કેમ કહો છો? બે આંગળીના સંયોગમાં સંયોગનો સંબંધ બન્ને અંગુલીમાં રહેલો છે અથવા જે પ્રમાણે બે દ્રવ્યથી ઉત્પન્ન થયેલ સંયોગ એકમાં રહેલો છે, એમ કહી શકાતું નથી. અથવા સંયોગ એકનું લક્ષણ છે. એ પ્રમાણે પ્રતિપાદન થતું નથી. તે મુજબ અહીં પણ ધર્મ-અધર્મ-જીવ-પુદ્‌ગલો અવગાહ લેનારા હોઈ આકાશ દ્રવ્ય અવગાહ આપનાર હોઈ અવગાહનો સંબંધ બંનેમાં છે, પરંતુ કેવળ આકાશનું અવગાહ-લક્ષણ છે તેમ કેમ કહો છો?

શંકા કરનારનો આશય એ છે કે જેમ એક યાચક શેઠ પાસે યાચના કરવા જાય છે તે પ્રસંગમાં યાચકને લાભાન્તરાયનો ક્ષયો-પશમ થયો હોય અને શેઠને દાનાન્તરાયનો ક્ષયોપશમ થયો હોય તો જ દાનરૂપી કાર્ય બની શકે છે, પરંતુ એમાંથી એકના અભાવમાં તે વસ્તુ બની શકતી નથી. તે પ્રમાણે અહીં ધર્મા–ધર્માદિ દ્રવ્યો અવગાહ લેનાર છે અને આકાશ દ્રવ્ય અવગાહ આપનાર છે તો અવગાહ એ એક આકાશનોજ ગુણ કેમ હોઈ શકે ?

**ઉત્તર** : તમારૂં કહેવું યોગ્ય છે, અર્થાત્ શંકા બરાબર છે. તો પણ એવું જે આકાશ તે અવગાહ્ય=અવગાહ કરવા યોગ્ય હોઈ મુખ્ય છે. જેમાં અનુપ્રવેશ રૂપ અવગાહ થઈ શકે તેજ આકાશનું લક્ષણ ઈષ્ટ છે. જ્યારે અવગાહ કરનારા પુદ્ગલો વિગેરેના સંયોગથી અવગાહની ઉત્પત્તિ છે, તો પણ તેની અહીં વિવક્ષા નથી. માટે અવગાહ તે આકાશનું લક્ષણ છે. કારણ કે અસાધારણ કારણપણાએ અવગાહ આપવામાં આકાશ ઉપકારક છે. અને તેથી અન્ય–દ્રવ્યથી નહિં સંભવતા અવગાહ રૂપ ઉપકાર વડે અતીન્દ્રિય એવું પણ આકાશ આત્મદ્રવ્યની માફક અથવા ધર્મ–અધર્મ દ્રવ્યની માફક અનુમાનથી જાણવા લાયક છે.

આ વસ્તુ દૃષ્ટાંતથી સમજાવે છે–જેમ પુરુષનો હાથ–દંડ તેમજ ઢોલ એ ત્રણેના સંયોગથી શબ્દથી ઉત્પત્તિ થાય છે, છતાં ઢોલનો શબ્દ એ પ્રમાણે જ બોલાય છે અથવા પાણી–માટી અને યવનું બી એ ત્રણના સંયોગથી યવાંકુરની ઉત્પત્તિ છતાં યવનો અંકુર જ જેમ કહેવાય છે તે પ્રમાણે અસાધારણ કારણપણાથી અવગાહ પણ આકાશનો ગુણ છે એમ જરૂર માનવું જોઈએ.

વળી દેવદત્ત બેસે છે. આ દૃષ્ટાંતમાં જેમ બેસવાની ક્રિયા અર્થાત્ બેસવાપણું દેવદત્તમાં છે. તે પ્રમાણે પરમાણુ અવગાહે છે, જીવ અવગાહે છે વિગેરે દૃષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે અવગાહ ગુણ પરમાણુ પુદ્ગલનો તેમજ જીવનો છે એ પ્રમાણે જેઓની માન્યતા છે. તે પણ ઉપર જણાવેલ **ભેરી** શબ્દના દૃષ્ટાંતથી દૂર થાય છે.

શંકા-તમોએ જણાવેલું અવગાહરૂપ આકાશનું લક્ષણ સર્વ ઠેકાણે અલોકાકાશમાં નહિ હોવાથી અવ્યાપક લક્ષણ છે.

કારણ કે અલોકાકાશમાં અવગાહક-દ્રવ્યોના અભાવે આકાશનો અવગાહ-ગુણ સિદ્ધ થઈ શકતો નથી, તો પછી અવગાહ આકાશનું લક્ષણ કેમ સંભવે ?

ઉત્તર-અવગાહને સર્વ આકાશનું લક્ષણ સિદ્ધાંતના જાણકાર પુરૂષો કહેતા જ નથી. પરંતુ લોકાકાશનું જ અવગાહ લક્ષણ કહેવાય છે. અને એ કારણથી જ અમોએ પ્રથમ "लोकाकाशे अवगाहः" એ સૂત્ર વડે લોકાકાશમાં જ જીવ-પુદ્ગલોનો અવગાહ છે એમ જણાવેલ છે. આકાશ દ્રવ્ય તો પોલાણરૂપ એકસરખા સ્વભાવવાળું છે, પરંતુ અવગાહ લેવાવાળા ધર્મ-અધર્મ વિગેરે દ્રવ્યોથી લોકાકાશ-અલોકાકાશ એવા બે વિભાગ થયેલા છે, એટલે કે શુષિર લક્ષણ ન માનતાં અવગાહ લક્ષણ માનીએ તો સરખું પોલાણ (સ્થાન-દાતૃત્વ) છતાં અવગાહ લક્ષણથી લોકાકાશ અથવા અલોકાકાશ લક્ષણ વિનાનું જ થશે.

હવે કોને કેવી રીતે આકાશ દ્રવ્ય ઉપકાર કરે છે? તે ભાષ્યકાર મહારાજા જણાવે છે-

भाष्यम्-धर्मा-धर्मयोरन्तःप्रवेशसम्भवेन पुद्गलजीवानां संयोग-विभागैश्चेति ॥१८॥

ભાષ્યાર્થ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયનો ક્ષીર-નીરની માફક અથવા લોઢાના ગોળામાં અગ્નિ-પ્રવેશની માફક અંતઃપ્રવેશ થવા દ્વારા અને પુદ્ગલ તથા જીવોને સંયોગ તેમજ વિભાગ દ્વારા અવગાહ આપવા સંબંધી આકાશ દ્રવ્ય ઉપકાર કરે છે.

ટીકાર્થ-ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના પ્રદેશો લોકના છેડા સુધી લોકાકાશના એકેક પ્રદેશમાં નિર્વિભાગપણે રહેલા છે, એ પ્રમાણે પોતાનામાં અવકાશ આપવા વડે-અંતઃપ્રવેશ આપવા વડે આકાશદ્રવ્ય ધર્મા-ધર્મનો ઉપકાર કરે છે, કારણ કે ધર્મા-ધર્મ

પ્રદેશોનું આકાશ પ્રદેશોની અંદર લોહ-ગોળામાં અગ્નિ-પ્રવેશની માફક રહેવાપણું થાય છે અને અલોકાકાશમાં તેનો અસંભવ છે. અર્થાત્ તે પ્રમાણે થતું નથી.

જીવ અને પુદ્ગલોનું એક આકાશ *-પ્રદેશમાં તેમ જ અસંખ્ય* આકાશ પ્રદેશમાં અવગાહીને રહેવાનું હોઈ તેમજ એ જીવ-પુદ્ગલો સક્રિય હોઈ જીવ-પુદ્ગલોને સંયોગ અને વિભાગ દ્વારા આકાશદ્રવ્ય અવગાહ આપવા સંબંધી ઉપકારક છે, એટલે કે પુદ્ગલની અવગાહના એક પ્રદેશથી લઈને યાવત્ ચૌદ રાજલોક પર્યંત અવગાહના છે અને જીવની અવગાહના અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણથી કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ ચૌદ રાજ પર્યંત છે.

વળી પ્રથમ જણાવી ગયા પ્રમાણે જીવ-પુદ્ગલો ક્રિયાવાળા છે. તેમ જ ક્ષેત્રાવસ્થાન-કાળનું પણ પરિમિતપણું છે. તેથી એક સ્થાનેથી બીજે સ્થાને જીવ તથા પુદ્ગલોની અવગાહનાનું પરિવર્તન થાય છે. તે વખતે અન્ય-દેશનો સંયોગ તેમજ પૂર્વ-દેશનો વિયોગ થતો હોઈ સંયોગ-વિભાગ દ્વારા આકાશ દ્રવ્ય જીવ-પુદ્ગલોને અવગાહ આપવા સંબંધી ઉપકાર કરે છે.

જો જીવ-પુદ્ગલોની અવગાહના ધર્મા-ધર્મ દ્રવ્યની માફક ચૌદ રજ્જુ પ્રમાણ હોય અથવા ચૌદ રજ્જુ પ્રમાણ ન હોય તો પણ એ જીવ-પુદ્ગલો જો ક્રિયાવાળા ન હોય તો પણ સંયોગ-વિભાગ દ્વારા અવગાહ સંબંધી ઉપકાર કરવાનો સંભવ આકાશ દ્રવ્યને ન ઘટે. પરંતુ અવગાહનાની ન્યૂનતા, ક્રિયાયુક્ત તત્ત્વ તેમજ ક્ષેત્રાવસ્થાન કાળનું નિયતપણું આ બધા કારણોને અંગે જીવ-પુદ્ગલોની અવગાહનાનું પરિવર્તન થતું હોઈ સંયોગ-વિભાગ દ્વારા આકાશદ્રવ્ય ઉપકારક છે.

આ જ વાત ટીકાકાર મહારાજા સમજાવે છે-

* જઘન્ય પુદ્ગલની અવગાહના આશ્રયી સમજાવ્યું.
* જીવની જઘન્ય અવગાહનાની અપેક્ષાએ વિચારવું.

જુદા સ્થાને અવગાહીને રહેલા માત્ર-મનુષ્ય તેમજ ઢેકું વિગેરે જુદા સ્થાને અવગાહના લેતા જોવામાં આવે છે. દરેક સ્થાને આકાશ દ્રવ્ય પોતાનામાં દરેક જીવ-પુદ્‌ગલોને સ્થાન આપતું હોવાથી એક અવગાહ પણ અવગાહનારા દ્રવ્યો સંબંધી ઉપાધિ-ભેદથી જુદો જુદો જણાય છે.

ભાષ્યકાર મહારાજાએ જણાવેલા च શબ્દથી સંયોગ-વિભાગની સાથે અંતઃપ્રવેશનું પણ ગ્રહણ કરવાનું છે, શુષિર-પોલાણ એ આકાશનું લક્ષણ કહો છો તો પોલાણ-કોઈપણ દ્રવ્યનો અભાવ તેનું નામ પોલાણ કહેવાય. અને એમ કહેશો તો અભાવ સ્વરૂપે રહેલ આકાશ દ્રવ્ય અવગાહ સંબંધી ઉપકાર કરે છે. એ પ્રમાણે કહેવાનો પ્રસંગ આવશે. અને એ પ્રમાણે કહ્યું, એ કોઈપણ પ્રકારે ઈષ્ટ નથી કારણ કે અભાવ એ ઉપકારક હોઈ શકતો નથી.

આવી શંકાનું ઉત્થાન ટીકાકાર મહારાજ કરે છે અને પ્રત્યુત્તર આપે છે કે—

શશશૃંગની માફક શુષિર રૂપ અભાવને અમારે ઉપકારક કહેવો જ નથી શુષિરનો અર્થ અભાવ ન કરતાં અનાવરણ એટલે કે કોઈપણ પ્રકારના આવરણનો અભાવ જેમાં હોય તેને આકાશ કહેવું એવું જો કહેતા હો તો પાણીમાં માણસ અવગાહે છે. તે પ્રમાણે આકાશમાં જીવ-પુદ્‌ગલો અવગાહે છે. તે દ્રષ્ટાંતનું સામ્ય નહિ થાય.

વળી જેને આવરણ નથી તે અનાવરણ એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરતાં અન્ય પદાર્થનું પ્રાધાન્ય બહુવ્રીહિમાં હોઈ ભાવ રૂપ પદાર્થ આવશે.

આવરણથી બીજું તે અનાવરણ અથવા જે આવરણ ન હોય તે અનાવરણ એ પ્રમાણે નમ્ તત્પુરૂષ સમાસમાં **પર્યુદાસ** અથવા **પ્રસજ્યપ્રતિષેધ** બેમાંથી કોઈનો સ્વીકાર કરશું તો પણ દોષની પ્રાપ્તિ સાથે નહિ ઈચ્છા છતાં બળાત્કારે અન્ય-પદાર્થ માનવાનો

પ્રસંગ જરૂર આવશે – માટે આકાશ એ અભાવ રૂપ નથી તેમજ અનાવરણ રૂપ પણ નથી કારણ કે અનાવરણ એ અવગાહ રૂપ કાર્યમાં પ્રતિબંધક થતું નથી. એટલે કે જ્ઞાનાવરણીય કર્મનું અનાવરણ એ અનંતજ્ઞાનમાં પ્રતિબંધક થતું નથી તે પ્રમાણે અનાવરણ એ અવગાહ સ્વરૂપ કાર્યમાં પ્રતિબંધ કરતું નથી. પરંતુ તેથી આકાશ પોતે જ અનાવરણ રૂપ છે એમ કહેવું તે યોગ્ય નથી.

એ પ્રમાણે અભાવ રૂપ અનાવરણ રૂપ આકાશને માનનારાઓને યુક્તિપૂર્વક પરાસ્ત કર્યા, એટલામાં નૈયાયિક–વૈશેષિક દાખલ થઈને પોતાની માન્યતા રજૂ કરે છે.

સ્પર્શનેન્દ્રિયથી પ્રત્યક્ષ થતા સ્પર્શગુણનો આધાર **વાયુદ્રવ્ય** છે. રસનેન્દ્રિયથી પ્રત્યક્ષ થતા રસનો આધાર જળ **દ્રવ્ય** છે. ઘ્રાણેન્દ્રિયથી પ્રત્યક્ષ થતા ગંધગ્રહણનો આધાર **પૃથ્વી દ્રવ્ય** છે. ચક્ષુરિન્દ્રિયથી પ્રત્યક્ષ થતા રૂપનો આધાર **તેજો દ્રવ્ય** છે. એ પ્રમાણે રૂપ-રસ–ગંધ–સ્પર્શ–ગુણોનો આધાર અનુક્રમે તે જ પાણી–પૃથ્વી–અને વાયુ છે. પરંતુ શ્રોત્રેન્દ્રિયથી પ્રત્યક્ષ થતા શબ્દનો આધાર કોઈ દેખાતો નથી. માટે **આકાશ** હોવું જોઈએ.

એ પ્રમાણે કલ્પના કરી નૈયાયિકો શબ્દને ગુણ રાખી તેને આધાર તરીકે આકાશને જણાવે છે.

આ આશયને ટીકાકાર મહર્ષિ अपरे शब्दलिंगमाकाशं संगिरते ઈત્યાદિ પદથી જણાવી પછી યુક્તિ પુરઃસર તે મંતવ્યનો નિરાસ કરે છે.

નૈયાયિકો શબ્દ છે લિંગ જેનું એવું આકાશને જાહેર કરે છે.

શબ્દાત્મક લિંગ વડે આકાશ અનુમાન કરવા લાયક છે. એટલે શબ્દ એ લિંગ છે. અને આકાશ લિંગી છે. શબ્દ એ લક્ષણ છે અને આકાશ લક્ષ્ય છે એમ પ્રતિપાદન કરે છે અને તે પ્રતિપાદનમાં શબ્દ અને આકાશનું ગુણ–ગુણીસંબંધપણાએ રહેવાનું અર્થાત્ શબ્દ એ ગુણ છે અને આકાશગુણી છે એમ કથન કરે છે પરંતુ તે વસ્તુ અયોગ્ય છે.

કારણ કે ઈંદ્રિયો દ્વારા આત્માને તે તે દ્રવ્યોનું જે પ્રત્યક્ષ થાય છે, તેમાં ઈંદ્રિયો અને તે તે દ્રવ્યોમાં રહેલ સ્પર્શ-રસ વિગેરેનો **વ્યંજનાવગ્રહ** કારણ છે. જેને અન્ય મતમાં **સંનિકર્ષ** કહેવામાં આવે છે.

અહિં ચક્ષુ અને મનનો વ્યંજનાવગ્રહ ગણવાનો નથી, કારણ કે ચક્ષુ અને મન એ પોતપોતાના વિષયનો સંબંધ કર્યા સિવાય પણ વિષય સંબંધી જ્ઞાન જાણી શકે છે.

કહેવાનો આશય એ છે કે રસનેન્દ્રિય દ્વારા દ્રવ્યમાં રહેલ રસનું ભાન થયું પરંતુ તે દ્રવ્યના ગુણભૂત એવો જે રસ તેનો જ કેવળ રસનેન્દ્રિય સાથે સંબંધ થયો અને એ રસ જે દ્રવ્યમાં રહેલો છે તેનો સંબંધ ન થયો એવું કોઈ પણ રીતે કહી શકાતું જ નથી. ગુણ એકલામાં એક સ્થાનેથી અન્ય સ્થાને જવાની શક્તિ જ નથી. એ પ્રમાણે અન્ય ઇન્દ્રિયો અને તે ઇન્દ્રિયોના વિષયો માટે પણ સમજવું.

જ્યારે એ નિર્ણય થયો કે **કેવળ ગુણનો તે ઈંદ્રિય સાથે સંબંધ થતો નથી** તો પછી શબ્દને ગુણ તરીકે માનશું તો કેવળ ગુણભૂત એવો જે શબ્દ તેનો શ્રોત્રેન્દ્રિય સાથે સંબંધ થશે નહિ અને સંબંધના અભાવે શ્રોત્રેન્દ્રિયને શબ્દ સંબંધી ભાન પણ થશે નહિ. માટે શબ્દ એ આકાશનો ગુણ નથી.

ટીકાકાર આ વસ્તુની વિશેષ સિદ્ધિ માટે પુષ્ટિ કરે છે કે શબ્દ રૂપાદિવાળો હોઈ મૂર્ત્તિમાન છે. રૂપાદિમત્તા શી રીતે છે એ જો જાણવું હોય તો કૂવા વિગેરે સ્થાનોમાં પડતો શબ્દનો પડઘો નાના શબ્દથી મોટા શબ્દનું હણાવું વિગેરે કારણોથી શબ્દમાં મૂર્ત્તિમત્તા છે એ નિશ્ચય થાય છે.

કારણ કે જો મૂર્ત્તિમત્તા ન હોય અને અમૂર્ત્ત હોય તો પ્રતિઘાત-અભિભવ વિગેરે સંભવી શકે નહિ.

હંમેશાં ગુણોનો એવો સ્વભાવ છે કે ગુણમાં ગુણ મળે તો તેની વૃદ્ધિ થાય છે. પરંતુ એક ગુણથી અન્ય-ગુણનો પરાભવ થતો જોયો નથી. લીલા ગુણમાં લીલો ગુણ મળ્યો, ધોળામાં ધોળો મળ્યો, મીઠાશમાં મીઠાશ મળી તો વૃદ્ધિ થતી અનુભવવામાં આવે છે, પરંતુ એક ગુણથી અન્ય-ગુણનો વિઘાત જોવામાં આવતો નથી. માટે શબ્દ એ ગુણ નથી, પણ મૂર્ત્તિમાન્ દ્રવ્ય છે. અર્થાત્ પુદ્ગલ છે.

આકાશનો ગુણ શબ્દ કહેવો છે. તે પણ વિરોધી પ્રતિજ્ઞા છે કારણ કે આકાશ અમૂર્ત્ત છે અને શબ્દગુણ નથી, છતાં એક વખત તમે ગુણ કહેવા માંગો તો પણ તેના મૂર્ત્તપણા માટે પ્રતિ-ઘાત-અભિભવ-વિગેરે અનુભવસિદ્ધ કારણોથી ના કહી શકાય તેમ છે નહિ. અને અમૂર્ત્ત આકાશ-દ્રવ્યનો મૂર્ત્ત ગુણ કદી પણ સંભવે નહિ, માટે શબ્દ એ આકાશનો ગુણ નથી એટલે શબ્દલિંગ દ્વારા આકાશરૂપ લિંગીનું અનુમાન કરવું તે પણ અસંગત છે.

બીજા **સાંખ્યમતાનુયાયી** આકાશને પ્રધાનના વિકારરૂપ માને છે. એટલે **સાંખ્યમત**ની એવી પ્રક્રિયા છે કે—

सत्त्व-रजः तमः એ ત્રણેની ગુણની સામ્યાવસ્થા તેને પ્રકૃતિ-પ્રધાન-અથવા અવ્યક્ત કહેવાય છે અને તે પ્રકૃતિ અથવા પ્રધાન નિત્ય હોય છે. **પ્રધાન**માંથી **અહંકાર**, તેમાંથી **તન્માત્રા તન્માત્રાથી પાંચ બુદ્ધિ-ઈંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ વિષય અને મન** એ ૧૬ નો સમુદાય ઉત્પન્ન થાય છે. અને તેમાંથી પાંચ વિષયમાંથી અનુક્રમે પૃથ્વી-અપ-તેજો-વાયુ-અને આકાશ એ પંચ-ભૂતની ઉત્પત્તિ છે. એ કારણથી પરંપરાએ આકાશ એ પ્રધાનનો વિકાર થયો.

એટલે સ્યાદ્વાદ દર્શન ગુણીથી ગુણની સિદ્ધિ કરે છે તેથી જ ઉલટું **સાંખ્યદર્શન** ગુણથી ગુણીની સદ્ધિ કરે છે એવું જે

**સાંખ્ય દર્શનનું મંતવ્ય છે અને તે આધારે આકાશને પ્રધાનના** વિકાર સ્વરૂપે જણાવે છે પરંતુ તે અયોગ્ય છે.

કારણ કે આધારભૂત ગુણી વિના આધેયરૂપ ગુણની સિદ્ધિ થતી નથી. અથવા તો નિત્ય, નિરવયવ અને નિષ્ક્રિય એવું પ્રધાન અનિત્ય એવા આકાશરૂપે શી રીતે પરિણમશે? કદાચ તમે એમ માનતા હો કે પ્રધાનનો વિકાર વિજ્ઞાન છે અને તે સક્રિય છે, અને તે પ્રત્યક્ષ થતું હોઈ તેનો અપલાપ થઈ શકે તેમ નથી તો અમે કહીએ છીએ કે તે બરાબર છે. એટલે કે તમારા કહેવા મુજબ વિજ્ઞાન સક્રિય છે તે બરાબર છે, પરંતુ તમો જે વિજ્ઞાનને પ્રધાનનો વિકાર કહેવા માંગો છો તે પ્રમાણે પ્રધાનના વિકારપણે અમો વિજ્ઞાનને કબૂલ કરતા નથી. કારણ કે સત્ત્વ ગુણ પ્રધાનતા વડે જ્ઞાનાધિકારે (વિજ્ઞાન સ્વરૂપે) પરિણમતો નથી.

જો સત્ત્વ ગુણ વિજ્ઞાનરૂપે પ્રધાન દ્વારા પરિણમતો હોય તો તમો ગુણવાળાને તે પ્રમાણે પરિણમવો જોઈએ. તમો–ગુણનું વિજ્ઞાનરૂપે પરિણમન જો ઇષ્ટ નથી તો તે પ્રમાણે સત્ત્વ–ગુણનું પરિણમન પણ વિજ્ઞાનરૂપે થઈ નહિં શકે. ઉચ્છૂનાવસ્થાની સામ્યતાવાળું જે દૃષ્ટાંત આપવામાં આવેલ છે તેમાં પણ ઘણા દોષો હોવાથી તે દૃષ્ટાંત પણ આપી શકાય તેવી સ્થિતિ નથી. અથવા ચૈતન્ય અને વિજ્ઞાનને જે તમો ભિન્ન માનો છો અને એને અંગે પ્રધાનનો વિકાર વિજ્ઞાન છે તેમ કહેવું પડે છે તો ચૈતન્ય અને વિજ્ઞાનને ભિન્ન માનવાની જરૂર જ નથી. ચૈતન્ય અને વિજ્ઞાનનો અભેદ છે કારણ કે ચેતના પામે છે, જાણે છે, બોધ પામે છે એવા પ્રયોગો પણ જોવામાં આવે છે અને એ પ્રયોગો જોવામાં આવતા હોવાથી ચૈતન્ય એ જ વિજ્ઞાન છે, વિજ્ઞાન એ જ ચૈતન્ય છે. **વિજ્ઞાનરૂપ એવું જે ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે પરંતુ પ્રધાનનો વિકાર નથી.**

એ પ્રમાણે **સાંખ્ય** વિગેરેએ પરિણામરૂપ માનેલ કલ્પનાને દૂર કરવા માટે તેમજ કયા દ્રવ્યનો કયો ઉપકાર છે એ ચાલુ પ્રકરણના સંબંધને અંગે ધર્મ-અધર્મ અને આકાશ દ્રવ્યનો ઉપ-કાર કહ્યા બાદ પુદ્ગલ દ્રવ્યનો ઉપકાર કહે છે.

सूत्रम्-शरीर वाङ्‌मनः प्राणापानाः पुद्‌गलनाम् ।५ १९।।

**સૂત્રાર્થ**-શરીર-વાણી-મન અને શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર છે. ૫. ૧૯

**ટીકાર્થ**- શરીર હોતે છતે જ વાણી-મન શ્વાસોચ્છ્વાસની પ્રવૃત્તિ હોવાથી પ્રથમ શરીરનું ગ્રહણ કર્યું.

બેઇંદ્રિય, તેઇંદ્રિય વિગેરેમાં હોવાથી અને બાકીના એકેન્દ્રિયમાં ન હોવાથી ત્યારબાદ વચનનું ગ્રહણ કર્યું.

જેમ વચનનો સ્વીકાર કર્યો તે પ્રમાણે એટલે કે વચન બોલવામાં જિહ્વા કારણ છે અને બેઇંદ્રિયો વિગેરેમાં તે હોવાથી તેનું ગ્રહણ કર્યું તે પ્રમાણે બાકીની સ્પર્શનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય વિગેરે ઈન્દ્રિયોનું કેમ ગ્રહણ ન કર્યું ? એમ જો કહેતા હો તો ઉત્તર આપીએ છીએ કે જે ઇંદ્રિયો આત્મપ્રદેશરૂપે છે. આ વચન આભ્યં-તર નિવૃત્તિ ઇંદ્રિયની અપેક્ષાએ સમજવું અને અહીંઆ તો પુદ્ગલ જન્ય ઉપકાર કહેવાનો પ્રારંભ છે માટે શેષ ઇંદ્રિયોને અહિં ગ્રહણ કરવાની અપેક્ષા નથી.

ત્યારબાદ સંજ્ઞી પંચેન્દ્રિયના વિષયભૂત હોવાથી મનનું ગ્રહણ કરેલ છે. તદનંતર સર્વસંસારી પ્રાણીઓને કરવા યોગ્ય હોઈ શ્વાસો-શ્વાસનું ગ્રહણ કર્યું છે.

અહીં સૂત્રમાં शरीर वाङ् વિગેરે પદોનો ઈતરેતર દ્વંદ્વ સમાસ કરવો समाहारश्च प्राणि तूर्यसेनाङ्ग‌गनाम् એ સૂત્ર પ્રમાણે અહીં શરીર, વાણી, મન, શ્વાસોચ્છ્વાસ પ્રાણીના અંગભૂત હોઈ સમાહાર દ્વંદ્વ અને તત્સહયોગી નપુંસકલિંગ થવું જોઈએ એમ જો કહે તો તેમ કરવા માટે અમો ના કહીએ છીએ. કારણ કે સૂત્રમાં અંગ-શબ્દ અવયવ-

વાચક હોવાથી અંગાંગિભાવ હોય તો સમાહાર દ્વંદ્વ અને નપુંસકલિંગ થઈ શકે. પરંતુ શરીર પોતે અવયવી છે અવયવ નથી અને વાણી, મન તેમજ શ્વાસોચ્છ્વાસ ને અવયવ કહી શકાય નહિ, માટે અંગિભાવના નિયમ પ્રમાણે અહિં સમાહાર દ્વંદ્વ થઈ શકે નહિ.

ઉપકાર સંબંધી પ્રકરણ ચાલુ હોઈ પુદ્ગલો ઉપકાર કરે છે. એ અર્થ પ્રમાણે पुद्गलानां એ કર્તરિ ષષ્ઠી છે એટલે શરીર, વાણી, મન અને શ્વાસોશ્વાસ એ પૌદ્ગલિક હોઈ જવું, ગ્રહણ કરવું, બોલવું વિચારવું અને શ્વાસોચ્છ્વસ લેવો વિગેરે કાર્યો વડે પરિણામ વિશેષે પ્રાણીઓને ઉપકાર કરે છે.

भाष्यम्- पञ्चविधानि शरीराण्यौदारिकादीनिवाङ्‌मनः प्राणापानाविति पुद्गलानामुपकारः ॥

**ભાષ્યાર્થ**–ઔદારિક, વૈક્રિય વિગેરે પાંચ શરીરો, વાણી, મન અને શ્વાસોચ્છ્વાસ એ પુદ્ગલોનો ઉપકાર છે.

**ટીકાર્થ**–ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ વિગેરે વિખરાઈ જવાના સ્વભાવવાળા પાંચ શરીરો એ પુદ્ગલોનો ઉપકાર છે.

વાણી, મન તેમજ શ્વાસોશ્વાસ એ પણ પુદ્ગલોનો ઉપકાર છે. इति ચકારના અર્થમાં આપેલ છે.

વાણીનું સ્વરૂપ સમજાવે છે. જે બોલાય તે વાણી કહેવાય અને તે પૌદ્ગલિક છે. તે પૌદ્ગલિક વાણી ભાષા પર્યાપ્તિવાળા જીવોને વીર્યાન્તરાય તેમજ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી અંગોપાંગ નામ કર્મથી પ્રાપ્ત થયેલ જિહ્વા નિમિત્તથી ઉત્પન્ન થયેલ રણકાર[1] સ્વરૂપ છે.

અહીં એટલું ધ્યાનમાં રાખવા લાયક છે કે ભાષા પર્યાપ્તિ અર્થાત્ ભાષાના પુદ્ગલોને ગ્રહણ કરી ભાષાપણે પરિણમાવવાની તેમજ આલંબનપૂર્વક વિસર્જન કરવાની શક્તિ તે ભાષાપર્યાપ્તિ કહેવાય.

૧. રણકાર સ્વભાવ કહેવાનો આશય એ છે કે-સ્પષ્ટ ધ્વનિ અક્ષરશ્રુત અને અસ્પષ્ટધ્વનિ-અનક્ષરશ્રુત બંનેનો અંતરભાવ થઈ શકે.

તેવી ભાષાપર્યાપ્તિવાળા જીવોને ભાષા હોઈ શકે છે. તેમાં પણ તે ભાષાપર્યાપ્તિવાળા જીવને વીર્યાન્તરાય તેમજ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો ભાષા હોઈ શકે છે.

કારણ કે જે અર્થનો ઉચ્ચાર કરવો છે તે અર્થ સંબંધી જ્ઞાનાવરણીયના ક્ષયોપશમપૂર્વક જો જ્ઞાન થયેલું હોય તો જ તે અર્થ સંબંધી ઉચ્ચારણ થાય છે. એટલે કે પોતાને થયેલ ભાવશ્રુત એ પોતાના દ્રવ્યશ્રુતનું કારણ છે અને પોતાનું દ્રવ્યશ્રુત સાંભળનાર વ્યક્તિને ભાવશ્રુતનું કારણ બને છે. પોતાના ભાવશ્રુતમાં જ્ઞાનાવરણીયના ક્ષયોપશમમાં પણ વીર્યાન્તરાયનો ક્ષયોપશમ એ ખાસ કારણ હોય છે.

કોઈપણ ગુણ–દોષની પ્રાપ્તિમાં વીર્યાન્તરાયનો ક્ષયોપશમ એ કારણ હોઈ વીર્યાન્તરાયના ક્ષયોપશમથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એ કારણ છે માટે ભાષાના ઉચ્ચારણમાં ભાષાપર્યાપ્તિ સાથે વીર્યાન્તરાયનો તેમજ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એ કારણ છે.

ભાષાપર્યાપ્તિ, વીર્યાન્તરાયનો ક્ષયોપશમ તથા જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એ સર્વસાધનોનો સદ્ભાવ હોવા છતાં અંગોપાંગ કર્મ નિમિત્તે જો જિહ્વાની પ્રાપ્તિ થયેલ ન હોય અથવા તો પ્રાપ્ત થયેલ જિહ્વામાં બોબડા–મુંગાપણા સંબંધી દોષ ઉત્પન્ન થયેલા હોય તો પણ ભાષાના ઉચ્ચારણમાં ભાષાપર્યાપ્તિ, વીર્યાન્તરાયનો ક્ષયોપશમ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ તેમજ અંગોપાંગ નામનિમિત્તક જિહ્વાની પ્રાપ્તિ વિગેરે સાધનોની અવશ્ય જરૂર છે.

આ પ્રકારના ચારે પ્રકારના સાધનો યુક્ત વીર્યવાન્ આત્મા –જીવ ભાષા પ્રાયોગ્ય પુદ્ગલસ્કંધોને કાયયોગ દ્વારા ગ્રહણ કરી ભાષા પર્યાપ્તિ વડે ભાષાપણે પરિણમાવી આલંબન લઈ પોતાને અને પરને ઉપકાર કરવા માટે વિસર્જન કરે છે.

[redacted] (વધુ આવતા અંકે)

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૭ ❋ વિ. સં. ૨૦૩૭

વર્ષ ૧૬ ❋ પુસ્તક ૩


विषय-विरक्तिर्हि

वैराग्यम्

## સાચો વૈરાગ્ય કયો ?

જિનેશ્વર ભગવાનના વચનના આધારે સંસારનું સ્વરૂપ વિચારનાર વિજ્ઞ-પુરુષોને સંસારકારાગારની કુત્સા થાય, તેમાં આશ્ચર્ય નથી, છતાં કદાચિત્ મોહની પ્રબળતાથી વિષયમાં આસક્ત થવાને લીધે સંસારનો મોહ ખરાબ જાણ્યા છતાં છૂટે નહિ અને અસાર લાગેલા સંસારને પણ જે જીવ વળગવા જતો હોય તોપણ કોઈ હલુકર્મીને સંસારની વિચિત્ર લીલા પણ વૈરાગ્યનું કારણ બને છે તેથી સિદ્ધર્ષિ મહારાજ વૈરાગ્યના કારણો જણાવતાં નીચે જણાવેલાં પણ કારણો જણાવે છે :—

"ભાર્યા વિપરીતપણાને આચરે,

પુત્ર અવિનીતપણું કરે,

છોકરી મર્યાદાને ઓળંગે.

બહેન કુલની મર્યાદાને પ્રતિકૂળપણે આચરણ કરે,

ધર્મ દ્વારા ખરચાતા ધનને અંગે—

ભાઈઓ (કુટુંબીઓ) અનુમોદના ન કરતાં અપમાન કરે,

"ઘરના કામોમાં આ ઢીલા છે," એમ કહીને

દુનિયાદારીના સ્વાર્થમાં રાચેલા માતપિતા

લોકોની સમક્ષ પણ તિરસ્કાર કરે,
કુટુંબવર્ગ સ્નેહને લાયકનો
કોઈ પણ સંસ્કાર આચરે નહિ,
પણ! વિરુદ્ધ પુરુષના જેવા જ આચારો આચરે,
દાસ-દાસી આદિ પરિવાર પણ આજ્ઞા પ્રમાણે વર્તે નહિ,
અત્યંત લાલન-પાલન કરીને પોષાયેલું પણ શરીર
અધમ મનુષ્યની માફક
સર્વ ઉપકારને ભૂલી જઈ
રોગાદિક વિકારોને જ આગળ કરી
જીવને પરાધીન કરે,
અથવા તો કોઈ તેવા લાભાન્તરાયના ઉદયથી
પોતાનો કે વડીલોનો ઉપાર્જન કરેલો ધનસંચય
વિજળીના વિલાસની માફક
અકાળે નાશ પામી જાય,

આવી રીતનાં દસ કારણો એકી સાથે અગર ઓછા-વત્તા અને, તે સિવાયનું બીજું તેવું રાજરોગ-પરાભવ વિગેરેનું આકસ્મિક કાર્ય બની જાય

ત્યારે પણ
સંસારની અસારતા સમજનાર ભાગ્યશાળી જીવને
ખીર ખાઈને તૃપ્ત થયેલા મનુષ્યને
ખાટી, ઠંડી અને દુર્ગંધી એવી રાબ
જેવી અરુચિ કરનારી થાય,
તેવી રીતે આ આખો પણ સંસારનો પ્રપંચ
જે મોહના ઉદયના લીધે અસાર છતાં
સારરૂપ લાગતો હતો,
તે અત્યારે મોહરૂપી મદિરાના છાકટાપણાનો નાશ થવાથી
યથાવસ્થિતરૂપે મનમાં ભાસે છે

તેથી સંસાર, માતા-પિતા, કુટુંબ-કબીલો અને આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી

આત્મ-કલ્યાણના કારણરૂપ અને ત્યાગ ધર્મના પ્રાણભૂત પ્રવ્રજ્યાને અંગીકાર કરે છે.

ઉપરની વાત વાંચી-વિચારીને સત્ય-રસ્તે શ્રદ્ધા કરવાની જરૂર છે ને તે એ કે દુનિયાદારીના કોઈપણ દુઃખદ-પ્રસંગને અંગે સંસારથી થતો વૈરાગ્ય અને પ્રવ્રજ્યા પ્રત્યે થતો અનુરાગ એ આત્મકલ્યાણનો માર્ગ હોઇ જ્ઞાનગર્ભિત-વૈરાગ્યથી વિરોધી નથી, પણ તેને પોષનાર છે.

કેટલાક અજાણ અને સાચી શ્રદ્ધાથી દૂર રહેલા મનુષ્યો

સંસારના તેવા દુઃખદ-પ્રસંગના બહાને થયેલા સંસાર-વૈરાગ્ય અને પ્રવ્રજ્યા-અનુરાગને

દુઃખગર્ભિત વૈરાગ્યતરીકે ઓળખાવે,

પણ તે વાત વસ્તુતત્વ અને શાસ્ત્ર સમજનારાઓએ અંશે પણ માનવા જેવી નથી.

દુઃખગર્ભિત-વૈરાગ્યનાં સ્થાનો તો વિધવા થયેલી સ્ત્રી જેમ શરીર-વસ્ત્ર અને આભૂષણના શણગારને ચાહનારી છતાં

માત્ર ધણીના વિજોગથી તે શણગાર કરવાનું મન કરતી નથી.

જ્ઞાતિ-ભોજનમાં જવાની અભિરુચિ છતાં પણ—
ધણીના મરણથી થયેલા ઉદ્વેગની ખાતર

તે જ્ઞાતિ-ભોજનમાં જતી નથી.

બાળ-વિધવાની સાસુ અગર માતા પણ
પુત્રી અગર વધૂની વિષમ દશાને અંગે
સંસારી મોજ-શોખના સાધનોથી મન ખસ્યું નથી.
તોપણ તે સાધનોથી દૂર રહે છે.

યાવત્ ભરતારના મરણને અંગે સતી થવાના નામે
ચિતામાં બળીને મરી જાય,
પાણીના પ્રવાહમાં તણાઈને મરી જાય,
અંગ ઉપર ઘાસતેલ છાંટી લુગડાં સળગાવી મરી જાય.

એ વિગેરે કાર્યો સંસારની અસારતાના અંગેનાં નહિ
પણ સંસારની પ્રીતિ છતાં

માત્ર બચ્ચાને એક ઇષ્ટ પદાર્થ ન મળે તો

બીજા મળેલા ઇષ્ટ પદાર્થોને પણ લાત મારવા જેવી રીસાવાવાળી અજ્ઞાન-દશા પ્રગટ કરવામાં આવતી હોય તેવી દશાને દુઃખગર્ભિત દશા કહેવાય !

પણ સંસારની વિચિત્ર દશા દેખતાં સંસાર ઉપરનો મોહ છૂટીને યથાસ્થિત આત્મ-કલ્યાણ અને તેના સાધનોની પ્રાપ્તિ તરફ જે વૈરાગ્યથી જવાય તેને જ્ઞાનગર્ભિત કહી શકાય.

એમ ન માનીએ તો નારક કે તિર્યંચ ગતિનાં દુઃખો અગર ચારે ગતિની આપત્તિઓને વિચારવાથી થતો નિર્વેદ લક્ષણ સમ્યકત્વનો જે ગુણ તે પણ જ્ઞાનગર્ભિતને અનુસરતો ગણાશે નહિ.

માટે કોઈપણ બાહ્ય અગર અભ્યંતર કારણોથી ચેતીને કર્મના ક્ષયના કારણ તરીકે પ્રવ્રજ્યાને આદરનારો મનુષ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો છે, એમ માનનારો અને જાણનારો સમ્યગ્જ્ઞાનવાળો છે, એમ કહી શકાય.

## ઉપદેશક વચનામૃત

○ પોતાનું સુધાર્યા વગર પારકું સુધારવા માટેની મહેનત અર્થ છે.

○ દર્શનમોહ નામનું કર્મરૂપી કાળકૂટ-ઝેર પીધેલ આત્મા સત્યમાર્ગ દેખી શકતો નથી.

○ કર્મશત્રુઓના સંહાર માટે ધર્મીઓએ ધર્મ અને ધર્મના સાધનોનો સત્વર ઉપયોગ કરવો ઘટે છે.

○ સમ્યક્ત્વ પહેલો પામેલો હોય તેના કરતાં નવો સમ્યક્ત્વ પામે તે વખતે કર્મ ઉપર સખ્ત દ્વેષ હોય છે.

○ સાડાત્રણ કરોડ રૂંવાડામાં રૂંવાડે-રૂંવાડે થાય કે કર્મને ફાડી નાંખું, ચીરી નાખું, ત્યારે જે નિર્જરા થાય તેને શાસ્ત્રકારો અનંત નિર્જરા કહે છે.

○ કર્મની નિર્જરા કર્મનો ક્ષય એજ મુદ્દાએ ધર્મપ્રવૃત્તિમા આગળ વધો.




[ પૂ. આગમોદ્ધારક, બહુશ્રુત, આગમ-જ્યોતિર્ધર, સૂરિ પુરંદર, આચાર્યદેવશ્રીનાં તાત્ત્વિક લખાણો, વ્યાખ્યાનો, નિબંધો, પ્રશ્નોત્તરી આદિના સંગ્રહરૂપે પ્રકાશિત "આગમ જ્યોત" નામે ત્રૈમાસિકમાં રાખેલા મુજબ ત્રીજા પુસ્તકમાં પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીના અનેક છૂટક વ્યાખ્યાનો-નિબંધો આદિનો સંગ્રહ અપાય છે.

તે મુજબ પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીના છૂટક વ્યાખ્યાનો અહીં યોગ્ય-સુધારા સાથે પ્રસિદ્ધ કર્યાં છે.

વિવેકી-વાચકો ગીતાર્થ-ગુરુભગવંતોના ચરણોમાં બેસી યથા-યોગ્ય રીતે તત્ત્વદૃષ્ટિ અપનાવી રહસ્ય મેળવવા પ્રયત્નશીલ રહે! સં. ]

પ. પૂ. આચાર્યદેવશ્રી આનંદસાગર
સૂરીશ્વરજી મ. શ્રીનું મનનીય પ્રવચન (બુહારી)

**[શાસન સુધાકર વર્ષ-૭ અંક ૪ આસો વદ-૨ શનિવાર તા. ૧૨-૧૦-૪૬ માથી સાભાર ઉદ્ધૃત]**

[ આ વ્યાખ્યાન પરમ-પૂજ્ય પ્રૌઢ, આગમજ્ઞાની, તલસ્પર્શી વિવેચક પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીએ વિ. સં. ૨૦૦૨ માહ વદ ૧ સોમવાર તા. ૧૭-૨-૪૬ના રોજ **ઝઘડીયા તીર્થે** આપેલું.

જે વ્યાખ્યાન પૂ. આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીના શિષ્ય મુનિશ્રી મહેન્દ્રસાગરજી મ. ના શિષ્ય પૂ. પં. શ્રી સૌભાગ્યસાગરજી મ. શ્રીએ વ્યવસ્થિત રીતે ઉતારેલું.

તે અક્ષરશઃ "શાસન સુધાકર" (વર્ષ-૬, અંક-૧૨)માં છપાએલ તેને યોગ્ય રીતે સુધારી અહીં આપવામાં આવેલ છે.

અજ્ઞાત કારણસર આ વ્યાખ્યાન અપૂર્ણ અવસ્થામાં જ પ્રકાશિત થયેલું, તેથી અહીં તેવું જ રજુ કર્યું છે. સં. ]

## પરમાત્માની માન્યતા

साधुसेवा सदा भक्त्या, मैत्री सत्वेषु भावतः ।
आत्मीय-ग्रह-मोक्षश्च, धर्म-हेतु-प्रसाधनम् ॥

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ આપતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જેટલી જાતવાળા-દર્શનવાળા-ધર્મવાળા લોકો છે, તે બધા ત્રણ વાતમાં એકસરખી સમજવાળા છે. કોઈપણ દર્શન, જાત કે ધર્મવાળાને આ ત્રણ વાતને કબૂલ કર્યા વગર ચાલેલ નથી. કઈ ત્રણ વાત ? દેવ, ગુરૂ અને ધર્મ,

આ ત્રણ નામમાં કોઈનો મતભેદ નથી. ભેદ શામાં છે? સ્વરૂપ અને વ્યક્તિમાં. સ્વરૂપમાં કેમ ? જૈનેતરોએ દેવ ઈશ્વર ભગવાન માન્યા, પણ તે કયા મુદ્દાએ ? સૃષ્ટિના સર્જનહાર તરીકે આપણને ઈશ્વરે જન્મ સ્ત્રી છોકરાં, ધન-માલ મિલ્કત આપ્યાં, તેથી આપણે તેને પરમેશ્વર તરીકે માન્યા છે એમ જૈનેતરો માને છે. જૈનો કયા મુદ્દાએ પરમેશ્વર માને છે ? જેણે અણઉકેલ કોયડો ઉકેલ્યો તેને જૈનો પરમેશ્વર માને છે. આખું જગત તે કોયડાને જાણે છે. પણ તેને કોઈ પીછાનતું નથી. જાણે છે, છતાં પીછાનતું નથી. એમ કેમ ? તો જણાવે છે કે આખો જન્મ વ્યવહાર, સંસાર તેને આધારે તો 'હું' સર્વ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય-દેવ, નારકી, તિર્યંચ, મનુષ્ય આ બધા

હું તરીકે વ્યવહાર કરે છે. હું સુખી છું અને હું દુઃખી છું, આ વ્યવહાર કઈ ગતિ કે જાતિમાં નથી? ત્યારે સંસારનો વ્યવહાર બધો કોના ઉપર? 'હું' ઉપર. તે પછી પણ આગળ વધીએ તો મને આમ કહ્યું, મારા વડે કરાયું, મેં કર્યું. મારા માટે, મારાથી, મારૂં ને મારામાં, આ સાત વસ્તુમાં જગતનો વ્યવહાર છે ને? એ સાતે તો 'હું'ના ઘરના છે ને? પણ હું એટલે કોણ? તેનો ખુલાસો કર્યો? જે કંઈ પ્રયત્ન કરો તે 'હું'ને ઉદ્દેશીને કરો છો.

દરેક ગતિ, જાતિ, વ્યવહારમાં હું, હું અને હું છે. સાતે વિભક્તિનું મૂળ તો હું છે ને તેનો ખુલાસો તે 'હું' કઈ ગતિ, કઈ જાતિનો છે તે કાંઈ કર્યો?

સર્વ-ગતિ અને સર્વ-જાતિમાં મનુષ્ય ગતિ, મનુષ્ય જાતિ, દુર્લભ છે. દેવની ગતિ અને દેવનો ભવ સહેલો છે. પણ મનુષ્ય ગતિ અને મનુષ્ય-ભવ દુર્લભ છે. આનું કારણ જો અતિ બારીકીથી વિચારીએ તો માલમ પડે, બારીકીથી વિચાર ન કરીએ તો મૂળ-તત્ત્વનું સ્વરૂપ ખ્યાલમાં ન આવે, માટે મનુષ્ય ગતિ દેવ ગતિ કરતાં દુર્લભ કઈ અપેક્ષાએ? કઈ રીતિએ? તે વિચારો! જગતમાં જે વસ્તુ વધારે હોય તેને મેળવવામાં મુશ્કેલી ન પડે, પણ થોડી હોય તો તે પામવામાં મુશ્કેલી પડે. અહિં આગળ મનુષ્ય કરતાં સંખ્યાત ગુણા નારકી છે. તેનાં કરતાં અસંખ્યાત ગુણ દેવ છે. સમૂચ્છિર્મ મનુષ્ય લઈએ અથવા ન લઈએ, એકલા ગર્ભજ મનુષ્ય લઈએ તો તે મુઠીભર છે. એટલે કે ઉત્કૃષ્ટ ૨૯ આંક જેટલા ગર્ભજ મનુષ્ય હોય છે. ત્યારે હવે વિચારો? દેવની સંખ્યા ઘણી હોવાથી દેવપણું પામવું સહેલું છે. ઓછી સંખ્યા મનુષ્યની હોવાથી તે પામવું મુશ્કેલ છે. જેના ઉમેદવારો ઓછા હોય તેનો ચાન્સ વહેલો મળે, દેવ ગતિના ઉમેદવારો પણ ઓછા છે. નારકી મરીને દેવ ન થાય, દેવ મરીને દેવ ન થાય. એકેન્દ્રિયથી માંડીને ચૌરેન્દ્રિય સુધીના જીવો દેવ ન થાય. અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ દેવ ન થાય ત્યારે દેવ ભવ ને લાયક કોણ? તો પંચેન્દ્રિય સંજ્ઞી તિર્યંચ અને

મનુષ્ય. આ મનુષ્યપણાના સ્થાન ઓછાં અને ઉમેદવાર વધારે કેમ? તો નિગોદિયા, વિકલેન્દ્રિય, નારકી, તિર્યંચ, દેવતા, મનુષ્ય વિગેરે બધાં જ મનુષ્યપણામાં આવે, હવે કહો મુશ્કેલી કયા સ્થાનની? જેમાં સંખ્યા થોડી છે અને આવવા લાયક અનંતા છે. એવા મનુષ્યપણાના સ્થાનની. દેવતાના સ્થાનમાં દેવતાની સંખ્યા મોટી અને આવવા લાયક થોડા, તેથી દેવપણું પામવામાં મુશ્કેલી નથી. દેવ કરતાં મનુષ્ય ભવ પામવો તે આ અપેક્ષાએ મુશ્કેલ છે.

બીજી વાત એ છે કે આ રીતે મનુષ્યપણાની પ્રાપ્તિ મુશ્કેલ છે, તેટલા માટે જ મનુષ્યની દુર્લભતા છે, તેમ નહિં પણ તેમાં આત્મહિતના દરેક કામ સાધી શકાય છે, એથી મનુષ્યપણાની દુર્લભતા વર્ણવાઈ છે.

હું નું પુરેપુરૂં ભાન અને તેની સિદ્ધિ કયા ભવમાં બની શકે? તો મનુષ્યભવમાં. દેવ, નારકી અને તિર્યંચમાં તે ભાન અને સિદ્ધિ નથી. અહિં તમે કહેશો કે આ તો તમે બ્રાહ્મણ જેવું કર્યું, કેમ ભાઈ? તો કહેશો કે

એક બ્રાહ્મણ અને રજપૂત બેઠા હતા તેમાં રજપૂતે પૂછ્યું કે જગતમાં મોટું કોણ? ત્યારે બ્રાહ્મણે એ કહ્યું કે બ્રાહ્મણો. જેમ કહેવાય છે ને કે 'वर्णानां ब्राह्मणः श्रेष्ठः' તમે પણ તેના જેવું કર્યું, કેમ? તમે મનુષ્ય થયા તેથી મનુષ્ય–ભવને વખાણ્યો, તેમાં નવાઈ શી? તો તેમ નથી. સૃષ્ટિને કરનારા ઈશ્વરને માનનારા શાથી? તો સૃષ્ટિ પરમેશ્વરને માથે–નામે ચડાવી તેથી તેના નામે ચડાવે છે શા માટે? તો તમે મને આપો તો ઈશ્વર તમને આપશે, એ હિસાબે ઈશ્વરની એજન્સી ચલાવવી છે. તે માટે બ્રાહ્મણ ઈશ્વરના એજન્ટ. જે એજન્ટપણું ન રાખે તો ધાગા–પંથીનો ટેક્ષ બંધ થઈ જાય. એ ટેક્ષ કેવો હોય છે? માતાના ઉદરમાં જીવ આવે ત્યાંથી સીમંતના નામે ટેક્ષ ચઢે. હજુ છોકરો છે કે છોકરી છે તેનો પત્તો નથી, તો પણ તેનો ટેક્ષ શરૂ થાય.

એમ જન્મ વખતે, લગ્ન વખતે અને નામ-સ્થાપનને વખતે પણ તેનો ટેક્ષ યાવત્ મર્યા પછી બારમે દિવસે 'સેજ'ના નામે પણ ટેક્ષ ચાલુ? આવી ભગવાનની એજન્સી લઇને આ રીતે દુનિયાને ઠગવી છે, જેથી તે બધું ભગવાનને નામે ચડાવે તેમાં નવાઈ નથી. આ રીતે જૈન શાસનમાં નથી.

તમારા પરિણામ શુદ્ધ હોય તો પુણ્ય થશે અને દુઃખ નહિ ભોગવવું પડે. આ જૈન શાસનની વાત છે. આ વાતમાં તેવા કોઈ એજન્ટ અને એજન્સીની જરૂર નથી, કારણ કે તેમાં જૈનોએ પરમેશ્વરને ખોટી રીતે કર્તા તરીકે ગોઠવ્યા નથી. પ્રશ્નકર્તા માનવીને મને આપશો તો તમને આપશે તેમ કહીને ઈશ્વરને કર્તા તરીકે માનવાનું ઉપજાવી કાઢ્યું. જૈન-શાસનમાં એજન્ટ કે એજન્સી છે નહિ, જૈનશાસનમાં તો પોતાના આત્માના પરિણામ શુભાશુભ હોય તો તેનું શુભાશુભ ફળ મેળવે એમ જ વાત છે.

ભોળા જીવોને ફસાવવા માટે વચમાં પથરા મારનાર હોય છે. કેવી રીતે? તો કર્મ જડ છે. તેને શી ખબર પડે કે હું સુખ દઉં કે દુઃખ? માટે એ દેનારો બીજો જ કોઈ ચેતનાત્મક આત્મા હોવો જોઈએ. આવું સાંભળે ત્યારે ભોળા જીવો તે માનવા તૈયાર થાય પણ તેઓ એ ખ્યાલ ન કરે કે જડ એવી સાકર ખાધી તેથી મીઠાશ આવી, ઠંડક થઈ. મરચાં ખાધાં તેથી બળતરા થઈ, હરડે ખાધી તેથી ઝાડા થયા. આ દરેક જડની શક્તિથી થયું કે બીજા કોઈએ કર્યું? ડગલે-પગલે અનુભવમાં આવનારી પુદ્ગલ અને પરમાણુની તાકાત સમજી ન શકે, તે કેવા ગણાય? તરસ લાગી હોય અને પાણી પીધું, આ બધું પોતાની મેળે થયું કે બીજા કોઈએ કર્યું? તો કહેવું પડશે કે સાકરનો સ્વભાવ ઠંડક કરવાનો, મરચાંનો સ્વભાવ બળતરા કરવાનો, હરડેનો સ્વભાવ ઝાડા કરવાનો અને પાણીનો સ્વભાવ પોતે જ તરસ મટાડવાનો છે. એમાં બીજા કોઈ ચેતનાત્મક સહાયકની અપેક્ષા જ નથી. આથી જરા આગળ ચાલીએ શરદી

થઈ, ને એથી તાવ આવ્યો. તેમાંથી ડબલ ન્યુમોનિયા તાવ થયો. યાવત્ લાકડાં ભેગો થયો તો તે બીજાએ કર્યું કેમ? જડથી ફળ ન થાય તો આ શેનાથી થયું? શરદી, ગર્મી, ઠંડક વિગેરે આપનારા પદાર્થો અને પરમાણુઓની તાકાત તમે દેખો છો ને?

જ્યારે આ બધું પુદ્ગલોના સ્વભાવથી એટલે કે જડથી થાય છે તો પછી કર્મ જડ છે અને તેથી જે થાય તે કર્મથી જ થાય છે, એમ માનવામાં વાંધો શું આવ્યો? ખોટી રીતે ઈશ્વરની એજન્સી ધરાવનારાના ભમાવવાથી આપણે કેમ ભમીએ? શુભ પુદ્ગલો સુખ દેવાનાં, તે તેનો સ્વભાવ છે. તેમાં બીજા દલાલનું કામ શું છે? કાંઈ જ નહિં આમ છતાં પણ ઈશ્વરના એજન્ટ થઈ જેઓને ઈશ્વરની એજન્સી રાખીને એ બહાને દુનિયાને લૂંટવી હોય ટેક્ષ નાંખીને લૂંટવી હોય તેઓએ ઈશ્વરને કર્તા માન્યા વગર છૂટકો નથી. પછી ચ્હાય તો મુલ્લા હોય, કાજી હોય, બ્રાહ્મણ હોય, ગોસાઈ હો ગમે તો હો પણ તે કહે શું? તું મને આટલા આપે તો તારા બાપ ને 'ત્યાં' બાગ–બગીચો ખજૂરી મળશે. લાવ ચિઠ્ઠી લખી દઉં આ રીતે ઈશ્વરને નામે એજન્ટ–એજન્સી વિગેરે ખાતાં પાડીને દુનિયાને ચૂસવાની નિતિ વાપરીને ઈશ્વરના નામે ખોટા એજન્ટ બનીને એજન્સી સ્થાપીને ઇતરો દુનિયાને આ રીતે લૂંટે છે, ત્યારે જૈનો તે નથી માનતા.

અહિં પ્રશ્ન થશે ને જ્યારે તમે તે નથી માનતા તો તમારે પરમેશ્વર માનવા શા માટે? જવાબમાં જાણવું કે જૈનો સૃષ્ટિ આદિના કર્તા તરીકે નહિં પણ સ્વતંત્રતાના સર્જનહાર તરીકે પરમેશ્વર ને માને છે જેઓ આત્માને ઓળખાવે કર્મ અને પુદ્ગલની ગુલામી અને પરાધીનતામાંથી છોડાવવા માટે જેઓ હંમેશ મથેલા છે તેને જૈનો પરમેશ્વર માને છે.

આ પરમેશ્વરનો ધંધો એ છે કે જગતની સ્વતંત્રતા દેખાડવી અને પોકારવી.

વોશીંગ્ટને અમેરીકાને અને ગેરી બાલ્ડીએ ઓસ્ટ્રેલિયાને સ્વતંત્ર તો કર્યું, પણ તેઓ જાતે તો માટીમાં જ મલી ગયા છે. આ રીતે તે સ્વતંત્રતા લઈને છોડી દેવી પડે. તેવી સ્વતંત્રતા આપનારને જૈનો પરમેશ્વર તરીકે માનવા તૈયાર નથી ને આઝાદી-આબાદી નિપજાવે અને તે હંમેશાં રહે, સર્વકાળ રહે તેવી આબાદી અનેઆઝાદી નિપજાવે અને મેળવવાના માર્ગ બતાવે તેને જૈનો પરમેશ્વર તરીકે માને છે. ઊંચે ચડાય ક્યારે ? મનુષ્ય પ્રયત્ન કરે ત્યારે. પ્રયત્ન કરે ક્યારે ? મેળવવાની ઈચ્છા થાય ત્યારે તે મેળવવાની ઈચ્છા થાય ક્યારે ? તો તે મળશે જ એવો નિશ્ચય થાય ત્યારે. તે નિશ્ચય પણ થાય ક્યારે ? તો તેનું યથાસ્થિત જ્ઞાન થાય ત્યારે. જ્યાં સુધી સ્વતંત્રતાનું સ્વરૂપ સમજાય નહિં. સ્વતંત્રતા સારી લાગે નહિં સારી લાગ્યા પછી પણ તેને મેળવવાની ઈચ્છા થાય નહિ, તેનાં સાધનો મેળવાય નહિં, ત્યાં સુધી તે સ્વતંત્રતાની વાતો નાનો છોકરો ચાંદ પકડવાની વાત કરે, તેના જેવી ગણાય. નાનો છોકરો પાણીમાં ચાંદ જોઈને તેને પકડવા જાય તો તેથી તેની સિદ્ધિ થતી નથી તેમ આપણે આપણાં આત્માનું સ્વરૂપ જાણીયે નહિં, તેનાં સાધનો જાણીયે નહિં, તેમાં પ્રવૃત્તિ કરીએ નહિં તે પ્રવૃત્તિને આગળ વધારીએ નહિં તો સ્વતંત્રતા કઈ રીતિએ મેળવીએ ?

આવી સ્વતંત્રતા અને તેને મેળવવાના આવા માર્ગો મેળવી આપનારને જ જૈનો પરમેશ્વર માને છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. આત્માના સાધક કોણ છે ? બાધક કોણ છે ? તે સમજાવો, આત્મા ઘરમાં કેવી રીતે રમે છે ? તેમાંથી સ્વતંત્ર કેવી રીતે થાય ? ગુલામીની જંજીર કેવી રીતે તોડે ? આત્મા સ્વતંત્ર થાય ત્યારે કેવી સ્થિતિમાં હોય ? તે વિગેરે જેનાથી સમજાય, તેનું નામ જિનેશ્વરે જણાવેલ નવતત્વ. આત્માના સ્વરૂપને બાધક થનારાં જે સાધનો, તેનું નામ જ આશ્રવ. આ આશ્રવ એટલે આત્માને સ્વતંત્રતા મેળવવા માટે તૈયાર થતો અટકાવવા માટેના કર્મો આવવાનાં ખુલ્લાં દ્વાર તેને રોકવાં તેનું નામ સંવર કર્મોનો નાશ કરવો તે નિર્જરા, કર્મોને

બાળી નાંખવા તેનું નામ જ મોક્ષ, દુનિયામાં પણ શત્રુનો ભય ક્યાં સુધી? તો તે હયાત હોય ત્યાં સુધી મરી ગયેલ શત્રુનો ભય કોઈ દહાડો ન હોય તેથી આ કર્મ માટે શબ્દ કયો વાપર્યો? તો કે બળવાનો, શુકલધ્યાનને અગ્નિની અને કર્મોને લાકડાની ઉપમા આપી તે બાળી નાંખવા માટે જ આમ કર્મોને બાળવા શા માટે? તો ફરી તેનો ભય રહે નહિ તે માટે. કર્મો સર્વથા બળી જાય ત્યારે આત્માનું સ્વરૂપ પ્રગટ થાય. આ સુખ ભાવી અનંત હોવાથી તે જ આત્માની સાદિ અનંત સ્થિતિવાળી આબાદી અને આઝાદી પુદ્ગલની પરાધીનતાથી અને કર્મોની ગુલામીમાંથી સદાને માટે છૂટયા તેનું નામ જ આઝાદી.

આત્માની આડખીલી અને આધીનતા વગરની દશા કઈ? જેમાં કર્મની આડખીલી અને પુદ્ગલની પરાધીનતા ન હોય તે દશા કઈ? તે કેવળ મોક્ષ જ.

પાશ્ચાત્યની ફેશનમાં અંજાઈ ગયેલા અજ્ઞાનીઓ પાશ્ચાત્યોને સારા ગણે, તેની માફક આપણામાં એવા ઘણા છે. કેવા છે? તો, મોક્ષમાં શું? આવા મોક્ષમાં શું ખાવાનું? શું પીવાનું? શું પહેરવાનું? શું ઓઢવાનું? શું રહેવાનું? તો કે કાંઈ નથી તો પછી તેવા મોક્ષને શું કરવો? આવું બોલનારા ઘણા છે. તો તે કેવા ગણાય? તો પુદ્ગલની પશ્ચિમ-ફેશનમાં ફસાયેલા હોવાથી જ તેમને કેવળ ખાવું, પીવું, પહેરવું, ઓઢવું ગમે છે. પણ તે સ્થિતિમાં ભોગવવા પડતાં જન્મ-મરણ જરા, રોગ, શોક વિગેરેમાં આકરાં દુઃખો વગરનું સ્થાન જે મોક્ષ તે ગમતું નથી.

જેમ નાનાં બચ્ચાં ખાવામાં જ સમજે, પણ બીજામાં ન સમજે તેમ અજ્ઞાની-જીવો વિષયની સંજ્ઞામાં લીન થયા, આથી જ્યારે મોક્ષની વાત થાય, ત્યારે પણ વિષયની દૃષ્ટિ તો હાજર જ! કેમ? તો કે મોક્ષમાં તો કાયમ ગોંધાઈ રહેવાનું ને? ત્યાં લ્હેર ઉડાવવાનું કાંઈ છે? પણ સમજો કે જ્યાં સ્થિર રહેવાનું હોય, ત્યાં ગોંધાઈ

રહેવાનું કહેવું તે યોગ્ય નથી. કર્મ-રહિત આત્મા સ્વભાવે ઊંચો રહેવાવાળો છે, તે ગોંધાઈ રહેવું ન ગણાય.

વેશ્યા ચારે બાજુ ફરે! તેથી સ્વતંત્ર અને કુળવાન સ્ત્રી ઘરમાં બેસે તે કેદી ગણાય. એમ માનવું ને? તો કહેવું પડે કે જેઓ સ્વચ્છંદતા અને સ્વતંત્રતાનો ભેદ ન સમજે તેજ એમ બોલે કે વેશ્યા સ્વતંત્ર અને કુળવાન સ્ત્રી કેદી! તેમ આપણે પણ મોક્ષને ગોંધાઈ રહેવાનું સ્થાન ગણીએ તો એવી જ અણસમજવાળા ગણાઈએ. તેમાં ભેદ શું છે? તે સમજીએ નહિ તે કેમ ચાલે?

મોક્ષ કેવો છે? તો જ્યાં કોઈ કાળે ગર્ભમાં તારે ૯ મહિના ઉંધે માથે રહેવાનું નહિં તેવો છે. જન્મ, જરા, અને મરણનાં દુઃખો કદી નજીક ન આવે એવો છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના અભાવવાળો છે.

આ સર્ટિફીકેટ નથી ગમતું કારણ? ફેશનની ફીશીયારીમાં ફસાયેલાઓ જેમ દેશની ગુલામીને ન સમજે, તેમ પુદ્ગલની પરાધીનતામાં પડેલા જીવો આત્માનું સ્વરૂપ નથી સમજતા. આ વસ્તુ ઈશ્વર સમજાવે છે, તે માટે તેને પરમેશ્વર માનીએ છીએ.

મૂળ વાત ઉપર આવીએ. હું ઉપર આખા જગતનો સ્વભાવ વ્યવહાર અને આધાર છે પણ હું એટલે કોણ? તેનો ખુલાસો નહિ. હું ઉપર જગતનું આખું મંડાણ છે. આ હું નો ખુલાસો સમજાવે તેને પરમેશ્વર માનીએ છીએ, તે દ્વારા સ્વતંત્રતાનું સર્જન થવાનું છે. જે દેશ પોતાનો ઈતિહાસ ન જાણે તે કોઈ દહાડે ઉંચી સ્થિતિએ આવી શકે નહિ.

અહિં પણ જે મનુષ્ય આત્માનું સ્વરૂપ તથા તેની સ્થિતિ નથી જાણતો તે ઉન્નતિમાં આવવા માટે લાયક જ નથી. જે મનુષ્ય આત્માનું સ્વરૂપ, આત્માની સ્થિતિ જાણતો હોય તે જ ઉન્નતિમાં આવવા લાયક ગણાય માટે જ આત્માનું સ્વરૂપ અને આત્માની સ્થિતિને જણાવનાર જે છે તેને આપણે પરમેશ્વર માનીએ છીએ.

**જન અને જૈનેતરો બંનેય પરમેશ્વરને માને છે. તેમાં ફરક માત્ર એક 'ત' અને 'ન' અક્ષરનો છે. જૈનેતરો પરમેશ્વરને બનાવનાર તરીકે માને છે. ત્યારે જનો પરમેશ્વરને બતાવનાર તરીકે માને છે.** શું બતાવવાનું ? તો કે જેમ ઈન્દ્રજાલીયા ઈન્દ્રજાળ બતાવે, કોઈ જેમ નાટક-સિનેમા બતાવે તેવું અહિં બતાવવાનું નથી. અહિં તો આત્માનું ખરૂં સ્વરૂપ **બતાવવાનું છે.**

તેવી રીતે સ્વતંત્રતા મેળવવા તરફ, સિદ્ધ કરવા તરફ કોણ કેડ બાંધે ? કેવળ એક જ જાત, મનુષ્ય જ. તે સિવાય ત્રણ ગતિમાંથી કોઈ સ્વતંત્રતાના સાચા સાધન તરફ કેડ બાંધનાર નથી.

કહેશો કે મનુષ્યો ઉપદેશ દેનારા હોવાથી અને તમે પણ મનુષ્ય હોવાથી અહિં તમે મનુષ્યોને ઉત્તમ ગણ્યા, અને દેવતા, નારકી અને તિર્યંચોને હલકા ગણ્યા, એમ કેમ નહિ ? દેવ નારકી અને તિર્યંચો સ્વતંત્રતાના સાધન એકઠાં કેમ ન કરે ? માટે તમારે સ્વ-જાતિનો પક્ષપાત ઠરે છે. તેના ખુલાસામાં જાણવું કે તે માટે આમ કહેવાતું નથી. ખરેખર સ્વતંત્રતા મેળવવાની લાયકાત કેવળ મનુષ્યોમાં જ હોવાથી તેમ કહેવાય છે. કારણ ? નારકી એટલે કોણ ? કર્મરાજાની સખ્ત કેદમાં પડેલો, પહેલા ભવમાં ચીકણાં ચીકણાં પાપો કર્યાં હોય તેને નારકી તરીકે ઉપજવાનું થાય છે. અહીં કહેશો કે મનુષ્ય અને તિર્યંચોનો તો અનુભવ કરીએ છીએ તેથી તે સંબંધી બીના તો મનાય પણ નારકીને માનવાનો તેવો કોઈ અનુભવ-ગમ્ય રસ્તો નથી. તો કહીએ કે જરા શાન્ત થઈને વિચાર કરો તો તે પણ ખબર પડે. કેટલીક વસ્તુ એવી હોય કે તેનો વિચાર કરીયે ત્યારે માલુમ પડે.

એક મનુષ્ય જંગલમાંથી નદી ઉપર થઈને ગામમાં આવ્યો. તેણે પોતાના ભાઈબંધ પાસે વાત કરી કે આ માહ મહીનો ચાલે છે. કડકડતી ઠંડી પડી રહી છે. તે વખતે હું નદી ઉપર ઊભો હતો.

ત્યારે ત્યાં મેં એક નવીન વસ્તુ જોઈ, શું જોઈ? ત્યારે પેલો કહે કે એક કુંભારનું ગધેડું આવ્યું. નદીમાં ઉતર્યું ત્યાં તે બળીને મરી ગયું. આ સાંભળીને પેલા ભાઈબંધ કહે કે, તું તો ગાંડી વાતો કરે છે. કારણ કે આ વાત કોઈને કહીયે તો તે કહે કે કહેતા બાઈ દીવાના, પણ સુણતા ભાઈ પણ દિવાના? આમ કહેનાર આ મનુષ્ય વિચાર વગરનો હતો. તેથી જ તેને પહેલાનું કહેવું ખોટું લાગ્યું પણ જોડે બીજો ડાહ્યો મનુષ્ય હતો. તેણે પહેલાને પૂછ્યું કે ગધેડું ખાલી હતું કે તેના ઉપર કાંઈ હતું ત્યારે પેલાએ કહ્યું કે તેના ઉપર પોઠ હતી. ત્યારે પેલા ડાહ્યા મનુષ્યે ફરી પૂછ્યું કે શેની પોઠ હતી. ત્યારે પેલાએ કહ્યું કે કળી ચુનાની જ્યારે કળી ચુનાની પોઠ હોય પાછી તે ઠંડી હોય તેને પાણી લાગે એટલે તે ગરમ થાય તેથી ગધેડાને ગરમી લાગે. (અપૂર્ણ)

## ઉપદેશક–સુવચનો

o આગમના અત્યંત આદર વગર ત્રણ તત્ત્વની આરાધના અખંડ રહી શકતી નથી.

o કર્મથી જુદું પડવું, કર્મથી રખડવું, કર્મનું વેદવું, કર્મનો ક્ષય કરી અવ્યાબાધપદ મેળવવું, પોતાના સ્વરૂપમાં રહેવું, તે બધું બાહ્ય–ઈન્દ્રિયોથી દેખી શકાય તેમ નથી. તે બધા દેખવા માટે આગમ–અરીસાની જરૂર છે.

o દૃશ્ય અને અદૃશ્ય, રૂપી અને અરૂપી, સૂક્ષ્મ અને બાદર નજીક, દૂર ભૂત, વર્તમાન જાણવા માટે સર્વજ્ઞ–કથનને હરદમ સાંભળનારા પ્રતિભાસંપન્નશાળી ગણધરગુમ્ફિત આગમ તરફ નજર કરો.

o દુષમકાળના દોષે કરીને દૂષિત થયેલા અમારા જેવા જીવોને જિનાગમ ન હોત તો અમારૂં શું થાત?

## મહાવીર જન્મ કલ્યાણકનું
## રહસ્ય
## (૨)

[આ વ્યાખ્યાન પૂ. આગમ-પારદૃશ્વા પ્રવર-પ્રાવચનિક આગમિક, સાર્વભૌમ, ગીતાર્થ-શિરોમણિ, આગમોદ્ધારક-આચાર્યદેવશ્રીએ વિ. સં. ૧૯૯૨ ચૈત્ર સુદ ૧૩ ના મંગળ દિને **શિહોર** (સૌરાષ્ટ્ર)માં આપેલું.

જેનો ઉતારો પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના વિનયી શિષ્ય પૂ મુનિશ્રી ગુણસાગરજી મ. શ્રીએ કરેલ.

તેને યોગ્ય સુધારા-વધારા સાથે તત્ત્વરૂચિ જીવોના હિતાર્થે **શ્રી શાસન સુધાકર** (વર્ષ ૮ અંક-૨૦)માંથી સાભાર ઉદ્ધત કરી રજૂ કરેલ છે. સં.]

### (વ્યાખ્યાન-૨)

पान्तु वः श्री महावीर-स्वामिनो देशनागिरः ।
भव्यानामान्तर - मल-प्रक्षालनजलोपमाः ॥१॥

'મહાનુભાવો! આજનો દિવસ મહાન્ પવિત્ર છે.'

આજે આપણા આત્માને ઓળખાવનાર મહાપુરુષનો જન્મ **થયો છે.**

જીવ નિત્ય છે-શાશ્વત છે, અવિનાશી છે. એ બધું સાચું! પરંતુ તેનું વાસ્તવિક ભાન કરાવનાર મહાપુરુષ આજે પ્રગટયા છે. ચ્હાય તેવો કિંમતી પદાર્થ હોય, પણ તેનો વસ્તુતઃ ખ્યાલ આવે નહિ ત્યાં સુધી કિંમતી તરીકે માલૂમ પડે નહિં.

આ જીવ નિત્ય, શાશ્વત વિગેરે તરીકે હતો તે ચોક્કસ છે, છતાં આંધળાના હાથમાં આવેલ હીરો કાંકરાથી અધિક ન હોય, તેવી રીતે આ ત્રિલોકનાથ જન્મ્યા ન્હોતા અને આત્મ સ્વરૂપ બતાવ્યું નહોતું. ત્યાં સુધી આપણને આત્માને '**નિત્ય શાશ્વત**' વિગેરે તરીકે માનવામાં 'જીવ' પદાર્થથી વધારે સમજ લગીર પણ ન્હોતી.

જેમ ખાણુમાંથી પત્થર નિકળે, મકાનમાં ગોઠવાય અને પાછો ધૂળમાં પડે, તેમ આ જીવ પણ નિગોદમાંથી નિકળે, ભટકે અને પાછો નિગોદમાં જતો. જીવની આ રીતે પત્થર જેવી દશા હતી. નિગોદ અને નિગોદની બહાર અથડાતો-પીડાતો હતો.

આ સ્થિતિમાં એને પોતાના વાસ્તવિક-સ્વરૂપનું ભાન કદી થયું ન હતું. બહારના પત્થર જેટલું ખાણુમાં કે દરિયામાં રહેલું સોનું ઉપયોગી નથી, તેમ આ આત્મા-ચેતન, જ્ઞાનવંત, અનંત શક્તિનો માલિક એ બધું ખરૂં; પરંતુ તેના ઉપર તીર્થંકરનો પ્રભાવ ન્હોતો પડ્યો, ત્યાં સુધી પત્થર હતો !!!

બનાવટી સોના જેટલું ખાણુમાં રહેલું સોનું ઉપયોગી ન થાય ! અનંત તીર્થંકરોએ પોતાના અનંતા શરીરોના પુદ્‌ગલો ઔદારિક શરીરપણે પરિણુમાવ્યા છતાં આખરે તે પૂજ્ય થયા. જ્યારે આપણા આત્માની દશા રખડતી છે. આવો ફેર કેમ ?

વિચારો ! જાનવરને પણ પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન છે. છતાં તેને 'હું કોણુ ?' એ વિચારવાનું હોતું નથી, તેમ આપણે અનંતી વખત મનુષ્ય થયા. શેઠ-રાજા-દેવતા વગેરે થયા. પણ આપણે 'કોણુ ?' એ ન વિચાર્યું ?

તેવું સુંદર મુખ હોય છતાં આરિસાના જોગ સિવાય તેની સુંદરતા ખ્યાલમાં આવતી નથી.

તેમ આત્માની સ્થિતિ, આગમ-આરીસા વિના તેવી છે. ચ્હાય દેવતા, તિર્યંચ કે મનુષ્યો હોય, પરંતુ તે, આગમ આરિસા સામે જ્યાં સુધી ન જુએ ત્યાં સુધી આત્માનો ખ્યાલ પામી શકે નહિં.

આમ તો આરિસામાં કાંઈ નથી. પણ તે એવી ચીજ છે કે તમારૂં સ્વરૂપ હોય તેવું દેખાડે, એમ આગમ-આરીસો નવું કાંઈ દેખાડતો નથી. આરિસામાં જ્ઞાન હોય અને દેખાડે છે તેમ નથી. આરીસામાં જેમ જે વસ્તુ સામે હોય તેજ દેખાવાની, તેમ આગમ-આરીસામાં પણ જે વસ્તુ આત્મામાં હોય તે જ દેખાવાની.

દેવને માનવામાં તો જૈનો અને ઈતરો બધા સરખા છે. બાળક રમતમાં ઢીંગલા–ઢીંગલીમાં રાજી, પણ તે ભણવાનો રસ ન જાણે. કુટુંબની સ્થિતિનો ખ્યાલ ન આવે ત્યાં સુધી જ. ભણવા વિ. નો રસ જામ્યો. એટલે ઢીંગલા–ઢીંગલીનો વિચાર થતો નથી.

બીજાઓ 'પરમેશ્વર ઢીંગલા–ઢીંગલી આપે છે.' એ હિસાબે દેવને માને છે. છોકરો ૫×૫=૨૫ ન બોલે, અને છવીશ બોલે ત્યાં આંખ ફરી જાય છે, પણ '**ઓ ઈશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર**' એમ બોલે, ત્યાં આંખ ફરી? કેમ નહિ?

તમારા હિસાબે તો ૫×૫=૨૫ ને બદલે ૨૬ બોલીને એકનો જ ફરક પાડે તે જુલમ, પરંતુ ઈશ્વરને સંસાર સરજનારો કહીને આખો ફરક પાડે તે જુલમ નહિ. એમ જ ને!

છોકરાંઓને જેમ ઢીંગલા–ઢીંગલીની રમતમાં આગળ વધવાનો ચાન્સ નથી. તેમ જ પૃથ્વી–પાણી, પર્વતો વગેરે ફાની દુનિયાને તૈયાર કરી આપનાર પરમેશ્વરને માનવામાં આગળ વધવાનો ચાન્સ નથી.

બીજાઓએ આ રીતે સંસારની માયામાં મૂંઝવનારમાં પરમેશ્વરની માન્યતા કરી જ્યારે જૈનમત, એ છોકરાઓની રમતથી તદ્દન અલગ છે. જૈનોએ તો આત્માના સ્વરૂપનું ભાન કરાવે તેમાં પરમેશ્વરની માન્યતા કરી! જેમ આરીસો મોંઢાનું ભાન કરાવે છે. તેમ આગમ–આરીસો આત્માનું ભાન કરાવે છે.

એક બીજી વાત :–આરીસામાં એક જ વખત મોઢું જોઈને પછી જોવું બંધ કરતા નથી. બગડયું નથી ને શુદ્ધ થયું છે કે કેમ? તે તપાસવા હંમેશ આરીસો દેખવો પડે, તેમ મારૂં આત્મ–સ્વરૂપ બગડયું છે કે કેમ? તેમ તપાસવા રોજ આગમ–આરીસાની જરૂર છે. પચીસ વર્ષ જીવવાવાળો પચીશ અને પંચોત્તેર વર્ષ જીવવાવાળો પંચોતેર વર્ષ આરીસો દેખે. જેટલું જીવે તેટલા વર્ષ આરીસો દેખે. આરીસામાં એક જ વખત જોઈને જીંદગી પૂરી કરાતી નથી.

દેવતાઓ પોતાના સાગરોપમના આયુષ્યમાં તીર્થંકરોની સેવામાં એક જ વખત હાજર થાય. તેમાં સંતોષ માની લેતા નથી. અસંખ્યાતી વખત હાજર થાય. એક એક ઇંદ્ર, અસંખ્યાતી વખત જિનેશ્વરોના જન્માભિષેકો કરે, અસંખ્યાતી વખત દેશના સાંભળે.

આપણે સો વર્ષના આયુષ્યમાં જન્મીએ ત્યારથી મરણ સુધી પૂજા કરીએ તો ૩૬૦૦૦ દિવસથી વધારે નહિ. છતાં તેમાં તો આપણે '**પછી કરશું, ન થઈ તો કાલે કરશું**' આ સ્થિતિ હોય છે ?

જેને આપણે આજે આપણા તારક તરીકે સ્તવીએ છીએ તે પૂજ્યની સેવામાં આપણી આ દશા કેમ ? એ આજ સુધી ભૂલ્યા તો હવે નક્કી કરો અને સેવ્યની સેવામાં તન્મયપણે લાગી જાવ !

અન્યથા–

પ્રભુ જન્મથી ત્રણ જ્ઞાનવાળા હતા.

રાજકુમાર હતા.

સેવામાં દેવો હાજર રહેતા.

નંદન ઋષિના ભવમાં લાખ લાખ વર્ષ ઘોર તપ તપ્યા હતા.

ગર્ભમાંથી જ માતા-પિતા પ્રતિ પરમ-ભક્તિવાળા હતા.

ભર-યુવાવસ્થામાં ચારિત્ર લીધું.

સંગમ-આદિના ઘોર ઉપસર્ગો સહન કર્યા.

અનાર્ય-દેશમાં પણ વિચરીને જનસમૂહ ઉપર અતુલ ઉપકાર કર્યો.

ચંડકોશિયાને પણ ઉદ્ધર્યો !

સાડા બાર-બાર વર્ષ સુધી ઘોર તપ કર્યું.

અંતિમ સમયે પણ સોળ સોળ પહોર દેશના આપી' વિગેરે વાંચેલું કે સાંભળેલું બોલીને જ વિખેરાઈ જવું તે શુષ્ક-આલાપ સિવાય વિશેષ ફળદાયી ન નિવડે.

એવું માત્ર વાણીના વિલાસો વરસાવીને જ ઉજવાતું કલ્યાણક, એ તો આજનાઓ ઉજવે છે.

**તે જયંતિ** જેવું ગણાય. ત્રણ જગતના જીવોને પરમ કલ્યાણ-કારી એવા ત્રિલોકના નાથનાં અદ્ભુત જીવન-ચરિત્રને **નુરીયા-જમાલીઆઓની** જયંતિઓની હરોળમાં જિનેશ્વરના સેવકો તો ન જ મૂકે.

ત્રિલોકના નાથની પૂજા માટેના ૩૬૦૦૦ દિવસોમાં પણ જો આપણી એવી નબળી સ્થિતિ રહે. તે દેવતત્ત્વમાં અસંખ્યાતી વખત પૂજાનો વખત આવે? તે આપણે મન વેઠ થવાની.

ઝવેરાતના વેપારીને મોતીની એક ડબી પણ બહુ જ કિંમતી છે, પણ ગધેડાને તો મોતીની ગુણ પણ ભાર રૂપ જ થવાની.

છત્રીશ હજાર દિવસની પૂજા ભારરૂપ થાય તો દેવ વખતે અસંખ્યાત-વખતની પૂજા તો ગધેડાના ભારરૂપ જ થાય કે બીજું કાંઈ? કહો કે પ્રભુનું કલ્યાણક તો ઉજવીએ છીએ. પરંતુ ધર્મમાં રસ નથી.

ઝવેરી દાબડીને જ જીવન ગણે છે! શાથી? રસ છે,

નિત્ય પૂજા કરનાર બહારગામ ગયો હોય તો પહેલો બીજાને, બીજો ત્રીજાને કહી દે કે 'અમુકને કહેજોને, બીજાને કહેજો ને? આ શું?'

પૂજા કરવા ગયા 'હજુ તો પખાલ થાય છે' એમ કહી બહાર અર્ધો કલાક કલાક ગોથાં મારો છો; અને 'પખાલ થઈ' એમ સાંભળો એટલે 'હવે ચાલો!' એનો અર્થ શો?

રખેને માથે પૂજાનો ભાર આવી ન જાય. એ જ ને? આ પરિણતિ છે. તેમાં પૂજાનો લાભ શી રીતે લેવા માંગો છો?'

પૂજાને અંગે આમ થાય ત્યાં સમજવું કે ભગવાનની કિંમત કરી નથી. આત્માનું ભાન નથી. તેને આરીસાની કિંમત આવી નથી.

કીમીયાની શોધમાં ભટકતા લાખો લોકો હોય છે. કીમીયાગરો બહુ થોડા! તેમાં પણ દુન્યવી કીમીયાગરો બહુ તો પત્થરની ચાંદી બનાવી દે, પત્થરનો હીરો બનાવી દે, પણ તે ચાંદી કે પત્થર પ્રભાવક ન હોય.

જ્યારે આ તીર્થંકર કીમીયાગર તો પત્થરને પારસ બનાવી દે. એટલે કે પ્રભાવક બનાવી દે. ત્રણ જગતમાં પત્થરને પારસ બનાવનાર જો કોઈ હોય તો ત્રિલોકના નાથ જ છે. તેની પૂજ્યતા સમજમાં આવતી નથી. તેનો ઉપકાર લક્ષ્યમાં આવતો નથી.

દહેરૂં અર્ધો ફર્લાંગ દૂર હોય ત્યાં તો ત્યાં જતાં પગ તૂટવા માંડે છે. પછી કેટલાય રાજ છેટે દેવલોકમાંથી આ પારસ કરનાર કીમીયાગરના ચરણમાં કેવી રીતે અવાશે?

પીઠ પર પડેલા પારસની કિંમત ગધેડાને ન હોય પણ સેંકડો કોશ દૂર પડેલા પારસની કિંમત સુજાણને હોય.

દેવોના ખ્યાલમાં છે કે પત્થરને પારસ કરનાર ત્રિલોકના નાથ એક જ છે. એથી તેઓ સેંકડો કોશ દૂરથી સેવા કરવા આવે છે.

**તે ત્રિલોકના નાથ ભગવંત મહાવીરનો આજ જન્મ દિવસ છે.**

આજે પરમ-પનોતા પારસનો જન્મ છે, તેથી આજનો દિવસ પવિત્રતમ છે.

ખેતી કરો તેમાં અનાજ આવવાને તો હજુ વાર છે. પરંતુ ખેતરમાં અંકુરા છવાઈ જાય કે– હૃદય પ્રસન્ન થઈ જાય છે. અંકુરા છાતીને ઉછાળે છે. તેમ મહાપુરૂષો પારસરૂપે પ્રગટ થાય ત્યારે જીવોનાં કાળજાં કલ્લોલ કરે!

તીર્થંકર દેવના જન્મની સાથે વિબુધ કહેવાતા ઈન્દ્રો અને દેવો મોટા કલશો લાવીને મહાન્ અભિષેક આ હર્ષાતિરેકમાં આવીને કરે છે.

અંકુરામાં અનાજ જોઈને કલ્લોલ થાય તેમ, આ પારસના જન્મમાં જ પૂર્ણ પ્રભુતા જોઈને તેના જાણ દેવોને એવો કલ્લોલ થાય છે. ઘાસના અંકુરે કોઈ વાડ કરતું નથી. અનાજના અંકુરે વાડ હોય છે. તેમ જન્મે છે, તો બધા, પણ આ પારસના જન્મ વખતે જ દેવતાઓનો આ હર્ષાતિરેક અને અદ્ભુત અભિષેક વિગેરે હોય છે.

**એવા પ્રગટ પારસનો આજ જન્મદિવસ છે.**

સાઠ વર્ષની ઉંમરે પુત્રજન્મ સાંભળે, ત્યાં કેવા આનંદ હોય છે? એમ આપણે તો આ મહાપુરુષનો જન્મ અનંતકાળે સાંભળવા પામીએ છીએ, પછી કેવો આનંદ હોય? વર્ણવી ન શકાય તેવો?

અનંતકાળ સુધી આત્મગુણ-પ્રાપ્તિરૂપ પુત્ર વિના રહેલું આપણું વાંઝીયાપણું દૂર થવાનો સંજોગ આપણને આજે આ મહાપુરુષના પ્રતાપે મળ્યો.

**આથી શાસ્ત્રકારો ત્રિલોકનાથના આ જન્મદિનને કલ્યાણકતિથિ કહે છે**

આપણી માતા-બહેન-છોકરી વિગેરે, જાતની તો બૈરી જ છે, છતાં માતાને બૈરી કહીએ ખરા? ત્યાં તો તુરત જ કહી દઈએ કે એમ ન જ કહેવાય, કેમ? માતા બૈરી નથી? છે જ, છતાં ત્યાં તો ચપ દઈને કહી દેવાય છે કે '**બોલતાં નથી આવડતું**'

તેમજ ત્રિલોકના નાથની આવી મહત્તાને અંગે તેમના જન્મદિનને માટે વપરાતા 'કલ્યાણક' શબ્દને સ્થાને રાગ-દ્વેષમાં રવડી રહેલાઓને માટે વપરાતો 'જયંતિ' શબ્દ જોડી દેવાય છે. ત્યાં '**બોલતાં નથી આવડતું**' એમ તુરતજ કેમ કહી દેવાતું નથી?

આવા મહાપુરુષના કલ્યાણકના બ્હાને નુરીયા-જમાલીઓના પણ ધોળ ગાવા કેમ મંડી પડાય છે? શું તેવાઓ આ ત્રિલોકના નાથ જેવા પારસ છે? ભવનિસ્તારક છે? પાંચ કલ્યાણકવાળા છે? એવું બોલનારાઓને હૈયામાં જૈનત્વ ભર્યું છે કે સરાસર અજૈનત્વ ભર્યું છે? એમ પૂછો કેમ નહિ?

**"ગમે તેને સાંભળવો," એ લત ભવભીરૂને હાનિકર્ત્તા છે.**

ત્રિલોકના નાથ જેવો તારક પારસનું 'જયંતિ' તરીકેનું તેનું ગુણકીર્તન કરવા ઉભા થનારની યોગ્યતા કલ્યાણ-કામી જનોએ દોરવાઈ જતાં પહેલાં ધ્યાનમાં લેવા જેવી છે.

'જયંતિ' શબ્દ લૌકિક છે. 'કલ્યાણક' જેવા લોકોત્તર શબ્દને ખસેડીને તેને સ્થાને તે લૌકિક શબ્દ ગોઠવી દેવો તે તો હીરાને સ્થાને ઈમીટેશન ગોઠવી દેવા જેવું છે.

**આત્માર્થીજનોએ ભૂલેચૂકે પણ તેવી ભૂલ ન કરવી જોઈએ. કલ્યાણકને અંગે આચાર્ય** મહારાજ **શ્રી હરિભદ્રસૂરિશ્વરજી** જણાવે છે કે-

પ્રભુના કલ્યાણકને દિવસે તમારી જેટલી શક્તિ હોય તેટલી શક્તિ પ્રમાણે પ્રભુની પૂજા-ભક્તિ-આદર-સત્કાર વિગેરે ન થાય અને એ સિવાયના બીજા દિવસે થાય તો તે પૂજા-ભક્તિ વિ. ને જૈનધર્મ સાથે લાગતું વળગતું નથી.

બજારના નાકે રહેલા પોતાના ઘર પાસેથી બાર મહિનામાં કલ્યાણકના બાર જ વરઘોડા નિકળે તોપણ તેમાં રૂવાંટુ ફરકતું નથી અને ઘેર લગ્ન હોય તો તેમાં માંડવો કરે. પીપુડીવાળો લાવે, વરઘોડામાં બણી-ઠણીને નિકળી પડે? આ આનંદ ક્યાંથી? તો કહો કે લગ્નમાં પ્રીતિ છે તેવી રીતે જિનવરને અંગે લાગણી-બહુમાન-પ્રીતિ-ભક્તિ વિ. હોય તો તે ભગવંતના કલ્યાણકને દિવસે હાજર ન થાય, અને બીજા દિવસે પૂજા-ભક્તિ વગેરે બતાવે તે સહદારીના વરઘોડા બાર મહિનામાં બારસે જાય એવું છે.

કલ્યાણકને દિવસે પ્રભુને આરાધવામાં ન આવે તો બાકીના દિતસોની પૂજા-ભક્તિ વગેરે જિનેશ્વરને અંગે નથી. **કલ્યાણકની** આરાધના કેવી રીતે કરવી જોઈએ? તેને અંગે આ જણાવાયું.

કલ્યાણકની આ બધી આરાધના શા માટે ?

પ્રભુ મહાવીરની દેશનાની વાણી જગતના જીવોનું રક્ષણ કરનારી છે' પત્થરને પારસ રૂપે બતાવે છે તેથી પ્રભુની વાણીમાં એવું શું છે ? તો પ્રભુ દીક્ષિત ન્હોતા થયા ત્યાં સુધી બીજા બધાની જેમ 'લાવ ! બેસ ! ઉઠ ! વિગેરે વાણી તો સર્વ સામાન્ય હતી. પરંતુ આ તો જગતના ચરાચર પદાર્થોના ભાવો જાણીને જગતના જીવોના કલ્યાણના બધા માર્ગો દેખે અને દેશના દ્વારા બતાવે તેવું કેવલીપણું પામ્યા પછીની ઉપકારક વાણી છે ?

તેથી શ્લોકમાં 'देशनागिरः' કહ્યું ત્યારે તો ભગવાન એકલા કેવલીપણાને યોગે જ આરાધક છે ને તો ના. તીર્થંકરો ગર્ભથી-જન્મથી આરાધવા લાયક ગણાય. ઉચ્ચ કોટીના આરાધ્યની ઉત્તમતા જન્મથી તેથી તો '**ધન્ય તેના માતા-પિતાને**' એમ કહેવાય છે.

**ગૌતમ સ્વામી** પ્રતિબોધ પામ્યા, ગણધર થયા તેથી માત-પિતાને ધન્ય કેમ કહો છો ?

જન્મનું પ્રશસ્તપણું ન ગણો તો માત-પિતાને ધન્ય કહો શી રીતે ? તીર્થંકર સિવાય કોઈ જન્મથી તેવા જ્ઞાનવાળા હોતા નથી. ભાગ્યશાળીપણું ઉત્તમ કહ્યું છે, એવું ભાગ્યશાળીપણું કોઈ પણ દશામાં આવી જાય તો આગળ-પાછળનું પૂજવા યોગ્ય છે પુણ્ય પુરુષોના માત-પિતાને પણ ધન્ય કહીએ તો તેઓના જન્મને આરાધ્ય કહીએ તેમાં નવાઈ શી ?

બીજાઓને અંગે મહાપુરુષ થયા પછી આરાધ્ય અને તીર્થંકરો મહાપુરુષ થયા અગાઉથી-જન્મથી. આરાધ્ય. જેઓના જન્મે ચૌદ રાજ-લોકમાં આનંદ-ઉદ્યોત કરી દીધો. એ થવાના મહાપુરુષ કયા ? જે જન્મ્યા છે તે એ અપેક્ષાએ ત્રિલોકનાથ જેવા ઉત્તમ-પુરુષોનો જન્મ વખણાય-સ્તવાય-આરાધાય

આ રીતે જેઓનો જન્મ જ સ્વયં કલ્યાણકરૂપ છે. તેવા આજના દિવસને આપણે કલ્યાણક તરીકે ઉજવીએ આરાધીએ છીએ.

તે ઉજવવો શી રીતે ? તો સમજવું જરૂરી છે કે રાજાને માન-ભોજન સત્કાર કરીએ છતાં તે દરેકમાં જેમ તેની આજ્ઞા ઉપર ધ્યાન રાખવાની જરૂર તેમ **આ પુણ્ય-દિવસ ઉજવતાં ત્રિલોકનાથની આજ્ઞા ઉપર ધ્યાન દેવાની જરૂર છે.**

વીર ભગવાને જે વાણી આજ્ઞા-હુકમરૂપે કહી છે તે ગંગાના જળ જેવી નિર્મળવાણી જ ભવ્યજનોના આંતર-મેલોને ધોઈ નાખવા સમર્થ છે

ભગવાનના આજ્ઞા રહિતપણે સ્વેચ્છા-મુજબ કલ્યાણક ઉજવાય તો આંતર-મેલ ધોવાય નહિ.

આવી ભગવાન મહાવીરની વાણી તમારૂં કલ્યાણ કરો !

જેઓ પ્રભુના જન્મ-કલ્યાણકની આ મહત્તા સમજીને કલ્યાણકો ઉજવશે-આરાધશે અને જિનેશ્વર મહારાજની વાણી મુજબ વર્તન કરશે તે મોક્ષસુખ પામશે सर्वमंगल॥

## હિતકર ઉપદેશામૃતો

લાંબા કાળ સુધી આત્મહિત પ્રવર્તન ગુરૂત્વને આધારે જ છે.

ગુરૂત્વના વિચ્છેદની સાથે ધર્મતત્ત્વનો વિચ્છેદ થશે.

નિર્ગ્રન્થ સાધુઓની ગેરહાજરીમાં ધર્મનો દવંશ થાય છે.

શાસ્ત્રકારોએ શ્રદ્ધા અને દેશનાનું ફળ વિરતિ માનેલું છે. તેમાં પણ તીર્થંકરની આદ્ય દેશનાનું ફળ સર્વવિરતિ રૂપ દીક્ષા મનાયેલી છે અને તેથી શ્રી વીરપ્રભુની દીક્ષા વગરની આદ્ય દેશનાને અફળ દેશના ગણી.

## (વ્યાખ્યાન-૩)

आत्माऽस्ति स परिणानी बद्धः सत्कर्मणा विचित्रेण ।
मुक्तश्च तद्वियोगाद हिंसा-अहिंसादि तद्धेतुः ॥१॥

શાસ્ત્રકાર મહારાજ આચાર્ય મહારાજ **શ્રી હરિભદ્રસૂરિજી** મ. ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકાં ષોડશકમાં સૂચવી ગયા છે કે—

આ જગતમાં વૈદ્યો-ડોકટરો ઉપકારી છે. પરંતુ તે ઉપકારી ક્યારે ? દર્દીને જાણે, તેના દર્દને જાણે અને દવાને જાણે.

જે ડોકટર દર્દી, દર્દ અને દવાને ન જાણે. તે હિતકારી ન બને.

બાળકને દેવાની માત્રા વૃદ્ધને દે. જુવાનને દેવાની દવા ઘોડીયામાં રહેલ બાળકને દે તો શું થાય ?

રોગ-ઔષધ બરાબર પારખ્યા છતાં દર્દીને ન પારખે તો શું ગુણ કરે ?

જેમ ઔષધ કરનારે દર્દીને, દર્દને અને દવાને બરાબર સમજવા જોઈએ.

તેમ ઉપદેશકે પણ શ્રોતા-શ્રોતાનો ભવ-રોગ અને તે રોગને લાગુ થતી જ્ઞાનદવા પણ સમજવા જોઈએ.

અહીં ઉપદેશક કોણ ? વૈદ્ય. એટલા જ માટે શાસ્ત્રકાર કહે છે કે-ચહાય તેટલો રાજા-મહારાજા હોય પણ દર્દથી પીડાયેલો હોય તો વૈદ્યને આધીન. વૈદ્ય કહે કે-અહીં ન રહેતા ! અમુક નહિં ખાતા, તો તેનું માનવું જ રહ્યુ. અહીં જેમ શરીર આપણું છતાં તેના વિકાર કે શુદ્ધ સ્થિતિ આપણે જાણી નથી શકતા અને તેથી તે શરીર આપણું છતાં આપણે જ તેને વૈદ્યના કબજામાં સોંપી દઈએ છીએ.

આમ કરવામાં આપણે કોઈપણ પ્રકારે વૈદ્યની કે ડોકટરની ગુલામી કે આધીનતા સ્વીકારી છે. એમ માનતા નથી.

કેમ? સજા એ નથી કરતો. તમો કુપથ્ય કરો તો રોગ વૈદ્ય નથી વધારતો, કારણ કે-રોગ વધારવા રૂપ સજા કરવાનું એના હાથમાં નથી; કુપથ્યાધીન છે અને તેથી તેને શરીર સોંપીએ છીએ. તેમાં તેની ગુલામી નથી.

ડોકટર તમને સૂચના કરે કે તમારે અમુક સ્થાને રહેવા જેવું છે, આ હવામાં રહેવા જેવું છે, ફલાણું ખાવા જેવું નથી, વિ. કહ્યું પણ આપણે ન માન્યું તો? ડોકટર ચૂપ! ડોકટર શિક્ષાની સત્તા-વાળો નથી. જ્યાં શિક્ષાનો સવાલ નથી ત્યાં ગુલામીનો સંબંધ નથી પણ પરોક્ષપણે તો શિક્ષા થાય જ છે, કેમ? ન માન્યું તો માંદગી ભોગવ્યે જ છૂટકો છે.

કર્મના ફળ આપનાર તો જોઈશે જ ને? કર્મ જડ છે તે સુખ-દુઃખના ફળ કેમ આપે? કુપથ્યમાં જે તે ખાધું. ખાટલે કોણે નાખ્યો? લાડવાએ.

લાડવા ચેતન છે કે જડ? લાડવાનો સ્વભાવ નબળા-કોઠામાં તાવ લાવે. જડથી ફળ ન થાય તો લાડવાથી તાવ ક્યાંથી આવ્યો? ત્યારે કહો કે તે ભારે પદાર્થનો સ્વભાવ છે.

જો તે માનવામાં અડચણ નથી તો જડ એવા કર્મથી હેરાન થવાનું માનવામાં અડચણ શી?

અડચણ તો એને છે કે જેને ઈશ્વરને નામે સત્તા ચલાવવી છે-એજન્સી ચલાવવી છે.

અન્ય લોકોએ એથી ઈશ્વરને કર્તા માનવો પડે છે. રૂક્કાના નામે લોકોને ધૂતી ખાવા હોય તેવા લોકો ઈશ્વરની એજન્સી કબૂલ ન કરાવે તો કરે શું? એને સેજ, બગીચો, ગાયો વિગેરે આપો, તે ઈશ્વર તમને આપશે. એ વાતનો તેમાં સાથે સ્વાર્થ છે. એવા લોકોને જ્યારે વડોદરાવાળા જેવા મળે ત્યારે તે એજન્સીની પોલ નીકળે!

વડોદરામાં એક જમીનદાર હતો. સ્થિતિ સારી નહિ. તેના પિતા મરી ગયો. જમીનદારની આબરૂ પ્રમાણે સેજ (શય્યા) પૂરવાને બે અઢી હજાર જોઈએ. હવે શું થાય? કોથળી કાણી (સેજ પૂરે તો આબરૂ રહે! ન પૂરે તો આબરૂ જાય. ચિંતા થઈ.

ડોસાનું કાંઈક ઉજવવું તો જોઈએને? લોકો તેને પૂછે છે કે ચિંતામાં કેમ? તો કહે દહાડા બાર બાકી છે. અને રૂા. ૨ાા હજારનો ખર્ચ છે. તેને એક મિત્ર મળ્યો. તેણે પૂછ્યું કે આમ હોશકોશ કેમ ઉડી ગયા છે? જમીનદારે બધી વિતક કહી.

મિત્રે કહ્યું કે એમાં છે શું? હું ઉપાય બતાવું. દસ દહાડા થાય એટલે ૧૦ ભાર અફીણ લઈને બ્રાહ્મણને ત્યાં જાતેને કહે કે ડોસા ૧૦ તોલા અફીણ ખાતા હતાં. તેથી આ દસ તોલા અફીણ તું ખાઈજા. કે જેથી મારા અફીણીયા પિતાને અફીણના અભાવે ટાંટીયા ઘસવા ન પડે. મારા પિતાને શાંતિ મળે. અને મારા ડોસા ટટ્ટાર થાય.

આ વાત જમીનદારને રૂચી, ૧૦ તોલા અફીણ લઈને ગોર પાસે પહોંચ્યો. અને તે અફીણ ડોસાને પહોંચતું કરવા માટે ગોરને ખાઈ જવાનું કહ્યું. ગોરે દેખ્યું કે હવે શું થાય? અહીં તો એજન્સી અવળી પડી. ગોર ગભરાયો એજન્સી ઊભી કરવાવાળા પણ કમ-અક્કલ તો ન જ હોય? તેણે જમીનદારને કહ્યું કે બોલીશ નહિ. અમુક જમીનદાદર મરી ગયા તેની આવેલ સેજ મારે ત્યાં અકબંધ પડી છે. તે સેજ રાતે લઈ જજે. અને સવારે પૂરજે. હું લઈ જઈશ. એમ કરીને તારી આબરૂ રાખ! તારી આબરૂ રહે અને મારૂં ચાલતું રહે!

દૃષ્ટાંત બીજું. શેઠે સેવકને કડું આપ્યું. મારવાડથી લોકો આવે. વહી લઈને આવનાર ગોરને બે રૂપીયા આપે.

એકે કહ્યું કે હું નથી આપતો, કારણ કે મારી પાસે કાંઈ નથી. આ સાંભળીને ગોરે તેને કહ્યું કે બોલશો નહિ. મને અમૂકે કડું આપ્યું છે તે કડું તમે લ્યો અને મને તમે લોકોના જોતાં આપજો. એટલે મારો નેજો ચાલુ રહે.

મારવાડી શેઠે દેખ્યું કે મારી આબરૂ રહી. ગોરે દેખ્યું કે નેજો ચાલુ રહ્યો, કડું લીધું અને લોકોના દેખતાં ગોરને પહેરાવ્યું.

ખોટી એજન્સીવાળાઓને આમ નભી ખાવા કર્તા તરીકે ઈશ્વર ગોઠવવો પડયો.

તાવ લાવ્યો ઈશ્વરે અને ઉતાર્યો ડોકટરે. એમાં ઉપકારી કોણ? ભૂખ લગાડી ઈશ્વરે અને ભૂખ ભાંગી મા-બાપે કે ભાઈ-ભાંડુઓએ તેમાં ઉપકારી કોણ? ધન હરાવ્યું ઈશ્વરે અને આપ્યું શેઠીઆએ. માટે શેઠીઆ ઉપકારી. પણ જેને પેટ ખાતર ખોટી એજન્સીઓ ચલાવવી છે, તેને તે વસ્તુનો કર્ત્તા ગોઠવવો પડે છે. ખોટી એજન્સીવાળાને તત્ત્વનો વિચાર કરવાનો નથી રહેતો. તેને ઈશ્વરને કર્ત્તા માન્યા સિવાય ચાલતું નથી.

ડોકટરે તાવ આણેલ નથી. તેણે તો ભારે ખોરાકની મનાઈ કરી હતી. આપણે તે ન માન્યું. ખાધો. ભારે ખોરાકે તાવ આણેલો છે. ડોકટરે કહ્યું કે શરદીમાં ન સુવું. આપણે સુતા ને નેમોનીયા થયો. કોણે કર્યો? ડોકટરે કે શરદીના પુદ્‌ગલે?

આ બધું આપણે અનુભવીએ છીએ. ડોકટર સજા કરતો નથી તે તો 'આમ કરશો નહિ' એ પ્રમાણે શિખામણ દે છે. તે પ્રમાણે વર્તો તો ફાયદો થાય. આમ છતાં ખોટી એજન્સી ગોઠવી દેવાવાળાને શું કહેવું? આપણને તો ફાયદો કરે છે. ડોકટર અને નુકસાન કરે છે કુપથ્ય.

તેવી રીતે 'જૈનેતરો પરમેશ્વરને માને છે, અને જૈનો પણ પરમેશ્વરને માને છે' બેની માન્યતામાં ફરક કેટલો?

'ત' અને 'ન' નો.

**જનેતરો બનાવનાર તરીકે માને છે (શિક્ષા-દંડ-કર્મ વિ.ના કરનાર તરીકે માને છે.) જૈનો બતાવનાર તરાકે માને છે.**

જેમ સૂર્ય આખા જગતની વસ્તુઓ બતાવે, દીવો વસ્તુઓ દેખાડે તેમ બધા બતાવનાર છે. (બનાવનાર નહિ) તેણે કાંટો બતાવ્યા છતાં કાંટાથી ચેતો નહિ અને કાંટો વાગ્યો તો સૂર્યે વગાડયો એમ કહી શકાય નહિ.

સૂર્ય માત્ર દેખાડનાર, નહિ કે કરનાર, તેમ વૈદ્ય, ડોકટર પણ માત્ર પથ્ય-કુપથ્ય સૂચવનાર, દેખાડનાર, નહિ કે કરનાર!

તેમ છતાં તમો તેના કહ્યા પ્રમાણે ન કરો તો હેરાન થાવ. તેમાં ડોકટર હેરાન કરતો નથી. તેથી તે ગુનેગાર નથી. તમે તેના વચન પ્રમાણે વર્તો તો ફાયદો થાય, તેમાં ડોકટરના વચનથી ફાયદો થયો, તેથી ડોકટરે જ ફાયદો કર્યો કહેવાય.

સુખી થઈએ તેમાં પ્રભાવ તો પથ્યનો જ. પણ ઉપકાર કોનો? ડોકટરનો! કાંટો વગાડનાર સૂર્ય નહિ તેમ રોગ કરનાર વૈદ્ય નહિ. એ તો કાંટો કે રોગ બતાવનાર છે. આથી તે કરનાર નહિ પણ બતાવનાર તરીકે ઉપકારી છે.

'ઘુલું રાંધીને ખા' એમ કહી થુલું બે-ચાર માસ ખવડાવ્યું-જઠરા તૈયાર થઈ પણ તે પ્રભાવ કોનો? થુલાનો. આમ છતાં થુલું તો જગતમાં ઘણું હતું પણ નબળા કોઠાવાળાને થુલું બતાવનાર કોણ? ડોકટર-માટે ઉપકાર ડોકટરનો. અન્યથા થુલું જગતમાં નહોતું? એ જેમ ઉપકાર ડોકટરનો ગણાયો, તેમ જિનેશ્વર મહારાજા ઉપદેશક, તેના ઉપદેશને આધીન વર્તતા ગણધર ભગવંતો-આચાર્યો માત્ર મોક્ષમાર્ગ બતાવે તેથી તેનો ઉપકાર!

પરંતુ જેમ ડોકટરે દર્દીને જાણવો જોઈએ, દર્દ અને દવાને જાણવી જોઈએ તો જ તે ડોકટર કે વૈદ્ય ગણાય. એ ત્રણ વસ્તુને **બરોબર જાણે તેજ વાસ્તવિક વૈદ્ય કે ડોકટર ગણાય.**

તેવી રીતે અહીં પણ છે 'સંસારના જીવો રોગી થાય તે વખતે વૈદ્ય પાસે જાય' તેમ **'મને સંસાર રોગ છે'** એમ જેને માલુમ પડયું તે તેવા જાણકાર આચાર્ય પાસેથી ઉપદેશ સાંભળે. દુનિયાના દરદોની પણ બાળ આદિને ઓળખ નથી હોતી કે-મને શું દર્દ થયું છે? વૈદ્ય કહે કે-અમુક દર્દ. થયું ત્યારે તે જાણે ત્રણ વર્ષના બાળકને 'સંગ્રહણી થઈ' એમ વૈદ્યે કહ્યું ત્યારે જાણ્યું. પણ તેને કિંમત નથી તેથી રોગનો ભય નથી. તેમ જેઓ જગતની ચાર ગતિની રખડપટ્ટીને સમજે-આત્મ સ્વપરૂની રોકાણને સમજે તેને પોતાના દર્દની કિંમત છે, કારણ કે તે પોતાના દર્દને અને દર્દથી તોળાઈ રહેલા ભયોને સમજે છે. તેજ ઉપદેશ સંસાર-રોગથી પીડાતો બાળક સાંભળે-રોગને સમજે છતાં તેનો કિંમત નથી એટલે રોગનો ભય નથી.

જ્યાં સુધી જીવ સમક્તિ નથી હોતો ત્યાં સુધી તેને ભવનું ભયંકરપણું નથી લાગતું.

હું કોણ? કયાંથી આવ્યો? કયાં જવાનો છું? કઈ સ્થિતિમાં હતો? કઈ સ્થિતિમા છું? એ વસ્તુનો વિચાર આવતો નથી કારણ કે તે સમક્તિ થયો નથી. તેને ભવનું ભયંકરપણું ભાસતું નથી. તેને ભવનો વાસ્તવિક વિચાર જ નથી આવતો.

જેઓ આત્મસ્વરૂપને સમજે તેઓ પોતાના દર્દને સમજે. **એથી જ સુધર્મા સ્વામી** આદિ ગણધર દેવો, આચાર્ય મહારાજો પ્રથમ અંગ- **આચારાંગમાં**-(પહેલા ઉદ્દેશાના પહેલા જ સૂત્રમાં) કહે છે કે-**"તમે અનાદિથી જેલવાસી રહ્યા છો તે હવે તમે મહેલના વાસી થાવ!!!"**

ખ્યાલ હશે કે જેલમાં ચારે બાજુ કિલ્લો, દુનિયાથી વહેવાર નહિ, દૃષ્ટિ બહાર જાય નહિ. બારી-બાકું કાંઈ નહિ. ચારે બાજુ ફર્યા કરે. પણ દૃષ્ટિ બહાર જાય નહિ. જેને બહારથી વહેવાર ન હોય તે જેલ, ને બહાર બધો વહેવાર હોય તે મહેલ. મહેલમાં બારી-ઝરૂખા વિ. બધું તેથી દૃષ્ટિ બહાર જાય.

તેમ આ શરીર જેલ-જેને પોતાના પુદ્‌ગલના જીવનનો-ભવિષ્યના જીવનનો વિચાર ન હોય માત્ર આ જીવનનો વિચાર હોય તેને શરીરરૂપી જેલમાં રહેવાને લીધે દૃષ્ટિ બહાર જાય નહિ.

જેઓ ભલે આ શરીરરૂપ ઘરમાં રહ્યા છતાં દેવ-ગુરૂ અને ધર્મને યાદ કરે, હું કોણ? કયાંથી આવ્યો કયાં જવાનું છે? વિ. વિચાર કરે છે. તેઓ બાહિર દૃષ્ટિ ફેંકનારા હોવાથી મહેલમાં રહેવા-વાળા ગણાય.

જેલવાળાને કહે છે કે-શરીર બહાર દૃષ્ટિ કરો એટલે કે હું કોણ? કયાંથી આવ્યો? એમ વિચારો, પૂર્વભવ અને ભવિષ્યનો ભવ યાદ કરો. એ દૃષ્ટિ ન થાય ત્યાં સુધી આત્મા શરીરરૂપી જેલમાં છે. બહાર દૃષ્ટિ થાય, ત્યારે મહેલનો વાસી થાય.

ભગવાન આ બધું ઓળખાવે તેથી ઉપકારી. ડોકટર કુપથ્યને કુપથ્ય જણાવે અને પથ્યને પથ્ય જણાવે. તે મુજબ ન કરીએ તો હેરાન આપણે થઈએ. તેમાં હેરાનગતિનો કર્તા ડોકટર નથી. તેમ આચાર્યો કહે તેમ ન કરીએ તો હેરાન આપણે જ થઇએ. તે હેરાનીના કર્તા ભગવાનો કે આચાર્યો નથી. હેરાન કરનાર તો કુપથ્ય છે. ડોકટરનું વચન પાળતાં ગુલામી નથી. તેમ તેનું કથન પાળતાં ગુલામી નથી કારણ કે તેઓ સજા કરનારા નથી. સજા કરનાર તો કર્મ છે. તેઓ તો સૂર્ય-ચન્દ્રની માફક દેખાડનારા છે.

જૈનેતરોએ ઈશ્વરને સજા કરનારા માન્યા. જૈનોએ સજા કર-નારા નથી માન્યા, ઉપકારી માન્યા છે. અર્થાત્ જૈનોએ ઈશ્વરને બતાવનાર માન્યા અને જૈનેતરોએ બનાવનાર માન્યા. એથી બન્નેમાં 'ત' અને 'ન'નો ફેર છે અને તે બહુ મોટો છે.

વૈદ્ય કે ડોકટર કહે છે કે–આમ કરવું, તેમ કરવું, પણ તે પ્રમાણે ન કરીએ તો આપણે હેરાન થઈએ, તેમાં વૈદ્ય કે ડોકટરને આપણે ન કહી શકીએ કે તમે અમને હેરાન કર્યા. જૈન શાસનમાં 'પાપ ન કરો, આશ્રવ ન કરો' એમ જણાવ્યું, છતાં આપણે તેમ ન કરીએ અને હેરાન થઈએ. તેની તો ભગવાનોને 'આ બિચારો અવળો ચાલ્યો એટલે દુઃખી થયો' એમ જાણી દયા જ કરવી રહી. ઊલટો વર્તનાર શિક્ષા પામે અને માર્ગદર્શકને તો એ રીતે દયાનું સ્થાન રહે, ત્યાં શિક્ષા કરવાનો અધિકાર જ કયાં રહે છે?

મતલબ કે જૈન અને જૈનેતરમાં ફરક શું? જૈનેતરો એમ કહે કે–તમે બધા ગુલામી સ્વીકારો. જવાબદારી–જોખમદારી તમારે માથે નહિ. જેમ આપણે ત્યાં કોઈએ ગાય–ઘોડો લીધા, તેને કયાં રાખવા? કેમ ઉછેરવા? વિ. તે જાનવરના હાથમાં નહિ. પણ લેનારના હાથમાં, તેમ જૈનેતરોને ત્યાં ખરીદાયલા માનવો જાનવર રૂપે ગણાય છે. પોતે ક્યાં રહેવું? કેમ ઉછેર પામવો? તે પોતાના હાથમાં નહિ. ઈશ્વરના હાથમાં.

જ્યારે જૈનો એમ કહેવા માંગે છે કે તમે કોઈના ગુલામ નથી. તમે કોઈને આધીન નથી. તેમ તમારા માટે જવાબદાર અને કર્તવ્ય માટે જોખમદાર તમે છો. જવાબદારી કે જોખમદારી અમારી નહિ.

અહીં પાપ કરો તે ઈશ્વરે મને પાપ કરાવ્યું તે અહીં નહિ. પાપ કરો તેની જવાબદારી અને ફળ ભોગવો તેની જોખમદારી તમારી છે ઈશ્વર તમને દુઃખમાં પાડનાર નથી.

અર્થાત્ જૈનમત કહે છે કે–જીવ પોતે જવાબદાર અને જોખમદાર છે. જ્યારે જૈનેતરમત કહે છે કે–જીવ જવાબદાર અને જોખમદાર નહિ. 'સદ્ગતિ દુર્ગતિમાં ઈશ્વર લઈ જશે. જ્યાં લઈ જશે ત્યાં જઈશ.'

આ માન્યતા રાખવામાં આવે ત્યારે જીવ, ગુલામ–પરાધીન–ઢોર વિગેરે બન્યો, જૈનો તે 'ના' પાડે છે.

જૈનેતરો જવાબદારીમાંય નહિ અને જોખમદારીમાંય નહિ. મને ઈશ્વર પાપ કરાવે છે અને પુણ્ય કરાવે છે એ માન્યતા છે. આથી તે ગુલામીપણામાં છે. આ વાતની જૈનો ના પાડે છે.

જૈનો બધાથી વિરૂદ્ધ થઈને કાંઈ કહેતા હોય તો તે એકજ કહે છે કે "**જીવ જ જવાબદાર અને જોખમદાર છે તે કોઈનો ગુલામ નથી, પરાધીન નથી, તાબેદાર નથી.**'

**બેશક. જૈનો ઈશ્વર માને છે પણ ઉપકારી તરીકે!** કયો ઉપકાર? સુખના–સદ્‌ગતિના ઉપાયો એમણે બતાવ્યા છે, તે તેની દ્વારા સદ્‌ગતિ મેળવી શકીએ.

જેમ સૂર્યે કાંટાથી બચાવ્યા, તેણે સાધન પૂરૂં પાડ્યું. પ્રભુએ દુર્ગતિનાં કારણો બતાવ્યા છતાં આત્મા ચેત્યો નહિ, તો પોતે જ પોતાના કર્મથી દુઃખી થયો. આ રીતે **જૈનોમાં 'ત' કારવાળો બતાવનાર ઈશ્વર અને જૈનેતરોમાં 'ન' કારવાળો બનાવનાર ઈશ્વર.**

આપણને ઈશ્વરે બતાવ્યું, તેથી આપણે પુણ્યનું–મોક્ષનું સાધન મેળવી આત્માને નિર્મળ બનાવી શકીએ એ ઈશ્વરનો ઉપકાર.

સૂર્ય–ચંદ્ર જેમ વસ્તુઓ બતાવે છે, તેમ આપણને ઈશ્વર સદ્‌ગતિનાં સાધનો બતાવે છે. **જૈનોએ આથી ઈશ્વરને બતાવનાર માન્યા, જૈનેતરોએ બતાવનાર માન્યા.**

સૂર્ય કાંટો ખેંચી લેતો નથી, પણ તે બતાવે છે. તેથી કાંટાથી બચીએ તો સૂર્યનો ઉપકાર છે. મોક્ષનાં સાધનો બતાવ્યાં પાપના કારણો જણાવ્યાં–તે તરીકે ઈશ્વરનો ઉપકાર, બનાવનાર તરીકે નહિ.

અવળા ચાલીએ અને રોગ વધે, તેમાં વૈદ્ય રોગ વધારનાર નથી, અને તેથી જ આપણે ડોકટર–વૈદ્યના નથી ગણાતા કારણ કે– તેનું કામ શિક્ષાનું નથી. તેની ગુલામી પણ નથી, કારણ કે માનવું

હોય તો માનો છો. એવી રીતે શ્રોતાઓ ઉપદેશકના ગુલામ નથી. પરંતુ એ ચોક્કસ કે ઉપદેશકે શ્રોતાઓનું સ્વરૂપ, શ્રોતાના દર્દનું સ્વરૂપ અને નિદાન પોતાના ખ્યાલમાં લેવું જોઈએ. શ્રોતાની સ્થિતિ તેના દર્દો અને તેની દવાઓ વિ. નો ખ્યાલ ન હોય તે કામ ન આવે.

ડોકટર દર્દીનું, દવાનું અને દર્દનું સ્વરૂપ ન લે તો તે શોભે નહિ. તેને માટે પૂ. **આ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે** શ્રોતાઓનો વિભાગ કર્યો છે.

ત્રણ પ્રકારના જીવો જણાવ્યા. **દૃષ્ટિથી, વિચારથી અને પરીક્ષાથી પરખ કરવાવાળા.**

નાનું બચ્ચું પીળું કે-ચકચકતું દેખી સોનું કે હીરો કહીને પકડી લે. કેટલાક વિચારવાળા-જેમ કે અહીં હીરાનો, સોનાનો સંભવ છે કે નહિ? એમ વિચાર કરે અને પછી પકડે કે છોડે. કેટલાકો પરીક્ષા દ્વારા કસોટીએ કસે. કાંટે તોલે વિ.

જગતમાં આ રીતે **દૃષ્ટિ-વિચાર અને પરીક્ષા** એમ ત્રણ પ્રકારના પુરુષો હોય છે. નાના બાળકો માત્ર છાપ જોવે, ચળકાટ, રંગ જોવે. તે છાપ દુશ્મનની છે કે ઉદ્ધારકની તે જોવાનું કામ છોકરાનુ નહિ.

લગીર આગળ વધેલો હોય તે બરાબર ચહેરો, વેષ, મકાન સામગ્રી એ બધું છાપામાં દેખે છે.

વિદ્વાન હોય તે આ ફોટો દેશનેતાઓ છે. ધર્મનેતાનો છે કે કોનો ફોટો છે? તેમ વિચારીને પછી કિંમત કરે.

આ રીતે છબીની કિંમત કરનાર પણ રંગપ્રધાન, વિચારપ્રધાન અને પરીક્ષાપ્રધાન જીવો હોય છે.

તેમ ધર્મને અંગે પણ શ્રોતા પણ પ્રકારના છે :-

૧ દૃષ્ટિપ્રધાન ૨. વિચાર પ્રધાન અને ૩. પરીક્ષાપ્રધાન (ત્રણ પ્રકાર)

દૃષ્ટિ પ્રધાનવાળો રીત-રીવાજને દેખે.

વિચાર પ્રધાનવાળો આચાર-વિચારાદિ વર્તણુકને દેખે. અને

તત્ત્વ પ્રધાનવાળો શાસ્ત્રીય રીત-રીવાજોને દેખે

દૃષ્ટિ પ્રધાનવાળો એટલું જ દેખે કે અ, આ, ઇ, ઈ, ઉ, ઊ આદિ અક્ષરો બધા શાસ્ત્રોમાં સરખા છે. તત્ત્વ પ્રધાનવાળો જુએ કે-"જૈન શાસ્ત્ર કયું ? કોનું નામ ? (જિનેશ્વરોએ કહેલું એમ કહી દીધું; પણ ખાત્રી શી ?)

જિનેશ્વરોએ કહેલું લખાયું કે-બીજાએ કહેલું ?" આ જિનેશ્વરે જ કહેલું લખાયું છે. એમ કઈ દૃષ્ટિએ જાણીએ છીએ ? તત્ત્વ જોઈને તત્વમાં 'આત્મા' પહેલો. આત્મા કોને માન્યો છે ? કર્ત્તા-ભોક્તા-જવાબદારી જોખમદારી સંપૂર્ણ ઉઠાવનારને જગતમાં કર્તા-કારવતાને જવાબદારીવાળાને 'આત્મા' કહીએ છીએ 'આ જગતનો આત્મા' એ તરીકે 'જવાબદારી વગરનો તો ઘરમાં ય' ઘરનો આ આત્મા 'એ તરીકે લેખાતો નથી.'

કુટુંબમાં-રાજ્યમાં-દેશમાં આત્મા તરીકે કોને ગણીએ છીએ ?

કહો કે-'જવાબદારી-જોખમદારી, ઉઠાવવાવાળાને જ આત્મા ગણવામાં આવે છે' એથી જ 'જીવ' શબ્દ છોડી દઈને અહિં 'આત્મા' કહેવામાં આવેલ છે.

જૈનશાસન એમ કહે છે કે-તું પોતે જ તારો આત્મા છો. કોઈ તારો આત્મા નથી. તારી જોખમદારી તારે શિર જ છે.

દુનિયામાં જુઓ, સગીર હોય ત્યાં સુધી વેપાર-રોજગાર કરે પણ તે કોને નામે મંડાવે ? મોટાને નામે શેઠને નામે.

આ ત્રણેય જગતમાં એવો એકેય આત્મા નથી જે પોતે જ પોતાનો જોખમદાર ને જવાબદાર નથી. સર્વ આત્મા પોતાની જવાબદારીવાળા છે.

કાંટો વાગે તો વેદના કોને? શેઠને કે મુનિમને?

કોઈની જવાબદારી કે જોખમદારી કોઈના માથે જતી નથી. 'કોઈના માટે ધર્મ કરે તો કોઈ સુખી થઈ જવાનો છે' એ વાત જૈનશાસનમાં નથી. બીજામાં એ છે કે કરે કોઈ અને ભોગવે કોઈ!

ધન, માલ, મિલ્કત ભલે વહેંચાતી હોય, પણ સુખ–દુઃખમાં જવાબદારી વહેંચાતી જ નથી. એટલે બધા જ આત્મા જવાબદારી અને જોખમદારીવાળા જ છે.

આમ નક્કી થયું ત્યારે વળી કહેશે કે–ચાલો, એ તો ચાલ્યા જ કરે છે. સીપાઈએ બીરબલની પાઘડી ઉછાળી. એ જોઈને બીરબલે બાદશાહની પાઘડી ઉછાળી.

અકબર કહે 'એ કયા કીયા?'

બીરબલ કહે 'સબ પીછે સે ચલી આતી હૈ' એમ અહીં નથી.

આ આત્મા તાકાતવાળો છે. જે ગતિ લાવવી હોય છે, ગતિ લાવી શકે છે. પરિણામ નિપજાવવાની તાકાતવાળો છે. દુર્ગતિના કર્મો બાંધે તો દુર્ગતિએ જાય છે; સદ્‌ગતિના કર્મો બાંધે તો સદ્‌-ગતિએ જાય છે.

સર્વ આત્મા પરિણામી છે. પોતાની અવસ્થા પલટાવી શકે છે. તમે પોતે જ પરિણામી છો. અવસ્થા પલટાવો છો. આત્મા જ અવસ્થા પલટાવ્યા કરે છે. આપણે ઊંચી અવસ્થા જોઈએ છે અને તે લાવવી તે આત્મામાં હાથમાં છે.

એટલા જ માટે ઈશ્વરપણું જૈનોમાં રજીસ્ટર નથી. બીજાઓને પૂછો કે–ચારે વેદમાં ઈશ્વર કેમ થવાય, એ કયાંય રસ્તો બતાવે છે? કુરાનવાળાને, બાઈબલવાળાને પૂછો. બીજાએ ઈશ્વર બનવું હોય તો તેને માટે તેમાં કાંઈ રસ્તોજ નથી બતાવ્યો. કારણ કે–ઈશ્વરપદ ત્યાં રજીસ્ટર્ડ છે. આપણામાં ઈશ્વર થવા વીશસ્થાનક તપ

બતાવ્યું. તે તપાદિ આરાધીને આ આત્મા પણ ઈશ્વર થઈ શકે છે. તેથી જ જૈનોએ ઘણા ઈશ્વર માન્યા છે અને જૈનેતરોને ઈશ્વર એક માનવો પડ્યો છે.

જૈનોને ઈશ્વરે ઇશ્વર થવાનો મોક્ષમાર્ગ બતાવ્યો એ ઈશ્વરનો ઉપકાર. જૈનેતરોને પહાડ-પત્થરા-પાણી-જન્મ-કુટુંબ વિ. ઇશ્વરે બનાવી આપ્યું એ ઈશ્વરોનો ઉપકાર. મોક્ષમાર્ગ પ્રવર્ત્તાવનારા મોક્ષ પામે, તો તે માર્ગ દેખાડનારા બીજા જોઈએને? સુધારો ચ્હાય તેટલો કર્યો, પણ તેનો છેડો આવે ત્યારે નવ સુધારો બતાવનાર જોઈએને?

આથી ઉપદેશક નવા-નવા જોઈએ. એક જ ઉપદેશકના ઉપદેશની અસર સર્વકાલ માટે રહેતી નથી. ઉપદેશની અસર ગઈ. એટલે નવા ઉપદેશક જોઈએ જ. આથી નવા ઈશ્વર માનવા જ રહ્યા. (એટલે કે-એક પછી બીજા તીર્થંકર તમારે માનવાના જ રહ્યા. માટે ઈશ્વરપદનું રજીસ્ટપણું માનવાનું ન રહ્યું.

પેલાઓને તો ઈશ્વર પહાડ-પાણી આદિ જ બનાવવા પૂરતું કામ આપે છે અને એ તો સદા હાજર જ છે, માટે તેનું ઈશ્વરનું રજીસ્ટર્ડપણું પાલવ્યું.

જીવ-વિચારમાં ઈશ્વરને સૂર્ય-ચંદ્ર મણિ વિ. છોડીને 'मुवणपइवं वीरं' દીવાની ઉપમા આપી, એટલા માટે કે દીવો એકના અનેક કરી શકે છે. એક સૂર્યથી બીજો સૂર્ય ન થાય પણ એક દીવાથી બીજો દીવો થાય.

એક મણિથી અનેક મણિ ન થાય. ચંદ્રથી અનેક ચંદ્ર ન થાય માટે જ 'मुवणपइवं वीरं' કહી ઈશ્વરને દીપકની ઉપમા આપી. આ રીતે જૈનોને દીવાથી બીજો દીવો થાય છે. માટે ઈશ્વર રજીસ્ટર નથી. પરિણામ લાવવાની તાકાત દરેક આત્મામાં છે. જૈન શાસન આ શીખવે છે તો તે બધાએ સારા જ વિચાર લાવવા જોઈએ અથવા સારા પરિણામ લાવવા ધારે પણ ખોટા કેમ આવે?

આવી શંકાના સમાધાન માટે કહ્યું કે– 'बद्धः सत्कर्मणा विचित्रेण વિચિત્ર કર્મો વડે આત્મા બંધાયેલો છે અને તેથી ફાવે તેવા વિચારો–ઉચ્ચારો અને આચારો કરે છે અને તેવાં કર્મો બાંધે છે.

સદ્‌ગતિની ઈચ્છા બધાને, પણ પુણ્ય કરવા સજ્જ થાય તો ને ? જીવવાની ઈચ્છાવાળો ઝેર ખાય તો જીવન બચાવી શકાય નહિ ત્યારે કહો કે–તેવા આત્માને સારા પરિણામનો અભાવ છે. પુણ્ય કર્મ બાંધે તો સુખી થાય.

ઈચ્છા પુણ્યની પણ બાંધે પાપ. તેમાં થાય શું ? ધાર્યું પરિણામ નહિ આવવાનું કારણ તેના ખોટા કર્મો એ કર્મો વડે આ જીવ બંધાએલો છે એ બંધ એવો તો નથી જ કે ન જ ઘટે.

ચક્રવર્તીના બંધો પણ કાયમ રહ્યા નથી. કોઈના બંધો કાયમ રહેતા નથી–રહ્યા નથી. તેમ આત્મા કર્મોને તોડી શકે છે. પોતે સ્વતંત્ર પણ થઈ શકે છે. આથી પ્રથમ તો आत्माऽस्ति આત્મા છે એમ માનવું જોઈએ. પછી 'स परिणामी' તે પરિણામી છે એમ નક્કી કરી લેવું જોઈએ અને ત્યારબાદ આત્માને સુમાર્ગમાં પ્રવર્તાવવા 'बद्धः सत्कर्मणा विचित्रेण' વિચિત્ર કર્મોથી બંધાયેલ છે એમ માનવું જોઈએ

એ માન્યતા પછી મુક્તિનો હેતુ અહિંસા છે. અને પાપનો હેતુ અહિંસા છે. તેમજ અહિંસાના પાલન વડે હિંસાથી ઉત્પન્ન થયેલ કર્મ બંધનથી આત્મા મૂકાય છે એમ સમજી લેવા જણાવ્યું છે.

'मुक्तस्त द्वियोगाद्धिंसाऽहिंसादित द्धेतुः' આ રીતનું જેમાં આત્માનું સ્વરૂપ જણાવવામાં આવેલ હોય તેનું નામ **જૈનશાસ્ત્ર.**

તે પારખવામાં અ–આ–ઇ–ઈ–ઉ–ઊ આદિ અક્ષર કે કોઈ લિપિ ઉપર તત્ત્વ નથી. આમ પરીક્ષા કરે તેજ બુધ કહેવાય છે. પંડિત કહેવાય છે. તે શાસ્ત્રના ઉપદેશકે શ્રોતાઓને વિશેષ ઉપદેશ આપવો જોઈએ.

એ ઉપદેશ પામનારા આ ભવ પરભવને વિષે અપૂર્વ સુખ પામીને અંતે અનંત સુખ પામીને અંતે અનંત સુખના ભોક્તા થશે, સર્વમંગલ.

## શ્રી નવપદ–આરાધનાની મહત્તા

દેવ–ગુરૂ તથા ધર્મતત્ત્વને જૈનો જેમ માને છે, તેમ જૈનેતરો પણ માને છે. આસ્તિક માત્ર આ ત્રણ તત્ત્વોને માને છે. કોઈ પણ જૈન–જૈનેતર આસ્તિક તત્ત્વત્રયીનો ઈન્કાર કરતો નથી. જૈનેતરો પણ દેવાદિને માને છે. તથા જૈનો પણ માને છે, પણ તેમાં ફરક શો ?

"અમે જૈન છીએ" એમ તમે બોલો છો એ તો સારું છે, પણ એમ બોલવામાં રહેલું રહસ્ય સમજવું જોઈએ ને ? જો તે ન સમજતા હો તો કહો કે—માત્ર શબ્દનો સંબંધ છે, પદાર્થનો પરિચય નથી, પદાર્થની ઓળખાણ વિના તે પદાર્થ પરત્વે પ્રેમની તો વાત જ શી ?

જૈનો દેવ કોને માને છે ? ગુરુ કોને માને ? ધર્મ કોને માને ? એ જાણવું જરૂરી છે.

અરિહંતને જ તથા સિદ્ધને જ દેવ મનાય, આચાર્ય ઉપાધ્યાય અને સાધુને જ ગુરુ મનાય તથા દર્શન જ્ઞાન ચારિત્ર અને તપને જ ધર્મ મનાય છે.

આ રીતે બે ભેદે દેવ, ત્રણ ભેદે ગુરૂ તથા ચાર ભેદે ધર્મ મનાય. આ સિવાય બીજાને દેવ ગુરૂ કે ધર્મ જૈનો માને જ નહિ.

બે ભેદે દેવ ત્રણ ભેદ ગુરૂ તથા ચાર ભેદે ધર્મ એમ ૩+૩+૪=૯ નવનો આંક તત્ત્વત્રયીને અંગે થયો. નવનો આંક અખંડ છે. બીજો કોઈ આંક અખંડ નથી.

કોઈપણ કાલમાં કોઈ પણ ક્ષેત્રમાં કોઈ પણ તીર્થમાં આ નવપદો સિવાય બીજું કોઈ જૈન દર્શનમાં આરાધ્ય નથી. આરાધ્ય સતત આ નવ જ અને નવથી ન તો આઠ કે ન તો દશ આ નવપદ રૂપ નવને જ આરાધ્ય માનવા જોઈએ, આ નવપદની જ આરાધનાથી કલ્યાણ છે.

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના
'નવપદમહિમા' વ્યાખ્યાનમાંથી

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૭ ❋ વિ. સં. ૨૦૩૭

વર્ષ ૧૬ ❋ પુસ્તક ૪

सम्मद्दंसणं अप्पविसोहगं

卐

## સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેની નિર્મળતાના ઉપાયો

જૈનશાસનરૂપી વૃક્ષના મૂળ તરીકે,
શાસનરૂપી મંદિરના દ્વાર તરીકે,
શાસનરૂપી મહેલના પાયા તરીકે,
શાસનરૂપી ગુણોના આધાર તરીકે અને
શાસનરૂપી રત્નોના નિધાન તરીકે
કોઈપણ ચીજ સર્વજ્ઞ ભગવાને જણાવી હોય તો
**તે કેવળ સમ્યક્ત્વ જ છે**

સમ્યક્ત્વનો મહિમા એવો અદ્વિતીય છે કે સત્તર પાપસ્થાનકથી એકપણ અંશથી નહિ વિરમેલો મનુષ્ય થોડા ભવમાં સર્વ પાપ વર્જીને મોક્ષ પામી શકે છે,

જ્યારે સમ્યક્ત્વના અભાવે મિથ્યાદર્શનમાં રહેલો શેષ સત્તર પાપસ્થાનોના વિરમણ અને વિવેકવાળો હોય તો પણ સમ્યક્ત્વ પામ્યા સિવાય કોઈ કાળે પણ મોક્ષ પામી શકતો નથી.

અર્થાત્ સમ્યક્ત્વવાળો પુરુષ મહેલને ચણનારા કડિયાની માફક નિયમિત ઊર્ધ્વગામી હોય છે.

જ્યારે સમ્યક્ત્વ વગરનો સત્તર પાપસ્થાનક વર્જન રે છતાં કૂવાને ચણનારા કડિયાની માફક અધોગામી હોય છે.

તેથી દરેક મોક્ષની ઇચ્છાવાળાઓએ તેમજ ધર્મની ધગશવાળાઓએ સમ્યક્ત્વને આદિમાં આદરવું જોઈએ.

આ કારણથી શ્રાવકના વ્રતોના અબજો ભાંગા છતાં પણ એક પણ ભાંગો સમ્યક્ત્વ વગરનો ગણ્યો નથી.

એટલે કે સમ્યક્ત્વરહિત કોઈપણ મનુષ્ય કે અન્ય જીવ શ્રાવકપણામાં ગણવાને લાયક હોય નહિ.

આ વાત સ્થૂળ બુદ્ધિથી શાસ્ત્રો જોનારને પણ નવી લાગે તેવી નથી.

પૂર્વે જણાવેલું સમ્યક્ત્વ જેને પ્રાપ્ત થયું હોય તે હંમેશાં રાગ-દ્વેષ મોહાદિ દૂષણોએ રહિત અનંત એવા જ્ઞાન-દર્શન-વીર્ય અને સુખને ધારણ કરવાવાળા સકળ જગતના જીવોને સંસાર-સમુદ્રથી તારવારૂપી ઉપકારમાં પ્રવર્ત્તેલા, સર્વથા દૂષણરહિત શુદ્ધ આત્મ-સ્વરૂપને વિષે જ લીનતાવાળા, એવા પરમ પુરુષને તત્ત્વથી દેવ-બુદ્ધિએ માને અને ત્રિવિધે-ત્રિવિધે તેમની ભક્તિ કરવામાં લીન થાય.

વળી એ પરમાત્માએ યથાસ્થિતપણે પ્રગટ કરેલા જીવાદિક નવ પદાર્થોને સત્ય તરીકે, વ્યાપક તરીકે, નિઃસંદેહપણે માનવા તત્પર રહે.

વળી તે પરમાત્માએ કહેલા સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગમાં જે બાળ, જુવાન કે વૃદ્ધ, સધન કે નિર્ધન, સ્ત્રી કે પુરુષ, સકુટુંબ કે નિષ્કુટુંબ, જીવો પ્રવર્ત્તે.

તેઓને સાધુતાવાળા માની વંદનાલાયક ગુરુપદવાળા માને તેનું નામ સમ્યગ્દર્શન છે.

અર્થાત્ જેઓ ભગવાનની ભક્તિ કરવામાં પ્રતિકૂળતા ધારણ કરનારા, વળી પરમાત્માએ નિરૂપણ કરેલા નવ તત્ત્વોની ખામી કલ્પી તેને જોનારા તથા ત્યાગમાર્ગમાં પ્રવર્તતા તેનો ઉપદેશકર્તા સાધુઓ.

ગૃહસ્થ-સમાજના કાર્યથી વિમુખ રહેનારા અને તેને નિષેધનારા હોઈ તેવા મહાપુરુષોને વંદનીય નહિ ગણનારા ચક્રવર્તી રાજા જેવા મહાપુરુષને પણ સમ્યક્ત્વનું હોવું કોઈપણ પ્રકારે સંભવિત નથી.

પૂર્વે જણાવેલું સમ્યક્ત્વ જો કે ભક્તિ, માન્યતા અને વંદનીયતાની બુદ્ધિરૂપ હોઈ દર્શનમોહનીયના ક્ષયોપશમાદિવાળા આત્માના પરિણામરૂપ છે અને તેથી પરજીવમાં કે સ્વમાં થયેલું હોય તોપણ તે જાણવું મુશ્કેલ પડે પણ અન્ય-ગૃહમાં અપ્રત્યક્ષપણે રહેલો અગ્નિ જેમ ધૂમાડારૂપી બાહ્ય ચિહ્નથી જણાય છે.

તેવી રીતે અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમે અપૂર્વ કોટિનો શમ હોવાથી,

મોક્ષની અદ્વિતીય અભિલાષાથી

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકરૂપી ચારે ગતિથી સર્વથા ઉદ્વેગ થાય તેનાથી

સંસારભરના જીવોની ઉપર દ્રવ્ય ને ભાવથી અનુકંપા હોવાથી

અને જીવની અસ્તિતા વિગેરે માનવા આદિ ચિહ્નોથી આ સમ્યક્ત્વ સ્વ કે પરમાં થયેલું જાણી શકાય છે.

જે જીવો પોતાના આત્માને સમ્યગ્દર્શન છે એવું પ્રશમાદિ-ચિહ્નોથી સમજતા હોય તેઓએ જીવ માત્રને વિષે હિત બુદ્ધિ, ગુણવાનને દેખી આનંદ અને સીદાતાઓને દેખી કરૂણા અને જેઓને સન્માર્ગે ન લાવી શકાય તેવાઓમાં જરૂર માધ્યસ્થ (ઉદાસીનભાવ) કરવો જોઈએ.

આવું સમ્યક્ત્વ અંગીકાર કરેલું હોય, પ્રશમાદિ પ્રગટ થયા હોય અને મૈત્રી આદિ આચરતા હોય, તો પણ

માર્ગમાં સ્થિરતા

જિનેશ્વરના મંદિરાદિ પવિત્ર સ્થાનોની સેવા

શાસ્ત્રકથિત પદાર્થો સમજવાની કુશળતા

સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ ધારણ કરવાની ભક્તિ અને શાસનની ઉન્નતિ

એ પાંચ વસ્તુઓ જ્યારે જ્યારે પણ કરવામાં આવે ત્યારે ત્યારે તે કરનારના સમ્યગ્દર્શનને ઝળહળતું બનાવે છે.

આવા આત્મપરિણામવાળા,

પ્રશમાદિલિંગવાળા,

મત્રી આદિના આચરણવાળા તેમ જ

સ્થિરતાદિક પાંચ ભૂષણવાળાઓએ

જિનેશ્વરના વચનોમાં અંશે પણ શંકા કરવી,

અન્ય મતોના તત્ત્વો તરફ લેશે પણ ઈચ્છા કરવી,

જિનેશ્વર મહારાજાઓએ દર્શાવેલા મોક્ષમાર્ગના અનુષ્ઠાનોમાં સંદિગ્ધ થવું.

આરંભ–પરિગ્રહમાં આસક્ત પાખંડીઓની પ્રશંસા કરવી અને

તેવા આરંભી પરિગ્રહીના પરિચયમાં રહેવું તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી.

માટે સકલ કલ્યાણને કરનારા દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલા આત્મપરિણામરૂપી વિશુદ્ધ સમ્યગ્દર્શનને ધારણ કરનારાઓએ સતત સાવચેતીથી કલ્યાણમાર્ગમાં પ્રવર્તવાની જરૂર છે.




( પૂ. આગમ વાચનાદાતા–દેવસુર તપાગચ્છ સામાચારી સંરક્ષક આગમતાત્ત્વિક વિવેચક આગમજ્ઞ શિરોમણિ પ્રવર પ્રાવચનિક આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના પ્રવચનો આદિ સાહિત્યના પ્રકાશિત થતા ત્રૈમાસિક રૂપ "આગમજ્યોત"ના ચોથા પુસ્તકમાં, પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આગમિક સાહિત્યના વિશાળ અવલોકન ઉપરાંત શાસનરક્ષા, તીર્થયાત્રા, સંઘ સમુદાયના વિવિધ જવાબદારીભર્યા કાર્યો કરવા ઉપરાંત મળતા સમયના સદુપયોગ રૂપે–પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી, હિંદીમાં બહુવિધ સાહિત્યની રચનામાંથી થોડીક નમુના રૂપ રસભરી સામગ્રી રજૂ થાય છે.

જેથી પૂ. આગમોદ્ધારકશ્રીની પ્રૌઢ વિદ્વત્તા સાથે પ્રાસાદિક રચના શૈલિનો સુમધુર અનુભવ વાચકોને થવા પામે છે.

તેવી સામગ્રી અહીં રજૂ કરેલ છે. [સં.]

**પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી રચિત**
**પ્રવર ભક્તિ ભાવભરી પ્રૌઢ ગંભીર શૈલિમાં**
**પ્રભુજીની ભાવભરી સ્તવના**

નરેન્દ્રાઃ સુરેન્દ્રા ગણેન્દ્રા જગત્યાં,
ભવન્તિ પ્રપૂજ્યાઃ કૃતાપ્તાભિષેકાઃ ॥
પ્રાક્ પૂજ્યતામાપ્ય ગતોઽભિષેકં,
યલ્લોકં ભાવસ્તવ–પક્ષપાતી ॥ ૧ ॥

પૂજ્યાસ્તે પરમેષ્ઠિનો જિનમુખા ભવ્યેષુ માર્ગાદિમૈ:,
કાર્યૈર્મોક્ષવિધાયિતા કૃતિકરાસ્તાન્નાદ્ભુતં મે હૃદિ ॥
ત્વં ભગવન્ ! ગતસાધનસ્તનુમનોવાગ્ભિઃ કૃતાઘુન્મુખ:,
કિં પૂજ્યત્વ મુપેયિવાન્ નનુ ગુણાઃ પૂજ્યાઃ સ્વભાવાપ્તિતઃ ॥ ૨ ॥

કાવ્યસ્યકફલં વદન્તિ વિબુધાઃ સ્વાનન્દમેવોત્તમં,
તચ્ચ સ્વાનુભવૈકવેદ્યમખિલં નાડર્થાદિવૃન્દાશ્રિતમ્ ॥
તન્મિથ્યા ન યદસ્તિ સુજ્ઞજનતા શ્રુત્યા વિહીનં સતાં,
બાધ્યં નૈવ પરં પુરોત્તમનયો નોત્સર્ગમાર્ગો મતઃ ॥ ૩ ॥

જિન ! ત્વદાજ્ઞાસુધયોક્ષિતોઽસ્મિ,
જાતો મહામોહ વિષોર્મિપૂર્ણઃ ॥
પક્ષ્વા ન મેડન્તર્યદિ સા તદા ત્વં,
વિધેહિ વૈધેયવિધિં મયીષ્ટમ્ ॥ ૪ ॥

ઘુષ્ટા જિનેન્દ્ર ! જગતીહ પરા તવાઽઽસીત્,
સિદ્ધત્વ બુદ્ધત્વ-કૃતાર્થતાશ્રિતિઃ ॥
પરં ન તાં સત્તમભાવશાલિનઃ,
સભા જયન્તીહ પરા પ્રદાનાત્ ॥ ૫ ॥

જ્ઞાતા સમર્થો યદિ દીનહીનં,
જનં સમુદ્ધર્તુમલં ન ભૂયાત્ ॥
લિપ્યેત પાપપ્રચયેન સત્યં,
યદીદમાપ્તેશ ! કથં સ્થિતિ સ્તે ? ॥ ૬ ॥

ભક્ત્યાશ્રિતેન યદસમંજસમાપ્ત ! લપ્તં,
તન્મે ન પાપપદમાશ્રિતવત્સલે યત્ ॥
સિદ્ધર્વિધાયિ વચનં હ્યુપલમ્ભસારં,
મિષ્ટં તદા નનુ નહીતિ સુનિશ્ચિતં નઃ ॥ ૭ ॥

ધ્યાનાજ્જિનેશ ! તવ પારમગુર્ભવસ્થા-
ડનન્તા ભવેડત્ર ભવધારણુ કાર્યસત્તાઃ ॥
સત્યા શ્રતિસ્ત્વિયમભિપ્રભુમાશ્રિતે મે,
યોગત્રિકેણુ પરમાં (યદિ ચેદ્) વિદધાસિ સિદ્ધિમ્ ॥ ૮ ॥

ચિત્રં જિનેશ ! તવ ભક્તિભૃતોડપિ જીવા,
નાપુઃ પરં પદમતીતકુમાર્ગચિત્તાઃ ॥
સ્યાદ્વાદશુદ્ધવચનાં તવ વાચમાપ્તાઃ,
સત્યં યદત્ર વચનં વદિતુઃ પ્રમાણમ્ ॥ ૯ ॥

## શ્રી તીર્થંકરોની ભક્તિભરી સ્તુતિ

બુદ્ધે કથા જિનપતે ! તવ પૂજનાયાઃ,
નિર્વાણુસૌખ્યમમલં ફલમિદ્ધમોહઃ ।
બ્રૂષે જિનોત્તમતયા ન ગણી ચ પક્ષાત્,
યુક્તં તતોડમરમુખૈઃ કથિતં વિબોદ્ધું ॥ ૧ ॥

મિથઃ સદા યુદ્ધવિધૌ સમુત્કા,
જીવાશ્ચ કર્માણીવ આદિ હીનાઃ ॥
ધૃતા અનન્તા ભવચારકેડમી,
તૈરદ્દિગનસ્ત્વદ્બલતોડહમીશઃ ॥ ૨ ॥

મનો દેવો રામા રતિરહિત ઈશાદિસમતા,
ન લેશેનાન્યસ્ત્રીરમણનિપુણાસ્તે હિ વિદિતાઃ ॥
વધાયાન્યેષાં તે જનુરિહ દધુર્દ્વેષજડતા-
કરારત્વં ! વિશ્વેશાખિલતનુભૃતામુદ્ધતિકરઃ ॥ ૩ ॥

ગુરુગીંત આરંભસંગૈર્વિમુક્તઃ,
શમામ્ભોધિરારાત્ ગતઃ કામદોષાત્ ॥
સદ્જ્ઞાનદાનક્ષમઃ શુદ્ધચેતાઃ,
નમસ્યો ગુણાનાં નિધિર્મોક્ષકામૈઃ ॥ ૪ ॥

ધર્મો જનાનાં હિતકૃત્ સમેષાં,
હિંસાનૃતસ્તેયરમાર્થદાનાત્ ॥
નિર્લોભતા માર્દવશાન્ત્યવક્ર-;
દાનાત્ જિનાનાં પતિભિઃ પ્રણીતઃ ॥ ૫ ॥

## શ્રી તીર્થંકર પરમાત્માની શરણાગતિ સ્તુતિ

અદ્ય મે સફલ જન્મ,
અદ્ય મે સફલા તનુઃ ॥
અદ્ય મે સફલા વાણી,
જિનેન્દ્ર ! તવ સંસ્તુતેઃ ॥ ૧ ॥

લબ્ધૌ ભવામ્બુધૌ પાદૌ,
બૂડતા પોતસન્નિભૌ ॥
દુઃખ-દારિદ્રયસંપૂર્ણે,
લબ્ધવાંસ્તે વચોનિધિઃ ॥ ૨ ॥

કર્મરોગ સમાકીર્ણ-,
સ્ત્વા ધન્વન્તરિમાશ્રયે ॥
દોષદૈત્યવિઘાતાય,
દેવેન્દ્રર્દ્ધિમુપાશ્રયે ॥ ૩ ॥

ગુણરત્નસમાપત્યૈ,
ગુણરત્નાકરં વિભું ॥
સામ્યામૃતરમાસિન્ધુ-,
મપ્રાપ્નુવં શુભોદયાત્ ॥ ૪ ॥

ક્રોધવહ્નિમહામ્ભોધિં,
ગર્વભૂભૃચ્છિદેડશનિં ।।
માયાહિ-નાગ-દમનીં,
લોભરોધોગિરિં નુવે ।।૫।।

અજ્ઞાનાન્ધે તમસ્યર્કં,
હાસ્યાર્કવાદલોચ્ચદં ।।
કામવાર્દલવાત્યાભં,
રતિવાત્યાગિરિં યે ।।૬।।

પ્રેમસાનુપવિં વર્યં,
પવિભૃત્તતિસેવિતં ।।
ત્વાં સેવે સર્વદા લબ્ધ-,
સ્તવોક્તિસૌરભોચ્ચયે ।।૭।।

## પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીની સંસ્કૃત પ્રતિભાની પ્રસાદી

## શ્રી આદિજિન ચૈત્યવન્દનમ્

નમ્રતનુમુંધિકરં ભાવમરં હૃદ્યસમં
બિભ્રદરં તીર્થપતેઃ પાદયુગે શોધિકરે ।।૧।।

શાન્તમનાઃ સ્થૈર્યરતઃ સત્યવચાઃ શ્રીલિપ્તઃ ।
ધર્મકથી શુદ્ધમતિઃ શક્રશતૈઃ પૂજ્યપદઃ ।।૨।।

સિદ્ધનગે શાન્તિકરી મૂર્તિરમા ક્લેશહરી ।
વન્દ્યતમા શુદ્ધતમા ભવ્યચયૈર્નિત્ય નતા ।।૩।।

# શ્રી અજિતજિન ચૈત્યવન્દનમ્

નામં નામં સર્વ બિમ્બં કુર્વે નાતિં સત્પુણ્યાઢ્યામ્ ।
નાન્યૈસ્તીર્થ્યૈસ્તે મુદ્રયં સ્વપ્ને ઽપ્યાપ્તાંઽહો વૃક્ષેમા ॥૧॥

હસ્ત્યઙ્કાં તે દૃષ્ટ્વા મૂર્ત્તિં, પશ્યેદ્ યઃ સ્વં રૂપં સ્વસ્મિન્ ।
સૂન્મૂલાઃ સ્યુઃ કામક્રોધાઃ વૃક્ષા યદ્વન્નાગૈર્યત્તૈઃ ॥૨॥

વિશ્વોત્તંસે તારઙ્ગે તે મૂર્ત્તિં રાજર્ષિર્યાં ચક્રે ।
તાં નત્વા મે સારં જન્મ જજ્ઞે મોહાદ્વૈતાઽવાપ્તેઃ ॥૩॥

# શ્રી સમ્ભવજિન ચૈત્યવન્દનમ્

નમામિ સમ્ભવં સદા ત્રિકોટિ શુદ્ધ ધર્મદા ।
કષચ્છિદાતપૈર્બુધૈઃ પરીક્ષ્ય ભારતી સ્તુતા ઽ૧॥

ઉદાનહાર સંસદિ સમગ્ર જન્તુ સંશયાન્ ।
અપાહરન્ત્યશેષિતાં ગિરં તુ યોજનાવધિમ્ ॥૨॥

સદા શ્રતૌ નૃણાં ક્ષુધા–તૃષાશ્રમા ન લેશતઃ ।
મનુષ્વમેવ દુર્ગતાઽનહઙ્ગના પ્રવૃત્તિ બોધતઃ ॥૩॥

## પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીની ગુર્જર પ્રસાદી

# શ્રી સિદ્ધચક્ર સ્તવન

શ્રી નવપદના મંડલે, આદ્ય નમો અરિહંત ।
સિદ્ધ ચતુષ્કાનંતવંત, ક્ષયકર્મ ભગવંત ॥૧॥
ધર્મકથે વર અર્થથી, જિનભાષિત સૂરિરાય ।
ચતુર બંધુ જે વિશ્વના, અધ્યાપક ઉવજ્ઝાય ॥૨॥

ક્રમેકિરિયાનો સાચવી, સાધે મોક્ષ મુનિંદ ।
નેહ જિનવર તત્ત્વની, રુચિ દર્શન ગુણવંદ ॥૩॥

વંચક મોહ અજ્ઞાનનું, જ્ઞાન ભજે શુભભાવ ।
દશશામ સ્થાનક પામવા, ચરણ, નમો ભવનાવ ॥૪॥

નાશક જે અઘસૈન્યનું, તપ વંદો મનખંત ।
હોશો ભવિજન તેહથી, શિવરમણીના કંત ॥૫॥

પ્રથમ અક્ષર એ કાવ્યના, ધ્યાન ધરે શુભ ચિત્ત ।
અબાધ આનન્દ સાયરૂ સ્નાતક થાય પવિત્ત ॥૬॥

## શ્રી પુંડરીક સ્વામી સ્તવન

મન ઈહા તોરે પય પૂજન કી રે ।
ઈક્ષ્વાકુ કુલે તુમ ચંદા,
ભરતરાય સુત નંદા,
વાણી સુણી આદિ જિનંદા ॥મન૦ ૧॥
સંસાર વિછોરી રે મતિ દીક્ષા દોહી રે,
આદિ જિનવરની પાસે
લીધી દીક્ષા શુભ વાસે
ગણધરપદ પુણ્યની રાસે ॥મન૦ ૨॥
પ્રદક્ષિણા કરીને રે જિનપદ નમીને રે,
પૂછે પૃચ્છા તિગવાર ।
આપે જિન ઉત્તર સારા,
નિષદ્યા પણ તિગ ધારા ॥મન૦ ૩॥
કરે બારસ અંગી રે, ચઉનાણી ઉમંગી રે ।
ગણધર પદવી જિન આપો
વાંસ સુરેન્દ્ર દીધ થાપે,
તીરથ ધરી કુમતિ કાપે ॥મન૦ ૪॥

# પાવાપુરી શ્રી વીર જિનસ્તવન

ચોતિસ અતિશય પ્રાતિહારજ અડ, વાણી ગુણ પણતીશ રે ।
નામાકૃતિ દ્રવ્ય ભાવ નિરૂપણ, સગ નય દુગ મતિ ઈશ

**વીરજી પાર ભયે હમ આજ,**
દર્શન તુમ લહી ભવો દધિસે ॥૧॥

પ્રાણુતસેં દુગવીસ સાગરધર, ચ્યવન બ્રહ્મા ગુણ વંશ ।
**સિદ્ધારથ** કુલ-નભ-તલચંદો, ત્રિશલા કુખ સરહંસ ॥વીરજી ૨॥

શૈત્યદ્યુત કતિ પ્રમુખ જિન, શોભે શારદ ચંદ ।
મતિ શ્રુત અવધિ જ્ઞાને તિમ પ્રભુ, અપડિવાઈ અમંદ ॥વીરજી ૩॥

પંડિત-સંશય-હર હર ઇંદ્ર, શબ્દ બનાયા આપ ।
પાય સ્વયં સામાયિક બલસે, પરિસહ જીત અમાપ ॥વીરજી ૪॥

લહી કેવલ ઉવવાઈ કથિત સબ. ધર્મ બતાયા શુદ્ધ ।
સુણકર સુરનર કિન્નર સમજે, અર્ધમાગધિસે બુદ્ધ ॥વીરજી ૫॥

વરસ અધિક બહોત્તર નિજ આયુ, પાલનકર પ્રભુ વીર ।
ઈણ હી પાવાપુર નગરીમે, શાશ્વતપદ ધરે ધીર ॥વીરજી ૬॥

વ્યાપક હે પ્રભુ ! બોધ વચન તુમ, તીણે જગદીશ્વર સત્ય ।
માન કર અડદશ નૃપ પૌષધ, ઈણ સ્થાનક ગુણ ભવ્ય ॥૭॥

તુમ દર્શન તુમ કીરતિ જગમેં, પુકાર કરે ગુણવંત ।
વીતરાગ કેવલદુગ ધારક, ગાઉં તુમ ગુણ સંત ॥વીરજી ૮॥

શશિ સિદ્ધિ નવ ભૂમિ સંવત (૧૯૮૧)મેં, ઉજ્જવલ માસ હે માહ ।
તુર્જ નિર્વાણ નગરમેં ગાયો, આનન્દમય તીજસાર ॥વીરજી ૯॥




[આગમિક વ્યાખ્યાતા, સૂક્ષ્મતત્ત્વવિવેચક, પ્રાવચનિક શિરોમણિ, ગીતાર્થમૂર્ધન્ય, પ્રખરવાદિવિજેતા, આચાર્યવર્યાગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રીના વિવિધક્ષેત્રીય સર્વતોમુખી, જ્ઞાનપ્રતિભાના દર્શન કરાવનાર, વિવિધ વ્યાખ્યાનો આગમિક પદાર્થોની છણાવટવાળા પ્રવચનો, વિવિધ નિબંધોના સંગ્રહરૂપ "આગમ જ્યોત"ના ચોથા પુસ્તકમાં વિવિધ પ્રશ્નોત્તરો આદિની સામગ્રી રજૂ થાય છે.

તેમાં આ વખતે "તાત્ત્વિકઃ પ્રશ્નોત્તરાણિ" ગ્રંથમાંથી ક્રમશઃ ચાલ્યા આવતા પ્રશ્નોત્તરોનો સાતમો હપ્તો ગુજરાતી અર્થ સાથે રજૂ કર્યો છે.

બીજી સામગ્રી સંપાદકની અસ્વસ્થતા આદિ કારણોથી રજૂ થઈ શકી નથી. સં.]

પૂ. આગમિક પ્રવર વ્યાખ્યાતા

ધ્યાનસ્થ સ્વર્ગત પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની
ઉત્કૃષ્ટ શ્રુતારાધના અને શાસ્ત્રાનુસારી
અદ્ભુત જ્ઞાનના ક્ષયોપશમના પ્રતિબિંબ સ્વરૂપ

तात्त्विक प्रश्नोत्तराणि

ગ્રંથનો ગુજરાતી અનુવાદ

[પ્રાતઃ સ્મરણીય શ્રી દેવસૂર તપાગચ્છ સામાચારી સંહિતા સંરક્ષક આગમજ્ઞ શિરોમણિ, આગમીય કૂટ તાત્ત્વિક પ્રશ્નોના સફળ

ઉકેલ રજૂ કરનાર ગીતાર્થ શિરોમણિ પૂ. આચાર્યદેવશ્રીએ ગીતાર્થપણાના નિષ્કર્ષરૂપે અને ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનના ક્ષયોપશમના બળે આગમિક અને તાત્ત્વિક બાબતોના ઝીણવટભર્યા ખુલાસાઓના સંગ્રહરૂપે " तात्त्विक प्रश्नोत्तराणि " ગ્રંથ ૬૦૦૦ શ્લોક પ્રમાણ બનાવેલ.

જેનો ૭ મો હપ્તો ગુજરાતી અનુવાદ સાથે અહીં રજૂ થાય છે.

અત્યંત નય અપેક્ષાઓથી ભરપૂર આ પ્રશ્નોત્તરો જ્ઞાની ગીતાર્થ મહાપુરુષોની નિશ્રાએ સમજવાની નમ્ર સૂચના સ્વાનુભવથી કરાય છે. સં.]

प्रश्न–१११ ननु केवलिनां सातस्यैकसामयिको बन्धः,
उदयस्तु असातस्यापि भवतीति कीदृशोऽनुभव इति ।

उत्तर– बध्यमानसातस्य तादृशौ प्रदेशानुभागौ स्तः,
यस्मिन् असातोदयो निम्बरसलव इव पयोघटे न स्वप्रभावं भिन्नं दर्शयितुमलमिति ।

પ્રશ્ન–૧૧૧ કેવલીઓને સાતા વેદનીયનો એક સમયનો બંધ હોય છે, અને ઉદય તો કયારેક અસાતાનો પણ થાય છે. એમ કેમ ? સાતાનો રસબંધ કેવો ?

ઉત્તર– સાતા વેદનીય જ્યારે બંધાય છે ત્યારે એવો પ્રદેશ બંધ અને રસબંધ થાય છે કે જેમાં પૂર્વબદ્ધ અસાતા –વેદનીય કર્મનો ઉદય દૂધના ઘડામાં લીમડાના રસના એક બિંદુની જેમ ભળી જાય પણ તે અસાતા શિથિલ રસવાળી હોઈ પોતાનો સ્વતંત્ર ઉદય બતાવવા સમર્થ થઈ શકતી નથી.

प्रश्न–११२ ननु सिद्धतां चरमभवावगाहनातस्त्रिभागोनावगाढत्वं सद्द्रव्यवीर्येणेतरेण वा ? अयोगिनि सद्द्रव्यवीर्याभावादिति ।

उत्तर– अयोगित्वाप्तेः प्राक् श्वासोच्छ्वासौ निरुणद्धि,
ततोऽपि त्रिभागोनावगाहः सयोगित्व एव,
परमयोगित्वेऽपि तथैव न समुद्घातवत्परिवर्त्तं इति ।

પ્રશ્ન-૧૧૨ મોક્ષે જતાં છેલ્લા ભવના શરીરની અવગાહનામાં ત્રીજા ભાગે ઘટાડો થાય છે. તે જીવદ્રવ્યની પોતાની વીર્ય-શક્તિથી કે બીજા કોઈ કારણથી ?

અયોગી અવસ્થામાં તો જીવદ્રવ્યની વીર્યશક્તિનો પ્રયોગ જ નથી.

તો શી રીતે ત્રીજો ભાગ ઘટી જવા પામે ?

ઉત્તર- અયોગી અવસ્થા પામતા પૂર્વે શ્વાસ ક્રિયાનો રોધ કરાય છે.

તેનાથી ત્રીજા ભાગનો ઘટાડો થાય છે. તે વખતે તો સયોગીપણું હોઈ જીવદ્રવ્યના વીર્યનો પ્રયોગ છે.

પણ અયોગી અવસ્થામાં તેવી જ સ્થિતિ કાયમ રહે છે કેમકે જીવ પોતે પોતાના વીર્યનો કંઈ પ્રયોગ નથી કરતો.

જેમ સમુદ્ઘાતમાં જીવ સ્વવીર્યથી આખા લોકને વ્યાપી પુનઃ સંહરણ કરે છે એવું અહીં બનવું શક્ય નથી.

प्रश्न-११३ ननु द्वादशधोपयोगः कथ्यते, तत्र च दशसु छाद्मस्थिकेषूपलिप्सुतयाऽऽभोगकरणादुपयोजनं भवेत्, परं केवलद्विकवतस्तदभावात् कथमुपयुक्ततेति ।

उत्तर- सत्यम्, तदभावेऽप्यर्थावगमसाम्यात् मतिज्ञान्यादिवदुपयुक्तता, यथा तुर्यं शुक्लध्यानं एकाग्रत्वस्य चिंतानिरोधस्य चाऽभावेऽपि कर्मक्षपणसाम्यात् तथैवात्र एकाग्रत्वाद्यभावेऽपि पूर्वप्रयोगादत्र ध्यानमिति ।

પ્રશ્ન-૧૧૩ બાર પ્રકારનો ઉપયોગ કહેવાય છે, તેમાં કેવલજ્ઞાન-કેવલદર્શન સિવાય છદ્મસ્થના ૧૦ ઉપયોગમાં કંઈક જાણવાની ઈચ્છા હોઈ ઉપયોગ કરવાપણું છે.

પણ કેવલીઓને તો ઈચ્છાનો જ અભાવ છે તો કેવલજ્ઞાન કેવલદર્શન તે ઉપયોગ કેમ કહેવાય ?

ઉત્તર– વાત સાચી ! પણ જાણવાની ઈચ્છાપૂર્વક ઉપયોગ મુકવાની રીત નથી પણ કેવલજ્ઞાન–કેવલદર્શનથી પણ પદાર્થનું જ્ઞાન તો થાય છે જ ! તેથી તેટલી સમાનતાથી કેવલજ્ઞાન–કેવલદર્શન તે પણ ઉપયોગ કહ્યા છે.

જેમ કે ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા અગર વિચારોનો નિરોધ. આ બંને શુકલધ્યાનના ત્રીજા–ચોથા પાયામાં ઘટતું નથી. છતાં ધ્યાનના ફળ તરીકે કર્મક્ષયની સમાનતાથી ત્રીજા–ચોથા પાયાને ધ્યાન તરીકે ગણેલ છે તેમ અહિં સમજવું.



# 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે સાત્ત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપુર આ પ્ર શ ની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

કોઈ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે. ચતુર્વિધ શ્રીસંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ સાધ્વીજી, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ ગૃહસ્થ આદિને વિનામૂલ્યે મોકલાય છે.

પ્રેમીઓને સ્થાઈ કોશમાં રૂા. ૧૦૧ લખાવી સ્થાયી ગ્રાહક થવા ભલામણ છે.

**આર્થિક લાભ લેવાનું સરનામું**
શ્રી આગમો. ગ્રંથમાળા
રમણલાલ જેચંદભાઇ શાહ
કાપડ બજાર,
પોસ્ટ કપડવંજ (જી. ખેડા)

**પ્રાપ્તિસ્થાન :**
'આગમ જ્યોત' કાર્યાલય
માસ્તર હરગોવનભાઈ
મીઠાભાઇ ગુલાબચંદ જૈન
ઉપાશ્રય દલાલવાડા, કપડવંજ

# સાગરનાં મોતી



* જગતને શું ગમે છે. તે કરતાં જગતને જરૂરી અને હિતકર કે ઉપયોગી શું છે, તે વિચારવાથી જગતનું વાસ્તવિક કલ્યાણ સાધી શકાય છે.

* આચાર–નિષ્ઠા અને વિવેકની માત્રાનો સુયોગ્ય મેળ થાય તો જગતની સર્વ ઉપાધિઓને હઠાવી શકાય.

* વિકારોની પક્કડ એ ખરેખર જીવનનો રાહ જડયો કહેવાય ?

* વિચારો અને આચારમાં યથાસ્થિત વસ્તુની પરીક્ષા કરવાની પદ્ધતિએ સત્ય તરફનું વળણ હોય–તો અંતરંગ શુદ્ધિ સહેલાઇથી હસ્તગત થાય.

* આચાર–વિચારની સાંકળમાં વિવેકની કડી મળે તો મોહની-મિથ્યાચારની સ્થિતિ ઉખડી જાય.

* મારૂં કર્તવ્ય શું ? એ દૃષ્ટિકોણથી વિચારોને આચારમાં પરિણત કરવાથી જીવન ઉન્નત બને છે. વિચારોમાં ગંભીરતા કર્તવ્ય નિષ્ઠાથી જન્મે છે.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૧.